# આગમ જ્યોત



વર્ષ ૧૧ ∴ પુસ્તક ૧ થી ૪

વિ. સં. ૨૦૩૨

卐

પ્રકાશક :

* શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા *

કપડવંજ (જિ. ખેડા)

॥ श्री वर्धमान स्वामिने नमः ॥

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી ભગવંતની મંગળપ્રેરણાથી ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી ભગવંતના તાત્ત્વિક વ્યાખ્યાનાદિ સાહિત્ય પીરસતું શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું પ્રાણવાન પ્રકાશન.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणागमो ॥

● ● ●

प्रकाशितं जिनानां यै-र्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥

● ● ●

गीतार्थाय जगज्जन्तु—परमानंददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

● ● ●

પ્રાકૃત-ગુજરાતી-મરાઠી-સંસ્કૃત-હિંદી-અંગ્રેજી ભાષામાં
卐 પૂ. શ્રી. આગમોદ્ધારક આચાર્યદેવની સ્તુતિ 卐

सिद्धददौ भाणुदंगे वरसुयभवणा શૈલતાગ્રાગમોના
સ્થાપ્યા जैनागमाचा निरवधि प्रसरासाठीं केले सुयत्न।
पक्षं पद्मं श्रिता ये हिततनुममता आखरीकालमेंभी,
ऐसे श्रीसागरानंद मुनिपति जिन्हें
MOST GAIN ACCLOMATION

● ● ●

सम्यक् तत्त्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधकम् ।
कान्तं दान्तं सदा शान्तं, गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 जिनाज्ञा परमो धर्मः 卐

॥ श्री वर्द्धमानस्वामिने नमः ॥

આગમિક-પ્રૌઢ વ્યાખ્યાતા, ગહન-આગમ તત્ત્વ-
વિવેચક, પ્રબળ તર્કશક્તિસંપન્ન, સૂક્ષ્મ-તત્ત્વ-
વિબોધક, ગીતાર્થમૂર્ધન્ય-આગમસમ્રાટ્
પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી
આ૦શ્રી આનંદસાગરસૂરીશ્વરજી ભગવંતના
તાત્ત્વિક વ્યાખ્યાનોના સંકલનરૂપ

# શ્રી
# આગમ-જ્યોત

( અગિયારમું વર્ષ )

आगमणाणं णयसावेक्खं गीयत्थत्तणमुवदंसेइ

આતમ અનુભવ દર્શન વેદન,
સ્પર્શન આદિ ભાવોજી ।
આગમ રીતે ગુરુગમપ્રીતે
લહીએ તદ્રૂપ ભાવોજી ॥

મૂલ્ય
આ...ઠ.. રૂ...પી...યા
( સ્થાયી ગ્રાહકો ન હોય તેમના માટે )

( શ્રી વીતરાગની વાણીના સંગ્રહ રૂપ આગમિક આ પુસ્તકની આશાતનાના પાપથી બચવા વિનંતિ છે. )

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા
કાપડબજાર
મુ૦ કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક પ્રાપ્તિસ્થાન :
પં. હરગોવનદાસ એસ. શાહ
શ્રી. ગુ. જૈન ઉપાશ્રય
દલાલવાડો
મુ૦ કપડવંજ
(જિ. ખેડા)

## ન....મ્ર....નિ....વે....દ....ન

* આગમજ્યોત પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચાર અંક ભેગા) પુસ્તકરૂપે પ્રગટ થાય છે.
* વાર્ષિક-લવાજમની યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજાઓ, જ્ઞાનભંડારો તથા તત્ત્વરુચિ-ગૃહસ્થોને ભેટ અપાય છે.
* સ્થાયી-કોષની યોજના ચાલુ છે, જેમાં ઓછામાં ઓછા રૂ. ૧૦૧) લેવાય છે.
* છુટક ભેટ યોજનામાં પાંચ રૂ. કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે.

મુદ્રક :
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઠક્કર પોપટલાલ ગોકળદાસ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

ટાઈટલ પ્રિન્ટીંગ :
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ.

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઈપણ જાતના ટેકા વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ અર્ધપદ્માસને કાઉસગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન અનશન સમાધિ મરણની ઝાંખી કરાવી



આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રુત સૂરિપુરંદર
ગીતાર્થ સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત

**પૂ. આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ**

શ્રી વર્ધમાન-સ્વામિને નમઃ

પ્રકાશકીય

# નમ્ર નિવેદન

મહામંગળકારી શ્રી જિનશાસનની પરમકૃપા અને તારક શ્રી દેવગુરૂના પ્રતાપે વીશમી સદીના મહાન આગમજ્યોતિર્ધર, બહુશ્રુત, આચાર્ય-ધુરંધર પૂ. આગમોદ્ધારક આચાર્યભગવંતશ્રીના તાત્ત્વિક-આગમિક વ્યાખ્યાનોના સંકલનરૂપે વિ.સં. ૨૦૨૨ થી પૂ. સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના મંગળ આશીર્વાદથી શરૂ થયેલ **"શ્રી આગમજ્યોત"**નું વાર્ષિક પ્રકાશન આજે અગિયારમાં વર્ષમાં પગલાં માંડે છે, તે અમારે મન ખુબ આનંદની વાત છે.

અમારી શક્તિ-સીમા બહારનું ભગીરથ આ કાર્ય સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રીના આશીર્વાદ તથા સાગર સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના ઉપદેશ, પ્રેરણા :તેમજ તત્ત્વરૂચિવાળા જૈન શ્રીસંઘો તેમ જ ધર્મપ્રેમી ગુણાનુરાગી-ગૃહસ્થોના મંગળ સહકારથી આ કાર્ય સફળતા પૂર્વક ચાલી રહ્યું છે.

અમારી ગ્રંથમાળાના વિવિધ પ્રકાશનોમાં આ પ્રકાશન ગુજરાતી ભાષામાં આગમિક-પદાર્થોની રજુઆત અધિકારી-જીવો સમક્ષ કરનારૂં સુરૂચિકર શૈલિથી સંપાદિત થઈ પ્રકટ થાય છે, તે સૌથી વધુ મહત્ત્વનું અમે લેખીએ છીએ.

પ્રસ્તુત પ્રકાશનમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે સહાય આપનારા સહુની ગુણાનુરાગભરી અનુમોદના કરવા સાથે વિશેષમાં જણાવવાનું કે-આ પ્રકાશનના આર્થિક ક્ષેત્રને સુસમૃદ્ધ બનાવવા ખંતભર્યો શ્રમ ઉઠાવનાર પૂ. પં. **શ્રી સૂર્યોદયસાગરજી** મ.શ્રીના ધર્મપ્રેમની બહુમાનભરી અનુમોદના.

વળી પ્રસ્તુત પ્રકાશનના સંપાદનની જવાબદારી સ્વીકારી સર્વાંગ-સંપૂર્ણ બનાવવા પ્રયત્નશીલ પ. પૂ. પરમતપસ્વી, શાસનસંરક્ષક, ઉપાધ્યાય ભગવંત **શ્રી ધર્મસાગરજી મ. શ્રીના** શિષ્યરત્ન પૂ. પં. શ્રી **અભયસાગરજી મ. શ્રીને** અત્યંત ભાવભરી વંદનાંજલિ.

આ સિવાય પ્રકાશનને પગભર બનાવવા માટે ઉપદેશ-પ્રેરણા આપનાર પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રી જૈનસંઘ અને સદ્‌ગૃહસ્થો આદિની શ્રુતભક્તિની હાર્દિક સદ્‌ભાવનાભરી અનુમોદના,

તેમાં ખાસ કરીને પૂ. આ.દેવશ્રી **હેમસાગરસૂરીશ્વરજી** મ., પૂ. આ.દેવશ્રી **દેવેન્દ્ર-સાગસૂરીશ્વરજી મ.**, પૂ. પં. શ્રી **કંચનસાગરજી મ.** પૂ. પં. શ્રી **દોલતસાગરજી મ.**, પૂ. પં. શ્રી **યશોભદ્રસાગરજી** મ., પૂ. પં. શ્રી **સૌભાગ્યસાગરજી** મ., પૂ. મુનિશ્રી **ગુણસાગરજી મ.**, પૂ. મુનિશ્રી **અભ્યુદયસાગરજી** મ. આદિ મુનિ ભગવંતો તથા સાગર સમુદાયના સર્વ સાધ્વીગણ, તથા છાપવા માટેની અનેક સામગ્રી ઉદારભાવે આપનાર શ્રી **ચંદ્ર-સાગરસૂરીશ્વરજી જ્ઞાનમંદિર, ઉજજૈનના** કાર્યવાહક શ્રી **કુંદનલાલજી** મારુ આદિ અનેક પુણ્યવાન-ગૃહસ્થો આદિ ચતુર્વિધ શ્રી સંઘના ધર્મ-પ્રેમભર્યા સહયોગની કૃતજ્ઞતા-ભાવે સાદર નોંધ લઈએ છીએ.

વધુમાં આ પ્રકાશન અને વ્યવસ્થા-તંત્રમાં નિઃસ્વાર્થભાવે સેવા આપનાર ધાર્મિક શિક્ષક **શ્રી હરગોવનદાસભાઈ** (પ્રધાનાધ્યાપક શ્રી **અભય દેવસૂરિ જ્ઞાનમંદિર**-કપડવંજ) તથા **બાબુલાલ** કેશવલાલ શાહ ચાણસ્માવાળા (૧૧ નગરશેઠ માર્કેટ, રતનપોળ-અમદાવાદ તેમજ સંપાદન, પ્રકાશન અંગેની ઝીણવટભરી ખંતપૂર્વક તપાસ અને પ્રુફ રીડિંગ આદિની મૂકસેવા આપનાર શ્રી **રતીભાઈ ચી. દોશી** (અધ્યાપક શ્રી **હેમચંદ્રા-ચાર્ય જૈન પાઠશાળા**-અમદાવાદ) **પોપટલાલ જી. ઠક્કર** ( **શક્તિ પ્રિન્ટરીના** માલિક ) ટાઈટલ પેજ આદિનું સુંદર સ્વચ્છ કામ કરી આપનાર **દીપક પ્રિન્ટરીના** કાર્યવાહકો આદિ સઘળા સહયોગી-મહાનુ-ભાવોની કૃતજ્ઞતાપૂર્વક સ્મરણાંજલિ

છેલ્લે આ પ્રકાશનમાં છદ્મસ્થતાના કારણે જે કંઈ ક્ષતિઓ રહેવા પામી હોય તે માટે ક્ષમા-યાચના સાથે પુસ્તક-પ્રકાશનનો સદુપયોગ કરી પુણ્યવાન-વિવેકી આત્માઓ જીવનને તત્ત્વદૃષ્ટિ-સંપન્ન બનાવે એ મંગલ કામના.

વીર નિ. સં. ૨૫૦૨
વિ. સં. ૨૦૩૨
આ. સુ. ૩
રવિવાર

નિવેદક
**રમણલાલ જેચંદ શાહ**
મુખ્ય કાર્યવાહક
**શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા**
**કપડવંજ**

नमः श्री जिनशासनाय

## સંપાદકીય

# કહેવા જોગું !!!

શ્રી વીતરાગ-પરમાત્માના શાસનને ઓળખવા માટે વિવેકચક્ષુની નિર્મળતા આગમિક-પદાર્થોના ગુરુગમની ધારણા પ્રમાણે મેળવેલ રહસ્યરૂપ અંજનથી વધુ પ્રમાણમાં મેળવાય છે.

તે રીતે કલિકાળમાં આગમિક-પદાર્થોની જાણકારી ધરાવનારા બહુશ્રુત-ગીતાર્થ ભગવંતો મશાલ રૂપ ગણાય છે.

તે રીતે આગમની મશાલ વધુ ને વધુ પ્રજ્વલિત રહી ભવ્યજીવોને આત્મહિતકર માર્ગ સુવ્યવસ્થિતપણે બતાવી શકે, તે માટે તે તે કાળના આગમધર મહાપુરુષો બાળજીવોના કલ્યાણ માટે વિશિષ્ટ આગવી શૈલીથી આગમિક ગહન પદાર્થોને પણ છણાવટભરી રીતે સમજાવતા હોય છે.

આવા આગમ-મશાલના પ્રતીકરૂપ અનેક બાબતોને બાળસુલભ આગમ શૈલિથી સમજાવનાર ચતુર્વિધ શ્રીસંઘને હિતકારી "આગમજ્યોત" જેવા ઉત્કૃષ્ટ સ્વાધ્યાય ગ્રન્થનું સંપાદન કરવાનું સૌભાગ્ય દેવગુરૂકૃપાએ આ સેવકને પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીના અનુગ્રહપૂર્ણ આશિષબળે પ્રાપ્ત થયેલ છે, જે બદલ મારી જાતને ધન્ય-કૃતાર્થ લેખવું છું!

સ્થૂલબુદ્ધિના ટૂંકા ક્ષેત્રમાં દોડાદોડ કરતી વિચરનારી વ્યાવહારિક પ્રજ્ઞાને કદાચ આમાંથી કંઈ સંતોષ ન મળે, પણ ગંભીરભાવે-તત્ત્વગ્રાહી પ્રજ્ઞાને વિકસાવનારા પુણ્યવાનોને આ પ્રકાશનમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ છૂટે હાથે વિવિધ રીતે પીરસેલ આગમિક અમૃત-ભોજનના વિવિધ નમૂનાઓનો રસાસ્વાદ એવો અદ્ભુત મળશે કે જેના દ્વારા તેઓને પોતાની પ્રજ્ઞાને આ ક્ષેત્ર સિવાય બીજામાં લઈ જવી જ અનર્થકારી લાગશે !!!

આવા પરમોચ્ચ-સ્વાધ્યાયકક્ષાના આ ગ્રંથનું સંપાદન એટલે બે બાહુના બળે દરીઓ તરવાની જેમ મારા માટે અશક્ય કામ છતાં મારા આરાધક-જીવનના ઘડવૈયા, કરૂણાનિધાન વાત્સલ્યસિંધુ પૂ. સ્વ. ગચ્છા-

ધિપતિશ્રીની નિષ્કારણ કરૂણાનો જ એ વરદપ્રતાપ અનુભવાય છે કે-આગમિક ક્ષેત્રમાં વર્ણમાળાના ચૌદમા અક્ષર જેવા મારા હસ્તક '**આગમજ્યોત**' જેવા ગંભીર-આગમિક પદાર્થોથી ભરપૂર આગમિક ઉત્કૃષ્ટ સ્વાધ્યાય ગ્રંથનું અગિયારમું સંકલન દેવ-ગુરૂકૃપાએ થવા પામેલ છે.

જો કે આ સંપાદનમાં વડીલોની કૃપા, સહયોગીઓનો પવિત્ર સહકાર અને વિવિધ મળી આવતા યોગ્ય સહકારી નિમિત્ત કારણોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

તેમ છતાં પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીની વરદકૃપા ભર્યા આશીર્વાદ તો મુખ્ય છે જ! એ નિઃશંક બીના છે!!!

આ ઉપરાંત મારા જીવનને અથ થી ઇતિ સુધી ઘડવામાં અજબનો ફાળો આપનાર મારા તારકવર્ય, પૂ. પરમારાધ્ય પરમોપકારી, ગુરૂદેવશ્રી **ઉપાધ્યાય ભગવંત**ની કરૂણાનો વિશિષ્ટ સ્મરણીય ફાળો છે કે-જેના પ્રતાપે યત્કિંચિત્ પણ સર્વતોમુખી જીવન-શક્તિઓની સફળતાની કક્ષાએ જાતને લઈ જઈ શકયો છું.

આ ઉપરાંત પ્રસ્તુત સંપાદનની સફળતામાં નીચેના મહાનુભાવોના કરુણાભર્યા ધર્મ-સહયોગની નોંધ નમ્રાતિનમ્રભાવે કૃતજ્ઞતાપૂર્વક લઉં છું.

૦પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના ઉપસંપદા-પ્રાપ્ત, શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પૂ. પં. શ્રી **કંચનસાગરજી મ.**—

જેઓની મમતી-લાગણીભરી વિવિધ સૂચનાઓ અને કાર્યલક્ષી માર્મિક શૈલિ આદિએ સંપાદન કાર્યને સફળ બનાવ્યું છે.

૦પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના લઘુશિષ્યરત્ન, કર્મગ્રંથાદિ-વિચાર-ચતુર, સહૃદયી પૂ. પં. શ્રી **સૂર્યોદય સાગરજી મ** —

—જેઓએ વિવિધ હાર્દિક પ્રેરણાઓ, આર્થિકક્ષેત્રે મને નિશ્ચિંત બનાવનાર ભવ્ય યોજનાઓ અને તાત્વિક સામગ્રીની ભવ્ય ગોઠવણીની રૂપરેખા આદિદ્વારા મારા કાર્યભારને હળવો બનાવેલ છે.

**૦પરમપૂજ્ય શાસન પ્રભાવક પૂ. આ. શ્રી હેમસાગર સૂરીશ્વરજી મ.**—

—જેઓએ નિર્વ્યાજ-ધર્મસ્નેહ અને અંતરની લાગણી સાથે પૂ. આગમોદ્ધારકશ્રીની શ્રી **તત્ત્વાર્થસૂત્ર**ની વાચનાની આખી પ્રેસકોપી સાદર

મને આપી, તે ઉપરાંત બીજી પણ ઘણી મહત્ત્વની સૂચનાઓ દ્વારા યોગ્ય સહકાર આપ્યો છે.

૦ પરમ પૂજ્ય ગુણગરિષ્ઠ ધર્મસ્નેહી મુનિરત્ન **શ્રી ગુણસાગરજી મહારાજ.—**

—જેઓની વિવિધ હાર્દિક મમતાભરી સૂચનાઓથી સંપાદનનું કાર્યક્ષેત્ર વધુ નિર્મળ થયું.

આ ઉપરાંત આ સંપાદનમાં આજ્ઞા થતાંની સાથે નાની-મોટી દરેક જાતની કામગીરી કરી વિનીતભાવ દર્શાવનાર ધર્મસ્નેહી મુનિશ્રી **નિરૂપમસાગરજી**, બાલમુનિશ્રી **પુણ્યશેખર સાગરજી** મ. આદિ અનેક મહાનુભાવોના સહયોગના ફળરૂપે આ સંપાદન વ્યવસ્થિત થઈ શક્યું છે.

યથાશક્ય જાગૃતિ રાખી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના આશય-વિરુદ્ધ કંઈ ન થાય તેની તકેદારી રાખવા છતાં છદ્મસ્થતાના કારણે જિનાજ્ઞા કે પરંપરા વિરુદ્ધ કંઈ સંપાદન થવા પામ્યું હોય, તો તે બદલ ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ હાર્દિક મિથ્યા-દુષ્કૃત દેવા સાથે પુણ્યવાન તત્ત્વરૂચિવાળા જિજ્ઞાસુ-મહાનુભાવો આ પ્રકાશનને જ્ઞાની-ગીતાર્થ-ગુરુ ભગવંતની નિશ્રાએ વાંચી-વિચારી અંતરંગ-તત્ત્વદૃષ્ટિની સફળ કેળવણી કરી સંપાદકના અનુભવની જેમ પોતે પણ જિનશાસનની રસાસ્વાદ પૂર્વક સફળ-આરાધનાનો લાભ લેવા ભાગ્યશાળી બને, એજ મંગળ અભિલાષા...

નિવેદક

**શ્રી શ્રમણસંઘ સેવક**
**પૂ. ઉપાધ્યાય તપસ્વી ગુરુદેવ**
**શ્રી ધર્મસાગર ગણિવર ચરણસેવક**
**અભયસાગર**

વીર સં. ૨૪૦૨
વિ. સં. ૨૦૩૨
ભાદરવા વદ ૮
શુક્રવાર
જૈન ઉપાશ્રય
આઝાદ ચોક,
મહેસાણા (ઉ.ગુ.)

શ્રી

# આ....ગ....મ....જયો....ત

## વર્ષ-૧૧

પુસ્તક ૧-૨-૩-૪

## વિ....ષ....ય....અ....નુ....ક્ર....મ


| | પૃષ્ઠ |
|---|---|
| પુસ્તક-૧ | ૧ થી ૪૦ |
| પુસ્તક-૨ | ૧ થી ૪૦ |
| પુસ્તક-૩ | ૧ થી ૪૨ |
| પુસ્તક-૪ | ૧ થી ૩૨ |


## પુસ્તક-૧
પૃષ્ઠ ૧ થી ૪૦


| | પૃષ્ઠ |
|---|---|
| જ્ઞાનની માર્મિક વ્યાખ્યા | ૧ થી ૬ |
| **તીર્થયાત્રા-સંઘયાત્રા** | |
| શીર્ષક-પરિચય | ૭ |
| વિશિષ્ટ-પરિચય | ૮ |
| **તીર્થયાત્રા-સંઘયાત્રા મહાનિબંધ** | ૯ થી ૪૦ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| • સાધુ-ભગવંતો દ્રવ્યપૂજા કેમ ન કરે? | ૯ | ૦ મૂર્તિપૂજાના નિષેધકોને | ૧૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ○ શ્રી ભગવતીજી-સૂત્રકાર શું ફરમાવે છે ? | ૧૧ |
| ○ શું સ્થાનકવાસી-સૂત્રોમાં પ્રતિમાપૂજન મહાપાપકારી છે ? | ૧૨ |
| ○ સ્થાવર-જીવો પ્રતિ દયાની પરિણતિવાળાની સ્થિતિ કેવી ? | ૧૩ |
| ○ પ્રભુપૂજાની વ્યાપકતા કેટલી વધી ? | ૧૪ |
| ○ શું ભગવાન ભોગી કહેવાય કે ? | ૧૫ |
| ○ સાત ક્ષેત્રમાં ઉત્તમોત્તમ ક્ષેત્ર કયું ? | ૨૨ |
| ○ ધર્મપ્રાપ્તિ કરતાં આચરણની દુર્લભતા | ૨૩ |
| ○ પ્રભુમૂર્તિની આરાધ્યતા પણ દુર્લભ છે. | ૨૪ |
| ○ પ્રતિમાની પૂજ્યતા સંબંધી રહસ્ય | ૨૪ |
| ○ અભિનિવેશથી ચૈત્યનો કરાતો ખોટો અર્થ | ૨૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ○ ચૈત્ય-શબ્દની વિશેષ સમજણ | ૨૬ |
| ○ પરિણામ શુદ્ધિ સાથે પ્રભુ-મૂર્તિની પૂજ્યતાનો સંબંધ | ૨૬ |
| ○ તીર્થસ્થાનના ચૈત્યની વધુ પ્રભાવકતા કેમ ? | ૨૯ |
| ○ તીર્થસેવા સમ્યકત્વનું ભૂષણ છે. | ૩૦ |
| ○ ગૃહ-ચૈત્યની મહત્તા | ૩૩ |
| ○ ગૃહ-ચૈત્યના અભાવે થતી સ્થિતિ | ૩૩ |
| ○ ધર્મીજનોની ભાવના કેવી ? | ૩૪ |
| ○ ગ્રામ-ચૈત્યની મહત્તા અધિક કેમ ? | ૩૪ |
| ○ ગ્રામ-ચૈત્યથી થતા પ્રાસંગિક-ફાયદાઓ | ૩૫ |
| ○ પ્રભુદર્શન માટે સમય નિયત ન હોય | ૩૮ |
| ○ પ્રભુનો જન્માભિષેક પણ રાત્રિએ થાય છે | ૩૮ |
| ○ પ્રભુ પૂજાદિ માટે એકેન્દ્રિયની હિંસાનું કથન અસ્થાને છે. | ૩૯ |


## પુસ્તક-૨
### પૃષ્ઠ ૧ થી ૪૦


| | પૃષ્ઠ |
|---|---|
| શાસનની અર્થગંભીર વ્યાખ્યા | ૧ થી ૭ |
| શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રનું હૃદયગ્રાહી વિવેચન | ૮ |

## શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રનું
## તાત્ત્વિક વિવેચન ૯ થી ૪૦
## (મહાનિબંધ) ચાલુ

卐

### પુસ્તક-૩
### પૃષ્ઠ ૧ થી ૪૨

પૃષ્ઠ

રત્નત્રયી-નવપદની આરાધના,
૨૦ સ્થાનકની માર્મિક સમજુતી ૧ થી ૧૦

卐

### દીવાદાંડીના અજવાળાં
### પૃષ્ઠ ૧૧ થી ૪૨

પૃષ્ઠ

વિભાગ પરિચય ૧૧
વ્યાખ્યાન...૧ ૧૨ થી ૨૪
,, ...૨ ૨૫ થી ૩૧
,, ...૩ ૩૨ થી ૪૨

□

### ધર્મમાં સૂક્ષ્મ બુદ્ધિની જરૂર
### વ્યાખ્યાન-૧

પૃષ્ઠ

૧. આર્યપ્રજાની માન્યતા ૧૨
૨. નકલ કોની નિકળે ? ૧૩
૩. ભાગ્યનો જ પ્રતાપ ૧૩
૪. બાદશાહના શાહજાદાનું દૃષ્ટાંત ૧૪
૫. મનુષ્યપણાની કિંમત ૧૫
૬. જૈન જીવ કોને માને ? ૧૫
૭. જગતની દૃષ્ટિએ જોતાં શીખો ૧૬

| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૮. | ધર્મ એ મહાન કિંમતી ચીજ | ૧૭ |
| ૯. | સાચા ચોકસી બનો | ૧૭ |
| ૧૦. | નકલીઓથી સાવધાન | ૧૮ |
| ૧૧. | ધર્મના ફાંટા દેખી દૂર રહેનારાઓને | ૧૮ |
| ૧૨. | બારીક-બુદ્ધિથી ધર્મને તપાસો. | ૧૯ |
| ૧૩. | દૃષ્ટિદોષ | ૧૯ |
| ૧૪. | મૂળ-વસ્તુને કદી ન છોડો | ૨૦ |
| ૧૫. | લડાઈઓ કોની ? | ૨૦ |
| ૧૬. | ધર્મનાં પડીકાં વહેંચવાવાળા | ૨૧ |
| ૧૭. | ઘરના જ સર્ટિફિકેટો દેનારા | ૨૨ |
| ૧૮. | તત્ત્વદૃષ્ટિ પર દૃષ્ટાંત | ૨૨ |
| ૧૯. | વૈયાવચ્ચ એ મહાનગુણ | ૨૩ |
| ૨૦. | ભગવાનને કોણ માની શકે ? | ૨૩ |
| ૨૧. | વાડાબંધીનું પરિણામ | ૨૪ |


## પાપ કરતાં પાપ વૃત્તિની વધુ ભયંકરતા

**વ્યાખ્યાન ૨**

**પૃષ્ઠ ૨૫ થી ૩૧**


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પાપના દશ મુખ્ય હેતુઓ | ૨૫ |
| ૨. | શરણાગતનું સર્વસ્વના ભોગે રક્ષણ | ૨૭ |
| ૩. | પાપ પ્રત્યે ધિક્કાર એ અમોઘ હથિયાર છે | ૨૮ |
| ૪. | મિથ્યાદૃષ્ટિને અલ્પબંધ, અને વધારે તૂટવાનું ક્યારે ? | ૨૯ |
| ૫. | મોક્ષહેતુ ન કહેતાં મોક્ષમાર્ગ કેમ કહ્યો ? | ૩૧ |


## શ્રી અરિહંત મ્હોટા કે સિદ્ધ ભગવંત ?

**વ્યાખ્યાન-૩**

**પૃષ્ઠ ૩૨ થી ૪૧**

## પુસ્તક ૪
### પૃષ્ઠ ૧ થી ૩૨

જૈનદર્શનની દૃષ્ટિએ
અહિંસાની મહત્તાનું રહસ્ય ૧ થી ૬

## હૈયાનો ઝંકાર
### પૃષ્ઠ ૭ થી ૧૩


| | |
|---|---|
| શ્રી વીતરાગ-પરમાત્મ સ્તુતિ | ૮ |
| શ્રી સિદ્ધચક્ર સ્તુતિ | ૯ |
| શ્રી તારંગા મંડન-શ્રી અજિતનાથ પ્રભુસ્તુતિ | ૯ |
| શ્રી પોસીના તીર્થમંડન-શ્રી પાર્શ્વજિન સ્તુતિ | ૯ |
| મારું નૂતન વર્ષ !!! | ૯ |
| શ્રી સિદ્ધગિરિરાજ સ્તવન | ૧૩ |
| શ્રી તારંગા-શ્રી અજિતનાથ સ્તવન | ૧૩ |


## ગુરૂચરણમાંથી મેળવેલું
### પૃષ્ઠ ૧૪ થી ૩૧


| | |
|---|---|
| પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી પ્રસાદીકૃત માર્મિક-પ્રશ્નોત્તરી | ૧૫ થી ૧૭ |
| પ્રશ્નોત્તરી | ૧૮ થી ૩૧ |
| ધર્મનું મહત્વ | ૩૧ |
| શ્રી આગમજ્યોત સ્થાયી નિધિમાં લાભ લેનાર ભાગ્યશાળીઓની નામાવલી | ૩૧ થી ૩૨ |

# આગમજ્યોત


વીર નિ. સં. ૨૫૦૨ · આગમો૦ સં. ૨૪

વિક્રમ સં. ૨૦૩૨ · પુસ્તક-૧

વર્ષ ૧૧ · માહ


## જ્ઞાનની માર્મિક વ્યાખ્યા સમ્યક્શ્રુત-મિથ્યા-શ્રુત-ની સમજુતી

णाणं स-परावभासयं

**સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન ક્યાં ક્યાં અને કેમ ?**

સામાન્ય રીતે જગત્‌માં સર્વ પુરૂષાર્થ-સિદ્ધિનું મૂલ-કારણ જ્ઞાન ગણવામાં આવે છે, પરન્તુ તે જ્ઞાન સમ્યગ્ અને મિથ્યા એમ બે વિભાગમાં રહેલું હોય છે.

તેથી કેટલાકો सम्यग्ज्ञानपूर्विका पुरुषार्थसिद्धिः અર્થાત્ "પુરૂષાર્થની સિદ્ધિ સમ્યગ્જ્ઞાન પૂર્વક થાય" એમ માને છે.

કેટલાકો પ્રમાણાધીના પ્રમેય-વ્યવસ્થા એમ કહી પદાર્થમાત્રની વ્યવસ્થા પ્રમાણને આધીન માને છે, અને તેમાં સમ્યગ્જ્ઞાનને જ પ્રમાણ તરીકે માને છે.

વળી કેટલાકો -स्वपरव्यवसायस्वभावं ज्ञानं प्रमाणम् એમ કહી તથા स्व-परावभासि ज्ञानं प्रमाणम् એમ કહી તેમજ स्व-परव्यवसायि

ज्ञानं प्रमाणम् એમ કહી નિશ્ચય-સ્વભાવવાળા જ્ઞાનને કે જ્ઞાને અને જ્ઞેય પદાર્થના નિશ્ચય-સ્વભાવવાળા જ્ઞાનને પ્રમાણ માને છે.

અર્થાત્ ન્યાયની સ્થિતિએ સમ્યગ્‌જ્ઞાનને પ્રમાણ તરીકે માનવામાં સર્વ-દર્શનકારોનો એક મત છે.

**એ ઉપરથી સ્હેજે સમજી શકાય કે મિથ્યાજ્ઞાન એ સ્વભાવે જ્ઞાનરૂપ છતાં પણ સત્ય-સિદ્ધિને માટે ઉપયોગી નથી. એટલું જ નહી, પણ જગત્‌માં અનર્થનું કારણ પણ તે મિથ્યાજ્ઞાન બને છે,** એમાં બે મત થઇ શકે તેમ નથી.

આવી રીતે સામાન્ય-ન્યાય દૃષ્ટિએ જે **સમ્યગ્‌જ્ઞાન** અને **મિથ્યાજ્ઞાનનો** વિભાગ પાડવામાં આવ્યો છે, તે ઈન્દ્રિયગમ્ય પદાર્થોને અંગે પાડવામાં આવેલો હોવાથી તેનો વિષય મુખ્યતાએ બાહ્યપદાર્થો ગણાય. તેથી તે બાહ્ય-પદાર્થોની અપેક્ષાએ-

**સંશયજ્ઞાન**-કે જે બન્ને બાજુનું જ્ઞાન ધરાવે,
**વિપર્યયજ્ઞાન**-કે જે ઉલ્ટી બાજુનું જ્ઞાન ધરાવે,

અને

**અનધ્યવસાય જ્ઞાન** કે જે નિશ્ચયપર્યન્ત પહોંચેલું ન હોય.

-આવા સંશય, વિપર્યય અને અનધ્યવસાયરૂપી ત્રણ જ્ઞાનો જ્ઞાનસ્વરૂપ છતાં પણ બાહ્યપદાર્થની સિદ્ધિને માટે ઉપયોગી નહિ હોવાથી અગર દુરૂપયોગવાળા હોવાથી તે (સંશયાદિ-જ્ઞાનો) ને **મિથ્યાજ્ઞાનો** કહેવામાં આવે છે.

પરંતુ લોકોત્તરદૃષ્ટિએ વિચાર કરનારને માલમ પડશે કે સ્થૂલ-દૃષ્ટિથી જ્ઞાનના મતિજ્ઞાન વિગેરે પાંચ જ પ્રકાર છે, અને તેથી જ જ્ઞાનને રોકનારા કર્મોના પણ પાંચ જ પ્રકાર માનવામાં આવ્યા છે.

ધ્યાન રાખવું જરૂરી છે કે-આવારક એવા કર્મના પાંચ પ્રકારો હોવાથી જ તે આવારકના અપગમને લીધે પ્રકટ થનારાં-થવાવાળા

પાંચ જ્ઞાનો છે, એમ માનવામાં આવેલું નથી, પરન્તુ મુખ્યત્વે આત્માના સ્વભાવરૂપ જે જ્ઞાન તેનાજ પાંચ પ્રકારો હોવાથી એને રોકવાવાળા કર્મોના પાંચ પ્રકારો માનવામાં આવેલા છે, અને તેથી કર્મ અને જ્ઞાનની સંખ્યાની સિદ્ધિમાં જ્ઞાનની સંખ્યાની સિદ્ધિ થવાથી કર્મની સંખ્યાની સિદ્ધિ થાય અને કર્મની સંખ્યાની સિદ્ધિ થવાથી જ્ઞાનની સંખ્યાની સિદ્ધિ થાય, એવો અન્યોન્યાશ્રય નામનો દોષ આવી શકે તેમ નથી.

**જૈન-જનતાથી એ વાત તો અજાણી નથી કે બીજા દર્શનોની માફક જૈનદર્શન કર્મના એકલા પુણ્ય અને પાપ એવા નામના માત્ર બે ભેદો માનીને બેસી રહેવાવાળું નથી, પરંતુ જૈનદર્શન તો સુખ અને દુઃખ વિગેરેનાં કારણભૂત, અગર શુભ અને અશુભપણાના કારણભૂત એવા કર્મના પુદ્ગલોને પુણ્ય અને પાપરૂપે માનવાવાળું છે,**

**વળી આત્માના જ્ઞાન-દર્શન-સમ્યક્ત્વ-ચારિત્ર અને દાનાદિ ગુણોને રોકવાવાળાં જુદાં-જુદાં કર્મોને માનનારું છે.**

અર્થાત્ આત્માના જ્ઞાનગુણને રોકવાનું કાર્ય **જ્ઞાનાવરણીય** કરે છે. દર્શનગુણને રોકવાનું તથા દર્શનનો ઘાત કરવાનું કાર્ય દર્શનાવરણીય કરે છે. સમ્યક્ત્વગુણને રોકવાનું કાર્ય **સમ્યક્ત્વ-મોહનીય** કરે છે. ચારિત્રગુણને રોકવાનું કાર્ય અને વિપરીત આચરણને કરાવવાનું કાર્ય **ચારિત્ર-મોહનીય** કરે છે. તથા દાનાદિક વિષે અન્તરાયનું કાર્ય **અંતરાય કર્મ** કરે છે.

આવી રીતે કર્મનો એકલો પુણ્ય-પાપ વિભાગ ન માનતાં જુદા-જુદા વિભાગ માનવાથી જીવોની કર્મજનિત વિષમ સ્થિતિ સમજવાનું સહેલું પડશે.

વળી જૈન-શાસ્ત્રકારો સમ્યક્ત્વ-ગુણનું પ્રથમ પગથીયું એ માને છે કે '**સંસારભરના જીવોને આઠે કર્મોથી આવારિત માનવા જોઇએ, તેમજ પોતે પણ આઠે કર્મોથી આવારિત છે.** એ વાત જ્યારે સમ્યક્ત્વના પ્રથમ-પગથીયામાં

જાણુવા અને માનવાની જરૂરીયાત તરીકે ગણુવામાં આવે ત્યારે તે આઠે કર્મોના આવરણોથી છુટેલા જીવો તરફ, તથા છુટવા માગતા એવા જીવો તરફ અને છુટવાના સાધનો તરફ બહુમાનથી જોવાની અને તેના તરફ ભક્તિ–બહુમાન અને પૂજા આદિની પ્રવૃત્તિ કરવાનું ફરજીયાત તરીકે સમજે, એટલું જ નહિં, પરંતુ તે દ્વારા પોતાના આત્માને પણ આઠે કર્મોના આવરણોથી રહિત કરવો, એજ સાચું ધ્યેય છે, એમ સર્વથા માનનારો થાય છે.

આ જણાવેલા પગથીયામાં જે કંઈ ખામી માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિઓથી થાય, તે સર્વને સમ્યક્ત્વના પ્રથમ–પગથીયાવાળો પણ દૂષણરૂપ અને વિષરૂપ ગણુનારો હોય.

આ ઉપર જણાવેલા સમ્યક્ત્વનો પ્રભાવ એટલો બધો છે કે તે આત્માને જે જ્ઞાન થાય તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ ગણાય, પછી ભલે તે જ્ઞાન સ્વ–પરના વ્યવસાયવાળું હોઈને શુદ્ધ નિશ્ચય–સ્વભાવવાળું હોય, અગર સંશય, વિપર્યય કે અનધ્યવસાયરૂપ હોઇને બાહ્ય–પદાર્થને માટે અનુપયોગી કે દુરૂપયોગી ગણાતું જ્ઞાન હોય, પરંતુ તે સર્વ–જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપજ હોય અને ગણાય.

આ સ્થાને જરૂર શંકા થશે કે–સમ્યક્ત્વવાળા જીવના શુદ્ધ–નિશ્ચયસ્વભાવવાળા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન તરીકે કહેવામાં આવે, તેમાં તો મતભેદ હોઈ શકે નહિં, પરંતુ સંશય, વિપર્યય અને અનધ્યવસાય જેવા જ્ઞાન કે જે શુદ્ધનિશ્ચયને માટે અનુપયોગી થાય છે, એટલું જ નહિ, પરંતુ શુદ્ધનિશ્ચય થવામાં ઘણી વખત વિઘ્નરૂપ થાય છે, છતાં તેવાં સંશયાદિ–જ્ઞાનો કે જે સમ્યગ્જ્ઞાન ન કહેવાતાં મિથ્યાજ્ઞાનો કહી શકાય, તેવા જ્ઞાનોને સમ્યક્ત્વના પ્રભાવે સમ્યગ્જ્ઞાન તરીકે ઓળખાવવા તૈયાર થવું, તે કેવલ સમ્યક્ત્વના પક્ષપાતનીજ દૃષ્ટિ ગણાય.

આ શંકાના સમાધાનમાં સમજવું કે–સ્વભાવથી રંગે કરીને પીળો એવો જ્યોતિર્મય દીપક જો પ્રકાશસ્વભાવનો છે, તો તે દીપકને

ફાનસમાં મૂકી તે પીતસ્વભાવથી વિરૂદ્ધ એવા કાળા, લીલા, ઉદા કે લાલ કાચોની વચ્ચે રાખવામાં આવે તો તે દીવાનો પ્રકાશ જો કે કાળા, લીલા, વગેરે રૂપે પડે છે, અને તેમાં દીવાના રંગ કરતાં વિરૂદ્ધ રંગો સામેલ થયેલા હોય છે, છતાં તે પ્રકાશ અંધકારસ્વરૂપ તો હોતા જ નથી. તેવા કાચમાંથી પણ નિકળેલું અજવાળું પ્રકાશસ્વરૂપ તો જરૂર હોય છે.

એવી રીતે મોક્ષના ધ્યેયની સીડીએ ચઢેલા સમ્યક્ત્વવાળા જીવને શુદ્ધજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયેલો હોવાથી કદાચ તેવા વિપરીત-સાધનોના સંજોગથી કે બીજા કોઇપણ કારણથી બાહ્યપદાર્થના નિશ્ચયમાં સંશય, વિપર્યાસ અને અનધ્યવસાયાદિ પણ થાય, છતાં બીજા રંગના કાચમાંથી નિકળેલા પ્રકાશની માફક તેનો શુદ્ધ-જ્ઞાનસ્વભાવ તો જરૂર રહે છે, અને અંધારાના સ્વભાવની માફક અજ્ઞાનસ્વભાવ થતો જ નથી.

આ વિચારમાં તત્ત્વ એટલું જ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ બાહ્ય-પદાર્થોને અંગે સંશય, વિપર્યય અને અનધ્યવસાયરૂપ જ્ઞાનવાળો થાય તો પણ તે દ્વારા તે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આઠે કર્મોના આવરણોને ખસેડવાના ધ્યેયથી અને તેના બોધથી તો ચૂકે નહિં. એટલે કહેવું જોઈએ કે **"સમ્યગ્દૃષ્ટિ જીવને બાહ્ય-પદાર્થની અપેક્ષાએ નિશ્ચય-સ્વભાવવાળાં જ્ઞાનો તો જ્ઞાનરૂપ જ છે, પરંતુ બાહ્ય-પદાર્થની અપેક્ષાએ સંશય, વિપર્યય અને અનધ્યવસાય જેવા અજ્ઞાનો કે મિથ્યાજ્ઞાનો પણ જ્ઞાનરૂપ છે."**

આ વસ્તુ સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે-જગતમાં ગણાતા મતિનાં જ્ઞાનો અને શાસ્ત્રનાં જ્ઞાનો ભલે મિથ્યારૂપ સ્વભાવે હોય કે મિથ્યારૂપ થાય તેવાં હોય, પરંતુ તે સર્વ સમ્યગ્દૃષ્ટિ-જીવને સમ્યક્ત્વને પ્રતાપે શુદ્ધજ્ઞાનરૂપ જ છે.

વળી દીવા વગરના ફાનસના કાચ ચ્હાય તેવા સારા છતાં પણ જેમ અંધારારૂપ હોય છે, તેવી રીતે બાહ્ય-પદાર્થની અપેક્ષાએ ચ્હાય તેવાં ચોખ્ખાં અને નિર્મલ મતિ અને શ્રુતજ્ઞાનો હોય તો પણ તે અજ્ઞાનરૂપ હોય છે અને ગણાય છે.

આ વાત સમજવાથી શાસ્ત્રકારોએ જે જણાવ્યું છે કે મતિ અને શ્રુતનું સમ્યક્મતિજ્ઞાનપણું અને સમ્યક્શ્રુતજ્ઞાનપણું સ્વભાવે નથી, પરંતુ સમ્યગ્દર્શનવાળાના પરિગ્રહના પ્રતાપે જ છે. તથા મતિ અને શ્રુતનું મિથ્યાપણું પણ સ્વભાવે નથી, પરંતુ મિથ્યાદર્શનવાળાના પરિગ્રહના પ્રતાપે જ છે અને આ વાત માનવાવાળાનેજ સમ્યક્શ્રદ્ધાન નહિ હોવાને લીધે **સ્યાત્** પદ જોડવાનું જેમ ન બને તેમ અનભિગ્રહિકમિથ્યાત્વ હોવાને લીધે **એકાન્ત શબ્દ** જોડવાનું ન પણ બને તો પણ તે અજ્ઞાન નથી, એમ કહી શકાય નહિ.

તત્ત્વથી **એકાન્ત** પદ જોડો કે ન જોડો, પરંતુ **સ્યાત્પદ** જોડયા વગર જો શ્રુતને સમજે તો તે સર્વશ્રુત (લૌકિક કે લોકોત્તરશ્રુત) મિથ્યાત્વવાળાને મિથ્યાશ્રુત જ છે અને જ્યારે તેને **સ્યાત્પદ**ની મર્યાદાથી સમજવામાં આવે ત્યારે જ તેને સમ્યગ્જ્ઞાન કહી શકાય.

જેવી રીતે મતિ અને શ્રુતને અંગે સમ્યગ્ અને મિથ્યાપણાનો વિચાર કરવામાં આવ્યો, તેવીજ રીતે અવધિજ્ઞાન જેવા અતીન્દ્રિય-જ્ઞાનને અંગે પણ સમ્યક્ત્વ અને મિથ્યાત્વદ્વારા જ્ઞાન અને અજ્ઞાનપણું થાય છે, પરંતુ મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન નામના બે જ્ઞાનોને અંગે સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એવા પેટાભેદ થઈ શકતા નથી. કારણ કે જેમ દશ-પૂર્વથી અધિકનું શ્રુતજ્ઞાન તેઓ જ ગ્રહણ કરે કે જેઓ સમ્યગ્દર્શનવાળાજ હોય. અર્થાત્ **મિથ્યાદર્શનવાળાને સંપૂર્ણ દશ-પૂર્વથી ચૌદ-પૂર્વ સુધીનું જ્ઞાન હોઈ શકે જ નહિં**, અને તેથી તે સંપૂર્ણ દશ-પૂર્વથી ચૌદ-પૂર્વ સુધીનું જ્ઞાન એકાંતે જેવી રીતે સમ્યગ્જ્ઞાનજ હોય છે, તેવી રીતે મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન નામના બે જ્ઞાનો પણ સમ્યગ્દર્શન ન હોય તેવા જીવોને હોયજ નહિ, તેથી તેમાં મિથ્યાજ્ઞાનનો પેટાભેદ આવી શકતો નથી, પરંતુ તે જ્ઞાન સમ્યગ્દર્શનવાળાનેજ હોય છે, એટલું જ નહિં પરંતુ સમ્યગ્દર્શન પછી પણ ઘણી ઉંચી શ્રેણિએ ચઢેલાનેજ હોય છે, માટે તે મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન નામનાં બે જ્ઞાન એકાન્તે સમ્યગ્જ્ઞાનરૂપ હોય છે.




ભવ-સમુદ્રથી તારવાવાળા તીર્થોને

જુહારવા માટે થતી

મંગળકારી-ભવભયહારિણી

# તીર્થયાત્રા-સંઘયાત્રા



## તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓ
## માટે
## ○ રસથાળ ○

[ આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા પૂ. **આગમોદ્ધારકશ્રીએ સિદ્ધચક્ર** ( વર્ષ ૬ અંક ૪ થી )માં **"તીર્થયાત્રા અને સંઘ-યાત્રા"** નામથી ઘણી-મોટી લેખમાળા લખેલ.

જેમાં તીર્થની મહત્તા, આરાધક જીવોને તેની ઉપયોગિતા તથા તે અંગેના મહત્ત્વના શાસ્ત્રીય-દૃષ્ટિકોણો જણાવવા સાથે તીર્થની યાત્રા કરનારાનાં કર્તવ્યો, છ'રી પાળતા સંઘને લઇને જવાની આદર્શ વિધિ વગેરેનું અદ્ભુત વર્ણન સુંદર રીતે કરેલું.

**"આગમજ્યોત"**ના પ્રથમ પુસ્તકમાં આવી સળંગ લેખન-માળા આપવાનું ધારાધોરણ છે.

તે મુજબ આઠ વર્ષ સુધી **"આગમ રહસ્ય"** લેખમાળા ચાલી, તે પૂરી થયેથી નવમા વર્ષથી **"તીર્થયાત્રા-સંઘયાત્રા"** નામની લેખમાળા શરૂ કરેલ છે, તેનો ત્રીજો હપ્તો આ પુસ્તકમાં અપાય છે.

જિજ્ઞાસુ-વાંચકો ગુરૂગમથી આ લેખોને વાંચે!! વિચારે!!! સં.]

॥ શ્રી વર્દ્ધમાનસ્વામિને નમઃ ॥

આગમવાચનાદાતા, જૈનાગમમંદિરસંસ્થાપક ધ્યાનસ્થસ્વર્ગત પૂ. આ૦ આગમોદ્ધારકશ્રીએ તીર્થયાત્રિકોના આત્મહિતાર્થે

લખેલ

તીર્થયાત્રાને લગતી-માર્મિક-અનેક મહત્ત્વપૂર્ણ-બાબતોને સૂચવતો મહાનિબંધ

# તીર્થયાત્રા - સંઘયાત્રા

●●●

[ પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીએ "તીર્થયાત્રા" સંબંધી શાસ્ત્રીય-મર્યાદાઓ અને મહત્ત્વની બાબતોને જણાવતો મહાનિબંધ વિ. સં. ૧૯૯૩માં લખેલ.

તે વખતે જામનગરથી શેઠ પોપટભાઈનો શ્રી સિદ્ધગિરિનો છ'રી પાળતો સંઘ નિકળેલ, તે નિમિત્તે લેખમાળારૂપે આ નિબંધ "સિદ્ધચક્ર" પાક્ષિકમાં વિ. સં. ૧૯૯૩માં ઘણા અંકો સુધી ચાલેલ.

અત્યંત ઉપયોગી જાણી નવમા વર્ષના પ્રથમ પુસ્તકથી આ નિબંધ આપવો શરૂ કર્યો છે. ગતવર્ષના પ્રથમ પુસ્તક (પા. ૬૨) થી હવે આગળ ચાલે છે. સં.]

## સાધુ ભગવંતો દ્રવ્યપૂજા કેમ ન કરે?

પ્રથમ-દૃષ્ટિએ તો પ્રતિમાના લોપકો ભોળા-લોકોને ભરમાવવા માટે—"પૂજામાં લાભ અગર ધર્મ હોય તો સાધુ મહા-

**ત્માઓ તે કેમ કરતા નથી? ધર્મનો માર્ગ સાધુ અને શ્રાવકને માટે જુદો હોઈ શકે નહિ."** એવી રીતે શાસ્ત્ર-વિરુદ્ધ વાતો કરે છે, પણ પ્રથમ તો આવું અવળું ભરમાવનારાઓએ વિચારવું જોઈએ કે—

સાધુ મહાત્માઓ વ્યાખ્યાન વાંચે છે, તે વખતે ભરપટ્ટે વરસાદ વરસતો હોય, તો પણ શ્રાવકો દૂર-દૂરથી વ્યાખ્યાન સાંભળવા આવે છે, અને તેવી રીતે અપ્કાયાદિની વિરાધનાથી થતા એવા પણ વ્યાખ્યાનનું શ્રવણ પ્રતિમા-લોપકોના હિસાબે પાપ રૂપ નથી, અને શ્રાવકોને વર્જવા-લાયક નથી અને તે કારણથી હિંસાના નામે પ્રતિમાની પૂજાને લોપનારા વેષધારીઓ નથી તો ભરપટ્ટે વરસાદની વખતે વ્યાખ્યાનને બંધ રાખતા! અને નથી તો પોતાના કોઈપણ ભક્તને તેવી રીતે ભરપટ્ટે વરસતા-વરસાદમાં વ્યાખ્યાન નહિ સાંભળવા આવવાની બાધા આપતા!

## મૂર્તિપૂજાના નિષેધકોને

આ વસ્તુને વિચારનાર સુજ્ઞ-મનુષ્યો સ્હેજે સમજી શકશે કે વ્યાખ્યાનને અંગે જિનવાણીને નામે પોતાનો મહિમા વધારવામાં તે પૂજાના અપલાપીઓ કોઇ પણ પ્રકારે તેવા વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા આવનાર ભક્તોને દક્ષિણ-દિશાના નારકી થવાનું જણાવતા નથી.

વળી પોતે વ્યાખ્યાન વાંચે, તેથી લોકોનું આવવું થાય, એ ચોકખું છે. તેથી ખરેખર તે બધા પાપનું કારણ પ્રતિમા-લોપકોના હિસાબે પ્રતિમા-લોપકોનું વ્યાખ્યાન જ છે.

વળી તે વ્યાખ્યાન-શાળાની નજીકમાં અન્ય-મકાનમાં રહેલા સાધુઓ નિરંતર વ્યાખ્યાન સાંભળવા આવતા હોય તો પણ ભરપટ્ટે વરસાદ વરસતો હોય, તે વખતે વ્યાખ્યાન સાંભળવા નથી આવતા એ તો ચોક્કસ જ છે, જો સાધુઓ ઋષભદેવ આદિ ભગવાનોની દ્રવ્યપૂજા ન કરે અને તેને લીધે શ્રાવકોએ પણ ન કરવી જોઈએ, તો પછી વરસતા-વરસાદમાં સાધુઓ વ્યાખ્યાન સાંભળવા નથી

આવતા, તેવી રીતે પ્રતિમા-લોપકના ભક્તોએ પ્રતિમા-લોપકનાં વ્યાખ્યાનમાં પણ તેવે વખતે જવું ન જોઈએ, છતાં તેવા વરસાદની વખતે પણ વ્યાખ્યાન વંચાય છે. ભિન્ન-મકાનમાં રહેલા સાધુઓ તેવી વખતે વ્યાખ્યાન સાંભળવા નથી જતા, છતાં જ્યારે શ્રાવકો જાય છે અને લાભ માને છે, તો પછી સ્પષ્ટ થઈ જાય છે કે **સાધુ અને શ્રાવકોનો ધર્મમાર્ગ જુદો છે.**

વળી સાધુ જે કરે તે જ શ્રાવકોએ કરવું જોઈએ, એવું કથન શેઠાણીએ ભક્તિથી પોતાના પતિને સાડી ઓઢવાનું કહ્યું અને પછી પોતે ઓઢવાનું જણાવ્યું, એના જેવું કમઅક્કલવાળું ગણાય.

## શ્રી ભગવતીજી-સૂત્રકાર શું ફરમાવે છે?

બીજું તે પ્રતિમા-લોપકના વચનથી ભરમાયેલાઓએ વિચારવું જોઈએ કે-

સાધુ-મહાત્માને અફાસુ અને અનેષણીય એટલે સચિત્ત અને અશુદ્ધ એવા આહાર-પાણી આપવામાં પણ **શ્રી ભગવતી સૂત્રકારે** ઘણી નિર્જરા જણાવી છે, તો પછી જે સાધુ-મહાત્માઓને અફાસુ અને અનેષણીયનો સર્વથા ત્યાગ છે, તેવાઓને સચિત્ત અને છકાયનો કૂટો કરીને અસૂઝતું નિપજાવેલું આહાર-પાણી દેવામાં જે ઘણી નિર્જરા કહેવાય, તેમાં જો ગુરુની મહત્તા જ ભક્તિનું કારણ હોય તો તે વસ્તુને સમજનારે જિનેશ્વર-ભગવંતની મહત્તાને સમજનારા થવું જોઈએ.

ધ્યાન રાખવું કે-અવિરતિ-અસંયતને ફાસુ (અચિત્ત-નિર્જીવ) દેવામાં પણ જ્યારે શાસ્ત્રકારો એકાંત—પાપ બતાવે છે, અને સચિત્ત અને દોષવાળું આહાર-પાણી પણ સાધુને દેવામાં આવે તો તેમાં ઘણી નિર્જરા કહે છે, તો તે નિર્જરાનું મુખ્ય કારણ સાધુપણાનું ગૌરવ જ માનવું પડે.

એ વાત તો સ્પષ્ટ છે કે સાધુ-મહાત્માઓ કરતાં ભગવાન-જિનેશ્વર મહારાજની મહત્તા અનંતગણી છે અને એ વાત તો

પ્રતિમા-લોપકોને પણ માન્યા સિવાય છૂટકો જ નથી, તો પછી તેવા ત્રિલોકનાથ-તીર્થંકર ભગવાન્‌ની પૂજામાં થતી હિંસાને એકાન્ત-પાપનું કારણ માનવી અને તેના ફલ તરીકે પૂજા કરનારને દક્ષિણ-દિશાના નારકી થવાનું જણાવવું તે ભગવાન્ જિનેશ્વર-મહારાજથી અને તેમના શાસનથી અનન્ત-ભવો સુધી દૂર રાખનારૂં જ થાય, તેમાં નવાઈ નથી.

## શું સ્થાનકવાસીના સૂત્રોમાં પ્રતિમાપૂજન મહાપાપકારી છે?

વાચકોએ તે પ્રતિમાના લોપકોને પૂછવું જોઈએ કે—

તમારા માનેલા બત્રીસ-સૂત્રોમાંથી કોઈ પણ સ્થાને જિનેશ્વર-મહારાજનું ચૈત્ય કરવાથી કે તેમની પ્રતિમાનું પૂજન કરવાથી મહા-પાપ થાય છે, એવું જણાવનારો એક પણ શબ્દ છે? તેઓને કહેવું જ પડશે કે જિન-પ્રતિમાની પૂજા કે જિન-ચૈત્યને અંગે પાપ જણાવ-નારો તો એક પણ શબ્દ નથી,

વળી **શ્રી સૂયગડાંગસૂત્રમાં** અનર્થદંડની વાતમાં નાગ, ભૂત, યક્ષ વગેરેને માટે થતી હિંસાને અંગે અર્થદંડપણું જણાવેલું છે, પરન્તુ ત્યાં જિન-પ્રતિમાની પૂજા કે જિન-ચૈત્ય વગેરેનું નામ નિશાન પણ નથી.

**શ્રી આચારાંગ**-સૂત્રના બીજા-શ્રુતસ્કંધમાં અનેક-શ્રાવકોના દેવતાયતન અને દેવકુલને અંગે હિંસા ગણવાનું અને તેનું પાપ થવાનું જણાવવામાં આવેલું નથી, એટલું જ નહીં, પરંતુ તે દેવતા-યતન અને દેવકુલવાળા શ્રાવકોને જૈનશાસન અને સાધુ-આચારના જાણકાર તરીકે જણાવેલા છે.

વળી **શ્રી સૂયગડાંગ** સૂત્રમાં પણ સાધુપણાથી પતિત થયેલાની આગળ સ્ત્રીએ દેવતાની પૂજા માટે વપરાતી વાટકી જે **ચન્દ્રક** કહેવાય છે, તે માંગ્યાનો અધિકાર છે, એ ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે કે-સાધુપણાથી પતિત થનારા કુટુંબો પણ ભગવાન-જિને-

શ્વરની પૂજાથી તો વંચિત રહેતા ન્હોતા, અર્થાત્ વર્તમાન-કાલના પ્રતિમા-લોપકોનું અન્યાય-ભરેલું વર્ત્તન તેઓને વળગતું ન્હોતું.

વળી ભગવાન જિનેશ્વર-મહારાજની પ્રતિમાની અત્યંત ઉત્કૃષ્ટ-રીતિએ પૂજા દ્વારા આરાધના સમ્યગ્દૃષ્ટિ અને આરાધક એવા **સૂર્યાભદેવે** કરેલી છે, એ હકીકત **શ્રી રાયપસેણી**-સૂત્રને જાણનારા-ઓથી છૂપી રહેલી નથી.

વળી ભગવાન્-જિનેશ્વરમહારાજના જન્માભિષેકનું વર્ણન **શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિસૂત્રમાં** અત્યંત-વિસ્તારથી કરવામાં આવેલું અને તેમાં ભક્તિ અને ધર્મ વગેરે હેતુ તરીકે જણાવેલ છે.

આવી સ્પષ્ટ-હકીકત ભગવાન્ જિનેશ્વર-મહારાજની પ્રતિમાની પૂજા બાબતમાં છતાં, જેઓ ભગવાન્ જિનેશ્વર-મહારાજની પૂજાથી બે-નસીબ રહે છે, તે શ્રાવકો ખરેખર દીવો લઈને કુવામાં પડવા-વાળા જ ગણાય.

## સ્થાવર-જીવો પ્રતિ દયાની પરિણતિ-વાલાઓની સ્થિતિ કેવી ?

તે પ્રતિમા-લોપકોના ઉપાસકોને પૂછીએ કે તમને સ્થાવર-જીવની ખરેખર દયા પરિણમી છે ? કે ભગવાન્ જિનેશ્વર-મહારાજની પ્રતિમાની પૂજા નહિ કરવામાં ઓઠું માત્ર લેવાય છે ?

જો ખરેખર તેઓને સ્થાવર-જીવની દયા પરિણમી હોય તો છ-કાયના આરંભથી ભરેલા એવા ગૃહસ્થપણામાં તેઓ રહી કેમ શકે ?

શું તેઓ સર્વતઃ શસ્ત્રરૂપ એટલે છએ દિશાના શસ્ત્રરૂપ એવા અગ્નિને ચૂલો અને દીવો સળગાવવા દ્વારા નથી સળગાવતા ?

શું તેઓ યાવજ્જીવ શાક લાવવું-સમારવું વિગેરેનો ત્યાગ કરી બેઠા છે ?

કહેવું પડશે કે-તેઓએ ઉપર જણાવેલા કામોમાંથી એકની પણ નિવૃત્તિ કરેલી નથી, તો પછી જ્યારે વિષય-કષાય અને

કુટુમ્બાદિને માટે કરાતી હિંસા કે જે **અનુબંધ હિંસા છે,** તેમાં દયા પરિણમી નથી, અને ભાવહિંસામાં રાચ્યા-માચ્યા રહેવાય છે. તેવાઓ ભગવાન્ જિનેશ્વર-મહારાજની પ્રતિમાની પૂજામાં સ્થાવર-જીવની દયાની જે વાત કરે તે કેવલ ઢોંગરૂપ ગણાય.

ખરી રીતે તો જેઓને સ્થાવર-જીવની દયા પરિણમી હોય અને વિષય-કષાય કે ગૃહ-કુટુંબને માટે હિંસા છોડી દીધી હોય અગર ન કરતા હોય તેઓ કદાચ દ્રવ્યહિંસાને અંગે પૂજા ન કરે, તો પણ ચાલી શકે અને તે સાચી માન્યતાવાળો ગણાય, પરંતુ જેઓ વિષય-કષાય અને ગૃહ-કુટુંબને માટે અઢારે પાપસ્થાનકો સેવવાની છૂટ રાખે અને ભગવાન્ જિનેશ્વર-મહારાજની પૂજા વગેરે અંગે હિંસા ગણી પાપબુદ્ધિ આગળ કરે તેવાઓને ભગવાન **હરિભદ્રસૂરિજી ષોડશક અને પંચાશકજી** વિગેરેમાં અભિનિવેશ-મિથ્યાત્વની સ્થિતિમાં જ મૂકે છે. તે વાંચકોએ બરાબર ધ્યાન રાખવું.

## પ્રભુપૂજાની વ્યાપકતા કેટલી બધી ?

વળી વાંચકોએ સમજવું જરૂરી છે કે **નારદ** મિથ્યાત્વી હોવાથી તેનો આદર નહિ કરનાર એવી પરમશ્રાવિકા જે **દ્રૌપદી** તેને ભગવાન જિનેશ્વર-મહારાજની પ્રતિમાનું પૂજન ઘણા ઠાઠથી કરેલું છે કે જેને લીધે તેની પૂજામાં **સૂર્યાભદેવની** પૂજાની ભલામણ મૂલ સૂત્રકારો કરે છે.

વળી વાંચકોએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે વિવાહને માટે સ્વયંવર મંડપમાં જતી એક કન્યા કેટલી બધી વ્યગ્ર હોય ? છતાં તેવી વ્યગ્રતાની વખતે પણ ભગવાન જિનેશ્વર-મહારાજની પ્રતિમાનું પૂજન છોડતી નથી, એટલું જ નહિ પરન્તુ પૂજામાં સંકોચ પણ કરતી નથી, તો પછી તે જગજાહેર-રીતે ભગવાન જિનેશ્વર-મહારાજની પ્રતિમાની પૂજ્યતા કેટલી બધી વ્યાપક અને અને નિત્ય કર્ત્તવ્ય તરીકે ગણાયેલી હોય ? તે સ્હેજે સમજી શકાય તેમ છે.

## શું ભગવાન્ ભોગી કહેવાય કે ?

સૂત્રને જાણ્યા અને માન્યા વગર કેટલાક **અજ્ઞાનીઓ** તરફથી એમ કહેવામાં આવે છે કે-ભગવાન્‌ની પ્રતિમાની પૂજા કરતાં ભગવાનનું ભોગીપણું થઈ જાય છે, તો તેઓએ વિચારવું જોઈએ કે દેવતાઈ છત્ર, ચામર, ભામંડળ, સિંહાસન અને દુંદુભિ જેવા વાજિંત્રોથી જો ભગવાન્‌ની હયાતીમાં ભગવાન્ ભોગી ગણાયા નહિં, તો પછી ભગવાન્‌ની પ્રતિમાની, નહિં કે સાક્ષાત્ ભગવાનન્‌ની પૂજા કરવાથી ભગવાન્ નું ભોગીપણું થઈ જશે, એવું બોલનારા અને માનનારાઓને કોઈ અક્કલના બજારમાં જવાની વધારે જરૂર પડશે.

આ વાતને વધુ સ્પષ્ટ રીતે સમજવા માટે ભગવાન જિનેશ્વર-મહારાજની પ્રતિમાની પૂજાનો અધિકાર જે **શ્રી રાયપસેણી** અને **શ્રી જીવાભિગમમાં** છે, તે અને ભગવાનના જન્માભિષેકનો અધિકાર જે **શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ** (૪૩મું સૂત્ર)માં છે, તે ભવ્યજીવોની સમજણને માટે આપવો ઉચિત ધારીએ છીએ.

"તે વખતે **સૂર્યાભદેવતા** કેશના અલંકારો, માલ્યના અલંકારો, આભરણરૂપ અલંકારો, વસ્ત્રના અલંકારો એમ ચાર પ્રકારના અલંકારે કરીને અલંકૃત અને વિભૂષિત થયો, પછી સંપૂર્ણ-અલંકારવાળો સિંહાસનથી ઉઠીને **અલંકારસભાથી** પૂર્વના દ્વારે નિકળીને જ્યાં **વ્યવસાય-સભા** છે, ત્યાં આવે છે. **વ્યવસાય-સભાને** પ્રદક્ષિણા કરતો પૂર્વના દ્વારે પ્રવેશ કરે છે અને જ્યાં શ્રેષ્ઠ સિંહાસન છે, ત્યાં બેસે છે.

તે પછી તે **સૂર્યાભદેવતાને** સામાનિક-પર્ષદાના દેવતાઓ પુસ્તક-રત્ન આપે છે, તે વખતે તે **સૂર્યાભદેવતા** પુસ્તકરત્નને ગ્રહણ કરે છે, પુસ્તકરત્નને યોગ્યસ્થાને મૂકે છે અને પુસ્તકરત્નને વાંચે છે, પુસ્તકરત્નને વાંચીને ધર્મ-સંબંધી પ્રવૃત્તિ સમજે છે, સમજીને પુસ્તકરત્ન પાછું મૂકે છે, પછી સિંહાસનથી ઉઠીને **વ્યવસાયસભાથી** પૂર્વના દ્વારે નિકળે છે.

નિકળીને જ્યાં **નન્દા** નામની વાવડી છે, ત્યાં આવે છે, અને **નન્દાવાવમાં** પૂર્વના તોરણે પૂર્વના પગથીયાંઓથી ઉતરે છે, ઉતરીને હાથ-પગ ધૂએ છે, અને કોગળા કરે છે, ચોખ્ખો થાય છે, પરમ-પવિત્ર થાય છે અને પછી એક મોટો સફેદ-રૂપાનો નિર્મળ એવો પાણીથી ભરેલો મદોન્મત્ત હાથીના મોંઢાના આકાર જેવા કુંભ સરખો કળશ ગ્રહણ કરે છે અને ત્યાં જે ઉત્પલ-કમલ યાવત્ શત-સહસ્ત્ર (લક્ષ) પત્રવાળાં જે કમળો છે,

તે લે છે, લઈને **નન્દાવાવડીથી** નિકળીને જે જગો પર **સિદ્ધાયતન** છે, ત્યાં આવવાનો નિર્ણય કરે છે. (સૂત્ર ૪૩)

"તે વખતે **સૂર્યાભદેવતાને** ચાર હજાર સામાનિક-દેવતા યાવત્ સોલ હજાર આત્મરક્ષક દેવતા અને બીજા પણ **સૂર્યાભવિમાનમાં** રહેવાવાલા દેવતા અને દેવીઓ કે જેઓમાં કેટલાકના હાથમાં કમળ છે, યાવત્ કેટલાકના હાથમાં શત-સહસ્ર (લક્ષ) પત્રનાં કમળો છે. તેઓ **સૂર્યાભદેવતાની** પાછળ પાછળ ચાલે છે.

તે પછી **સૂર્યાભદેવતાને** તાબે રહેલા ઘણા આભિયોગિક-દેવતા અને દેવીઓ જેઓમાં કેટલાકના હાથમાં કળશ યાવત્ કેટલાકના હાથમાં ધૂપ-ધાણાં છે અને હર્ષવાળા-સંતોષવાળા થયા છતાં યાવત્ **સૂર્યાભદેવતાની** પાછળ પાછળ ચાલે છે.

તે પછી તે સૂર્યાભદેવતા ચાર હજાર સામાનિકની સાથે અને બીજા પણ ઘણા **સૂર્યાભવિમાનના** દેવતા અને દેવીઓથી પરિવરેલા સર્વ-ઋદ્ધિથી યાવત્ પડઘાના શબ્દોથી જ્યાં **સિદ્ધાયતન છે**. ત્યાં આવે છે, આવીને **સિદ્ધાયતનના** પૂર્વદ્વારે પ્રવેશ કરીને જ્યાં **દેવછંદો** છે, અને જ્યાં જિનેશ્વર-પ્રભુની પ્રતિમાઓ છે. ત્યાં આવીને જિનેશ્વર ભગવાનની પ્રતિમાઓને દેખતાંની સાથે પ્રણામ કરે છે.

પછી મોરપીંછી ગ્રહણ કરે છે. અને મોરપીંછીથી જિન-પ્રતિમાઓનું પ્રમાર્જન કરે છે. મોરપીંછીથી પ્રમાર્જન કરીને અત્યંત સુગંધવાળા-પાણીથી જિનપ્રતિમાઓનું પ્રક્ષાલન કરે છે, પછી સરસ એવા ગોશીર્ષ-ચન્દનથી જિન-પ્રતિમાને લેપ કરે છે. લેપ કરીને સુગન્ધવાળા ગન્ધકષાય-વસ્ત્રથી શરીરને લુંછે છે. જિન-પ્રતિમાને અર્હંત-દેવદૂષ્યનું યુગલ પહેરાવે છે. પછી ફૂલમાળા, ગન્ધચૂર્ણ, વર્ણ વસ્ત્ર, આભરણ, એ બધું ચઢાવે છે. પછી ઉપરથી નીચે સુધી લાગવાવાળી એવી મ્હોટી ગોળ અને લંબાએલી ફૂલમાળાની શ્રેણિ કરે છે. પછી વાળ-ગ્રહણની માફક ગ્રહણ કરેલા અને હાથથી ફેંકીને ચારે બાજુ વિખેરેલા પાંચે વર્ણના ફૂલોએ કરીને ફૂલ-પૂજાનો ઉપચારજ મૂકયો ન હોય તેવું કરે છે.

પછી જિન-પ્રતિમાની આગળ સ્વચ્છ-બારીક દ્રવ્યોથી બનેલા રૂપાના તન્દુલોએ કરીને અષ્ટમંગલનું આલેખન કરે છે,

તે આવી રીતે—

**સ્વસ્તિક** યાવત્ **દર્પણ**, તે પછી ચન્દ્રપ્રભ-રત્ન-હીરા-વૈડૂર્યરત્નનો વિમલદંડ છે, જેને સોના-મણિ અને રત્નની કારીગરીથી આશ્ચર્યકારક એવા

કૃષ્ણાગરૂ શ્રેષ્ઠ-શિલારસ અને તુરૂષ્કથી બનેલા ધૂપની મઘમઘાયમાન ગંધથી વ્યાપ્ત તેમજ ધૂપના ગોટાને કાઢતો એવા વૈડુર્યમય ધૂપધાણાને ગ્રહણ કરીને ઉપયોગ-પૂર્વક જિનેશ્વરોની આગળ ધૂપ કરે છે.

પછી વિશુદ્ધ-રચનાવાળા, અર્થ સહિત, બેવડાયેલા વગરના, એકસો આઠ મહાકાવ્યોએ કરીને ભગવાનની સ્તુતિ કરે છે. સાત-આઠ ડગલાં પાછળ-પાછળ ખસે છે, ડાબો ઢીંચણ ઊભો રાખી જમણો ઢીંચણ જમીન પર સ્થાપન કરી ત્રણ વખત મસ્તકથી જમીનને ફરસે છે. પછી બે હાથ વાળી અને મસ્તક આગળ જમણેથી આવર્ત કરી અંજલિ કરીને એમ બોલે છે કે— **અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ !!!**

આ રીતે વાંદી-નમસ્કાર કરી જે જગોપર દેવછંદો છે, જ્યાં **સિદ્ધાયતનનો** બહુ મધ્ય-ભાગ છે, ત્યાં આવે છે, આવીને મોરપીંછી લે છે, લઈને **સિદ્ધાયતનના** મધ્યભાગોને મોરપીંછીથી પ્રમાર્જન કરે છે, મનોહર પાણીની ધારાથી સીંચે છે, સરસ-ગોશીર્ષચંદને પાંચ-અંગુલીના આંતરીઆવાળું માંડલું આલેખે છે, વાળ-ગ્રહણની માફક યાવત્ પુષ્પ-સમુદાયની પૂજા કર્યા જેવું કરે છે, પછી ધૂપ દે છે

પછી **સિદ્ધાયતનના** દક્ષિણ-બારણે આવી મોરપીંછી લઈને બારણાની નાની અને મ્હોટી પુતળીઓને યાવત્ સર્પના રૂપોને મોર-પીંછીથી પ્રમાર્જન કરે છે. મનોહર પાણીની ધારાથી સીંચે છે, મનોહર ગોશીર્ષ-ચન્દનથી થાપાઓ આપે છે, આપીને પુષ્પમાલા યાવત્ આભરણનું આરોહણ કરે છે, પછી ઉપર-નીચે લાગેલા છેડા છે જેના એવી ફુલમાલાનો સમુદાય કરી ધૂપ દઈને જ્યાં દક્ષિણ-દિશાનો મુખ-મંડપ છે અને જ્યાં દક્ષિણદિશાના મુખમંડપનો મધ્ય-ભાગ છે, ત્યાં આવીને પૂંજણી લઈને મધ્ય-ભાગને પૂંજણીથી પ્રમાર્જન કરે છે. પછી મનોહર-પાણીની ધારાથી સીંચે છે, સરસ એવા ગોશીર્ષ-ચન્દનથી પંચાંગુલિ-તલવાળું માંડલું આલેખે છે, વાળને ગ્રહણ કરવાની માફક પુષ્પોને ગ્રહણ કરીને મૂકેલાની માફક ફૂલોને વિખેરે છે, યાવત્ ધૂપ દે છે.

પછી દક્ષિણ-દિશાના મુખમંડપમાં પશ્ચિમ-દિશાનું બારણું જ્યાં છે, ત્યાં આવે છે, મોરપીંછી લે છે, શાખા અને પ્રતોલીઓ યાવત્ વ્યાલરૂપને પૂંજણીથી પૂજે છે, મનોહર-પાણીની ધારાથી સીંચે છે, સરસ એવા ગોશીર્ષ-ચન્દનથી થાપા દે છે, પુષ્પ યાવત્ આભરણનું આરોપણ કરે છે, ઉપર-નીચે છેડા લાગેલા હોય એવી ફૂલમાળાનો સમુદાય ટીંગાડે છે, ચારે બાજુ ફૂલ વિખેરે છે, ધૂપ દે છે.

પછી જે જગોપર દક્ષિણના મુખ-મંડપની ઉત્તર-બાજુની સ્તંભની જે શ્રેણિ છે, ત્યાં આગળ આવીને મોરપીંછી લે છે, યાવત્ સ્તંભ-પુતળીઓ અને વ્યાલરૂપને પૂંજણીથી પૂંજે છે, જેમ પશ્ચિમ દિશાના દ્વારે કર્યું, તેવી રીતે યાવત્ ધૂપ દઈને જે જગો પર દક્ષિણ-દિશાના મુખમંડપનું પૂર્વનું દ્વાર છે, તે જગોપર આવે છે, આવીને મોરપીંછી લઈને શાખા અને પૂતળીઓ વિગેરે સંબંધી હકીકત બધી કહેવી.

પછી જે જગોપર દક્ષિણ-દિશાનું **પ્રેક્ષાઘર** છે, જે જગોપર દક્ષિણ-દિશાના **પ્રેક્ષાઘરોનો** મધ્યભાગ છે, જે જગોપર વજ્રમય અખાડો છે, જ્યાં મણિપીઠિકા છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે, મોરપીંછી લઈને અખાડો, મૂલપીઠિકા અને સિંહાસનને પ્રમાર્જે છે. દેવતાઈ પાણીધારાએ સીંચે છે, સારા બાવના-ચન્દનથી થાપા દે છે, પછી પુષ્પારોહણ વગેરેથી માંડીને ધૂપદહન સુધીની ક્રિયા કરે છે.

પછી જે જગોપર દક્ષિણ-દિશાના **પ્રેક્ષાઘરનું** પશ્ચિમનું દ્વાર છે, ઉત્તરનું દ્વાર છે, તેવી રીતે યાવત્ પૂર્વનું દ્વાર છે. યાવત્ દક્ષિણ-દ્વારે પણ તેમજ સમજવું, પછી જે જગોપર દક્ષિણ-દિશાનો ચૈત્ય-સ્તૂપ છે, તે જગોપર આવે છે, આવીને સ્તૂપ અને મણિપીઠિકાને થાપા દે છે, મનોહર-જલધારાથી સીંચે છે, સરસ ગોશીર્ષચંદને થાપા દે છે, દઈને પુષ્પારોહણ વિગેરે ધૂપ-દેવા સુધીની ક્રિયાઓ કરે છે, પછી જ્યાં પશ્ચિમ-દિશાની મણિપીઠિકા છે, જ્યાં પશ્ચિમ

દિશાની જિન-પ્રતિમા છે, ત્યાં આવીને પણ બધું કરે છે, પછી જ્યાં ઉત્તર-દિશાની જિનપ્રતિમા છે, ત્યાં બધું કરે છે.

પછી પૂર્વ દિશાની મણિપીઠિકા અને જિનપ્રતિમા છે, ત્યાં આવીને બધું કરે છે, પછી જ્યાં દક્ષિણ-દિશાની મણિપીઠિકા અને દક્ષિણ-દિશાની જિનપ્રતિમા છે, ત્યાં આવીને પણ બધું કરે છે.

વળી જ્યાં દક્ષિણ-દિશાનાં ચૈત્યવૃક્ષો છે, ત્યાં આવે છે, અને ત્યાં પણ બધું કરે છે.

પછી જ્યાં **મહેન્દ્રધ્વજ** અને દક્ષિણ-દિશાની વાવડી છે, ત્યાં આવે છે, મોરપીંછી લે છે; તોરણ, પગથીયાં, પુતળીઓ અને વ્યાલ રૂપોને પીંછીથી પ્રમાર્જે છે, મનોહર-પાણીની ધારાએ સીંચે છે, સારા ગોશીર્ષચંદને થાપા દે છે, પુષ્પારોહણ વિગેરે ધૂપ સુધીની ક્રિયાઓ કરે છે.

સિદ્ધાયતનને પ્રદક્ષિણા કરતો જ્યાં ઉત્તર-દિશાની **નંદા** પુષ્કરિણી વાવડી છે, ત્યાં પણ બધી ક્રિયા કરે છે, જ્યાં ઉત્તર-દિશાનાં ચૈત્યો છે, ત્યાં આવે છે જ્યાં ઉત્તર-દિશાનાં ચૈત્ય-સ્તૂપ છે, ત્યાં આવીને પણ તે બધી ક્રિયાઓ કરે છે.

પછી જ્યાં પશ્ચિમ-પીઠિકા છે, જ્યાં પશ્ચિમ-જિનપ્રતિમા છે, ત્યાં આવીને પણ તેમ કરે છે, પછી જ્યાં ઉત્તર-દિશાનો **પ્રેક્ષાગૃહ મંડપ** છે, ત્યાં આવે છે, આવીને જે દક્ષિણ-દિશાની હકીકત છે. તે બધી અહીં લેવી, દક્ષિણ-દિશાની સ્તંભની શ્રેણિ વિગેરે બધું લેવું.

પછી પશ્ચિમ-દિશાનું દ્વાર છે, ત્યાં આવે છે, ઉત્તર-દિશાના દ્વારમાં દક્ષિણ-દિશાના થાંભલાની શ્રેણી આગળ આવે છે. આવીને પૂર્વ મુજબ કરે છે, પછી જ્યાં **સિદ્ધાયતનનું** ઉત્તર-દિશાનું દ્વાર છે, ત્યાં પણ તેમજ કરે છે, પછી જ્યાં પૂર્વ-દિશાનો મુખમંડપ છે અને જ્યાં તેનો મધ્યભાગ છે, ત્યાં પણ તેમ કરે છે,

એવી રીતે સ્તૂપ, જિનપ્રતિમા-ચૈત્યવૃક્ષ **મહેન્દ્રધ્વજ** અને **નન્દા**પુષ્કરિણીની તે જ હકીકત લેવી, યાવત્ ધૂપ દઈને જ્યાં **સુધર્મ**-

**સભા** છે ત્યાં આવે છે, **સુધર્મસભા**ના પૂર્વદ્વારે પ્રવેશ કરે છે, જ્યા **માણવક** નામનો ચૈત્યસ્તંભ છે, જ્યાં હીરાના ગોળ મોટા ડાભડાઓ છે, ત્યાં આવી પૂંજણી લઈને હીરાના ડાભડાઓને પૂંજણીથી પ્રમાર્જે છે, હીરાના ગોળ–ડાભડાઓ ઉઘાડે છે, જિનેશ્વર મહારાજની સક્થિઓને પૂંજણીથી પૂજે છે.

પછી સુગન્ધિ–ગન્ધોદકથી પ્રક્ષાલન કરે છે, પછી અગ્ર અને શ્રેષ્ઠ એવા ગન્ધોથી તથા પુષ્પોથી પૂજે છે, અને ધૂપ દે છે, ધૂપ દઇને જિનેશ્વરના સક્થિઓ વજ્રમય ગોળ–ડાભડામાં સ્થાપે છે.

પછી **માણવક**–ચૈત્યસ્તંભને પૂંજણીથી પૂંજે છે, દિવ્ય ઉદક–ધારાએ સીંચે છે, સરસ–ગોશીર્ષ–ચંદનથી થાપા દે છે, પુષ્પનું આરોહણ કરે છે. ધૂપ બાળે છે, પછી જે જગોપર આયુધનો કોષ **ચોપ્પાલક** નામે છે, ત્યાં આવે છે, પીંછી લે છે, પ્રહરણકોશ એવા **ચોપ્પાલક**ને પીંછીથી પૂંજે છે, દિવ્ય–પાણીની ધારા કરે છે. સરસ–ગોશીર્ષ–ચંદનથી થાપા દે છે, પુષ્પારોહણ કરે છે, ઉપર-નીચે છેડે લાગતી ફૂલની માળા કરવા પૂર્વક યાવત્ ધૂપ દે છે.

જે જગોપર **સુધર્મસભાનો** મધ્યભાગ છે, જ્યાં મણિ–પીઠિકા છે, જ્યાં દેવશય્યા છે, ત્યાં આવે છે, પૂંજણી લે છે, દેવશય્યા અને મણિપીઠિકાને પૂંજણીથી પૂજે છે, યાવત્ ધૂપ દે છે, પછી જ્યાં **ઉપપાત–સભાનું** દક્ષિણ દ્વાર છે, ત્યાં આવે છે, **અભિષેકસભાની** માફક બધું લેવું, યાવત્ પૂર્વદિશાની **નંદાપુષ્કરિણી**ની હદ જ્યાં છે, ત્યાં આવે છે, તોરણ, પગથીયાં, પૂતળીઓ, વ્યાલરૂપકને તેવી જ રીતે કરે છે, પછી જ્યાં **અભિષેક–સભા** છે, ત્યાં આવીને તેવીજ રીતે સિંહાસન અને મણિપીઠિકાની વિધિ કરે છે, **સિદ્ધાયતનની** માફક જ્યાં પૂર્વદિશાની **નન્દાપુષ્કરિણી** પછી જ્યાં **અલંકારસભા** છે, ત્યાં આવે છે, જેવી રીતે **અભિષેક–સભાને** માટે કહ્યું, તેવી રીતે બધું લેવું.

પછી જ્યાં **વ્યવસાય–સભા** છે, ત્યાં આવીને તેવી રીતે પીંછી લે છે, પુસ્તક–રત્નને પીંછીથી પ્રમાર્જન કરે છે અને દિવ્ય–

પાણીની ધારાએ ઉત્તમ અને શ્રેષ્ઠ એવા ગન્ધ-માલ્યથી કરીને પૂજે છે. પછી મણિપીઠિકા અને સિંહાસનને માટે પણ તેમજ યાવત્ પૂર્વદિશાની **નન્દાપુષ્કરિણી** જે જગોપર છે, તે જગોપર આવીને તોરણ-પગથીઆ પૂતળીઓ અને વ્યાલરૂપ-સંબંધી અધિકાર લઈ લેવો.

પછી જ્યાં **બલિપીઠ** છે, ત્યાં આવે છે અને બલિનું વિસર્જન કરે છે. આભિયોગિક દેવતાને બોલાવીને એમ કહે છે "હે **દેવાનુપ્રિયો !** સૂર્યાભ-વિમાનમાં સિંગોડાના આકારે સ્થાન, ત્રણ રસ્તાનું સ્થાન, ચાર રસ્તાનું સ્થાન, અનેક રસ્તાનું સ્થાન, દેવકુળો, મોટા માર્ગો, પ્રાકારો, બુરજો, વચલા માર્ગો, દ્વારો, ગામના કમાડો,તોરણો-બગીચા-ઉદ્યાનો-વન, વનરાજિ, કાનન અને વનખંડોમાં અર્ચનિકા જલ્દી કરો અને અર્ચનિકા જલ્દી કરીને અમારી આજ્ઞા જલ્દી પાછી આપો."

પછી તે આભિયોગિક-દેવતાઓ **સૂર્યાભદેવતાએ** એવી રીતે કહેવાયા થકા યાવત્ વચન કબૂલ કરીને **સૂર્યાભ**-વિમાનમાં શ્રૃંગાટકથી તે વનખંડ સુધીના સ્થાનોમાં અર્ચનિકા કરે છે, કરીને જે જગોપર **સૂર્યાભદેવ** છે, ત્યાં આવી યાવત્ સર્વ કામ કર્યું, એમ જણાવે છે.

પછી તે **સૂર્યાભદેવતા** જ્યાં **નન્દાપુષ્કરિણી** છે, ત્યાં આવે છે અને **નન્દાપુષ્કરિણીના** પૂર્વ-દિશાના પગથીએથી ઉતરે છે અને હાથ-પગ ધુએ છે, પછી જ્યાં **સુધર્મસભા** છે, ત્યાં આવવાનો વિચાર કરે છે, તે વખતે તે **સૂર્યાભદેવતા** ચાર હજાર સામાનિક, સોલ હજાર આત્મરક્ષક અને બીજા પણ **સૂર્યાભવિમાનમાં** રહેવાવાળા વૈમાનિક-દેવદેવીઓની સાથે પરિવરેલા સર્વ-ઋદ્ધિએ યુક્ત યાવત્ પડઘાના શબ્દો પૂર્વક જ્યાં **સુધર્મસભા** છે, ત્યાં આવે છે, **સુધર્મ** સભામાં પૂર્વદ્વારે પ્રવેશ કરે છે અને જ્યાં સિંહાસન છે ત્યાં આવી શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ સન્મુખ બેસે છે." (સૂ. ૪૪)

વાંચકોએ ધ્યાન રાખવું કે-આ ઉપર જણાવેલા **રાયપસેણીના** પાઠમાં જ્યાં જ્યાં પૂજ્યતા છે, ત્યાં ત્યાં **આલોક** ( દેખતાંજી )

થવાની સાથે નમસ્કાર છે, **અભ્યુક્ષણુ** શબ્દ નહિં રાખતાં **પ્રક્ષાલન** અને **સ્નાન** કરાવવાનો શબ્દ રાખેલો છે.

વળી જિનપ્રતિમા આગળ તો અંજલિ આદિ વિધિપૂર્વક **શક્રસ્તવ** કહેવામાં આવ્યો છે, સુગંધી ચૂર્ણ માટે **અર્ચન** શબ્દ રાખવામાં આવ્યો છે, એ વિગેરે વસ્તુ ધ્યાનમાં લેનારો મનુષ્ય જિનપ્રતિમા, જિનસક્થિ અને પુસ્તકરત્નની પૂજ્યતા છે, એમ સમજ્યા વગર રહેશે નહિ. શેષવિધિ માત્ર ઉચિતતા અને શોભાને અંગે છે. તે સ્હેજે સમજાય તેવું છે.

❋

## સાત ક્ષેત્રમાં ઉત્તમોત્તમ ક્ષેત્ર કયું ?

આ રીતે શ્રી જીવાભિગમસૂત્રમાં વિજયદેવના અધિકારમાં તથા શ્રીજંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ (સૂ. ૧૧૩ થી ૧૨૩)માં શ્રીઋષભદેવ પ્રભુના જન્માધિકારમાં દેવોએ કરેલી પ્રભુભક્તિનું અદ્‌ભુત વર્ણન છે, તે બધું જોતાં પ્રભુપૂજા એ શાસ્ત્રોક્ત કર્તવ્ય છે, તે સમજાયા વિના નહીં રહે.

આ પ્રમાણે **શ્રીરાયપસેણી** અને **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના** પાઠો વિચારીને પાપથી ડરવાવાળો અને સદ્‌ગતિની અભિલાષા રાખવાવાળો કોઈ પણ સજ્જન ભગવાન જિનેશ્વર-મહારાજની પ્રતિમાની દર્શનીયતા અને આરાધ્યતા માનવા સાથે પૂજ્યતા માને એ સ્વાભાવિક છે.

વળી યાત્રિક સંઘના-નેતા બનનારને સ્થાને સ્થાને તેવી-તેવી આહ્લાદ ઉપજાવનારી દેવતાધિષ્ઠિત તીર્થરૂપ અને પ્રભાવશાળી એવી નવી-નવી પ્રતિમાઓનાં દર્શન થાય અને તે દર્શન-આદિનો લાભ જેમ અપૂર્વ રીતે પોતાના આત્માને આનંદ કરનારો થાય, તેવી રીતે અન્ય યાત્રિકગણને પણ તે દર્શન-આદિનો લાભ અપૂર્વ રીતે

આનંદ દેનારો થાય, તે હેતુથી પુણ્યાનુબંધી પુણ્યને મેળવવા સાથે આત્માને ભવથી પાર ઉતારવાની બુદ્ધિવાળો ભાગ્યશાળી પુરુષ યાત્રિકગણનો નેતા બનવાને ભાગ્યશાળી થાય.

તેથી ગામે-ગામ અને સ્થાને-સ્થાને અનેક પ્રકારે સ્નાત્રપૂજા મહોત્સવ-આદિ કરવા-કરાવવા દ્વારા પોતાના દ્રવ્યની **જિનમૂર્ત્તિ**, તથા સાત ક્ષેત્રના પોષણ દ્વારા કૃતાર્થતા કરનારો થાય તે સ્વાભાવિક છે,

કારણ કે-ધર્મનિષ્ઠ મહાપુરુષો પોતાને મળેલ ધનધાન્યાદિક-દ્રવ્યોમાંથી તેટલા જ દ્રવ્યને સફળ ગણે છે કે **જેટલું-દ્રવ્ય શુભ કાર્યમાં વાપરવા ધારીએ અને ઉપયોગમાં આવે** અને શ્રાવકને જિનેશ્વર-મહારાજની પૂજા જેવું કોઈ પણ (સત્ક્ષેત્ર) લાભદાયી નિવડી શકતું નથી, એ સ્વભાવસિદ્ધ છે.

## ધર્મ-પ્રાપ્તિ કરતાં આચરણની દુર્લભતા

ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિની માન્યતા-દર્શનીયતા અને આરાધ્યતા એક સરખા રૂપે છતાં પણ યાત્રિકગણના નેતાને વિવેકનો માર્ગ ખોળવાની ઘણી જ જરૂર છે.

જેવી રીતે જગતમાં ધર્મ પ્રાપ્ત થવો મુશ્કેલ છે, છતાં તે ધર્મ પ્રાપ્ત થયા પછી પણ તેની પરીક્ષા કરવાની ઘણી જરૂર રહે છે, કેમકે ધર્મના નામે પ્રવર્તેલા અનેક અધર્મોને વિવિધ પ્રકારે પરીક્ષા કરીને દૂર ન કરે ત્યાં સુધી જીવ શુદ્ધ-ધર્મ પામી ન શકે, અર્થાત્ એમ કહીએ તો ખોટું નથી કે **ધર્મની પ્રાપ્તિ મુશ્કેલ છે**, એ વાક્યનો અર્થ-ધર્મની પ્રાપ્તિ જેટલે અંશે મુશ્કેલ છે, તેના કરતાં **પરીક્ષા-વિધિથી શુદ્ધ ધર્મની ગવેષણા કરીને શુદ્ધધર્મ ગ્રહણ કરાય-તે રૂપે ધર્મની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે**, એવો ઘટાવવો. નહિંતર તો અભવ્યજીવો પણ સામાન્ય-ધર્મની પ્રાપ્તિ તો શું? પણ ભગવાન જિનેશ્વર મહારાજના ધર્મની પ્રાપ્તિ પણ અનંત વખત મેળવી શકયા છે, અને અનંતીવાર મેળવી શકે છે, એટલે સામાન્ય ધર્મ પ્રાપ્ત થવો, તે પણ મુશ્કેલ નથી, એટલું જ

નહિં ! પરંતુ ભગવાન જિનેશ્વર-મહારાજે સંસાર -સમુદ્રથી પાર ઉતારવા માટે નિરૂપણ કરેલો પરમ-પવિત્ર ધર્મ પ્રાપ્ત થવો, તે પણ જેટલો મુશ્કેલ નથી, તેના કરતાં **ઘણી મુશ્કેલી ધર્મની પરીક્ષા કરી ધર્મના વાસ્તવિક-સ્વરૂપની અપેક્ષાએ ધર્મનો અંગીકાર થાય તેમાં છે.**

**પ્રભુ-મૂર્ત્તિની આરાધ્યતા પણ દુર્લભ છે.**

જગત તરફ દૃષ્ટિ કરીશું તો સ્પષ્ટપણે માલમ પડશે કે-

વિજાતીયથી ભિન્નતા ઓળખીને પદાર્થ ગ્રહણ કરવામાં જેટલી મુશ્કેલી પડતી નથી, તેના કરતાં સજાતીય જેવા લાગતા પદાર્થનો ભેદ સમજીને શુદ્ધ પદાર્થને અંગીકાર કરવો તે ઘણું મુશ્કેલ પડે છે.

લોઢા, પિત્તળ અને તાંબાથી રૂપાની ભિન્નતા જાણવી મુશ્કેલ નથી, તેના કરતાં કલાઈ, જસત, નિકલ જેવી સફેદ ગણાતી ધાતુઓથી રૂપાની ભિન્નતા જાણવી ઘણી જ મુશ્કેલ પડે છે, તેવી રીતે ભગવાન જિનેશ્વર મહારાજની દેવ તરીકે આરાધ્યતા અને ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિની દેવ તરીકે જે આરાધ્યતા કરવાની તે પ્રાપ્ત થવી-જેટલી મુશ્કેલ નથી તેના કરતાં યથાસ્થિત-માર્ગને અનુસરતી એવી ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિની આરાધ્યતા પ્રાપ્ત થવી એ સામાન્ય રીતે મુશ્કેલ છે, તો પછી દુઃષમાકાલ કે જેની અંદર ભગવાન જિનેશ્વર મહારાજના માર્ગમાં પણ મત-મતાંતરનો રાફડો ફાટેલો છે, તેવી વખતે ભગવાન જિનેશ્વર-મહારાજ અને તેમની મૂર્ત્તિના સત્ય સ્વરૂપને જાણવાની અને આદરવાની સ્થિતિ પ્રાપ્ત થવી મુશ્કેલ હોય તેમાં આશ્ચર્ય નથી.

**પ્રતિમાની પૂજ્યતા સંબંધી રહસ્ય**

જો કે કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે-ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મૂર્ત્તિની બાબતમાં વિધિ-અવિધિ આદિને ન દેખતાં કેવળ ભગવાન જિનેશ્વર મહારાજના વીતરાગત્વાદિ-સ્વરૂપોનું ભાન કરાવનારા પર્યંકાસનાદિનું સત્ત્વ માત્ર દેખીને આરાધના-પૂજા-સેવામાં તત્પર રહેવું જોઈએ;

ઓઘદૃષ્ટિથી વિચારવાવાળાઓને આ વસ્તુ ઘણી સારી લાગશે અને સુગમતા ભરેલી પણ જણાશે, પરંતુ શાસ્ત્રના માર્ગ તરફ દૃષ્ટિ કરનાર મનુષ્યોને આ ઓઘદૃષ્ટિવાળાને રૂચતી વસ્તુ રૂચિ કરનાર થઈ શકશે નહિં.

કારણ કે માર્ગને માનવાવાળા મનુષ્યોને ભગવાન જિનેશ્વર-મહારાજના વચનો ઉપર વિશેષ ધ્યાન આપવાનું હોય છે, અને ભગવાન જિનેશ્વર-મહારાજનાં વચનો માત્ર જિનપ્રતિમા હોવા માત્રથી આરાધના કરવા લાયકપણું જણાવતાં નથી, કારણ કે अण्णउत्थियपरिग्गहियाइं अरिहंतचेइयाइं એ વિગેરે વાકયો ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિમાં માત્ર જિનેશ્વર મહારાજનો આકાર હોય એટલા માત્રથી આરાધ્યતા હોવાનું જણાવતાં નથી.

## અભિનિવેશથી ચૈત્યનો કરાતો ખોટો અર્થ

જો કે શાસ્ત્રથી વિરુદ્ધ બોલવા અને ચાલવાનો પરંપરાથી ધંધો લઇ બેઠેલા એવા ઢુંઢીયાઓ ચૈત્ય શબ્દથી સાધુ લઇને ભગવાન જિનેશ્વર મહારાજનાં ચૈત્યો અને પ્રતિમાઓ ઉડાવવા માંગે છે. પણ તેઓ શું મિથ્યાત્વીઓને માન્ય હોવા માત્રથી જ પોતાના સાધુઓને છોડવા માંગે છે, કે તેનું બીજું કારણ છે.

યાદ રાખવું કે મૂર્ત્તિ ચેતના-રહિત છે અને તેથી તે મૂર્ત્તિ ઉપર તેને ગ્રહણ કરનારના ભાવનો બધો પ્રભાવ પડે છે. પરંતુ સાધુ મહારાજ અચેતન નથી, કિંતુ જગતનું ઊંચામાં ઊંચુ જ્ઞાન ધરાવનારા અને મહાપુરૂષની પદવીમાં ચઢેલા છે, તેથી તેઓ કોઈથી પરિગૃહીત હોય નહિ અને જ્યારે પરિગૃહીત ન હોય ત્યારે તેમની ઉપર ભક્તના વર્તનની છાયા પડે નહિ અને તેથી સાધુ અન્યથી ગૃહીત થતાં અવંદ્ય ન થાય.

આ બધી વસ્તુ વિચારનાર મનુષ્ય સ્હેજે પણ અક્કલવાળો હશે તો ઉપર જણાવેલા **ઉપાસક દશાંગના** પાઠમાં ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરવા માટે સ્વપ્ને પણ તૈયાર થશે નહિ.

આ. પુ. ૧-૩

## ચૈત્ય-શબ્દની વિશેષ સમજણ

ધ્યાન રાખવું કે સાધુઓ અન્ય-મતને ગ્રહણ કરનારા હોય, પરંતુ અન્ય મત કંઈ સાધુને ગ્રહણ કરનારો હોતો નથી, કેમકે સાધુઓ મહામિથ્યાત્વના ઉદયે અન્ય મતને ગ્રહણ કરનારા થાય, પરંતુ અન્ય-મતથી સાધુઓ કોઇપણ પ્રકારે ગૃહીત થઈ શકતા નથી, અને અન્ય-મતથી જો બલાત્કારાદિથી તે સાધુઓ ગૃહીત થઈ જાય તો પણ તે અ-માન્ય થતા નથી,

વળી જો સાધુઓ પોતાના પરિણામથી અન્ય-મતમાં જાય તો પછી તે જૈન સાધુ તરીકે રહેતા નથી, તેથી તેમને વંદના કરવી કે ન કરવી ? તેનો વિચાર કરવાનો રહેતો નથી, એટલે સ્પષ્ટપણે માલમ પડશે કે **ચૈત્ય** શબ્દથી એવી જ કોઈ વસ્તુ લેવી જોઇએ કે જેની ઉપર તેને ગ્રહણ કરનારાનો જ પ્રભાવ પડતો હોય, પરંતુ તેનો પોતાનો સ્વતંત્ર પ્રભાવ તેને ગ્રહણ કરનારા ઉપર ન પડતો હોય!

લગીર પણ સમજણને ધરાવનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે આ વાકયમાં **ચૈત્ય** શબ્દનો અર્થ મૂર્ત્તિ કર્યા સિવાય છુટકો જ નથી.

## પરિણામ-શુદ્ધિ સાથે પ્રભુ-મૂર્ત્તિની પૂજ્યતાનો સંબંધ

આ ઉપરથી સિદ્ધ થયું કે ભગવાન જિનેશ્વર-મહારાજની મૂર્ત્તિ હોય એટલા માત્રથી આરાધવા-લાયકપણું, નથી પરંતુ તે મૂર્ત્તિને ગ્રહણ કરનારાઓની સ્થિતિનો વિચાર પણ મૂર્ત્તિની આરાધનાના હેતુ તરીકે કરવો જરૂરી રહે છે.

અન્ય-મતવાળાઓ પોતાના દેવનું સ્વરૂપ જુદું માનતા હોવાને લીધે ભગવાન જિનેશ્વર-મહારાજની મૂર્ત્તિને પણ તેઓ પોતાના દેવ તરીકે જ્યારે માને ત્યારે તે મૂર્ત્તિના મૂલ-સ્વરૂપનો પોતાની ધારણા પ્રમાણે ફેરફાર કરે, છેવટે આરાધનાનાં સાધનોનો વિપર્યાસ કર્યા વિના રહે નહિં અને ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિનો મૂળ-સ્વરૂપથી વિપર્યાસ થાય, અગર સાધન-સામગ્રીમાં તેવી રીતનો વિપર્યાસ

થાય, તે વખતે તે મૂર્ત્તિ-મૂલ ઉત્પત્તિની અપેક્ષાએ તત્કાળ અને પર્યંતે થયેલી આરાધનાની સામગ્રીની અપેક્ષાએ થયેલી વિપરીતતાને ધારણ કરે, તેથી આદર્શ-પુરૂષ તરીકે ભગવાન જિનેશ્વર મહારાજની આરાધના કરનારાઓના પરિણામની શ્રેણિ વધે નહિ અગર ટકે પણ નહિં, એટલું જ નહિ, પરંતુ વિપર્યાસ-પરિણામને પામે, તેથી મૂળ અગર સાધન-સામગ્રીની અપેક્ષાએ વિપર્યાસને પામેલી ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિ દર્શનીય, વંદનીય કે આરાધ્ય ન રહે તે સ્વાભાવિક છે.

તેથી ભગવાન **અભયદેવસૂરિ મહારાજ** વિગેરે આચાર્યોએ શૈવ, વિષ્ણુ કે દિગંબર આદિએ ગ્રહણ કરાએલી ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિને માનવાનું સમ્યગ્દૃષ્ટિઓને માટે નિષિદ્ધ તરીકે જણાવેલું છે.

જો કે તેજ શ્રી **અભયદેવસૂરિજી મહારાજ આગમ અષ્ટોત્તરીમાં "જિનેશ્વર ભગવાનની પ્રતિમાને અંગે વિધિ અને અવિધિની ઉપેક્ષા કરી જ્યાં જ્યાં જિનબિંબ હોય ત્યાં ત્યાં વંદનીયતા છે."** એમ જણાવે છે, પરંતુ તે વંદનીયતા માત્ર કેટલીક જુદી જુદી પરંપરાને લીધે ચાલતી પૂજાની વિધિ-અવિધિ સંબંધી-રીતિની અપેક્ષાએ હોય-એમ સમજી શકાય તેમ છે, અર્થાત્ ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિમાં સ્વરૂપનો વિપર્યાસ કરનાર એવો આકાર કે સાધન-સામગ્રીનું દુર્લક્ષ્ય કરવા માટે ભગવાન **અભયદેવસૂરિજી** સૂચવે છે, એમ સ્વપ્ને પણ સમજવું નહિં.

આ ઉપરથી એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે જે ગચ્છો સૂત્રથી વિરુદ્ધ પ્રરૂપણાવાળા કે પ્રવૃત્તિવાળા ન હોય તેવા ગચ્છોની નિશ્રાએ રહેલાં ચૈત્યોની અંદર રહેલી ભગવાન્-જિનેશ્વર મહારાજની મૂર્તિઓ અવંદનીય છે, એમ માનવું જ નહિ.

કારણ કે-શાસ્ત્રકાર **णिस्ससकडमणिस्सकडे** ઇત્યાદિક-વચનોથી **'કોઈ પણ ગચ્છથી પ્રતિબદ્ધ એવાં ચૈત્યોને પણ વંદના કરવી એ સમગ્ર સાધુઓને યોગ્ય છે.'** એમ જણાવે છે.

આ વાતને બારીક-દષ્ટિથી જોવાની અને તપાસવાની જરૂર છે, કારણ કે શાસ્ત્રોમાં માત્ર સામાચારી-ભેદને અંગે ગચ્છનો ભેદ ગણવામાં આવે છે, પરંતુ એક પણ વચન સૂત્ર કે આચરણાથી વિરુદ્ધ બોલનાર કે તેવી રીતે વર્તનારને **ગચ્છ** તરીકે જણાવેલ નથી. પરંતુ નિહ્નવ અને કુશીલીયા તરીકે જ ગણવા એવું **શ્રી આવશ્યકવૃત્તિમાં શ્રી મલયગિરિજી** અને **શ્રી સૂત્રકૃતાંગની** ટીકામાં **શ્રી શીલાંકાચાર્યજી** મહારાજ જણાવે છે.

એટલે સૂત્રથી વિરૂદ્ધ પ્રરૂપણા કરનારા અને આચરણ ઉડાવનારાઓને સુવિહિત-મુનિ તરીકે માનવાની શાસ્ત્રકારો સ્પષ્ટ ના પાડે છે. આ અપેક્ષાએ જેમ શૈવ અને દિગંબરાદિઓએ ગ્રહણ કરેલા જિનચૈત્યો અને પ્રતિમાઓ શાસનની શુદ્ધ-શ્રદ્ધાવાળાને માન્ય રહે નહિ, તેવી રીતે સૂત્રવિરુદ્ધ બોલનારા અને વર્તનારા એવા જે જે ગચ્છો વર્તમાનમાં હોય તેઓની કરાયેલી કે ભરાયેલી પ્રતિમા વંદનાલાયક બની શકે નહિ, પરંતુ દુઃષમા કાલની દુષ્ટતાને પ્રભાવે સાચા માર્ગનો ખપ કરનારા ઘણા જ અલ્પ હોય અને તેવા વખતે કુવૃષ્ટિ ન્યાયથી સન્માર્ગ-ગામીઓને પણ ઈતર-રીતિથી વર્ત્તવું પડે એ અસંભવિત નથી, તેથી જ પૂર્વાચાર્યોને કુવૃષ્ટિથી મત્ત બનેલાઓને અનુસરવા માટે સૂત્રવિરુદ્ધ વર્ત્તનારા એવા પણ ઈતર ગચ્છોની પ્રતિષ્ઠિત મૂર્ત્તિઓને અ-માન્ય કરવું ન પાલવ્યું, એટલું જ નહિ, પરન્તુ કુવૃષ્ટિથી મત્ત બનેલાઓની માફક મિથ્યાત્વથી મત્ત બનેલાઓને સંતોષવા ખાતર સન્માર્ગની તીવ્ર ઈચ્છાવાળાઓને પણ દબાવી દેવા પડ્યા.

આ બધી હકીકત ધ્યાનમાં લેનારો મનુષ્ય ભગવાન જિનેશ્વર-મહારાજની પ્રતિમાના વીતરાગત્વાદિ ગુણોને અવિપર્યાસપણે ધ્યાનમાં રાખી ભગવાન્ જિનેશ્વર-મહારાજની મૂર્ત્તિનું મોક્ષના ધ્યેયથી આરાધન અને તેમાંજ પોતાના કલ્યાણની શ્રેણિ છે એમ સમજશે.

## તીર્થસ્થાનના ચૈત્યની વધુ પ્રભાવકતા કેમ ?

એ વાત તો નિર્વિવાદ છે કે-

ભગવાન જિનેશ્વર-મહારાજની મૂર્ત્તિની આરાધના તેઓના વીતરાગત્વાદિ-ગુણોના સ્મરણથી આત્માની શુદ્ધિને માટે તથા સમ્યગ્દર્શનની નિર્મલતાદ્વારા કર્મની નિર્જરા માટે હોય છે, અને તે સ્મરણ જ્યાં સુધી ભગવાન્ જિનેશ્વર-મહારાજના મુખ્ય-આકારમાં વિપર્યાસ થતો નથી, અગર શ્રાવકધર્મને પણ અનુચરિત બાહ્યસાધનનો વિપર્યાસ થતો નથી, ત્યાં સુધી વીતરાગત્વાદિના સ્મરણાદિનું ધ્યેય બરોબર સાચવી શકાય,

પરંતુ જેવી રીતે ભગવાન્ જિનેશ્વર-મહારાજની મૂર્ત્તિના આકારાદિદ્વારા તેમના ગુણોનું સ્મરણ કરીને સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે, તે અપેક્ષાએ મૂલસ્વરૂપ અને શ્રાવકધર્મથી અવિરુદ્ધ એવી સાધન-સામગ્રી ભાવનાને અબાધક થાય છે અને વૃદ્ધિ કરનારી થાય છે.

પરંતુ શાસ્ત્રકારો જેમ દેવતાએ બનાવેલી અગર દેવતાથી અધિષ્ઠિત થયેલી ભગવાનની મૂર્ત્તિને આરાધનામાં વધારે ઉપયોગી જણાવે છે, અને વિધિપૂર્વક જે ચૈત્યોમાં પૂજા વિગેરે થતાં હોય અને સ્તુતિ-સ્તોત્ર વિગેરે ભણાતાં હોય, તે ચૈત્યો અને મૂર્ત્તિઓને વિશેષપણે સમ્યગ્દર્શનઆદિનું કારણ માને છે, તે અપેક્ષાએ વીત-રાગત્વાદિ-ગુણો સરખા છતાં પણ વિધિવાળા અને સાતિશય એવાં ચૈત્યો ભવ્ય-જીવોને અત્યંત લાભદાયક નિવડે, એમાં બે મત નથી.

આજ કારણથી આત્માની શુદ્ધિ માટે કરવાના પ્રાયશ્ચિત્તો જો તેવા જ્ઞાની આદિક ન મળે તો તેવા અધિષ્ઠાયકવાળાં ચૈત્યોદ્ધારા કરવાનું શાસ્ત્રકારો જણાવે છે.

આ વસ્તુનો વિચાર કરવામાં આવે તો તીર્થસ્થાનોમાં રહેલી મૂર્ત્તિઓની અધિક-આરાધ્યતા અને અધિક-પૂજ્યતા શાસ્ત્રકારોએ કેમ માની છે ? અને લોકોમાં કેમ પ્રચલિત થઈ છે ? તેનો ખુલાસો સમજાઈ જશે,

આ રીતે જ્યારે તીર્થસ્થાનોની અને તેમાં રહેલી ભગવાન-જિનેશ્વરની મૂર્ત્તિઓની વિશિષ્ટતા સમજવામાં આવશે, ત્યારે શાસ્ત્ર-કારોએ જણાવેલા તીર્થોના મહિમા અને તીર્થસ્થાને કરાતા પ્રતિષ્ઠા આદિ મહોત્સવો તથા પૂજા-સ્નાત્રનાં મહાફળો બરોબર ધ્યાનમાં ઉતરશે,

## તીર્થસેવા સમ્યક્ત્વનું ભૂષણ છે.

એ વાત તો સહેજે સમજાય તેવી છે કે-પોતાના આત્માના ઉદ્ધારના માટે કરાતી પૂજામાં સામાન્ય રીતે બાહ્ય સ્વરૂપે ગૃહ-ચૈત્યમાં કે ગ્રામ-ચૈત્યમાં કે તીર્થ-ચૈત્યમાં તેવો વિશેષ ફરક કદાચિત્ ન પણ પડતો હોય તેમ છતાં એ વાત સહુને અનુભવ સિદ્ધ છે કે-ગૃહ-ચૈત્ય કરતાં ગ્રામ-ચૈત્યમાં અને ગ્રામ-ચૈત્ય કરતાં તીર્થ-ચૈત્યમાં પૂજા-પ્રભાવનાદિકમાં વીર્યોલ્લાસની અત્યંત અધિકતા હોય છે, છતાં પૂજા કરનારાના પરિણામની વિચિત્રતાને અંગે અને આત્મ-પરિણામની અગમ્યતાને લીધે કદાચિત્ વિપર્યાસ પણ થાય, છતાં વ્યવહારથી એમ કહી શકાય કે-આત્માના શુભ-પરિણામની વૃદ્ધિ મુખ્યતાએ ગૃહ-ચૈત્ય કરતાં ગ્રામ-ચૈત્યમાં અને ગ્રામ-ચૈત્ય કરતાં તીર્થ-ચૈત્યમાં અધિક થાય છે.

આ કારણથી **સમ્યક્ત્વસપ્તતિ** વિગેરે ગ્રન્થોમાં મહાપુરુષોએ સમ્યકત્વના ભૂષણમાં **તીર્થસેવા** નામનું ભૂષણ સમ્યકત્વને માટે જણાવ્યું છે, એટલું જ નહિ, પરંતુ બારીક દૃષ્ટિથી વિચાર કરીએ તો સ્થૈર્યાદિ પાંચે-ભૂષણોમાં તે **તીર્થ સેવારૂપી** ભૂષણને શિખર માફક ઉપર ગણાવેલું છે.

આટલું બધું છતાં પણ પૂજા કરનારના આત્માની અપેક્ષાએ ગૃહ-ચૈત્ય, ગ્રામ-ચૈત્ય અને તીર્થ-ચૈત્યોથી થતી વિશેષતા તરફ ઉદાસીન-ભાવ ધારણ કરીએ તો પણ ચતુર્વિધ-સંઘની સકલ વ્યક્તિઓ જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ છે. તેઓના શુભ પરિણામની વૃદ્ધિની અપેક્ષાએ તો તીર્થ-સ્થાનમાં થતી પૂજા પ્રભાવના અને થતા શાસનોન્નતિનાં અનેક-કાર્યો સમગ્ર-દેશના

સમગ્ર-સંઘને આત્માના શુભ-પરિણામની સ્થિતિ અને વૃદ્ધિ કરવા દ્વારા મોક્ષમાર્ગમાં અત્યંત ઉપકાર કરનાર થાય છે, આમાં બે મત થઈ શકે તેમ નથી.

ગૃહચૈત્યોમાં કરાતી પૂજા-ભક્તિ આદિ કાર્યોથી મુખ્યતાએ પોતાના કુટુંબને જ શુભ-પરિણામની સ્થિતિ અને વૃદ્ધિ આદિ થવાનું બને, ગ્રામ-ચૈત્યમાં થતા પૂજા, સ્નાત્ર, અભિષેક અને પ્રભાવના આદિ કાર્યોથી મુખ્યતાએ તે તે ગામ-નગર અને શહેરનો રહેવાસી હોય તેવા મુમુક્ષુ-જીવોને શુભભાવનાની સ્થિતિ અને વૃદ્ધિ દ્વારા અત્યંત ઉપકાર થાય, પરંતુ તીર્થ-સ્થાનોના ચૈત્યોમાં કરાતા પૂજા-સ્નાત્ર અને પ્રભાવના આદિ કાર્યોથી તે તે તીર્થસ્થાનમાં આવેલા લોકોને તે તે કાર્યો સાક્ષાત્ દેખવાથી આત્માના શુભ પરિણામની સ્થિતિ અને વૃદ્ધિ થાય છે, અને સાથે સાથે જે જે સ્થાનથી, જે જે દેશથી, જે જે શહેરથી અને ગામથી આવેલ તે તે મુમુક્ષુ જીવો હોય, ત્યાં તેઓની પ્રશંસા, સ્તુતિ અને અનુમોદનાના વાક્યોનો પ્રભાવ તે તે તીર્થક્ષેત્રમાં, અન્યક્ષેત્રમાં અને પોતાની જન્મ ભૂમિના ક્ષેત્રમાં સતત વહેતા રહે, તેથી તે દ્વારા તે તીર્થક્ષેત્ર અને અન્યક્ષેત્ર અને જન્મભૂમિમાં રહેનારા ભવ્યજીવોને તે તે તીર્થક્ષેત્રમાં કરાતા પૂજા-સ્નાત્ર અને પ્રભાવના આદિ કાર્યો અત્યંત લાભ દેનારા થાય, તેમાં આશ્ચર્ય નથી.

આ કારણથી **શ્રાદ્ધદિનકૃત્ય**-સૂત્રની રચના કરનારા પૂર્વાચાર્ય મહારાજે **ઉદ્ધાર** વિગેરે કાર્યો પોતાના પૂર્વજો, પોતાના સંતાનો અને તે સિવાયના પણ ભવ્યજીવોને અપૂર્વ-લાભ કરનારાં જણાવેલ છે.

જેવી રીતે તીર્થસ્થાનમાં કરાતાં પૂજા, સ્નાત્ર અને પ્રભાવના આદિ કાર્યો તે કરનારના આત્માનો તથા બીજા આત્માઓનો ઉદ્ધાર કરનારાં થાય છે, તેવી જ રીતે તે કાર્યો જો શાસ્ત્રની મર્યાદાથી વિરુદ્ધ-પણે હોય અને સ્વચ્છંદપણે માત્ર પોતાની બુદ્ધિથી કલ્પેલાં હોય તો તેવા કાર્યદ્વારાએ અવિધિ અને સ્વચ્છંદતાનો ફેલાવો સમગ્ર-દેશમાં વ્યાપક બની જાય, તે પણ અસંભવિત નથી.

આ વાત જ્યારે ધ્યાનમાં રાખવામાં આવશે ત્યારે કોઈપણ પ્રકારે સૂત્રથી વિરુદ્ધ તો શું ? પરંતુ માત્ર સામાચારીના ભેદથી જુદા પડેલા ગચ્છો અગર સાધુઓની નિશ્રાવાળા ચૈત્યો કે જેને શાસ્ત્રકારો "**નિશ્રાકૃત-ચૈત્યો** કહે છે." તેવા **નિશ્રાકૃત-ચૈત્યોમાં** પણ શાસ્ત્રકારો વિશેષથી સાધુઓને રહેવાની મનાઈ કરે છે, અને તેવા ચૈત્યોમાં રહેવાથી સાધુ સમુદાયમાં અસ્ત-વ્યસ્ત સ્થિતિ થવાનું જણાવે છે.

અર્થાત્ **નિશ્રાકૃત ચૈત્યોમાં** આવેલા અગર (વ્યાખ્યાન આદિ માટે) રહેલા મહાત્માઓની સ્થિતિને લીધે જ્યારે અન્ય સાધુઓને પણ અહિત થવાનું જણાવવામાં આવે છે, તો પછી જે ચૈત્યો અને મૂર્ત્તિઓ સૂત્રથી વિરુદ્ધ બોલનારની અને સૂત્રથી વિરુદ્ધ વર્તનાર લોકોની પ્રધાનતાવાળા હોય, એટલું જ નહિ પરંતુ સૂત્રથી વિરુદ્ધ બોલીને અને સૂત્રથી વિરુદ્ધ વર્તીને ચલાવેલા **અવ્યક્ત** મતો કે જેને અજાણ લોકો **ગચ્છાંતર**ના નામે ભલે બોલતા હોય, પરંતુ શાસ્ત્રકારો તેઓને **અવ્યક્ત** જ કહે છે. તેવાઓ પોતાની પ્રતિષ્ઠા માટે તેમજ પોતાના સૂત્રવિરુદ્ધ એવા અવ્યક્ત-મતના પોષણ માટે જે ચૈત્યો અને મૂર્ત્તિનું ઉત્થાન કરવામાં આવ્યું હોય અને પ્રભાવ પોકારવામાં આવતો હોય તેવા ચૈત્યો અને તેવી મૂર્ત્તિઓ કુટુંબ-ગ્રામવાસી અને દેશવાસીઓને સન્માર્ગથી ચ્યુત કરીને ઉન્માર્ગે પ્રવર્તાવનારા અને લાવનારા થાય, તેમાં કંઇ પણ આશ્ચર્ય નથી.

વાચક મહાશયે ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભગવાન **હરિભદ્રસૂરિજી** અને આચાર્ય **મહારાજ શ્રી મલયગિરિજી સૂત્રથી** એક પણ જાતની વિરુદ્ધ માન્યતાને ધરાવનાર અગર પ્રરૂપનારને શાસનમાં રહેલા ગણતા નથી, એટલું જ નહિ, પરંતુ તેઓને અન્યમતમાં રહેલા પણ નથી ગણતા, કિંતુ ત્રિશંકુની માફક ગણીને તેઓને **અવ્યક્ત** તરીકે જ ગણે છે.

## ગૃહચૈત્યની મહત્તા

**ગૃહચૈત્યમાં** થતા દેવવંદન, સ્તુતિ, પૂજા વિગેરે જે ધાર્મિક ક્રિયાઓ થાય છે. તેનો લાભ જો મળતો હોય તો ફક્ત એક જ કુટુંબના મનુષ્યોને મળી શકે છે. જો કે **ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ** દરેક જૈન ગૃહસ્થને **સો સોનૈયા જેટલી મુડી થતાં ઘર દહેરાસર રાખવાની સૂચના સંબોધ પ્રકરણમાં કરે છે.** અને તે પોતાના કુટુમ્બમાં જૈનત્વપણું વસાવવાની અને ટકાવવાની લાગણીવાળાને માટે જરૂરી છે, એમ દરેક જૈનને લાગે એમાં આશ્ચર્ય નથી.

## ગૃહચૈત્યના અભાવે થતી સ્થિતિ

વર્તમાન કાલમાં તો અનુભવસિદ્ધ એ હકીકત છે કે-**મુંબઇ** અને **કલકત્તા** જેવા શહેરોમાં જેઓ હવા વિગેરેની અને રહેઠાણ વિગેરેની સગવડ માટે ગ્રામના ચૈત્યથી દૂર-દૂરના લત્તાઓમાં રહેવાનું કરે છે, યાવત્ પરાઓમાં અને નજીકના ગામોમાં રહે છે-તે સર્વને ગ્રામ અને શહેરના ચૈત્યોમાં વાહન આદિક વ્યવહારની પ્રતિકૂળતાને અંગે રોજ તો શું? પણ પર્વદિવસે પણ જવાની મુશ્કેલી પડે છે અને પોતાના નિવાસસ્થાનમાં ગૃહચૈત્યોની હયાતી ઘણા ઓછા જ મહાનુભાવો કરે છે, પરિણામે તે દૂર અને બહાર રહેવાવાળા કુટુંબોમાં જૈનધર્મની છાયા રહેવાનો અવકાશ પણ મુશ્કેલીભર્યો બની જાય છે.

આ સ્થિતિ જો **ભગવાન હરિભદ્રસૂરિજીના** વચનને માન આપીને **દરેક સો સોનૈયા જેટલી મૂડીવાળો મનુષ્ય પોતાના નિવાસસ્થાનમાં ગૃહચૈત્ય રાખતો હોય તો** સ્હેજે ન આવે એમ કહી શકાય.

આ વસ્તુને જ્યારે ધ્યાનમાં લઈશું ત્યારે **સુરત, ખંભાત** અને **પાટણ** સરખા સ્થાનોમાં પ્રથમ ગૃહચૈત્યોની સંખ્યા વધુ પ્રમાણમાં કેમ હતી? તેનો આપોઆપ ખુલાસો થઈ જશે, અને વર્તમાનમાં ગૃહચૈત્યોની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી જાય છે, તેના

પરિણામે જૈન-કુટુમ્બના સંસ્કારોમાં દિનપ્રતિદિન કેટલી હીનતા થતી જાય છે? તે પણ અનુભવની બહાર નથી.

## ધર્મીજનોની ભાવના કેવી?

ઉપરની વાત તો દૂર નિવાસ કરવાવાળાઓને અંગે જણાવી. પરંતુ શેરીમાં નિવાસ કરતા હોય અને ગ્રામચૈત્યથી નજીકમાં પોતાનો નિવાસ હોય, છતાં પણ ધર્મની મહત્તા કુટુમ્બના જે મનુષ્યો સમજ્યા હોય, ધર્મની પરીક્ષા કરીને ધર્મમાં આત્મ-તારકપણું રહેલું છે, તેવું જેના જાણવામાં આવેલું હોય, સંવર અને નિર્જરાનો હિતકર માર્ગ ખરેખર આચરનાર અને ઉપદેશ કરનાર જો કોઈપણ જગતમાં મહાપુરૂષ થયો હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જ છે, એવું જેના હૃદયમાં ઉતર્યું હોય, ત્રણ લોકની અંદર આત્માના આદર્શભૂત કોઈપણ મહાજ્ઞાની પુરૂષ હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જ છે, એવી આત્માની ઉન્નતિની કૂંચીરૂપે રહેલી વસ્તુ જેના હૃદયમાં વસી હોય, રાત-દિવસના ચોવીસે કલાકમાં આર્તધ્યાન અને વિષય-કષાયની કલુષિત-પરિણતિથી થતી અવ્યવસ્થા ટાળવા માટે જેના હૃદયમાં અચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ હોય, તેવા કુટુમ્બીજનો તો ગ્રામચૈત્યમાં જઈને પણ ભગવાન જિનેશ્વર મહારાજનાં દર્શન-પૂજન આદિનો લાભ લેવાનું ચૂકે જ નહિ, પરંતુ જેઓ હજુ ધર્મની અપેક્ષાએ બાલ્યકાળમાં હોય અથવા તો દુનિયાદારીની અપેક્ષાએ જેઓ તેટલી સમજણ ન ધરાવતા હોય તેવા કુટુમ્બી-જનોને પ્રભાત-કાળના મનોહર સમયથી સંધ્યાકાળ સુધીના સમય સુધી શ્રી જિનેશ્વર ભગવાનના ઉત્તમ-સંસ્કારો નાંખવાનું જો કોઈપણ પ્રબલ સાધન હોય તો તે માત્ર **ગૃહચૈત્ય** જ છે.

આ અપેક્ષાએ વિચાર કરનારને ભગવાન **શ્રી હરિભદ્રસૂરિજીના** વચનનું રહસ્ય સમજાયા સિવાય રહેશે નહિ.

## ગ્રામ-ચૈત્યની મહત્તા અધિક કેમ?

આવી રીતે ગૃહ-ચૈત્યની મહત્તા છતાં પણ **ગ્રામ-ચૈત્યની** મહત્તા તરફ ધર્મિષ્ઠનું ધ્યાન ખેંચાયા વિના રહે નહિ, કારણ કે

ગૃહ-ચૈત્યના અંગે જો કોઈપણ સમાગમમાં આવી શકે તો તે માત્ર પોતાનો કુટુમ્બી વર્ગ જ આવી શકે અને તેમાંય દરેક કુટુંબમાં ઉત્તમ અને ધર્મપરાયણ મનુષ્ય હોય-તેવો નિયમ હોતો નથી, અને જો કોઈ કુટુમ્બમાં તેવો ધર્મપરાયણ મનુષ્ય હોય છે; તો પણ તેના ધર્મકૃત્યોની છાયા ઈતર સંસારી કુટુમ્બીઓના અનેક સંબંધોની સ્નેહાદિમય છાયાને લીધે પડી શકતી નથી.

પરંતુ ગ્રામ-ચૈત્યોમાં જો દર્શન-પૂજનાદિ કરવા માટે જવામાં આવે તો જે જે મહાનુભાવો ધર્મપરાયણ હોઈને પોતાની જીંદગી ધર્મમય-જીવન ગુજારતા હોય તેવા ઘણા મહાનુભાવોના દર્શન અને સમાગમથી આત્માની ઘણી ઉન્નતિ થવાનો પ્રસંગ આવે છે. **ઉપમિતિભવ-પ્રપંચમાં** પણ સ્પષ્ટપણે જે પ્રેરણા જણાવવામાં આવી છે, તે પણ ગ્રામ-ચૈત્યના દર્શનાદિકને પ્રસંગે જ જણાવવામાં આવી છે.

સામાન્ય રીતે દરેક ક્ષાયોપશમિક ભાવવાળો આત્મા પ્રમાદની તીખી તરવાર નીચેથી જ પસાર થાય છે, અને તેવા આત્માઓને જો સજ્જન-સમાગમ મળે અને સજ્જનનો ઉપદેશ ઢાલ તરીકે બચાવનાર ન મળે તો જ તે આત્માઓ પ્રમાદની તીખી તરવારના ભોગ સ્હેજે થઈ પડે છે! યાદ રાખવાનું કે અપ્રમાદ રાખવા માટે **ભગવાન મહાવીરે શ્રી ગૌતમસ્વામીજીને પણ** समयं गोयम ! मा पमायए એમ ઉપદેશ કરેલો છે.

## સત્‌સમાગમના અભાવે શું થાય ?

મૂળ સૂત્રકાર મહારાજા પણ આ વાતને **નન્દમણીઆરના** કથનમાં સ્પષ્ટપણે જણાવે છે, **નન્દમણીઆરના** કથનને જો ઊંડી દૃષ્ટિએ જોવામાં આવે તો માલમ પડે કે જે મહાનુભાવ એક વખત ઉન્હાળા જેવા પ્રબળ ગર્મીના કાળમાં પણ લાગલાગટ ત્રણ દિવસ સુધી પૌષધ કરનારો છે, જયેષ્ઠ માસ જેવા ઉત્કૃષ્ટ-તૃષ્ણા કરવાવાળા મહિનામાં અઠ્ઠમ જેવી તપસ્યા કરનારો છે, અને તે તપસ્યા પણ

કેવલ અશનાદિકના ત્યાગની નહિ, પરંતુ ત્રણ દિવસ પાણીનો પણ જેમાં સર્વથા ત્યાગ કરવામાં આવ્યો છે, એવા ચઉવિહારા–અઠ્ઠમ તપની તપસ્યા ત્રણે દિવસના પૌષધ સાથે કરે છે, તેવા મહાનુભાવને તેવી જ ક્રિયા ચાલુ છતાં પણ સાધુ–મહાત્માના દર્શન અને સાધર્મિકના સમાગમનો અભાવ થતાં જૈનધર્મથી વિપરીત–માન્યતાનો વખત આવે છે.

વિપરીત-માન્યતાના જોરે તેવા **નંદ–મણીઆર** સરખા પૂર્વકાળના સમ્યક્ત્વ અને દ્વાદશવ્રતધારી મહાપુરૂષને આર્ત્ત–રૌદ્ર ધ્યાન થવાનો પ્રસંગ આત્મા ઉપર શીરજોરી કરી દે છે, અને તે જ આર્ત્ત-રૌદ્ર ધ્યાનની શિરજોરીથી તે **નંદમણીઆર** ધર્મકૃત્યોની ઉદાસીનતા કેળવી વાવડી, બગીચા અને ઐહિક–સુખાકારીનાં સાધનો ઊભાં કરનાર અને લોકોને તે દ્વારા મોજ–મઝામાં જોડી આનંદ માનનાર થાય છે, અને પરિણામે બાહ્ય–સુખોની લ્હેરમાં લીન થયેલો **નંદ-મણિઆર** પોતાના જ જળાશયમાં પોતે દેડકા રૂપે ઉપજે છે.

અહીં એ વાત ધ્યાનમાં લેવા જેવી છે કે જે સમ્યક્ત્વને ધારણ કરનારો મનુષ્ય જો આયુષ્ય બાંધતી વખતે અને કાળ કરતી વખતે સમ્યક્ત્વને ધારણ કરનારો હોય તો જરૂર વૈમાનિક સિવાય બીજું આયુષ્ય બાંધે જ નહિ, વળી જે દેશવિરતિને ધારણ કરનારો મનુષ્ય અચ્યુત દેવલોકની સ્થિતિને ઉપાર્જન કરનાર થઈ શકે, એ સમ્યક્ત્વ અને દેશવિરતિને ધારણ કરનાર થયેલો નંદમણિઆર આવી દેડકા જેવી અધમ તિર્યંચની સ્થિતિમાં જાય એનું જો કાંઈ-પણ મુખ્ય કારણ હોય તો તે સાધર્મિક સંસર્ગ અને સાધુની પર્યુપાસનાનો અભાવ છે.

આવી રીતે સાધર્મિક–સંસર્ગ અને સાધુની પર્યુપાસનાના અભાવથી થતા નુકસાનને સમજનારો સુજ્ઞમનુષ્ય કોઇ દિવસ પણ ગૃહચૈત્ય કરતાં ગ્રામચૈત્યના મહિમાની અધિકતાને સમજ્યા સિવાય રહેશે નહિં.

## ગ્રામ-ચૈત્યથી થતા પ્રાસંગિક ફાયદાઓ.

શાસ્ત્રકારો પણ ગ્રામ-ચૈત્યના પ્રભાવને વર્ણવતાં સ્પષ્ટપણે જણાવે છે કે-

કેટલાક ભવ્યાત્માઓ ભગવાન જિનેશ્વર-મહારાજનાં **ચૈત્યોને** દેખીને પ્રતિબોધ પામે, કેટલાક ભવ્યાત્માઓ ભગવાન જિનેશ્વર મહારાજની નિષ્કલંક-વીતરાગત્વમય-મૂર્ત્તિને દેખીને પ્રતિબોધ પામે, તેમજ કેટલાક ભવ્યાત્માઓ ચૈત્યમાં ભગવાનનાં દર્શન આદિ કરવા આવતા સાધર્મિક-લોકોના સંસર્ગથી માર્ગને પામે, તથા માર્ગમાં દૃઢ થાય.

વળી શાસ્ત્રકાર-મહારાજાઓ ચૈત્ય અને મૂર્ત્તિના ફાયદાને અંગે જે સાધુમહાત્માઓની દેશનાને વર્ણવે છે, તે પણ સાધુ મહાત્માની દેશનાનો સંભવ અને લાભ ગ્રામ-ચૈત્યમાં જવાથી મળે. સાધુમહાત્માઓનું નિયમિત આગમન અને તેથી તેમની દેશનાનો લાભ ગૃહચૈત્યમાં મળવાનો સંભવ ઘણો જ ઓછો ગણાય, પરંતુ ગ્રામ-ચૈત્યની અંદર સાધુ-મહાત્માઓનું આવવું અને વ્યાખ્યાન મંડપમાં તે મહાત્માઓની દેશનાનો અવસર સ્વાભાવિક છે.

ગ્રામ-ચૈત્યમાં દર્શન કરવા જવાવાળા ભવ્યાત્માઓને મહાત્માઓનાં દર્શન અને તેમની વાણીના શ્રવણનો લાભ મળે.

આ વાત જ્યારે ધ્યાનમાં રાખીશું ત્યારે જ ભગવાન **હરિભદ્રસૂરિજીએ** સાધુ-મહાત્માના સંસર્ગથી થતા જે ફાયદાઓ જણાવેલા છે, તે ઉપર વાચકોનું ધ્યાન ખેંચાશે,

**ભગવાન હરિભદ્રસૂરિજી** ફરમાવે છે કે :—

"उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत, साधुसेवा-फलं महत् " ॥

અર્થાત્ સાધુ-મહાત્માના સંસર્ગ અને સેવનથી જિનેશ્વર-ભગવાનના માર્ગનો ઉપદેશ જેમ ભવ્યાત્માઓને મળે છે. તેમ ધર્મિષ્ઠ-પુરુષોના દર્શન તથા વિનય કરવા લાયક મહાત્માઓના વિનયનો પ્રસંગ પણ મળે છે અને આ બધી વસ્તુ ગૃહ-ચૈત્યમાં ન બને.

અગર ઓછી બને, પરંતુ ગ્રામ–ચૈત્યમાંજ મુખ્યતાએ હોઈ શકે એમાં કંઇ આશ્ચર્ય નથી.

એટલા માટે શાસ્ત્રકારો પ્રાતઃકાળે પોતાના ગૃહ–ચૈત્યમાં જ ભગવાન જિનેશ્વર–મહારાજનું દર્શન–પૂજનાદિ કરીને પણ ગ્રામ–ચૈત્યમાં દર્શન–પૂજનાદિ કરવાનું વિધાન **શ્રીયોગશાસ્ત્ર, શ્રી શ્રાદ્ધદિનકૃત્ય** વિગેરેમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, એટલું જ નહિં, પરન્તુ સાયંકાળે પ્રતિક્રમણ સાધુમહાત્માઓની પર્યુપાસના અને વિશ્રામણા કરીને ઘરે સૂવા જતી વખતે ગ્રામ–ચૈત્યમાં દર્શન કરવાની ફરજ જણાવે છે.

## પ્રભુ–દર્શન માટે સમય નિયત ન હોય ?

આ જગોપર કેટલાક માર્ગથી વિમુખને કદાચ ખોટું લાગવાનો સંભવ છે, તો પણ **કટુક–ઔષધિના** ન્યાયે કહેવાની ફરજ પડે છે કે–

રાત્રિ થાય ત્યાર પછી દેહરે જવાય નહિ–એ વિગેરે માન્યતા ભગવાન્ જિનેશ્વર મહારાજના માર્ગથી ઉતરી ગયેલાઓની અને તેવા ઉતરી ગયેલાઓને અનુસનારાઓની છે, પરન્તુ ભગવાન્ જિનેશ્વર–મહારાજના માર્ગને અનુસરનારા અને જૈનશાસ્ત્ર માનનારાઓની તો એ માન્યતા હોય કે ભગવાન જિનેશ્વર–મહારાજના પૂજનને માટે ઉત્સર્ગથી સંધ્યાત્રયનો નિયમ હોય, અને છે. પરન્તુ ભગવાન ત્રિલોકનાથ–તીર્થંકર–ભગવાનના દર્શનને માટે તો કોઈ કાળનો નિયમ હતો નહિ અને છે પણ નહિ, અને તેથી જ ભગવાન **હરિભદ્રસૂરિજી** **काले सुईभूएण** એ વિગેરે વચનો કહી માત્ર પૂજાને માટે જ સંધ્યા-ત્રયનો નિયમ રાખે છે. એટલે પૂજા માટે પણ હાલનો નિયમ સર્વથા રખાય નહિ તો પછી દર્શનને માટે તો કોઈપણ કાળનો નિયમ રખાયજ શાનો ?

## પ્રભુનો જન્માભિષેક પણ રાત્રિએ થાય છે.

વાચકોએ ધ્યાન રાખવું કે-ભગવાન જિનેશ્વર–મહારાજના જન્મ–મહોત્સવો જે મેરૂપર્વત ઉપર ઇંદ્ર મહારાજાઓ કરે છે તે

મધ્યરાત્રિએજ હોય છે. અને ઇંદ્ર મહારાજના અનુકરણથી શ્રાવકો પૂજાનું વિધાન કરે છે, એ તો **ભગવાન હરિભદ્રસૂરિજીએ** ફરમાવેલ દેવિંદણાએ એ વાકયથી સ્પષ્ટ છે.

વળી શ્રી **વસુદેવ હિંડીની** અંદર ગીમનગ (હિમાલય) પર્વતનો સંબંધ જેઓએ જોયો હોય તેઓ એ સ્પષ્ટપણે જાણી શકે જ છે કે-ભગવાન જિનેશ્વર-મહારાજના મંદિરોમાં રાત્રે પણ દીપકોની શ્રેણિઓ પોતાના તેજના પ્રચારથી અંધકારને પેસવા પણ દે નહિ એવી હોય છે. અર્થાત્ **વસુદેવ હિંડી** જેવા પ્રૌઢ-ગ્રંથથી પણ રાત્રિએ દર્શન કરવાની સિદ્ધિ થાય છે.*

## પ્રભુપૂજાદિ માટે એકેન્દ્રિયની હિંસાનું કથન અસ્થાને છે

વાચકોએ ધ્યાન રાખવું કે-કેટલાક નવીન મત ઉઠાવનારાઓ ગૃહસ્થ લોકોને ચૈત્ય-મૂર્તિ-મન્દિર અને પુષ્પ કે આરતિ પૂજા આદિમાં એકેન્દ્રિયની વિરાધનાનો જે ભય બતાવે છે તે ભય-અસ્થાને છે અને મિથ્યાત્વની વાસનાને સૂચવનારો છે.

વસ્તુતઃ જે ભવ્ય આત્માને એકેન્દ્રિયની દયા પાળવાની પણ યથાસ્થિત બુદ્ધિ થઈ હોય અને જેઓ પૃથ્વીકાય-અપ્કાય આદિ

* પૂ. આગમોદ્ધારકશ્રી જેવા પ્રૌઢ-પ્રતિભાશાળી ગીતાર્થ-જ્ઞાની ભગવંતની સૂક્ષ્મ-તાત્ત્વિક બાબતોની ભવ્ય રજૂઆત કરવાની પ્રૌઢશૈલિ પ્રમાણે અહીં રજૂ થયેલી રાત્રે પણ જિન-દર્શનની વાત નય-સાપેક્ષ રીતે જ્ઞાની-ગુરુના ચરણે બેસી સમજવા સુજ્ઞ વાચકોએ ઉપયોગ રાખવો.

પરંતુ આ ઉપરથી વર્તમાનકાળે શાસ્ત્રમર્યાદા અને જીતકલ્પથી વિરુદ્ધ સ્વચ્છંદપણે લાઈટોના ડેકોરેશન કરી વિકૃત અંગરચનાઓના ઠાકુરજીની ઝાંખી જેવા ઠઠારા કરી સંગીતની મહેફીલની જેમ જલસારૂપે કરાતી દહેરાસરોમાં રાત્રે ભાવના ભક્તિના-નામે કરાતા ભૌતિકવાદી કાર્યક્રમો-કથાગીતો આદિ પ્રવૃત્તિને ઉચિત કે શાસ્ત્રસંગત માની લેવાની ભયંકર ભૂલ કોઈ ન કરે.

પાંચે સ્થાવરોની હિંસા સંસારમાં ન કરતો હોય તેવા વિમળબુદ્ધિને માટે પૂજામાં પણ એકેન્દ્રિયની વિરાધના વર્જવાનું હોય એ સ્વાભાવિક છે, પરન્તુ જેઓ ઓછું મીઠું હોય તો નવું મીઠું લીધા વિના શાક પણ ખાઈ શકતા નથી, ગૃહકાર્યમાં ડોલોની ડોલો ઢોળીને પ્રયત્ન કરતાં સંકોચાતા નથી, વાયરાના પંખાઓ જગો જગો પર ગોઠવે છે, વીજળીના દીવા કે સામાન્ય દીવા સિવાય જેને મકાન શૂન્ય લાગે છે. અને બગીચા સિવાય જેઓને રહેવાનું કે ફરવા–હરવાનું ગમતું નથી, એવા જીવો.

એકેન્દ્રિયની વિરાધનામાં રાત–દિવસ વગર–સંકોચે પ્રવર્તે,

ભગવાન જિનેશ્વર–મહારાજના મંદિરમાં ભક્તિને માટે પ્રગટ કરાતા દીવાઓમાં અગ્નિકાયની દયા ચિંતવે,

ચામરમાં વાયુકાયની દયા ચિંતવે,

ધૂપમાં અગ્નિકાયની દયા ચિંતવે, અને

ફૂલો ગુંથવા વિગેરેમાં વનસ્પતિ કાયની દયા ચિંતવે, તેઓ કેવલ ઢોંગી ગણાય એટલું જ નહિં. પરંતુ શાસ્ત્રકાર મહારાજના ફરમાન મુજબ તો તેઓ કેવલ મિથ્યાત્વમોહનીય આધીન થયા છે. એમ ગણાય,

આટલીવાત પ્રાસંગિક જણાવીને પ્રકૃત વાત ઉપર આવતાં જણાવવું જોઈએ કે–દર્શન કરવાને માટે કોઇ પણ કાળ નિયત હોય નહિ, અને તેથી જ શાસ્ત્રકારોએ **પ્રતિક્રમણ** અને **સાધુની પર્યુપાસના**–વિશ્રામણા પછી પણ ગ્રામચૈત્યે જવાનું જણાવ્યું છે. અને તે હકીકત ઉપર જણાવેલા ગ્રામચૈત્યના દર્શનાદિથી થતા જે ફાયદા જણાવ્યા છે, તે ઉપરથી વાસ્તવિક છે–એમ લાગ્યા સિવાય રહેશે નહિં.

卐 श्री वर्धमान स्वामिने नमः 卐

# આગમજ્યોત

| | | |
|---|---|---|
| વીર નિ. સં. ૨૫૦૨ | सव्वे जीवा संतिएसिणो 卐 | વિક્રમ સં. ૨૦૩૨ |
| વર્ષ ૧૧ | | પુસ્તક ૨ |

## શાસનની અર્થ-ગંભીર વ્યાખ્યા

જૈન-જનતામાં એક વાત તો અત્યંત પ્રસિદ્ધ છે કે-દરેક જીવ પોતાને અંગે શરીર, આહાર, ઇંદ્રિયો, તેના વિષયો અને તેને અનુકૂલ સાધનો મેળવવા માટે જે જે પ્રયત્ન કરે છે, તે સર્વ **સ્વ-સેવાને** નામે એટલે **સ્વાર્થવૃત્તિ** તરીકે ઓળખાય છે, આ ગણાતી સ્વ-સેવા માત્ર લૌકિક-માર્ગમાં પણ પાશવી-વૃત્તિની મુખ્યતાવાળાને હોય છે, પરંતુ જેઓ શારીરિક-જીવનરૂપી પાશવી-વૃત્તિ કરતાં આગળ વધીને **અહં-પુરૂષિકા** વૃત્તિને ધારણ કરનારા હોય છે, તે જીવોનું નિર્વિવેકી-જીવન છતાં તે આહાર કે શરીર આદિ તરફ ઢળેલું હોતું નથી, પરંતુ તેઓનું જીવન તો કેવળ યશ-કીર્તિ ખાટવા તરફ હોય છે, અને તે યશ-કીર્તિને માટે કુટુંબ અને ધનનો ભોગ આપવા સાથે યાવત્ આત્માનો પણ ભોગ આપે છે.

જો કે તે લૌકિક-દૃષ્ટિની અપેક્ષાએ થયેલી યશ-કીર્તિ વિશ્વમાં વ્યાપેલી અને દિગંત સુધી પ્રસરેલી હોય છે, અને તે યશ-કીર્તિનાં ગાયનો તે કાલના ભાટચારણ અને કવિઓ તથા કાલાન્તરે થવા વાળા ભાટચારણ અને કવિઓ ગાય છે, ગવડાવે છે, અને તે કીર્તિ-ગાન દ્વારા પોતાને કૃતાર્થ મનાવવા સાથે ઇષ્ટ-પુરૂષાર્થની સિદ્ધિ થઈ ગણે છે. આવી યશ-કીર્તિને અંગે જ દુનિયામાં કહેવત પ્રચલિત થઇ છે. **"કાં તો નામ ભીંતડે કાં તો નામ ગીતડે"** પરંતુ આવી રીતની જીવન-નિર્વાહને અંગે થયેલી સાધ્ય-સિદ્ધિ કે યશ-કીર્તિ અને તેના કિલ્લાઓ કે કૌમુદી હોય છે, તેની કિંમત આત્માના સ્વરૂપથી વંચિત થયેલા પુરૂષોના હૃદયમાં જ અસર કરે છે. પરંતુ આત્માના સ્વરૂપ તરફ કે તેના ભવિષ્યના ઉદય તરફ જેની નજર એક અંશે પણ હોય તેવો મહાપુરૂષ કે જેને યથાસ્થિત રીતિએ મહાત્મા કહી શકાય. તેને આ બધાની મુદ્દલ અસર હોતી નથી.

યાદ રાખવું કે જગતમાં **મહાત્મા** નામ ધરાવવાવાળા પણ ઘણા નિકળે છે અને નિકળશે.

પરંતુ **જેની દૃષ્ટિ**-એક અંશે પણ આત્માના સ્વરૂપ તરફ વળેલી ન હોય—

**જેની દૃષ્ટિ**—યથાસ્થિત ધર્મને ઓળખવા માટે એક ક્ષણ પણ તૈયાર થતી ન હોય—

**જેની દૃષ્ટિ**—હિન્દુપણાની સંસ્કૃતિને હચમચાવવા જ તૈયાર થયેલી હોય—

જેવી રીતે જીવન અને કલચર મોતીને એકઠા કરવામાં આવે સાચા હીરા કે ઈમીટેશનને ભેળા કરવામાં આવે, પાણી અને પેશાબને મિશ્ર કરવામાં આવે, ખોરાક અને વિષ્ટાને ભેળસેળ કરવામાં આવે—

એવી રીતે **જેની દૃષ્ટિ**—હિન્દુધર્મ અને હિન્દુત્વનો નાશ નાશ કરવાની ભેળસેળ યોજનામાં જ રાત-દિવસ મચી રહે—

**જેની દૃષ્ટિ**—ગો-જાતિને ઝેર દેવામાં પણ દયાના નામને ધારણ કરવા માંગે—

**જેની દૃષ્ટિ**—અનાજના નુકશાનને નામે વાંદરાઓને ગોળીથી ઠાર કરવા માંગે—

**જેની દૃષ્ટિ**—શીલના અલંકારને સળગાવી દેવા સ્ત્રી-પુરૂષોને રાત્રિએ નિષ્કંટક એકઠી સફર કરાવવા દોરાય—

**જેની દૃષ્ટિ**—ડગલે-પગલે નિષ્ફળ અને નુકશાનકારક હિલચાલો ઉભી કરી દુનિયાને પાયમાલીને રસ્તે દોરવવા સાથે હિંદુત્વનું હાડ હચમચાવી નાખે—

**જેની દૃષ્ટિ—આત્મધર્મ-રાજધર્મ-વર્ણધર્મ અને કુલધર્મના સર્વથા નાશને માટે જ તૈયાર રહે—**

**એમ હોય છે.**

**તેને કોઈ હિન્દુ તો મહાત્મા ન જ માને.**

**પણ—**

**વાસ્તવિક મહાત્મા-પદને ધારણ કરનારા તેઓ જ હોય છે કે—**

—જેઓ નથી તો શરીરાદિ જડ જીવનના નિર્વાહના સાધનોમાં સતત સંડોવાયેલા! કે નથી તો કીર્તિના કોટડે દટાવવા માંગતા! અને નથી તો આત્માને અધોગતિએ લઈ જનાર કોઈ પણ જાતના કર્મ-કર્દમમાં કચડાતા !!!

ખરેખર **મહાત્મા** તો તેઓ જ હોય છે કે "જેઓ ભૂત અને ભવિષ્યના જીવનની મુખ્ય દરકાર રાખીને આ ભવના જીવનમાં તેવી સ્થિતિએ વર્તે કે જેથી પોતાના ભવિષ્યના ભવનું જીવન ઉત્સવરૂપ જ હોય," એટલું જ નહિં,

**—પરંતુ**

"જગતના જીવોને પણ જન્મ-જરા-મરણ, રોગ-શોક, આધિ-વ્યાધિ-ઉપાધિના વિષમ મોજાંઓમાં મગ્ન થયેલા જોઇને તેઓનો ઉદ્ધાર કરવા માટે આત્માના પરમ ઉદયને કરનાર એવા જીવાદિ સત્ય-તત્ત્વોને અને દેવાદિ સુંદર રત્નત્રયીને ઓળખાવવા સાથે—

જડ અને ચેતનનું ભાન કરાવી ભવ અને મોક્ષના સાધનોને શુદ્ધ રીતિએ ઓળખાવી નિર્મમત્વ ભાવ પૂર્વક આત્માનો ઉદય કરે તેવા માર્ગમાં પ્રયાણ કરી-કરાવી જેઓ ઉદ્ધાર કરી રહ્યા હોય—

તેઓ જ યથાર્થ સ્થિતિએ મહાત્માપદને લાયક ગણાય"

એ સિવાય કોઈ '**મહાતમ**' પદ તે અન્ય માટે કહે તો ખોટું ગણાય નહિં, કેમકે આત્માને કર્મ-બંધનના કારણો જેવું એકકે તમ એટલે અંધકારનું સ્થાન નથી, અને જેઓ અત્યંત અજ્ઞાન-અંધકારમાં ગોથાં ખાઈ રહેલા હોય તેવાઓ **મહાતમ**-કહેવાય અને તેઓની દૃષ્ટિ પણ **મહા-તમ**વાળી ગણાય, તેમાં આશ્ચર્ય નથી,

પરન્તુ **મહત્** એટલે **પ્રશસ્ય**-અત્યંત ઉંચો એવો **આત્મા** જેનો થયો હોય તેજ ખરેખર **મહાત્મા** કહેવાય!!!

જેનો આત્મા ખરેખર ઉચ્ચ દશામાં આવેલો હોય તે કોઇ દિવસ પણ મિથ્યાત્વ, અજ્ઞાન કે અવિરતિ તરફ તો ધસેલો હોય જ નહિં, તો પછી આત્મધર્મ, વર્ણધર્મ, કુલધર્મ અને રાજધર્મને લોપનારો તો હોય જ ક્યાંથી?

પરન્તુ વાચકવૃંદે તો યાદ રાખવું કે-વાસ્તવિક રીતિએ મળેલું **મહાત્માપણું** જે આત્માની ઉત્તમતાને આભારી હોવા સાથે સાચી માન્યતા, સાચું જ્ઞાન અને શુદ્ધ વર્તનની સીડીએ ચઢવાનું અને

ઉત્તરોત્તર વધવાની ઉમેદવારીવાળું હોય છે, છતાં જગતમાં ફક્ત સદાનંદમય એવું જે મોક્ષપદ અને તેમાં રહેવાવાળા જીવો સિવાય જગતના સર્વ પદો અને સર્વ જીવો માટે કાળની કરવાલ કરોડો ફટકાઓ મારે છે, આ કાળની કરવાલના ફટકામાંથી બીજો કોઈ પણ ઉગરવા માંગે તો ઉગરી શકતો નથી, તેવી રીતે આ મહાત્માનું...પદ પણ કાળની કરવાલના ફટકામાંથી ઉગરી ગયેલું હોવું સંભવિત નથી.

યાદ રાખવું કે-જીવને પહેલવહેલું મળેલું મહાત્માપણું સદાશિવ રૂપ મોક્ષપદ પામવા સુધી અખંડ રહે, એ સંભવ નથી.

કેમકે આગમ-વચનોને વિચારનારા વિચક્ષણ-વિદ્વાનોના વિચારની બહાર એ વાત હોય નહિં કે-**મહાત્માપણું અનંતી વખત દ્રવ્ય થકી આવ્યા સિવાય ભાવથકી મહાત્માપણું આવતું નથી,** અને તેમાં પણ ભાવથકી આવેલું મહાત્માપણું કાળ-કરવાલના ફટકામાં ન ફસાયું હોય-તેવું બનતું જ નથી.

**તેથી કોઈ પણ જૈનશાસ્ત્રકાર મિથ્યાદૃષ્ટિને પહેલવહેલું ક્ષાયિક સમ્યક્ત્વ હોય** એમ માનવાની સાફ ના પાડે છે, અને **ક્ષાયોપશમિક ભાવ પ્રાપ્ત થયા સિવાય ક્ષાયિક ચારિત્ર કે સમ્યક્ત્વનો ભાવ આવી જાય** એમ માનવાની પણ ના પાડે છે.

ઉપર જણાવેલી બધી હકીકત વિચારતાં માલમ પડશે કે શાસન-સેવાની લગની અગર મહાત્માપણું કદાચ મળી જાય તો પણ કાળ-કરવાલના ફટકામાંથી સર્વથા તેનો બચાવ થવો મુશ્કેલ છે, પરંતુ કાળ-કરવાલ અને મહાત્માપણાના ઉંડા વિચારોમાં ગયેલો મનુષ્ય એટલું તો સ્પષ્ટ સમજી શકે તેમ છે કે-તે મહાત્માપણાને કાળ કરવાલના ગ્હાય જેટલા ફટકા પડે તો પણ તે મહાત્માપણું એટલું બધું જબરજસ્ત સામર્થ્ય ધરાવે છે કે સદાશિવ એટલે મોક્ષપદરૂપી ફળને મેળવ્યા સિવાય તે રહેતું જ નથી.

વાસ્તવિક–મહાત્માપણાને ધરાવનાર જીવ અસંખ્યાતી વખત ફટકાઓ ખાય, અનંતી વખત ડુબકીઓ ખાય, છતાં પણ તે વાસ્તવિક–મહાત્માનું મહાત્માપણું નિષ્કંટક અને પરમ–મહોદયવાળું હોઈ તે પોતાનું સ્વરૂપ–પદ મેળવવા ભાગ્યશાળી થાય જ છે.

**આવી રીતનું જ મહાત્માપણું, તેનું નામ જ શાસન સેવા** અને એવી શાસન–સેવાને ઇચ્છવાવાળો ભીંતડે કે ગીતડે જવા માંગે જ નહીં, પરંતુ તેવી સેવા ઇચ્છનારો તો સ્વ અને પરની કલ્યાણ કોટિની જ કામનાને કાળજામાં કોતરી રાખે.

જગતમાં જેમ સાચી વસ્તુનો સંગ્રહ કરનાર મનુષ્ય નકલી વસ્તુના સંગ્રહથી હંમેશાં સાવચેત રહે, તેવી રીતે **શાસન–સેવાના** કે મહાત્માપણાની મઝાને લેવાવાળા મનુષ્યે **સ્વ–સેવાના** નામે જગતમાં પ્રસરેલો વિશ્વનો મેલો ન વળગી પડે, તે બાબત પૂરેપૂરી સાવચેતી રાખવાની જરૂર છે.

કેમકે–હું એટલે **શાસન,**

**મારો ભક્ત એટલે શાસન–સમાજ,**

**મારી અને મારા ભક્તોની સેવા એટલે શાસન સેવા,**

**સમાજનું–મ્હારૂં અને મ્હારા ભક્તોનું બહુમાન એ જ શાસનની ઉન્નતિ,**

**હું અને મારો પરિવાર એ જ શાસનનાં અંગો,**

આવી આવી સર્વથા બિભત્સ અને ગલીચ ભાવનાઓ શાસન–સેવાના નામે સડી ગયેલા મગજવાળાઓ ધારણ કરી બેસે, પરંતુ શાસનની સાચી શિક્ષા અને શ્રદ્ધાને પામેલા સત્પુરૂષો તેવા સડેલા સંસ્કારો ક્ષણભર પણ પોતાના હૃદયમાં ધારે નહિ, વચનથી ઉચ્ચારે પણ નહિ અને તેવા કથન કરનારાઓની છાયાએ પણ જાય નહિ.

વાચકે ધ્યાન રાખવું કે જગતના જુલ્મી જલ્લાદો કે શત્રુઓના ઘાથી બચવું જેટલું કઠણ છે, તેના કરતાં અસંખ્યગણું તો શું!

પરંતુ અનંતગણું કઠિન કર્મકટકની કરવાલના ફટકામાંથી બચવું મુશ્કેલ છે.

" મહાનુભાવો !

ભગવાન જિનેશ્વર–મહારાજનાં વચનોને વિચારો !

તેના તત્ત્વને હૃદયગત કરો !

તમારા મન–વચન–કાયાના યોગોને તેને આધીન બનાવો !

ગણાતા–મહાત્માઓની ગંદકીના ગોટાળામાં ગુંચવાઓ નહિ !

અને આત્માની અવ્યાબાધ સ્થિતિને લક્ષ્યમાં રાખી તેના પરમ ઉદયના વખત સુધી તે જ માર્ગે કટિબદ્ધ થઈ આગળ વધવાને ઉદ્યમ કરો.

**જેથી તમારી શાસનસેવા અને મહાત્માપણું અનુમોદવા લાયક થાય."**

[ આ ઉપરાંત જ્ઞાની–ગીતાર્થ ગુરુની નિશ્રામાં આ સંબંધી વધુ વિચારણાથી શાસન શબ્દનો પરમાર્થ જાણવા મળે છે કે—' જે વિષમ-કર્મોના બંધનોને ફગાવવા ઉપયોગી થાય તે **શાસન**.'

એટલે અંગત વિચારો કે પ્રવૃત્તિઓ રાગ–દ્વેષમૂળક હોઈ પક્ષવાદને જન્માવે છે. તેને ભૂલે–ચૂકે પણ શાસન–સેવાના ભળતા નામોથી નવાજવાની ધૃષ્ટતા કરવી હિતાવહ નથી.

અર્થાત્–વ્યક્તિગત–વિચારધારાના પોષણ–સમર્થનમાંથી જન્મતી પક્ષવાદની પ્રવૃત્તિ શાસનોપયોગી નથી, એ વાત ગંભીરપણે સમજવી જરૂરી છે.]

# શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્રનું

# હૃદયગ્રાહી વિવેચન

⊙ વિવેચનકાર ⊙

❋ પૂઃ-આગમોદ્ધારક આચાર્યશ્રી ❋ ❋

[પરમારાધ્ય, સૂરિશેખર, શાસન પ્રભાવક, ગીતાર્થ શિરોમણિ, તાત્ત્વિક-પદાર્થોના અજોડ વ્યાખ્યાતા, ધ્યાનસ્થ સ્વ. પૂ **આગમોદ્ધારક શ્રીએ** શ્રુતજ્ઞાનની વિશિષ્ટ-આરાધના બળે તલસ્પર્શી ઊંડાણ સાથે ગહન પદાર્થોને પણ ઝીણવટભરી રીતે સમજાવવાની ઉદાત્ત-શૈલિથી શ્રી **તત્ત્વાર્થાધિગમ સૂત્ર** ઉપર વિ. સં. ૧૯૯૮માં પાલીતાણાના ચોમાસામાં તત્ત્વપ્રેમીઓના હિતાર્થે વાચના આપેલ.

જેની નોંધ તે વખતે પૂ. આ. શ્રી. **વિજયધર્મસૂરીશ્વરજી મ.** શ્રીએ કરેલ, જેના ઉપરથી પૂ. શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી **હેમસાગરસૂરીશ્વરજી** મ૦ શ્રીએ શુદ્ધ-સુંદર અક્ષરે વ્યવસ્થિત મુદ્રણ યોગ્ય ઉતારો તૈયાર કરેલ.

તેઓશ્રી પાસેથી સાનુગ્રહ તે ઉતારો મેળવી વ્યવસ્થિત રીતે જિજ્ઞાસુઓના હિતાર્થે **આગમજ્યોત** (વર્ષ ૯ પૃ. ૨ થી) આપવાની શરૂઆત કરેલ, તેનો ત્રીજો હપ્તો આ વખતે રજૂ કરાય છે.

વર્ષ ૧૦; પુ. ૨ (પૃ. ૪૦)માં બીજા સૂત્રનું વિવેચન પૂર્ણ થયેલ. ત્યાર પછી ત્રીજા સૂત્રના વિવેચનનું લખાણ મળ્યું નથી, એટલે ચોથા સૂત્રના વિવેચનથી શરૂઆત થાય છે.

વિવેકી-વાચકોએ ગંભીરતાપૂર્વક જ્ઞાની ગુરૂના ચરણોમાં બેસી આ વિવેચનને સમજવા પ્રયત્ન કરવો. સં]

પૂ. આગમોદ્ધારશ્રીએ ફરમાવેલ

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રનું તાત્ત્વિક વિવેચન

(૩)

(વર્ષ ૧૦, પુ. ૨, પા. ૪૦થી ચાલુ)

जीवाऽजीवाऽऽश्रवबन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम् ॥ ४ ॥

भाष्यं—जीवा अजीवा आस्रवाः बंधः संवरो निर्जरा मोक्ष इत्येष सप्तविधोऽर्थस्तत्त्वम्। इति वा सप्त पदार्थास्तत्त्वानि तांल्लक्षणतो विधानतश्च पुरस्ताद्विस्तरेणोपदेक्ष्यामः।

हारि०वृत्ति :- जीवादयस्तत्त्वमिति। एकवचननिर्देशः अमीषामेव निरुपचरितसामान्य-विशेषतत्त्वख्यापनाय सामान्यप्रधानः, इति सूत्रसमुदायार्थः।

ટીકાર્થ—જીવાદિ તત્ત્વો છે.

**પ્રશ્ન**—જગતમાં સર્વ-પદાર્થોનો જીવ, અજીવ એ પદાર્થમાંજ અન્તર્ભાવ થઈ શકે છે, છતાં સૂત્રકારે जीवाजीवौ तत्त्वम् એમ ન કહેતાં जीवा-जीवा-श्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम् એમ શા માટે કહ્યું!

**ઉત્તર**— સિદ્ધાન્તની દૃષ્ટિએ યદ્યપિ સર્વ પદાર્થોનો જીવ અજીવ એ બેમાંજ અન્તર્ભાવ થાય છે. છતાં જે અહીં સપ્ત પદાર્થનું નિરૂપણુ કરવામાં આવ્યું છે, તેનો મુખ્ય ઉદ્દેશ એ છે કે—

આ આખાય **તત્ત્વાર્થસૂત્ર**માં મોક્ષનો માર્ગ કહેવાનો હોવાથી મોક્ષ એ સાધ્ય છે. એટલે મોક્ષનું પ્રતિપાદન કરવું જ જોઈએ. જ્યારે સાધ્ય એવા મોક્ષનું પ્રતિપાદન કરવાની ફરજ આવી, ત્યારે એ મોક્ષના સાધનરૂપે જે સંવર અને નિર્જરા તેનું પણ પ્રતિપાદન

અવશ્ય હોવું જ જોઈએ, કારણ કે સાધન વગર સાધ્ય-સિદ્ધિ થઈ શકતી નથી.

આ કારણથી સાધનરૂપે સંવર અને નિર્જરા પણ કથન કરવા યોગ્ય થયા. **સાધન હોય- સાધ્ય હોય અને સાધક હોય છતાં પ્રતિબંધક જ્યાંસુધી હોય ત્યાં સુધી કાર્ય સિદ્ધ થતું નથી,** મોક્ષ સાધ્ય છે. સંવર-નિર્જરા સાધન છે. અને જીવ સાધક છે, છતાં પ્રતિબંધક એવા આશ્રવ અને બંધ બન્ને જ્યાં સુધી હોય ત્યાં સુધી સાધ્ય-સિદ્ધિ થવાની નથી, **પ્રતિબંધકાભાવ પણ સાધ્યની સિદ્ધિનું કારણ છે.** આમ હોવાથી પ્રતિબંધક એવા બંધ અને આશ્રવને પણ જાણવા જ જોઈએ. કારણ કે જ્યાં સુધી તેનું સ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી તેનો અભાવ પણ શી રીતે થઈ શકે ? માટે આશ્રવ અને બન્ધ એ પણ અવશ્ય કહેવા લાયક છે.

જીવ અને અજીવમાં યદ્યપિ આશ્રવાદિ પાંચેનો અન્તર્ભાવ થઈ શકે છે, તો પણ ઉપરના કારણથી એ પાંચે સ્વતંત્રપણે પ્રતિપાદન કરવા યોગ્ય છે.

અહીં કેવળ પદાર્થ-નિરૂપણ પુરતો જ પ્રયાસ નથી પરંતુ પદાર્થના નિરૂપણ સાથે મોક્ષ-પ્રાપ્તિ પણ સાધ્ય છે. અને બાલ જીવો સાધ્ય, સાધન, પ્રતિબંધક ઈત્યાદિ સર્વ સ્પષ્ટપણે સમજી શકે તે માટે સાતે પદાર્થો સ્વતંત્ર રીતે કહેવા યોગ્ય છે જ !

**શંકા :-** જ્યારે જીવા-જીવાદિ સાત પદાર્થો ઉપર કહ્યા મુજબ સ્વતંત્રપણે કહેવા યોગ્ય છે તો પછી જગત પ્રસિદ્ધ એવા પુણ્ય-પાપને શા માટે સ્વતંત્ર કહેવામાં ન આવ્યાં ?

**સમાધાન :-** અહિં એવી રીતે પદાર્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે કે સાધ્ય, સાધન, પ્રતિબંધક ઈત્યાદિના જ્ઞાન સાથે પદાર્થનું પણ જ્ઞાન થવું જોઈએ અને એક બીજા પદાર્થનો એક બીજામાં અન્તર્ભાવ પણ ન થવો જોઈએ, એ પ્રમાણે **ઈતરેતરાભાવ**

**વિશિષ્ટ દ્વંદ્વ સમાસનું** અહીં ગ્રહણ કરવામાં આવ્યું છે. હેયોપાદેયના નિરૂપણરૂપે જ્યારે વસ્તુતત્વ કહેવામાં આવે ત્યારે પુણ્ય–પાપ એ બન્ને પણ અવશ્ય સ્વતંત્રપણે કહેવા જોઈ એ જ.

**શંકા :–** જીવાજીવાદિ સાત પદાર્થોનું જ્યારે નિરૂપણ કરવામાં આવે છે તો પછી જીવા....मोक्षास्तत्त्वम् એ સૂત્રમાં તત્ત્વનો એકવચનમાં નિર્દેશ કેમ કરવામાં આવ્યો છે?

શું અહિંઆં **સમ્યગ્ દર્શન જ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'** એ સૂત્રમાં કહેલા મોક્ષમાર્ગઃના એકવચનના નિર્દેશને અંગે સમ્યગ્ દર્શનાદિ ત્રણે સમુદિત હોય તો જ જેમ મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે, તેમ અહિં પણ જીવા–જીવાદિ સપ્ત પદાર્થો ભેગા થાય તો જ તેને તત્ત્વ કહેવાય? એવો શું ઉદ્દેશ છે? એમ તો કહી શકાય તેમ નથી, કારણ કે તેમ કરવા જતાં તો અનેક દોષની આપત્તિઓ આવશે?

**સમાધાન**–સૂત્રમાં તત્ત્વ પદનો જે સામાન્યની મુખ્યતાવાળો એકવચનાન્ત નિર્દેશ કરવામાં આવ્યો છે, તે જીવાદિ–પદાર્થોનું નિરૂપચરિત સામાન્ય–વિશેષપણું જણાવવા માટે છે. **અર્થાત્** અન્ય દર્શનવાળા કોઈ 'सामान्यमेवास्ति–સામાન્ય જ છે. 'વિશેષ જેવી કોઈ ચીજ છે જ નહિ' એમ પ્રતિપાદન કરે છે. જ્યારે **બૌદ્ધવાદી** સરખા 'કોઈ વિશેષ જ છે. સામાન્ય જેવી કોઇ વસ્તુ જ નથી' ઈત્યાકારક પ્રતિપાદન કરે છે, તે પ્રમાણે **જૈન દર્શનનું** મન્તવ્ય નથી.

**જૈન દર્શન** તો સામાન્ય તથા વિશેષ બન્નેને માનનાર છે. દ્રવ્યની અપેક્ષાએ સામાન્યની મુખ્યતા છે, વિશેષની ગૌણુતા છે. પર્યાયની અપેક્ષાએ વિશેષની મુખ્યતા છે, સામાન્યની ગૌણુતા છે. એ જણાવવા માટે છે.

એ હેતુથી तत्त्वम् એવો સામાન્ય–પ્રધાન એકવચનાન્ત નિર્દેશ કરેલો છે.

કદાચ શંકા થાય કે ભલે !!! તમે સામાન્ય–વિશેષ બન્નેને માનો પણ तत्त्वम्, એ જેમ સામાન્ય પ્રધાન એકવચનાન્ત નિર્દેશ કર્યો

તેજ પ્રમાણે વિશેષ-પ્રધાન तत्त्वानि એવો બહુવચનાનિ નિર્દેશ કેમ ન કર્યો ? સામાન્ય-નિર્દેશથી જેમ વિશેષનો અન્તર્ભાવ તમે માની લ્યો છો, તે જ પ્રમાણે વિશેષના નિર્દેશથી સામાન્યનો અન્તર્ભાવ આવી જશે, તો આ શંકા કરવાની જરૂર નથી.

કારણ કે जीवाजीवाश्रवबन्धसंवर निर्जरामोक्षास्तत्त्वम् એ સૂત્રમાં **તત્ત્વ** પદનો સામાન્ય પ્રધાન એકવચનાન્ત નિર્દેશ જેમ રાખવામાં આવ્યો છે, તે પ્રમાણે જીવાદિ-પદાર્થોનો દ્વન્દ્વ સમાસ કરવા પૂર્વક બહુવચનાન્ત વિશેષપ્રધાન નિર્દેશ રાખવામાં આવેલો છે જ, એટલે પૂર્વોક્ત શંકાના સ્થાનનો સંભવ રહેતો નથી.

જેમ ઘઉં-બાજરીના એક દાણાને પણ ઘઉં-બાજરી કહેવાય છે, અને ઘણા દાણાને પણ ઘઉં-બાજરી જ કહેવાય છે, પરંતુ ઘઉંઓ-બાજરીઓ એવો બહુવચનાન્ત કરવામાં આવતો નથી, તે પ્રમાણે અહિં પણ "तत्त्व" પદ માટે સમજી લેવું.

આ પ્રમાણે સૂત્રનો સામુદાયિક અર્થ થયો.

हारि० वृत्ति :—अवयवार्थस्तु विग्रहपुरस्सरमाह भाष्यकारः—जीवा इत्यादि ।

तत्र सुखदुःख-ज्ञानोपयोगलक्षणा जीवाः, तद्विपरीतास्त्वजीवाः, आश्रूयते गृह्यते कर्म अनेनेत्याश्रवः, शुभाशुभ-कर्मादानहेतुरिति भावः, आश्रवैरात्तस्य कर्मणः आत्मना संयोगो-बन्धः, आश्रवस्य निरोधो गुप्त्यादिभिः, संवरः, कर्मणां विपाकस्तपसा वा शाटो, निर्जरा, कृत्स्नकर्मक्षयादात्मनः स्वात्मन्यवस्थानं मोक्षः ।

હારિ૦વૃત્તિ—અવયવાર્થ તો ભાષ્યકાર પોતે જ વિગ્રહ કરવા પૂર્વક જણાવે છે અહિં ટીકાકારે, विग्रहपुरस्सरं, એવું જે પદ આપ્યું છે તેનું તત્ત્વ એ જણાવે છે કે કોઈ जीवाश्च अजीवश्च-जीवाजीवौ, तयोः आश्रवादयः એવો વિગ્રહ ન કરી નાંખે, તેને માટે **વિગ્રહ પુરસ્સર** એ પદ આપ્યું છે. અર્થાત્ **ભાષ્યકારે** કરેલા વિગ્રહને જ અહિં અનુસરવાનું છે. પરંતુ બીજો સ્વકલ્પિત-વિગ્રહાન્તર કરવાનો નથી,

એ પણ શંકા કરવાની જરૂર નથી કે **જીવાજીવના આશ્ર-વાદિ** એવા અર્થવાળો વિગ્રહ કરવામાં આવે તો અજીવમાં આશ્ર-વાદિ શી રીતે ઘટાવશો? કારણ કે અજીવમાં પણ જલપ્રવાહાદિ દ્રષ્ટાંતોથી આશ્રવાદિ બરાબર ઘટી શકશે.

હવે જીવ કોને કહેવાય તે માટે ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે सुख–दुःख–ज्ञानोपयोगलक्षणाः जीवाः **હું સુખી છું, હું દુઃખી છું ઈત્યાકારક જ્ઞાનના ઉપયોગવાળો હોય તે જીવ છે.**

અહિં આગળ કહેવામાં આવનાર उपयोग–लक्षणो जीवः એ સૂત્ર પ્રમાણે **ઉપયોગ હોય તેને જીવ કહેવાય,** એટલું સામાન્ય કથન ન કરતાં **સુખ–દુઃખ સંબંધી જ્ઞાનના ઉપયોગવાળાને જીવ તરીકે જે** કથન કરવામાં આવ્યું છે, તે સર્વદર્શનકારો અથવા સામાન્યરીતે સર્વ આસ્તિક–પ્રજા જે લક્ષણનો સીધો સ્વીકાર કરી શકે, તે અપેક્ષાએ કહેવામાં આવ્યું છે–ભલે! પંચભૂતમાંથી જીવની કોઇ ઉત્પત્તિ માનનાર હોય તેને પણ એ તો સહેજે પ્રશ્ન થાય કે જ્યારે પંચભૂતમાંથી જીવની ઉત્પત્તિ થઈ છે, તો તે એક જ જીવને હું સુખી છું હું દુઃખી છું, એવી ભિન્ન–ભિન્ન પ્રતીતિ કેમ થાય છે? હું દુઃખી અથવા સુખી એવી બેમાંથી એક જ પ્રતીતિ થવી જોઈએ અને જીવમાત્રને બન્ને પ્રતીતિ થાય છે, તે તો સર્વને માન્ય છે? માટે એ દુઃખ–સુખની એક જ આત્માને પ્રતીતિ થવામાં કર્મ એ કારણ છે અને એ કર્મનો કર્તા આ આત્મા છે."

એ સર્વ વસ્તુ જણાવવા માટે અન્ય–દર્શનીઓ તેમજ સામાન્ય પ્રજાને લક્ષ્યમાં રાખી સર્વગ્રાહ્ય જીવનું લક્ષણ ટીકાકારે કહ્યું છે.

જીવથી વિપરીત તે અજીવ! અજીવમાં 'अ' જે પદ છે, તેના **વિશેષ, અલ્પ, વિરુદ્ધ** અને **તત્સદૃશ** એવા ચાર અર્થો થાય છે, પણ અહીં ત્રણ અર્થ કરવાના નથી, પરંતુ **વિરૂદ્ધ** એ એક જ અર્થ અહીં કરવાનો છે, અર્થાત્ "**જીવમાં જે સુખ–દુઃખ**

સંબંધી જ્ઞાનનો ઉપયોગ છે, તે જેમાં અંશે પણ ન હોય, તેનું નામ અજીવ છે.”

**જેના વડે કર્મ ગ્રહણ કરાય તે આશ્રવ છે.**

અહીં જેનાવડે કર્મગ્રહણ કરાય **એ કર્મણિ-પ્રયોગમાં જેના વડે તેને** કરણ-અસાધારણ કારણરૂપ માનવાનું નથી, પરંતુ **હેતુ** તરીકેમાનવાનું છે, કારણ કે કરણરૂપે માનવા જઈએ તો ઈન્દ્રિયાદિ આશ્રવોને ગ્રહણ નહિ કરી શકાય, **કરણરૂપે માનવામાં આત્મ-પરિણામને જ લેવા પડશે**, માટે હેતુ રૂપે માનીને ઈન્દ્રિય કષાય-અવ્રતાદિને પણ આશ્રવરૂપે ગણવા.

ટીકાકારે પણ એ જ વસ્તુ જણાવવા માટે સ્પષ્ટ લખી દીધું છે કે ‘शुभाऽशुभकर्मादाने हेतुरितिभावः’ના **શુભ-અશુભ કર્મોને ગ્રહણ કરવામાં જે હેતુ તે આશ્રવ છે.**

હવે **બન્ધ એટલે-આશ્રવો વડે ગ્રહણ કરાતા કર્મોનો આત્માની સાથે જે સંયોગ તેનું નામ બન્ધ કહેવાય છે.**

અહિં પણ કર્મનો આત્માની સાથે સંયોગ તેનું નામ બન્ધ એટલું સામાન્ય કથન ન કરતાં **આશ્રવો વડે ગ્રહણ કરેલા કર્મ** એવું જે કથન કરવામાં આવે છે, તેનો આશય એ છે કે-

કર્મનો આત્માની સાથે સંયોગ તેનું નામ બન્ધ એટલું સામાન્ય કથન કરવામાં આવે તો, સિદ્ધ આત્માઓ જે આકાશ પ્રદેશોમાં અવગાહીને રહેલા છે તે જ આકાશ-પ્રદેશોમાં કર્મના પુદ્‌ગલો અવગાહી રહેલા હોવાથી અર્થાત્ આત્મ-પ્રદેશ અને કર્મ-પ્રદેશ બન્નેનો અવગાહ એક હોવાથી ત્યાં પણ સંયોગરૂપ સંબંધ હોઈ બન્ધ માનવો પડશે, એનો નિરાસ કરવા માટે आश्रवैरात्तस्य **એટલે આશ્રવો વડે ગ્રહણ કરેલા કર્મનો આત્માની સાથે સંયોગ તેનું નામ બંધ કહ્યો.**

**સંવર— આશ્રવનો ગુપ્તિ વિગેરે જે વડે નિરોધ તેનું નામ સંવર.**

અહિં **આશ્રવનો અભાવ તેનું નામ સંવર** એમ કહેતા નથી, એમ કહેવાથી તો **સિદ્ધમાં પણ સંવર આવશે,** અને સંવરક્રિયા સિદ્ધમાં માનવાનો શાસ્ત્રમાં સ્પષ્ટ નિષેધ છે, તેમ જ **આશ્રવનો નિરોધ તેનું નામ સંવર** એમ પણ કહેવું નથી, કારણ કે પ્રાણાતિપાતાદિ આશ્રવનો એકેંદ્રિયાદિમાં શક્તિના અભાવે નિરોધ જ છે, પરંતુ તેટલા માત્રથી તેને સંવર ગણવામાં નહિ આવે, પરંતુ **જે આશ્રવનો ગુપ્તિ આદિ વડે નિરોધ કરવાનો યત્ન થાય તે જ સંવર છે.**

આથી એમ સિદ્ધ થયું કે **અપ્રમત્તાવસ્થામાં પ્રાણાતિપાતાદિ હોય છતાં પણ સમિતિ-ગુપ્તિની પરિપાલનાને અંગે-સંવર જ છે અને પ્રમત્તાવસ્થામાં પ્રાણાતિપાદિ કોઈ વાર નહિ છતાં ગુપ્તિના અભાવે આશ્રવ જ છે.** આ બધી વસ્તુ જણાવવા માટે ટીકાકાર મહારાજાએ गुप्त्यादिभिः પદ આપવાનું ઉચિત ધાર્યું છે.

**હવે નિર્જરા-કર્મનું વિપાકથી જે ખસવું તેનું નામ નિર્જરા.**

અહિં તપસ્યાથી બારે પ્રકારની તપસ્યા લેવાની છે, અને વિપાકથી જ કર્મનું આત્મપ્રદેશથી ખસવું થાય છે, એમ નહિં, પરંતુ પ્રભુશાસનમાં કહેલા તપસ્યાના બારે પ્રકારના સેવનથી વિપાક સિવાય પણ કર્મ-પ્રદેશોનું આત્મ-પ્રદેશોથી ખસવું થાય છે.

**હવે મોક્ષ-સંપૂર્ણ કર્મના ક્ષયથી આત્માનું પોતાના આત્મામાં=સ્વરૂપમાં રહેવું તેનું નામ મોક્ષ છે.** અહીં સર્વ-કર્મનો ક્ષય થાય તે સમયે જ મોક્ષ, પછીના સમયોમાં સર્વકર્મનો ક્ષય નથી માટે મોક્ષ પણ નથી, એમ થઈ જશે, જ્યારે પંચમી વિભક્તિનો અર્થ અપાદાન કરવામાં આવે તો સર્વકર્મના ક્ષયરૂપ હેતુનો વિયોગ થાય તો પણ સદાને માટે મોક્ષપણું ટકી રહેશે. आत्मनः स्वात्मन्यवस्थानं એવું જે કહેવામાં આવ્યું છે, તેમાં એ આશય છે કે દર્શના-

ન્તરોમાં મોક્ષપ્રાપ્ત આત્માને સર્વવ્યાપક માનવામાં આવે છે. જૈનોનું તે મન્તવ્ય નથી, મોક્ષવસ્થામાં આત્મા પણ આત્માનો જેટલો અવગાહ તેટલામાં જ રહે છે, તે વસ્તુ જણાવવા માટે છે.

इत्येष सप्तविधोऽर्थस्तत्त्वम् આ ભાષ્યની પંક્તિમાં इति પદ મર્યાદા સૂચક છે, પ્રેરક-પ્રશ્નકારને વચન દ્વારા પ્રત્યક્ષ કરવામાં આવેલો આ સાત પ્રકારનો જ પદાર્થ છે.

સૂત્રમાં જે तत्त्वम् એવું પદ છે તેનું एष सप्तविधोऽर्थः એ ત્રણે પદથી વ્યાખ્યાન છે, અથવા વ્યુત્પત્તિની અપેક્ષાએ પણ **તત્વની** વ્યાખ્યા કરવી એટલે કે तस्य भावस्तत्त्वम् એ વ્યુત્પત્તિ પ્રમાણે સદ્ભૂત-વસ્તુનીજ સિદ્ધિ થાય છે, અર્થાત્ **જીવાદિ પદાર્થોનો સ્વભાવ-સ્વસત્તા તે જ તત્ત્વ છે,** આ પ્રમાણે વ્યુત્પત્તિ-પક્ષમાં જીવાદિ પદાર્થોની સ્વસત્તા સંબંધી સામાન્ય-પ્રધાન વ્યાખ્યા કરવામાં આવે ત્યારે સૂત્રમાં કરેલ 'तत्त्वम्' પરંતુ તે સાતે પદાર્થ વિશેષ ધર્મોથી સહિત હોવાથી અર્થાત જીવત્વ અજીવત્વ એ પ્રમાણે અન્યોન્યભિન્ન વિશેષ-ધર્મથી યુક્ત હોવાથી તે વિશેષ ધર્મની મુખ્યતા રાખવામાં આવે તો तत्त्वानि એમ બહુવચન કરવું યોગ્ય જ છે.

આ આશયથી **ભાષ્યકાર** જણાવે છે કે—

एते वा सप्तपदार्थास्तत्त्वानि અથવા એ સાતે પદાર્થો તત્ત્વો છે. **ભાષ્યમાં** આપેલો वा શબ્દ વિશેષધર્મના પ્રાધાન્યની અપેક્ષાએ બહુવચનનો વિકલ્પ કરવા માટે છે. **જીવાદિ સાત પદાર્થો તેજ તત્ત્વો છે.** અર્થાત **તે સાત સિવાય બીજા કોઈપણ તત્ત્વ નથી.**

हारि० वृतिः– पुण्य–पापयोर्बन्धेऽन्तर्भावान्न भेदेनाभिधानं.

यद्येवमाश्रवादयोऽपि पंच च न जीवा–जीवाभ्यां भिद्यन्ते, ततस्तेऽपि न वाच्याः, **तथाहि**

आश्रवो मिथ्यादर्शनादिरुपः परिणामो जीवस्य। स च न आत्मानं पुद्गलांश्च विरहय्य,

बंधस्तु कर्म पुद्गलात्मकं आत्मप्रदेशसंश्लिष्टं,

संवरोऽप्याश्रवनिरोधलक्षणो देश–सर्वभेदः आत्मनः परिणामो निवृत्तिरुपः।

निर्जरा तु कर्मपरिशाटः, जीव–कर्मणां पार्थक्यमापादयति स्वशक्त्या,

मोक्षोऽप्यात्मा समस्तकर्मविरहित इति,

तस्माज्जीवाजीवौ तत्त्वमित्येतावद् वक्तव्यम्, उच्यते,

सत्यमेतत् एवं, किंत्विह मोक्षमार्गे शिष्यस्य प्रवृत्तिः प्रक्रांता, न तु संग्रहाभिधानं,

तद् यदैवमाख्यायते -आश्रवो बंधश्चैतद्द्वयमपि मुख्यं तत्त्वं संसारकारणं संवर–निर्जरे च मोक्षस्य, तदाऽसौ संसारकारणत्यागेनेतरत्र प्रवर्तते, नान्यथेत्यतः चतुष्टयोपन्यासः

मुख्यसाध्यख्यापनार्थं च मोक्षस्येति,

न चैवमिह पुण्य–पापाभिधाने किञ्चित् प्रयोजनमिति।

**પ્રશ્ન**–પુણ્ય અને પાપ શાસ્ત્રાન્તરોમાં પ્રસિદ્ધ છે તો તેમ તેને જુદું કેમ ન ગણ્યું ?

**ઉત્તર**–પુણ્ય અને પાપનો બન્ધમાં અન્તર્ભાવ થતો હોવાથી તેના પૃથગ્ ગ્રહણની જરૂર નથી, કેમકે આગળ આઠમા અધ્યાયમાં બંધના પ્રસંગમાં જ सद्वेद्य० એ સૂત્રથી પુણ્ય–પાપને બન્ધાન્તર્ગત ગણી લેવામાં આવશે.

**પ્રશ્ન**–જો એ પ્રમાણે પુણ્ય–પાપનો બન્ધમાં અન્તર્ભાવ કરીને તેનું પૃથગ્ પ્રતિપાદન કરવાની જરૂરીઆત ન ગણવામાં આવતી હોય તો આશ્રવ–બન્ધ–સંવર–નિર્જરા અને મોક્ષ એ પાંચે પણ જીવ અને અજીવથી જુદા નથી.

જીવ–અજીવમાં એ આશ્રવાદિ પાંચેનો અન્તર્ભાવ થવો અપેક્ષાએ શકય છે, માટે તે આશ્રવાદિ પાંચને પણ પૃથગ્ કહેવાની જરૂર નથી.

કેમકે **આશ્રવ** એ જીવનો મિથ્યાદર્શન રૂપ પરિણામ છે. તે આત્મા અને પુદ્ગલ સિવાય બીજું શું છે?

**બન્ધ** પણ આત્મ-પ્રદેશોની સાથે સંબંધવાળું પુદ્ગલ સ્વરૂપ કર્મ છે.

**સંવર** પણ આશ્રવનો રોધ કરવા સ્વરૂપ છે. દેશ અને સર્વના ભેદવાળો નિવૃત્તિ રૂપ આત્માનો પરિણામ તપસ્યાથી પોતાની શક્તિ વડે કર્મનો પરિશાટ થવાથી આત્મા અને કર્મને છુટા પાડે છે.

**મોક્ષ** પણ સર્વકર્મ-રહિત જે આત્મા તે જ મોક્ષ છે.

આ પ્રમાણે **આશ્રવાદિ પાંચે પદાર્થો જીવ અને અજીવથી જુદા નથી** માટે જીવ અને અજીવ એ બે જ તત્ત્વો છે' એમ કહેવું જોઈએ. છતાં સાત તત્ત્વો કેમ કહો છો.

**ઉત્તર**–તારી વાત સાચી છે! અહીં સત્યં એ અર્ધાંગીકારમાં અર્થાત્ તેં કહેલી અપેક્ષાએ આશ્રવાદિ પાંચે પદાર્થો જીવ-અજીવ એ બે પદાર્થોથી ભિન્ન નથી! પરંતુ અહીં મોક્ષના માર્ગ માટે શિષ્યની પ્રવૃત્તિ કરાવવા માટે પ્રસ્તુત ગ્રંથની શરૂઆત કરેલી છે પણ પદાર્થોના સંગ્રહ માટે આ ગ્રંથ રચનાની પ્રવૃત્તિ નથી.

આ કારણથી જો એવી રજૂઆત થાય કે–**આશ્રવ અને બંધ એ બંને તત્ત્વો સંસારનું મુખ્ય કારણ છે, સંવર અને નિર્જરા એ મોક્ષના મુખ્ય કારણ છે,** તે વખતે શિષ્ય **સંસારના કારણરૂપ આશ્રવ અને બંધના ત્યાગમાં પ્રવૃત્તિ કરે** અને **મોક્ષના** કારણ **સંવર-નિર્જરામાં આદરવાળો થાય** એ સિવાય હેયોપાદેયની પ્રવૃત્તિ ન બની શકે.

માટે **એ આશ્રવ, બંધ** તથા **સંવર** અને **નિર્જરા એ** ચારે તત્ત્વોનું શાસ્ત્રકારે પ્રતિપાદન કર્યું છે અને **મોક્ષ** એ મુખ્ય

સાધ્ય છે. તે જણાવવા માટે અંતમાં મોક્ષનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

જેમ હેયોપાદેયના વિભાગને અંગે **આશ્રવ, બંધ, સંવર, નિર્જરાનું** પ્રતિપાદન આવશ્યક છે, તે પ્રમાણે **પુણ્ય-પાપના** કથનની તેવી કશી જરૂર નથી.

કારણ કે મોક્ષનું સાધ્ય કે તેની ઈચ્છા રાખવાવાળાને ભોગવટાની અપેક્ષાએ પુણ્યોદયથી પ્રાપ્ત થનારા બાહ્ય-સુખના સાધનોને ધક્કો મારવાનો છે, અને આતાપનાદિ-દુઃખના સાધનોને સ્વીકારવાના છે, જ્યારે **બંધની** અપેક્ષાએ ત્રસત્વ-પંચેન્દ્રિયત્વાદિ **પુણ્યકર્મો** મોક્ષના હેતુ હોઈ **ઉપાદેય** છે, અને સ્થાવરત્વ-એકેન્દ્રિયત્વાદિ **પાપકર્મો** સંસારના હેતુ હોઈ ત્યાગ કરવા યોગ્ય છે, પુણ્ય-પાપમાં હેયોપાદેયનો એક સરખો નિયમ રહી શકતો નથી, માટે પુણ્ય-પાપ ને હેયોપાદેયની અપેક્ષાએ પણ પ્રથમ કહેવાની જરૂર નથી.

અત્યાર સુધીના નિરૂપણથી પ્રથમ **જીવ**, પછી **અજીવ**, અને છેલ્લો **મોક્ષ** એ રીતે સૂત્રમાં બતાવેલા જીવાદિ પદાર્થોનો ક્રમ સમજી "**આશ્રવ-બંધનો ત્યાગ કરે, સંવર નિર્જરામાં આદર કરે તો અંતે મોક્ષરૂપ સાધ્ય સિદ્ધ થાય છે.**"

**શંકા**:-આશ્રવ અને **બંધ**માં તો **આશ્રવ** પૂર્વક જ **બંધ** હોય, માટે **બંધ** પહેલાં **આશ્રવનું** કથન બરાબર છે પરંતુ **આશ્રવ** અને **બંધ** એ બન્ને તત્ત્વો પ્રથમ કહ્યા અને **સંવર** તથા **નિર્જરા** પછી કહ્યા, તેનું શું કારણ છે ?

**સમાધાન**—આશ્રવ અને બંધવાળાને જ **સંવર-નિર્જરા** ઘટે, **આશ્રવ** અને **બંધ** વિના **સંવર નિર્જરા** કોની થાય ? માટે પ્રથમ **આશ્રવ-બંધ**, પછી **સંવર નિર્જરા** કહ્યા તે બરાબર છે.

**શંકા**:-**સંવર** અને **નિર્જરામાં** પ્રથમ સંવર અને પછી નિર્જરા રાખવાનું શું પ્રયોજન !

**સમાધાનઃ**-સંવરવાળાને જે નિર્જરા થાય તે નિર્જરા અહિં લેવાની છે, જેને લેશથી પણ **સંવર** નથી, તેની નિર્જરા તે વાસ્તવિક રીતે નિર્જરા જ નથી, કારણ કે તે **અકામ-નિર્જરા** હોવાથી **મોક્ષનું** કારણ થઈ શકતી નથી.

માટે સંવરવાળાને જે નિર્જરા થાય તે નિર્જરા જ અહીં લેવાની છે, માટે સંવરપૂર્વક નિર્જરાનું કથન બરાબર છે.

**શંકાઃ-સંવરમાં** દશપ્રકારનો યતિ-ધર્મ આવે છે, અને દશ પ્રકારના યતિધર્મમાં **તપ** નામનો ભેદ પણ આવે છે, **નિર્જરાથી** પણ બાર પ્રકારનો તે તપ જ લેવાનો છે, તો પછી **સંવરમાં** તપ-નામનો ભેદ આવી જતો હોવાથી **નિર્જરાને** પૃથગ્ શા માટે ગણવામાં આવી ?

**સમાધાનઃ**-સંવરના ભેદ તરીકે તપ છે, તેમાં કર્મના પુદ્ગલોને જીવ-પ્રદેશથી જુદા કરવાની પ્રક્રિયાને ઉપજાવનાર તીવ્રતાની ભૂમિકાનું ઘડતર કરવાની વિવક્ષા છે, જ્યારે નિર્જરામાં જે તપ છે, તે ગુણ-શ્રેણિમાં ઉત્કૃષ્ટ શુદ્ધ-અધ્યવસાયની ધારામાં ઉપયોગી વિશિષ્ટ ધર્મ-ધ્યાન-શુક્લધ્યાન રૂપ તપની વિવક્ષા છે.

હવે જીવ વિગેરે તત્વોનું લક્ષણાદિ કહેવાનો અવસર છે, તે માટે ભાષ્યકાર પોતે જ કહે છે કે—

तॉंल्लक्षणतो विधानतश्च पुरस्ताद् विस्तरेणोपदेक्ष्यामः (સૂ. ૪ ભા૦)

હવે જીવાજીવાદિ પદાર્થોને **લક્ષણથી** અર્થાત્ તે પદાર્થો ઓળખી શકાય તે ચિન્હ દ્વારા તેમ જ **વિધાનથી** એટલે કે ભેદ-પ્રભેદથી આગળ બીજા અધ્યાયમાં उपयोगो लक्षणम्(૨-૮)स द्विविधोऽष्टचतुर्भेदः (૨-૯) संसारिणो मुक्ताश्च (૨-૧૦) समनस्काऽमनस्काः (૨-૧૧) संसारिणस्त्रसस्थावराः (૨-૧૨) ઈત્યાદિ સૂત્રો વડે હું પોતે જ કહીશ.

અહીં **ભાષ્યમાં** उपदेक्ष्यामः એવો જે ઉત્તમ પુરૂષવાચક જે નિર્દેશ કરવામાં આવ્યો છે, તે સૂત્રકાર અને ભાષ્યકાર બંને એકજ હોય તેનો પ્રબળ પુરાવો છે.

વળી **ભાષ્યકાર** પોતે સૂત્રકાર છે માટે **ભાષ્યમાં** કોઈપણ જગ્યાએ બહુમાન માટે વિશેષણો **સૂત્રકાર** માટે વપરાતાં નથી. એ પણ બીજો પુરાવો છે.

हारि०वृत्तिः– एते च जीवादयः नामादिभिरनुयोगद्वारैः, तथा प्रत्यक्ष–परोक्षाभ्यां प्रमाणाभ्यां नैगमादिभिश्च वस्त्वंशपरिच्छेदिभिर्नयैः तथा निर्देश–स्वामित्वादिभिः सत्संख्याक्षेत्रादिभिश्च प्रकारैरधिगन्तव्याः, तत्र व्यापकत्वान्नामादीनामादौ एभिर्निरूपयन्नाह–

આ સર્વ જીવાદિ પદાર્થો નામ–સ્થાપનાદિ **અનુયોગદ્વારોથી,** પ્રત્યક્ષ–પરોક્ષ પ્રમાણથી, **નૈગમાદિ**નયોથી તેમજ **નિર્દેશ–સ્વામિત્વ** વિગેરે અને **સત્–સંખ્યાદિ** પ્રકારો વડે જાણવા યોગ્ય છે.

અર્થાત્ એક વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે આટલા પ્રકારોથી જ્યારે એક વસ્તુ વિચારવામાં આવે ત્યારે જ એક પદાર્થનું પરિપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

તેમાં નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ એ સર્વ–પદાર્થોમાં વ્યાપક હોવાથી પ્રથમ તે નામાદિ દ્વારા જીવાદિપદાર્થોનું નિરૂપણ કરવામાં આવે છે.

**नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः॥१५॥–सूत्रम्**

**સૂત્રાર્થ**—ઉપરના સૂત્રમાં જણાવેલા જીવાજીવાદિ–પદાર્થોનો નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારો વડે નિક્ષેપા કરવા.

**ભાષ્ય** – एभिर्नामादिभिश्चतुर्भिरनुयोगद्वारैस्तेषां जीवादीनां न्यासो भवति, विस्तरेण लक्षणतो विधानतश्चाधिगमो न्यासो वा निक्षेप इत्यर्थः ।

**ભાષ્યાર્થ**—આ નામાદિ ચાર અનુયોગદ્વારથી તે જીવાદિ તત્ત્વોનો ન્યાસ થાય છે, એટલે કે વિસ્તારથી, લક્ષણથી અને વિધાનથી જાણવા માટે ન્યાસ–નિક્ષેપ કરાય છે.

द्वारि० वृत्तिः :– "XXX अनुयोगद्वारैः–अनुयोगः–सकलगणिपिटकव्याख्या, तस्य द्वाराणि अधिगमोपायास्तैः XX विस्तरेण प्रपञ्चेन लक्षणतो विधानतश्चाधिगमायेति, यदुक्तं प्राग् "लक्षणतो विधानतश्च पुरस्ताद् विस्तरेणोपवदेक्ष्याम इति." तत्र लक्षण–विधानाभ्यामभ्यभिधाने विशिष्य स्वभेदप्रभेदै र्विस्तरेणाधिगमायेति × × × ×"

**ટીકાર્થ**—આ દ્વાદશાંગીની વ્યાખ્યા જાણવામાં ઉપાયભૂત **નામ, સ્થાપના, દ્રવ્ય** અને **ભાવ** એ ચાર પ્રકારો વડે **જીવ, અજીવ, આશ્રવ બંધ, સંવર, નિર્જરા** અને **મોક્ષ** એ અનંતર સૂત્રમાં કહેલા પદાર્થોના લક્ષણ અને ભેદો જાણવા માટે નિક્ષેપાઓ કરવા.

અર્થાત્ **ભાષ્યકારે** જે આગળ કહ્યું છે કે લક્ષણ અને **ભેદથી** અમો આગળ વિસ્તારથી કહીશું, તેમાં **લક્ષણ** અને **વિધાનનું** ભવિષ્ય–કથન છતાં પણ **ભાષ્યમાં** च શબ્દથી પોતાના ભેદો અને પ્રભેદોનું પણ ગ્રહણ કરવાનું છે.

તેમાં उपयोगो लक्षणम् (२–८) संसारिणो मुक्ताश्च (२–१०)। તેમાં ઉપયોગ અને સંસારી એ બંને પણ નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ એમ ચાર પ્રકારે સમજવાના છે,

આ પ્રમાણે જગતમાંના કોઈપણ પદાર્થ એવા નથી કે જેમાં નામ–સ્થાપનાદિ ચારે નિક્ષેપાઓ ન ઘટી શકે, કોઈ–કોઈ પદાર્થોમાં વધારે પણ નિક્ષેપાઓ ઘટે છે, પરંતુ તેમાં પણ આ ચાર તો ખરા જ અને એટલા જ માટે નામાદિ આ ચારે નિક્ષેપાને વ્યાપક માનવા સાથે સર્વથી પ્રથમ મુકવામાં આવ્યા છે.

પ્રમાણવડે, નયવડે અને સત્પદાદિદ્વારો વડે વસ્તુનું સ્વરૂપ ચોક્કસ કરવામાં આવે તે પણ ત્યારે જ કે નામાદિ વડે પદાર્થનું પ્રથમ ભાવાત્મક સ્વરૂપ નિર્ણીત થાય ત્યારે જ.

દાખલા તરીકે–જીવપદાર્થનું નિરૂપણ કરવું હોય, તેનું લક્ષણ તથા ભેદ–પ્રભેદોનું વર્ણન કરવું હોય, પરંતુ નામજીવનું, સ્થાપના-

જીવનું, દ્રવ્યજીવનું કે ભાવ જીવનું ? શેનું નિરૂપણ કરવું? એ જ્યાં સુધી ચોક્કસ ન થાય ત્યાંસુધી કોનું નિરૂપણ અને કોના ભેદ-પ્રભેદોનું નિરૂપણ કરવું !. આ કારણથી નામાદિ-નિક્ષેપાઓ સર્વથી પ્રથમ રાખવામાં આવ્યા છે.

સૂત્રમાં આપેલ ન્યાસઃ પદનો અર્થ નિક્ષેપ કરવો.

હવે આ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવાદિ પ્રકારો જે પ્રમાણે લક્ષ્યમાં ઉતરે તે પ્રમાણે બતાવાય છે. તે આ પ્રમાણે–

**નામજીવ, સ્થાપનાજીવ, દ્રવ્યજીવ અને ભાવજીવ**

તેમાં નામ વડે જ જીવ તે **નામજીવ**, એટલે કે જીવમાં જે ધર્મો હોય તે હોય કે ન હોય તેની અપેક્ષા રાખ્યા સિવાય ચેતન-કિંવા અચેતન વસ્તુનું જીવ એવું નામ રાખવું તે **નામજીવ.**

એ પ્રમાણે કોઈપણ જીવના આકારવાળી પ્રતિકૃતિ તે **સ્થાપનાજીવ**, જીવના ગુણોથી રહિત તે **દ્રવ્યજીવ** અને જીવોના ગુણથી યુક્ત જે હોય તે **ભાવજીવ**

આ ચારે પ્રકારના નામાદિ જીવો તત્ત્વ છે.

કારણ કે ચારે પ્રકારથી અર્થપ્રાપ્તિ તેમ જ અનર્થપરિહાર રૂપે લાભાલાભની સિદ્ધિ થાય છે. માટે અથવા તો એક સંસારી-જીવમાંજ એ ચારે પ્રકારો ઘટાવવા, તેમાં તે સંસારી-જીવમાં જીવ એવો જે શબ્દ-વ્યવહાર કરવામાં આવે તે **નામજીવ**, હાથ-પગ વિગેરે અવયવોની ગોઠવણીરૂપ જે આકાર વિશેષ તે **સ્થાપનાજીવ**, વિવક્ષાવડે જ્ઞાનાદિ-ગુણોથી રહિતપણું તે **દ્રવ્યજીવ** અને જ્ઞાનાદિ-ગુણોના પરિણામોથી યુક્તપણું તે **ભાવજીવ.**

હવે જીવના વિશેષણ તરીકે ગ્રહણ કરવામાં આવેલા **નામ, સ્થાપના, દ્રવ્ય** અને **ભાવ** એ ચારેનો અર્થ દેખાડાય છે.

**નામ** એટલે સંજ્ઞા, આ શબ્દ વડે આ વસ્તુ કહેવા યોગ્ય છે, એવો જે સંકેત તે **નામ** કહેવાય. ચેતનાવાળું અથવા ચેતના-

વિનાનું એવું જે દ્રવ્ય–તે દ્રવ્યનો જગતમાં વ્યવહાર કરવા માટે જીવ એવો જે સંકેત કરવો તે **નામજીવ** કહેવાય.

અહીં દ્રવ્યના કથન માત્રથી દ્રવ્યનું જ ગ્રહણ ન કરવું, પરંતુ ઉપલક્ષણથી ગુણ અને ક્રિયા (પર્યાય)નું ગ્રહણ સમજવાનું છે. કારણ કે ગુણ–પર્યાયમાં પણ નામાદિ–ચતુષ્ટયની પ્રવૃત્તિ બની શકે છે. જે દ્રવ્યનું ભાષ્યમાં કથન કરવામાં આવ્યું, તે દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેયમાં દ્રવ્યનું પ્રાધાન્ય જણાવવા માટે છે. અર્થાત્ દ્રવ્ય વિના ગુણ–ક્રિયાનો સંભવ જ નથી. એ અપેક્ષાએ દ્રવ્યની મુખ્યતા રાખી દ્રવ્યનું કથન કરવામાં આવ્યું છે.

અહીં એ પણ સમજવાનું છે કે–ચેતનાવાળા અગર ચેતના વગરના જે કોઈ પદાર્થમાં જીવ એવો સંકેત કરવામાં આવ્યો છે, તે પદાર્થને જેમ **નામજીવ** કહેવાય, તે પ્રમાણે **જીવ** એવું શબ્દનું જે ઉચ્ચારણ–ધ્વનિ તેને જ જો વાચ્ય અર્થાત્ કહેવા યોગ્ય પદાર્થ તરીકે ગણવામાં આવે તો તે પણ **નામજીવ** છે.

અહિં સ શબ્દથી ચેતનાવાળા અગર અચેતન પદાર્થમાં પોતાની મરજી પ્રમાણે જે **જીવ** શબ્દની યોજના–સંકેત કરવામાં આવેલ છે તે **જીવ શબ્દ** પણ **નામજીવ** છે. પરંતુ તે વસ્તુ પદાર્થની ઉપાધિ સંકેત પુરતો જ નથી.

કારણ કે अर्थाऽभिधान–प्रत्ययास्तुल्यनामधेयाः । એવો ન્યાય છે એટલે કે **પદાર્થ**, **પદાર્થનું નામ** અને **જ્ઞાન** એ ત્રણે સરખા છે.

ઘટને જોવાથી, ઘટનું નામ સાંભળવાથી અને ઘટનું ચિંતન કરવાથી એમ ત્રણ પ્રકારથી થતા જ્ઞાનમાં ઘટ એ એક સરખો વિષય તરીકે ગ્રહણ થાય છે.

આમ હોવાથી જે પદાર્થમાં **જીવ** એવો સંકેત થયો છે, તે પદાર્થને તો **નામજીવ** કહેવાય, પરંતુ જીવ એવો જે ધ્વનિ તે પણ **નામજીવ** છે.

હવે **સ્થાપના-જીવનું** સ્વરૂપ કહેવાય છે.

લાકડાની રચનામાં, લુગડાંની બનાવેલી ઢીંગલીમાં, તેમજ ચિત્રકારે ચિત્રેલ ચિત્રક્રિયામાં અને ચંદનક (સ્થાપનાજી)માં વપરાતી સિદ્ધાંતની જે અક્ષ-નિક્ષેપરૂપ સંજ્ઞા તે અક્ષ-નિક્ષેપ વગેરેમાં **સ્થાપના જીવનો** નિક્ષેપ કરવાનો છે.

**ભાષ્યમાં** काष्ठपुस्त-चित्रकर्माक्षनिक्षेपादिषु એવું જે પદ આપવામાં આવેલ છે તેમાં **કર્મ** શબ્દ **કાષ્ઠ, પુસ્ત** અને **ચિત્ર-ત્રણેમાં** જોડી **કાષ્ઠકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ,** એ પ્રમાણે અર્થ કરવાનો છે અને અંતમાં રહેલ आदि પદ બંને ઠેકાણે જોડવાનું છે. काष्ठपुस्त-चित्रकर्मादि તથા अक्षनिक्षेपादि એમ અર્થ કરવાનો છે.

એકંદર અર્થ એ થયો કે काष्टकर्म पुस्तकर्म-चित्रकर्मादिषु તથા अक्षनिक्षेपादिषु આ પ્રમાણે બે વિભાગ કરીને તત્ત્વ એ જણાવવું છે કે-કાષ્ઠકર્મ, ચિત્રકર્મ અને પુસ્તકર્મ વિગેરેમાં જે સદ્ભાવ-સ્થાપના અને અક્ષ-નિક્ષેપ વિગેરેમાં અસદ્ભાવ-સ્થાપના એ બંને પ્રકારની સ્થાપના તે **સ્થાપના જીવ** કહેવાય.

તાત્પર્ય એ થયું કે શરીરયુક્ત આત્માનો જે હસ્ત-પાદ વિગેરે આકાર દેખાય છે, તે આકાર તે સ્થાપનામાં પણ દેખાય છે-માટે તે **સ્થાપના-જીવ** કહેવાય.

**શંકા** :-અક્ષનિક્ષેપાદિ-અસદ્ભાવ-સ્થાપનામાં શરીરાનુગત આત્માને હાથ-પગ વિગેરે આકાર નથી તો તેને **સ્થાપના જીવ** કેમ કહેવાય ?

**સમાધાન** :-અક્ષનિક્ષેપાદિ અસદ્ભાવ-સ્થાપનામાં જો કે બાહ્યદૃષ્ટિએ શરીરાનુગત આત્માનો આકાર નથી, તો પણ સ્થાપનાની કલ્પના કરનાર વ્યક્તિ બુદ્ધિવડે તે અક્ષ-નિક્ષેપાદિમાં શરીરાનુગત આત્માના આકારની અવશ્ય કલ્પના કરે છે.

આ અપેક્ષાથી જ નામ તથા દ્રવ્ય નિક્ષેપાથી સ્થાપના નિક્ષેપો

તદ્દન જુદાં જ છે, કારણ કે સ્થાપના-નિક્ષેપારૂપે કહેવાતો પદાર્થ શબ્દ નથી, તેથી **નામનિક્ષેપો** કહેવાય નહિં, તેમજ तद्भाव वियुक्त પણ નથી કે જેથી વક્ષ્યમાણ કથન પ્રમાણે **દ્રવ્ય** નિક્ષેપો કહી શકાય. ફક્ત સાક્ષાત્ અથવા બુદ્ધિકલ્પિત આકાર માત્ર તેમાં છે, અને તેથી તે **સ્થાપના જીવ** કહેવાય.

હવે એ **સ્થાપના, જીવને** દૃષ્ટાંત દ્વારા બતાવે છે, અર્થાત્ સર્વ પદાર્થો આજ્ઞાગ્રાહ્ય છે, પરંતુ એ આજ્ઞાગ્રાહ્ય-સર્વ પદાર્થો પૈકી જે પદાર્થો દૃષ્ટાંતગ્રાહ્ય હોય તેને માટે અવશ્ય દૃષ્ટાંત કહેવું જોઇએ. જો ન કહે તો કથન કરનાર વક્તાને દોષનો ભાગીદાર કહ્યો છે.

આ હેતુથી અહિં ઉદાહરણની યોગ્યતા **સ્થાપના-જીવમાં** હોઇ ઉદાહરણ કહે છે.

**નામજીવમાં** જ્યાં ધ્વનિને નામનિક્ષેપા રૂપે ગણ્યું છે, ત્યાં ધ્વનિ એ ચઉફરસી પુદ્ગલો હોવાથી એમાં કેવી રીતે દૃષ્ટાંત આપી શકાય? માટે **નામ**-નિક્ષેપાને વર્જીને **સ્થાપનામાં** દૃષ્ટાંતનો પ્રસંગ લીધો.

**ભાષ્યમાં** देवता-प्रतिकृतिवद् આ પ્રમાણે જે પદ છે, તેમાં દેવતા એ સ્ત્રી-દેવના ગ્રહણ માટે જ નથી, પરંતુ દેવ એ જ દેવતા એવો અર્થ કરીને સર્વ-દેવોનું ગ્રહણ કરવાનું છે, તે દેવોની જે પ્રતિકૃતિ-પ્રતિબિંબ તે **સ્થાપના-જીવ** છે. તે ઇન્દ્ર, સ્કંદ (કાર્તિકેય) દેવનું પ્રતિબિંબ કાંઇ સાક્ષાત્ હજાર આંખોવાળું, શૂળને હાથમાં ધારણ કરવાવાળું અથવા તો મોરના વાહનવાળું નથી. તેમજ તેથી અત્યંત ભિન્ન-સ્વભાવવાળું-તદ્દન જુદું પણ નથી, કારણ કે જુદું હોય તો તે પ્રતિબિંબને દેખતાં ઇંદ્રાદિનું સ્મરણ કેમ થાય? માટે જુદું પણ નથી, પરંતુ તેના સરખા પરિણામવાળું એટલે કે સાક્ષાત્ ઇન્દ્રને, સાક્ષાત્ સ્કંદને (કાર્તિકેય) જોવાથી જે પરિણામ થાય છે, તે પરિણામ પ્રતિબિંબ જોવાથી થાય છે, કારણકે તેવી પ્રતીતિનો પ્રત્યક્ષ અનુભવ જોવાય છે.

ઇન્દ્ર એટલે દેવોનો સ્વામી. **રુદ્ર** = શંકર, **સ્કંદ** = કાર્તિક સ્વામી, **ભામા** = સત્યભામા, **વિષ્ણુ** = વાસુદેવ. આ બધાયમાં રુદ્રાદિની શાસ્ત્રોમાં દેવ તરીકે પ્રસિદ્ધિ નથી, પરંતુ લોકરૂઢિની અપેક્ષાએ દેવતા કહેવાય છે, જે પ્રમાણે ઇન્દ્રાદિ-દેવોની પ્રતિકૃતિ સ્થાપન કરવામાં આવી હોય તો તે પ્રતિકૃતિને જેમ ઇંદ્ર વિગેરે વ્યપદેશથી બોલાવાય છે, તે પ્રમાણે કાષ્ઠકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્માદિમાં સદ્ભાવ રૂપે અને અક્ષ-નિક્ષેપાદિમાં અસદ્ભાવરૂપે જે શરીરાનુગત-આત્માના સાક્ષાત્ અથવા બુદ્ધિકથિત આકારની સ્થાપના કરવામાં આવી હોય, તો તેમાં જીવ એવો વ્યપદેશ થાય છે.

**હવે દ્રવ્ય કહે છે :–ભાષ્યમાં** દ્રવ્યજીવ ઇતિ એમ કહ્યું છે તે ઇતિ સમાપ્તિ સૂચક નથી, પરંતુ પ્રકારવાચક છે, અર્થાત્ **દ્રવ્યજીવ** એવો જે પ્રકાર આગળ કહેવાયો છે–તેની વ્યાખ્યા કરાય છે, એવો અર્થ કરવાનો છે.

**દ્રવ્યમાં સાથે રહેનારા જે હોય તે ગુણ છે, અને અનુક્રમે થનારા તે પર્યાયો કહેવાય છે.** જીવ-દ્રવ્યની અપેક્ષાએ ચૈતન્ય, આત્મિક-સુખ વિગેરે ગુણો છે, અને તિર્યંચપણું, મનુષ્યપણું વિગેરે પર્યાયો છે. આ ગુણ અને પર્યાય બંને શબ્દનો દ્વંદ્વ સમાસ કરવો, આ ગુણ અને પર્યાયથી રહિત એવો જે જીવ તે **દ્રવ્યજીવ** કહેવાય એમ કહેવું.

**શંકા** :–દ્રવ્ય અને ગુણનો તો તમો અભેદ માનો છો, અર્થાત્ દ્રવ્ય ગુણ વિનાનું ન હોય અને ગુણ દ્રવ્યથી કોઈ દિવસ છુટા પડે જ નહિં, આમ અભેદ માનો છો તો પછી **ગુણ-પર્યાયથી રહિત એવો જીવ તેને દ્રવ્યજીવ કહેવાય**, એ કથન શી રીતે વ્યાજબી ગણાય ?

**સમાધાન** :—ઉપરનું તમારું કથન સાચું છે, દ્રવ્યમાં ગુણ –પર્યાયનું રહિતપણું થતું નથી, છતાં અહીં **દ્રવ્ય-જીવના** પ્રસંગમાં જે કહેવામાં આવ્યું છે, ત્યાં વાસ્તવિક રીતે ભેદ ન માનતાં બુદ્ધિ–

કલ્પિત ભેદ-વિયુક્તપણું માનવાનું છે, અર્થાત્ જો જીવ ગુણ-પર્યાયથી રહિત હોય તો તેને **દ્રવ્યજીવ** કહેવાય. એવો ભેદ વાસ્તવિક રીતે ત્રણ-કાળમાં બન્યો નથી, બનતો નથી અને બનવાનો પણ નથી, માટે જે **'પ્રજ્ઞા સ્થાપિત'** એ **ભાષ્યકારના** વચન પ્રમાણે બુદ્ધિ-પરિકલ્પિત ભેદ જ માનવાનો છે.

આ વસ્તુને અંગે જ હજુ વધુ કહેવામાં આવે છે, ગુણ-પર્યાયથી જે રહિત હોય અને અનાદિ-પારિણામિક ભાવ જે જીવત્વ તેથી સહિત હોય તેવો જે જીવ તે **દ્રવ્યજીવ** કહેવાય, અર્થાત્ જીવમાં જીવત્વ એ અનાદિ-પારિણામિક ભાવ છે. ઔદયિકાદિભાવ પણ અનાદિ છે, પરંતુ તેનું ગ્રહણ અનિષ્ટ હોવાથી અનાદિની સાથે પારિણામિકનું ગ્રહણ કર્યું.

**પારિણામિકભાવ** સાદિ-અનાદિ બંને પ્રકારના છે. ઇંદ્ર-ધનુષ્યાદિમાં સાદિ-પારિણામિક ભાવ છે. તેનું ગ્રહણ પણ ઇષ્ટ ન હોઈ અનાદિ-પારિણામિક એ પ્રમાણે કહીને જીવનું જ ગ્રહણ કર્યું. આ પ્રમાણે જીવમાં જીવત્વ એ અનાદિ-પારિણામિક ભાવ છે, જ્ઞાન-સુખાદિ ગુણો અને તિર્યંચ-મનુષ્યાદિ પર્યાયો છે, તેમાંથી માની લ્યો કે જ્ઞાન-સુખાદિ ગુણો અને તિર્યંચ-મનુષ્યાદિ પર્યાયો કાઢી લેવામાં આવે, અને કેવળ અનાદિ-પારિણામિક ભાવરૂપ જીવત્વ રાખવામાં આવે તો તેવા જીવત્વવાળો જે હોય તે **દ્રવ્યજીવ** કહેવાય. પરંતુ આવું ત્રણ કાળમાં બનતું નથી માટે આ ભાંગો કલ્પવા પુરતો સમજાવવા નિમિત્તે જ છે.

વસ્તુતઃ આ કલ્પનાનો કોઈ પણ વિષય નથી કારણ કે **ગુણ-પર્યાયથી રહિત એવા જીવનો-વન્ધ્યા-પુત્રની માફક અસંભવ છે.**

વળી ભૂત-પર્યાય, ભવિષ્ય-પર્યાય અને વર્તમાન-પર્યાયની યોગ્યતા જેનામાં હોય તે દ્રવ્ય કહેવાય, એવું દ્રવ્યનું લક્ષણ પણ અહીં ઘટી શકતું નથી.

અહીં શંકા થશે કે દ્રવ્યના નિરૂપણ માટે भूतस्य भाविनो वा कारणं ઇત્યાદિ જે શ્લોક કથન કરવામાં આવે છે, તેમાં તો ભૂત અને ભવિષ્ય એ બે કાળનું જ ગ્રહણ કરવામાં આવ્યું છે, તો પછી અહીં ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેનું શા માટે ટીકાકાર મહર્ષિએ ગ્રહણ કર્યું ? તેનું એ સમાધાન સમજવું કે તે ભૂત અને ભાવી એમ બે કાળનું જ જ્યાં ગ્રહણ કરવામાં આવ્યું છે, ત્યાં દ્રવ્યના કારણ તરીકે તેને ગ્રહણ કરવામાં આવેલ છે, જ્યારે અહીં ભૂત, ભાવી અને વર્તમાન એ ત્રણે કાળના પર્યાયો લીધા છે અને ત્રણે કાળના પર્યાયની યોગ્યતા દ્રવ્યમાં રહી શકે, પરંતુ કારણતા તો ભૂત અને ભવિષ્યમાં બેમાં જ ઘટી શકે છે.

આ ઉપરની વાતને મનમાં રાખીને જ એટલે કે 'ગુણ–પર્યાયથી રહિત અનાદિ–પારિણામિક–ભાવયુક્ત પ્રજ્ઞાસ્થાપિત દ્રવ્યજીવમાં ભૂત-ભાવી અને વર્તમાન પર્યાયની યોગ્યતા પણ નથી' એ મુદ્દો લક્ષ્યમાં રાખીને જ **ભાષ્યકાર** જણાવે છે કે–अथवा शून्योऽयं भङ्गः આ ભાંગો શૂન્ય છે, એટલે કે આ ભાંગાનો કોઈ વિષય નથી, નિર્વિષય ભાંગો છે, એ જ વસ્તુ વધુ સ્પષ્ટ કરે છે.

વર્તમાનમાં જે વસ્તુ ચેતના–રહિત અજીવ હોય અને ભવિષ્યમાં તેમાં **ચેતનાતત્ત્વ** જીવપણું પેદા થતું હોય તો તેને ભાવી–જીવના કારણપણા વડે કદાચ તું એમ કહેવા માંગે કે ભલે તેમ થાઓ, તેમાં શું દોષ છે? તો કહે છે કે એ બાબત ઇષ્ટ નથી, અર્થાત્ પ્રથમ અજીવ હોય અને પછી જીવ થઈ જાય, એ વસ્તુ ઇષ્ટ જ નથી, કારણ કે એમ થાય તો એટલે કે અજીવનો જીવ થાય તો જીવ અજીવ પણ થઈ જાય.

**શંકા**–અજીવ જીવ થાય તો જીવ પણ અજીવ થઈ જાય એવી શંકા શા માટે કરો છો? એવો કોઈ નિયમ નથી, દૃષ્ટાંત તરીકે છદ્મસ્થનું કેવલીપણું થાય એટલે કેવલીમહારાજને છદ્મસ્થ થવું જોઈએ એવો નિયમ કયાંથી લાવ્યા? માટે અજીવનો જીવ ભલે થાય? પણ જીવ અજીવ થવો જોઈએ, એવો નિયમ કરવાની કશી જરૂર નથી.

**સમાધાનઃ**-છદ્મસ્થપણું એ કારણિક છે, જ્યારે જીવત્વ-અજીવત્વ એ સ્વાભાવિક છે, કારણિકમાં ફારફેર થાય, છદ્મસ્થપણું કારણિક હોવાથી તેનો ફારફેર થઈ કેવલિત્વ થાય. પરંતુ કેવલિત્વ એ સ્વાભાવિક હોવાથી તેનું પુનઃ છદ્મસ્થપણું ન થાય, માટે જો અજીવનો જીવ માનીને દ્રવ્યજીવ માનવા જઈએ તો જીવનો પણ અજીવ માનવાનો પ્રસંગ આવે અને એ પ્રમાણે માનવામાં સિદ્ધાંત વિરોધ આવે, માટે **દ્રવ્યજીવ એ ભાંગો શૂન્ય-નિર્વિષયક છે.**

**શંકા**-દ્રવ્યજીવના ભાંગાને શૂન્ય માનવામાં પણ બીજો વિરોધ તો ઉભો જ રહેવાનો! કારણ કે **શ્રી અનુયોગદ્વારમાં** કહ્યું છે કે

जत्थ उ जं जाणिज्जा, णिक्खेवं णिक्खेवे णिरवसेसं।
जत्थ वि अ ण जाणिज्जा, चउक्कयं णिक्खिवे तत्थ ॥१॥

ભાવાર્થ-જે પદાર્થોમાં જે જે-સમગ્ર નિક્ષેપાઓ જાણવામાં આવે તે પદાર્થમાં તે-દરેક નિક્ષેપાઓની રચના કરવી અને જે પદાર્થમાં વધુ નિક્ષેપાઓ ન જાણવામાં આવે તેમાં **નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ** એ ચાર નિક્ષેપાઓની રચના તો જરૂર વિચારવી.

આ પ્રમાણે સિદ્ધાંતમાં નામાદિ-ચતુષ્ટયની વ્યાપિતા કહી છે, તમો પોતે પણ આગળ व्यापकत्वात् એમ જણાવીને નામાદિનું વ્યાપકપણું જણાવી ગયા છો; એ વ્યાપકપણામાં ખામી આવે છે. માટે વિરોધ એક કાઢવા જતાં બીજો તો આવીને ઉભો જ રહ્યો!

**સમાધાન**-નામાદિ-ચતુષ્ટયનું અમે વ્યાપકપણું માનીએ છીએ તે બરાબર છે, પણ એ વ્યાપકપણું બાહુલ્યવિષયક છે, અર્થાત્ ઘણા પદાર્થોમાં એ વ્યાપકત્વ ઘટે અને કોઈમાં ન ઘટે તેટલા માત્રથી વ્યાપકપણું ન કહેવાય તેમ નથી, કારણ કે **દ્રવ્યજીવ**માં શૂન્યતા ભલે આવે, પરંતુ અન્ય સર્વ-પદાર્થોમાં એ દ્રવ્ય-ભાંગો ઘટી શકે છે.

અહિં પણ જીવપદાર્થને જાણનાર હોય અને ઉપયોગ વિનાનો હોય તેમાં **દ્રવ્યજીવપણું** ઘટી શકે, પરંતુ તે વસ્તુ બની શકતી **નથી,** કારણકે જીવપદાર્થને જાણવાવાળો અને ઉપયોગ વિનાનો એ

બંને વિશેષણો એક સ્થાનમાં આવી શકવા અસંભવિત છે. અથવા ધર્માસ્તિકાયના સ્વરૂપને જાણવાવાળો અને ધર્માસ્તિકાયના ઉપયોગ વિનાનો જે જીવ તે જેમ **દ્રવ્યથી ધર્માસ્તિકાય** તે પ્રમાણે જીવપદાર્થના સ્વરૂપને જાણવાવાળો અને જીવપદાર્થના ઉપયોગ વિનાનો એવો જે જીવ તે **દ્રવ્યજીવ** કહેવાય, પરંતુ તે માન્યતા એક જ જીવમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપાઓની રચનાની અપેક્ષાએ જાણવી, એ પ્રમાણે **દ્રવ્યજીવની** સિદ્ધિ ભૂત, ભાવી અને વર્તમાન પર્યાયના આધાર તરીકે ટીકાકાર મહારાજ ઉપર પણ એકવાર જણાવી ગયા છે.

**ભાષ્યકાર-મહારાજાએ** अथवा शून्योऽयं भङ्गः એમ કહીને જે **દ્રવ્યજીવનો** નિષેધ કર્યો છે, તે ભવિષ્યમાં ભાવજીવ બનવાની યોગ્યતારૂપ દ્રવ્યજીવના લક્ષણની અપેક્ષાએ નિષેધ કર્યો છે.

હવે **ભાવજીવની** અપેક્ષા भावतो जीवाः ઈત્યાદિ **ભાષ્ય-પદોથી** સમજાવે છે. અત્યાર સુધી નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપામાં દરેક ઠેકાણે नामजीवः स्थापनाजीवः એક પ્રમાણે એક વચનનો નિર્દેશ થતાં અહીં બહુવચનનો જે નિર્દેશ કરવામાં આવ્યો છે, તે એક જ આત્મા છે એ મંતવ્યના નિરાસ માટે છે.

કારણ કે અન્ય-મતવાળા કોઈક આ પ્રમાણે બોલે છે કે—

"અભ્ર-ઈન્દ્રધનુષ્યાદિ અમુક દૃશ્યમાન-પદાર્થો સિવાય જગતમાં જે કાંઈ દૃષ્ટિગોચર પદાર્થો છે, તે બધાય જીવકર્તૃકજ છે, તેથી જગત આખું જીવપુરૂષમય છે, પુરૂષ આત્મા સિવાય બીજું કશું પણ નથી."

આ મંતવ્યમાં અભ્રાદિ અમુક પદાર્થો સિવાય દૃષ્ટિવિષયક સર્વ પદાર્થો આત્મજન્ય છે. આત્માના સંબંધવાળા થયેલા છે. એ મંતવ્યમાં આપણે વિરોધ નથી, પરંતુ તેટલા માત્રથી જગતમાં એક જીવ સિવાય બીજું કશું છે જ નહિં, એ નહિં માની શકાય. એમાં તો અનેક વિરોધ આવીને ઉભા રહે.

આ पुरुषः एव इदम् એ વાદના નિરાસ માટે નામાદિ ત્રણે નિક્ષેપાઓમાં એકવચન છતાં અહીં भावतो जीवाः એમ બહુવચન કર્યું છે. भावतः એમાં तस् પ્રત્યય તૃતીયા અર્થમાં વપરાએલ છે, એથી જ **પૂ. શ્રી. ભાષ્યકારે** औपशमिका...........भावयुक्ताः એ વાકયમાં भावैः युक्ताः એવો તૃતીયાનો અર્થ કર્યો છે. ઔપશમિકાદિભાવોનું લક્ષણ તથા પ્રથમ ઔપશમિક, ત્યારબાદ ક્ષાયિક ઈત્યાદિ ક્રમ રાખવાનું કારણ વિગેરે બીજા અધ્યાયમાં કહેવાશે.

**શંકા**–દરેક સ્થાને **ચૈતન્યને** આત્માનું લક્ષણ માનવામાં આવે છે, અથવા **ઉપયોગને** જીવના લક્ષણ તરીકે કહેવામાં આવે છે, તો તે ચેતનાત્મક અથવા ઉપયોગાત્મક લક્ષણ ન કહેતાં અહીં 'भावयुक्तो जीवः' એમ કહીને ભાવથી યુક્તપણું શા માટે કહેવામાં આવ્યું ?

**સમાધાન**–ઔપશમિકાદિ ભાવોથી યુક્ત એ કથનથી अकर्ता निर्गुणो आत्मा ઈત્યાદિ જીવનો નિઃસ્વભાવ (સ્વભાવરહિતપણા સંબંધી જે) વાદ અન્ય દર્શનવાળાઓ તરફથી કહેવામાં આવે છે, તેનું નિરાકરણ થાય છે.

તે અદ્વૈતવાદીઓ આ પ્રમાણે કહે છે.

निःस्वभावाः जीवाः संवृतैः सन्तः
अकार्य–करणैकस्वभावा इति चान्ये ।

જીવો સ્વભાવરહિત છે, તેમાં કોઈ પણ પ્રકારનો સ્વભાવ નથી, સ્વભાવ માનવામાં આવે તો જીવ અને સ્વભાવ એ બે વસ્તુ થતાં અ–દ્વૈતવાદની હાનિ થાય. અરે ! એટલું જ નહિં પરંતુ જીવો છે, એવું જે જીવોનું અસ્તિત્વ માનવું, તે પણ કલ્પિત છે. આ **અદ્વૈતવાદીઓનું** કથન છે. કારણ કે જીવો અને તેની સત્તા એમ માનવામાં આવે તો પણ બે વસ્તુ થતાં અદ્વૈતવાદનો ભંગ થાય. વળી કેટલાક માને છે કે જેઓ કાર્યરૂપ નથી અને કારણરૂપ નથી પરંતુ એક જ સ્વભાવવાળા છે."

આ બધી બાબતો–મંતવ્યોના નિરાકરણ માટે औपशमिकादि-भावयुक्ता जीवाः એ **ભાષ્યકારે** પ્રતિપાદન કર્યું છે, આ પ્રમાણે ઔપશમિકાદિ ભાવોથી યુક્ત તેમ જ સાકાર–અનાકાર ઉપયોગમાંથી કોઈ પણ ઉપયોગવાળા અને સંસારી તથા મુક્ત એમ બે ભેદવાળા જે હોય તે **ભાવજીવ** કહેવાય છે.

'**સંસારી**' એટલે નરકાદિ–ચતુર્ગતિક–સંસારવાળા અને '**મુક્ત**' એટલે કર્મના સંબંધથી મુકાએલા 'એક–સમય સિદ્ધ' ઈત્યાદિ અનેક ભેદ–પ્રભેદોવાળા, જે બીજા અધ્યાયમાં કહેવાશે.

આ પ્રમાણે જીવમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપાઓની વ્યાખ્યા કર્યા બાદ અજીવાદિ–પદાર્થોમાં एवमजीवादिषु सर्वेष्वनुगंतव्यम् એ વાકય દ્વારા **ભાષ્યકાર** ભલામણ કરે છે, કે જેમ જીવમાં ચારે નિક્ષેપાઓ જણાવ્યા, તે પ્રમાણે અજીવાદિ–પદાર્થોમાં પણ નામાદિ–નિક્ષેપાઓ વિચારી લેવા. એકલા અજીવાદિ–પદાર્થોમાં નહિં, પરંતુ તેના ધર્માસ્તિકાયાદિ ભેદ–પ્રભેદોમાં પણ નામાદિ ચારે નિક્ષેપાઓ જાણવા, જેમ કે–નામ અજીવ, નામ ધર્માસ્તિકાય, ઈત્યાદિ

આ પ્રમાણે ફક્ત અક્ષરોનો અર્થ સમજી શકાય તેટલા પુરતી અહીં નામાદિ–નિક્ષેપાઓની વ્યાખ્યા કરી,

વસ્તુ, ધર્મપણાની અપેક્ષાએ એટલે કે નામઘટ બોલવાથી ઘટનું જ્ઞાન થાય છે, પૃથુ–બુધ્નાદિ આકારરૂપ સ્થાપના દ્વારા પણ ઘટનું જ્ઞાન થાય છે. કપાલાદિના દર્શનથી દ્રવ્યદ્વારા ઘટનું જ્ઞાન થાય છે, અને ભાવઘટથી તો ઘટજ્ઞાન થાય છે, ઈત્યાદિ વિશેષ સ્વરૂપ અને તેના નિર્ણયમાં થતાં શંકા–સમાધાનો વિગેરે **શ્રી સન્મતિ–તર્ક** વિગેરે ગ્રંથોમાંથી જાણી લેવા.

છતાં સંક્ષેપથી અહીં પણ બતાવવામાં આવે છે.

**નામ એ વસ્તુનો ધર્મ છે.** કારણ કે તેવા પ્રકારની પ્રતીતિ થાય છે માટે,

અર્થાત્ જગતમાં જે પદાર્થો છે તે સર્વ પદાર્થોના બે વિભાગો છે, એક અભિલાપ્ય વિભાગ બીજો અનભિલાપ્ય વિભાગ.

તેમાં ત્રણે કાળના સર્વ, તીર્થંકરોના ( અથવા સર્વ-પુરૂષોના ) સંકેતનો જે વિષય તે **અભિલાપ્ય** અને તે સિવાય બાકીના પદાર્થો તે **અનભિલાપ્ય** કહેવાય.

**સંકેત બે પ્રકારનો છે યાવત્કથિક અને યાદૃચ્છિક**

**જંબૂદ્વીપ, મેરૂપર્વત, ધાતકીખંડ, પાંડુકવન** ઈત્યાદિ નામો-સંકેતો **યાવત્કથિક** કિંવા અનાદિરૂઢ છે. એ નામો કોઇ પણ વ્યક્તિ તરફથી કોઈ પણ કારણસર થયાં નથી, પરંતુ અનાદિકાળથી છે. અને અનંતાકાળ સુધી રહેવાનાં છે. જ્યારે યાદૃ-ચ્છિક **સંકેતો**-નામો તે કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ નિમિત્તે કરેલાં તે.

આ સર્વ પ્રકારના અભિલાપો-નામોમાં જે પદાર્થનું નામ હોય તે નામ તે પદાર્થોનો ધર્મ છે, કારણ કે ઘટ શબ્દનું ઉચ્ચારણ કરવાની સાથે ભાવઘટનું તુર્ત જ ભાન થાય છે, લોકમાં તે વસ્તુની સિદ્ધિ પ્રત્યક્ષ અનુભવાય છે, સ્તુતિ તેમજ નિંદાના શબ્દોનું ઉચ્ચારણ થતાં જેની સ્તુતિ અથવા નિંદા કરવામાં આવે તેને રાગ અથવા દ્વેષ પ્રત્યક્ષ જોવાય છે.

કદાચ એમ શંકા થાય કે-શબ્દનું ઉચ્ચારણ વક્તાના મુખમાં, જ્યારે ધર્મ અન્ય પદાર્થમાં ઘટાવવો, સ્તુતિ-નિન્દાના ઉચ્ચારણથી રાગ-દ્વેષ અન્યમાં થયો, તેમાં પદાર્થનો ધર્મ શી રીતે આવે ? કારણ કે ઘટ દૂર છે જ્યારે ઘટનું ઉચ્ચારણ વક્તાના મુખમાં છે, તો ત્યાં પણ સમજવું જોઈએ કે-

ભલે ! વાચક એવો શબ્દ વક્તાના મુખમાં હોય તો પણ તે વાચક શબ્દનો વાચ્ય એવા ઘટની સાથે વાચ્ય-વાચક સંબંધ રહેલો જ છે, તે સંબંધની અપેક્ષાએ તે વાચ્ય ધર્મ તે પદાર્થમાં

જ ઘટી શકે છે, વળી એમ છે તેથી જ વીતરાગ-પરમાત્માની સ્તુતિ કરવાનું ફળ સ્તુતિ કરનારને અવશ્ય મળતું જોવાય છે.

એ જ પ્રમાણે **સ્થાપના એ પણ વસ્તુનો ધર્મ છે.** કારણ કે તે મૂલ-વસ્તુના આકારને લક્ષ્યમાં રાખીને સ્થાપના કરવામાં આવે છે, વળી મૂળ-વસ્તુથી જુદી છતાં મૂલ-વસ્તુનો બોધ કરાવનારી છે, તે મૂલ-વસ્તુની સ્થાપનારૂપ આકારનું આરાધન કરવામાં આવે છે, અને તદ્‌હેતુક-કલ્યાણની સિદ્ધિ પણ થાય છે.

**દ્રવ્ય અને ભાવ તે તો દ્રવ્યના જ તથાપ્રકારના પરિણામો થતા હોવાથી તે પદાર્થોના ધર્મો છે જ,** એ વસ્તુ દ્રવ્યદેવ-ભાવદેવ, દ્રવ્ય સાધુ-ભાવસાધુ ઈત્યાદિ ઉદાહરણથી પ્રસિદ્ધ જ છે. શ્રાવકને દ્રવ્યસાધુ કહેવાય, દેવાયુષ્ય બાંધેલા મનુષ્યાદિને દ્રવ્યદેવ કહેવાય, સાધુપણાની મર્યાદા મુજબ વર્તતા રજોહરણાદિ-લિંગ-યુક્ત જે હોય તે **ભાવસાધુ** કહેવાય, અને દેવના આયુષ્યને ભોગવનાર તે ભાવદેવ કહેવાય.

**નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે પદાર્થના જ ધર્મો છે,** એમ છતાં પણ કેટલાક વિદ્વાન-મહર્ષિઓ એ ચાર-નિક્ષેપામાંથી "નામ અને સ્થાપનાને વસ્તુના ધર્મ માનવા છતાં વસ્તુથી કથંચિત્ જુદા માને છે."

તેઓ કહે છે કે "મૂલ-પદાર્થની માફક તે નામ અને સ્થાપનાથી ફલની સિદ્ધિ થતી નથી."

"જેમ અગ્નિનું નામ લેવાથી તેમજ અગ્નિનો આકાર જોવાથી ઉષ્ણતા લાગતી નથી, તેમ દાહ પણ થતો નથી અને ઠંડીના અવસરમાં સાક્ષાત્ અગ્નિ તરફ જેવી પ્રવૃત્તિ થાય છે, તેવી પ્રવૃત્તિ અગ્નિના નામ તરફ અથવા અગ્નિના આકાર તરફ થતી નથી."

"માટે તે **નામ અને સ્થાપના પદાર્થના ધર્મ હોવા છતાં પણ બાહ્ય-પર્યાયરૂપ છે.**

**દ્રવ્ય તથા ભાવ આંતર-પર્યાયરૂપ છે."** એમ કેટલાક આચાર્યોનું કથન છે.

અમો પણ (આ ટીકાકાર) કહીએ છીએ કે એ બાબત એટલે નામ-સ્થાપનાનું બાહ્ય-પર્યાયરૂપે માનવાપણું શાસ્ત્રવિરૂદ્ધ નથી, આ બાબતમાં ઘણું વિવેચન કરવા યોગ્ય છે, પણ અહિં આ વિષયને ગ્રન્થ-વિસ્તારના ભયથી અહીં જ પૂર્ણ કરવામાં આવે છે.

જીવમાં જેમ નામાદિ ચારે નિક્ષેપાઓ ઘટાવ્યા તે જ પ્રમાણે હવે જે જીવાદિ વાચ્યના જન્તુ, પ્રાણી વિગેરે વાચક શબ્દો છે તેમાં પણ આ નામાદિ ચતુષ્ટય ઉતરી શકે છે. એ વસ્તુ જણાવવા માટે ભાષ્યકાર पर्यायान्तरेण ઇત્યાદિ પંક્તિઓનો ઉલ્લેખ કરે છે.

**મુખ્ય શબ્દનો જે અર્થ હોય તેજ અર્થને કહેનારા જે અન્ય શબ્દો તે પર્યાયો કહેવાય**, તે પર્યાય-શબ્દોની અપેક્ષાએ તે મુખ્ય શબ્દ પણ પર્યાય કહેવાય. જેમ કે-**જીવ** એ પ્રધાન શબ્દના જંતુ, પ્રાણી, શરીરી, ઈત્યાદિ પર્યાયો છે, અને જંતુ વિગેરે શબ્દોનો **જીવ** એ પણ પર્યાય છે. તે બધાયનો **દ્રવ્યમાં** સમાવેશ થાય છે, છતાં **જીવના** પર્યાય તરીકે **દ્રવ્ય** શબ્દ ગણાતો નથી, પરંતુ પર્યાયાન્તર ગણાય છે, તે પર્યાયાન્તર દ્રવ્યપદના પણ નામાદિ ચારે વડે નિક્ષેપ રચના કરવી, તે આ પ્રમાણે :-

નામદ્રવ્ય અને સ્થાપના દ્રવ્ય, એ બંને ભેદો તો **નામજીવ** અને **સ્થાપનાજીવની** માફક જ સમજવાના હોવાથી **નામજીવ સ્થાપનાજીવ** એ બંનેની વ્યાખ્યામાં આ **નામદ્રવ્ય** અને **સ્થાપનાદ્રવ્યની** પણ વ્યાખ્યા સમજી લેવી. તે ત્યાં સુધી સમજવું કે યાવત્ केचिदप्याहुः વિગેરે પદોથી વ્યાખ્યા આવી છે, ત્યાં સુધી.

હવે કેટલાક આચાર્યો દ્રવ્ય-દ્રવ્યના ભાંગામાં કાંઈક વિશેષતા કહે છે તે આ પ્રમાણે-અહિં એટલો અવશ્ય ખ્યાલ રાખવાનો છે, મૂળ ધર્માસ્તિકાયાદિ છ, એ દ્રવ્યોની અપેક્ષાએ જો વિચારવામાં આવે તો **દ્રવ્ય-જીવ** ભાંગો જેમ શૂન્ય અર્થાત્ નિર્વિષય ઉપર જણાવવામાં આવ્યો હતો તે જ પ્રમાણે **દ્રવ્ય-દ્રવ્ય** એ ભાંગો પણ શૂન્ય જ આવે, કારણ કે પ્રથમ દ્રવ્યત્વ ન હોય અને પછી દ્રવ્યત્વ થવાનું હોય તો દ્રવ્યદ્રવ્ય એ ભાગો ઘટી શકે; પરંતુ એવું તો

કોઈ પણ કાળે બનવાનું નથી. માટે એ અપેક્ષાએ લો તો ભાંગો **દ્રવ્યજીવ** નિક્ષેપાની માફક શૂન્ય-નિર્વિષય છે. ફક્ત શાસ્ત્રોમાં द्रव्याणि अनंतानि એમ જે કહેવામાં આવે છે અને એ કથનમાં પુદ્ગલદ્રવ્યો તથા જીવદ્રવ્યોની જે અપેક્ષા રાખવામાં આવે છે તેમાં અનંત પુદ્ગલદ્રવ્યોની અપેક્ષાએ આ **દ્રવ્ય-દ્રવ્ય** ભાંગો ઘટી શકે છે.

યદ્યપિ જીવદ્રવ્યો પણ અનંત છે, પરંતુ એ જીવ-દ્રવ્યોમાં એક જીવના જે અસંખ્ય આત્મપ્રદેશો છે, તેનો શરીરને અનુસારે સંકોચ વિકાસ થાય છે, પરંતુ કોઈકાલે સંઘાત-ભેદ થતો નથી, જ્યારે પુદ્ગલ દ્રવ્યોમાં સંકોચ, વિકાસ તથા સંઘાત-ભેદ એ બધી ક્રિયાઓ થાય છે, તે અપેક્ષાએ અહીં **દ્રવ્ય-દ્રવ્ય** ભાંગો ઘટાડવાનો છે.

**ઘણા દ્રવ્યો ભેગા થઈને જે દ્રવ્ય બને તે દ્રવ્ય-દ્રવ્ય કહેવાય,** જેમ કે ત્રણ વિગેરે પરમાણુઓ મળવાથી પરમાણુઓનો સંઘાત થવાથી ત્રિપ્રદેશાદિ સ્કંધો થાય તેને **દ્રવ્ય-દ્રવ્ય** કહી શકાય, અથવા તે ત્રિપ્રદેશાદિ જે સ્કંધો છે, તેમાં ભેદ થવાથી પરમાણુરૂપ અથવા દ્વયણુકાદિરૂપ જે સ્કંધો થાય તે પણ **દ્રવ્ય-દ્રવ્ય** કહેવાય, **ભાષ્યકાર** મહારાજાએ ' यद् द्रव्यतो द्रव्यम् ' એ વાકયમાં **દ્રવ્યતઃ** એમાં तस् પ્રત્યય લગાડયો છે તે સહેતુક છે, **ઘણા પરમાણુ આદિનો સંઘાત થવા વડે જે દ્રવ્ય થાય એને દ્રવ્ય-દ્રવ્ય** કહેવાય. તેમાં तस् પ્રત્યયનો અર્થ તૃતીયા વિભક્તિમાં કરવાનો છે. અને દ્વયણુકાદિ સ્કંધોમાં ભેદ થવાથી જે પરમાણુ-દ્વયણુકાદિ દ્રવ્યો બને અને **દ્રવ્ય-દ્રવ્ય કહેવાય.** તેમાં तस् પ્રત્યયનો અર્થ પંચમી વિભક્તિમાં કરવાનો છે, અને तस् પ્રત્યય દરેક વિભક્તિમાં વપરાય છે, તે તો વ્યાકરણમાં સુપ્રસિદ્ધ છે.

આવા પ્રકારનું **દ્રવ્ય-દ્રવ્ય** તે પુદ્ગલદ્રવ્ય જ હોય, પરંતુ ધર્માસ્તિકાયાદિમાં આવું દ્રવ્ય-દ્રવ્યપણું ઘટી શકે જ નહિં, કારણ કે ઘણા પરમાણુ આદિ પુદ્ગલ દ્રવ્યો મળીને અથવા ત્રિપ્રદેશાદિ સ્કંધ ભેદ થવાથી જેમ અન્ય પુદ્ગલ દ્રવ્ય થાય છે, તે પ્રમાણે અન્ય દ્રવ્ય મળીને

**ધર્માદિ દ્રવ્યોની નિષ્પત્તિ કોઈ કાળમાં થતી નથી.**

પુદ્‌ગલ-દ્રવ્યોમાં ઉપર જણાવ્યા મુજબ દ્રવ્યથી અન્ય દ્રવ્યોની ઉત્પત્તિ યોગ્ય છે. તે વાત **ભાષ્યકાર** મહારાજ અણવઃ ઇત્યાદિ પદોથી જણાવે છે. અર્થાત્ પરમાણુઓ અને સ્કંધો તે સંઘાત અને ભેદથી ઉત્પન્ન થવાના છે, જેથી સવિસ્તર હકીકત પાંચમા અધ્યાયમાં अणवः स्कंधाश्च (सू. २५) संघात–भेदाभ्यां उत्पद्यन्ते (५–२६) એ સૂત્રમાં કહેવામાં આવશે. અર્થાત્ સંઘાતથી સ્કંધો થાય અને ભેદથી અણુઓ થાય તે બાબત આગળ કહેવામાં આવશે.

અહિં **ટીકાકાર** મહારાજાએ ભેદથી અણુઓ થવાનું જણાવ્યું તે બરાબર છે. પરંતુ સ્કંધમાં કેવળ સંઘાત શા માટે લીધો? એ શંકા જરૂર થશે! કારણ કે **સ્કંધ તો સંઘાત અને ભેદથી–બંનેથી થવાનો છે.** પાંચ પરમાણુઓનો સંઘાત થવાથી પંચપ્રદેશી સ્કંધ થાય, તે પ્રમાણે પંચપ્રદેશી સ્કંધમાં ભેદ થવાથી દ્વિપ્રદેશી અને એક ત્રિપ્રદેશી એવા બે સ્કંધો થઈ શકે છે. આમ હોવા છતાં ટીકાકારે संघातात् स्कंधाः એમ શા માટે લખ્યું? संघात–भेदाभ्यां स्कंधाः એમ શા માટે ન લખ્યું?

આ શંકાના સમાધાનમાં સમજવું જોઇએ કે–ભલે! ભેદથી ઉપર જણાવ્યા મુજબ સ્કંધ થતા હોય, પરંતુ ભેદ થવા છતાં સંઘાતપણું હોય તો જ સ્કંધો બની શકે. જેમ કે પાંચ–પ્રદેશી સ્કંધમાં ભેદ થવાથી એક–દ્વિપ્રદેશી, એક–ત્રિપ્રદેશી–એમ બે સ્કંધ થયા, તો પણ તે બે પ્રદેશો તેમજ ત્રણ પ્રદેશોનો સંઘાત તો અંદર રહેલો જ છે, જો તે બે પ્રદેશો અને ત્રણ પ્રદેશોમાં સંઘાત–પરિણામ અંશે પણ ન હોય તો કોઈ દિવસ દ્વિપ્રદેશી તેમજ ત્રિપ્રદેશી સ્કંધો બની શકે જ નહિ, એટલે કે ભેદ છતાં પણ સંઘાતત્વ હોય તો જ સ્કંધત્વ છે. એ વ્યાપ્તિ જાળવવા માટે ટીકાકાર મહારાજાએ संघात–भेदाभ्यां એમ ન કહેતાં संघातात् स्कंधः એમ કહ્યું હોય તે વ્યાજબી લાગે છે.

## ધ્યાનમાં રાખવા જેવી હ...કી...ક...ત

(શ્રી સિદ્ધચક્ર વર્ષ ૨. અં. ૨૦ પૃ. ૪૬૯ માંથી)

**પ્રશ્ન**—સાત ક્ષેત્ર કયાં અને તેમાં ધન વ્યય કરવા માટે સાધુઓ ઉપદેશ આપે કે આદેશ કરી શકે?

**સમાધાન**—જિનમંદિર, જિનમૂર્તિ, જ્ઞાન અને ચતુર્વિધ સંઘ (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) એ સાત ક્ષેત્રો છે.

જૂના ચૈત્યોનો ઉદ્ધાર કરવો કે નવાં ચૈત્યો બનાવવાં તે **ચૈત્ય ક્ષેત્ર** કહેવાય. ચૈત્ય અને મૂર્તિ એ બંનેને માટે વપરાતું દ્રવ્ય તે બેય ક્ષેત્રમાં સરખાવટ હોવાથી પરસ્પર વાપરી શકાય છે. અને તેથી જ દેવ દ્રવ્યની વ્યાખ્યા કરતી વખતે શાસ્ત્રકારો ચૈત્ય, દ્રવ્ય, દેવદ્રવ્ય જિનદ્રવ્ય વિગેરે ઉભય સાધારણ શબ્દો વાપરે છે.

જોકે ચૈત્ય અને મૂર્તિ એ બંને સંબંધી દ્રવ્યને દેવદ્રવ્ય કહેવાય છે અને તેથી તે બંનેનું ક્ષેત્ર એક જ કરીને દેવ એવું ક્ષેત્ર કર્યું હોત તો ચાલી શકત. પણ ચૈત્ય અને મૂર્તિના ક્ષેત્રમાં સ્વતંત્ર ખર્ચ કરવાની યોગ્યતાની અપેક્ષાએ તે બે ક્ષેત્રો જુદાં રાખ્યાં છે.

વળી દરેક શ્રાવકે સો સોનૈયા જેટલી પોતાની મિલકત થાય ત્યારે પોતાના ઘરમાં દહેરાસર કરવું જ જોઈએ. એ વાતનો ખ્યાલ પણ **ચૈત્યક્ષેત્ર** જુદું રાખવાથી આવી શકે છે.

વળી ભગવાનની ત્રિકાળપૂજા કરવાવાળો શ્રાવક પોતાના દ્રવ્યનો દેવદ્રવ્યમાં ઉપયોગ કરે છે એવો ખ્યાલ પણ **મૂર્તિ** નામનું ક્ષેત્ર જુદું રાખવાથી આવી શકે છે.

ભગવાનના શાસનનો પૂરો આધાર જીવા-જીવાદિ તત્ત્વોના જ્ઞાન પર હોઈ પુસ્તકોનો ઉદ્ધાર કરવો, લખાવવાં કે સાચવવાં વિગેરેને અંગે થતો વ્યય જરૂરી હોઈ **જ્ઞાન** નામનું ક્ષેત્ર જુદું રાખેલું છે.

આ ત્રણે ક્ષેત્રો (ચૈત્ય, મૂર્તિ અને જ્ઞાન) માં નવીન ઉત્પત્તિ જૂનાની સંભાળ કે જીર્ણનો ઉદ્ધાર કરાય તે યોગ્ય ગણાય છે.

તેવી જ રીતે ચતુર્વિધ સંઘને અંગે સાધુ, સાધ્વી, નવી દીક્ષાઓ દીક્ષિતોને અશન પાન, ખાદિમ વસ્ત્રપાત્ર, કંબલ, ઔષધ આદિનું દાન વિગેરે કરાય. તે સર્વ સાધુ સાધ્વીના ક્ષેત્રમાં વ્યય થયો સમજવો.

તેવી જ રીતે શ્રાવક-શ્રાવિકાને ધર્મ પમાડવો, ધર્મમાં સ્થિર કરવા. અને અન્ય લોકો પણ ધર્મની અનુમોદના કરે તેવી રીતે તેઓની ભક્તિ કરવામાં જે ધનનો વ્યય થાય તે શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રમાં ધનનો વ્યય ગણવો.

સાધ્વી અને શ્રાવિકા, અનુક્રમે સર્વ વિરતિ અને દેશ વિરતિવાળી છતાં પણ સ્ત્રીપણાના કેટલાક સ્વાભાવિક દોષોને લીધે તેના તે અવગુણો તરફ દૃષ્ટિ જાય અને તેના સર્વવિરતિ–દેશવિરતિ ગુણો તરફ બહુમાનની નજર ન રહે તેવો અવિવેક ટાળવા માટે સાધ્વી અને શ્રાવિકાનું ક્ષેત્ર જુદું ગણવાની જરૂર પડી છે.

ઉપર જણાવેલાં સાતે ક્ષેત્રોમાં ધન વ્યય કરવા માટે ઉપદેશ દેવો એ દરેક ઉપદેશકનું કર્તવ્ય છે, યાદ રાખવું કે એક પણ ક્ષેત્રના ભોગે કોઇને પોષવાનો ઉપદેશ અપાય તો તે ઉપદેશ શાસ્ત્રાનુસારી કહી શકાય નહિ, પદાર્થના નિરૂપણમાં જેમ એક પણ ધર્મને ઓળવે તો તે નયાભાસનો ઉપદેશ કહેવાય છે, એક ધર્મની પ્રધાનતાએ અપાતો ઉપદેશ નયમાર્ગનો ઉપદેશ કહેવાય છે, પણ સર્વ ધર્મોની અપેક્ષા રાખીને અપાતો ઉપદેશ જ યથાર્થ ઉપદેશ કહેવાય છે. તેવી રીતે સર્વ ક્ષેત્રની અપેક્ષાવાળો ઉપદેશ જ યથાર્થ ઉપદેશ કહેવાય.

જૈનશાસ્ત્રમાં અખિલ કાર્યો ભવ્યજીવોએ પોતાની ઇચ્છાથી જ કરવાનાં છે. માટે જ વંદના સરખા કાર્યમાં પણ શાસ્ત્રકારોએ **ઇચ્છાકારેણનો** પાઠ રાખી **ઇચ્છાકાર** નામની સામાચારી સૂચવી મુખ્યતાએ બળાત્કારને સ્થાન નથી એમ જણાવેલું છે, તો પછી સાત ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા માટે આજ્ઞા ન હોય તે સ્વાભાવિક જ છે.

卐 શ્રી વર્ધમાન સ્વામિને નમઃ 卐

# આગમ જ્યોત


વીર નિ. સં. ૨૫૦૨ ✻ વર્ષ ૧૧

વિક્રમ સં. ૨૦૩૨ ✻ પુસ્તક ૨


## જિનશાસનને ઓળખાવનાર રત્નત્રયી, નવપદ અને ૨૦ સ્થાનકની માર્મિક-સમજુતી

卐

જગતના પ્રાણીઓમાં સૌથી વધુ સમજણ અને વિવેક-બુદ્ધિને ધરાવનાર માનવ-જાતિમાં સામાન્યથી બે વર્ગ જણાય છે.

૧ નાસ્તિક, ૨ આસ્તિક.

જેમાં નાસ્તિક એટલે જે વર્તમાન-કાળના જન્મને પ્રધાન રાખવાથી ઉપજતી ભોગ-વિલાસપ્રધાન વૃત્તિને કારણે પરલોકચારી આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક અને મોક્ષ જેવા અતીન્દ્રિય અધ્યાત્મ પ્રધાન તત્ત્વોને અ-માન્ય રાખે તે.

આસ્તિક એટલે શાશ્વત, સનાતન, નિત્યા-નિત્ય આત્મ-તત્ત્વના સ્વીકારના બળે ઉપજતી અધ્યાત્મ-પ્રધાન દૃષ્ટિથી સંસારની અસારતાને નજર સમક્ષ રાખી વિષમ કર્મના બંધનોમાંથી છુટવા માટે અનંત ઉપકારી જ્ઞાની-ભગવંતોએ ભાખેલા નવતત્ત્વ, રત્નત્રયી, સપ્તભંગી

આદિ આત્મશુદ્ધિમાં પ્રબળ ઉપયોગી અતીન્દ્રિય-વિચારસરણીને પણ માન્ય રાખે તે.

જો કે કેટલાકનું કહેવું સામાન્ય રીતે એમ થાય છે કે-જીવને નહિં માનનાર વર્ગ નાસ્તિકના નામે ઓળખાય અને તેથી જ નાસ્તિકનું સાધ્ય જણાવતાં नास्ति जीवः એમ જણાવવામાં આવે છે, પરંતુ હકીકતમાં પાંચ ઇન્દ્રિયો, મન, વચન અને કાયા, શ્વાસ અને જીવન કે જેને આસ્તિકોમાં પ્રાણના નામે ઓળખાય છે-આ પ્રાણોને ધારણ કરનારાને જીવ તરીકે ગણવામાં આવે છે, તેવા ઇન્દ્રિયાદિક પ્રાણોને અગર તેને ધારણ કરનારને નાસ્તિક-વર્ગ સર્વથા માનતો નથી, એમ કહી શકાય એવું નથી.

કારણ કે નાસ્તિક-વર્ગ પણ પાંચ ભૂતોનો કાયાકારે સમુદાય રૂપે પરિણામ થવાથી જીવ અગર ચેતનની ઉત્પત્તિ માને છે. એટલે સ્હેજે કહેવું જોઇએ કે તેઓ જીવને નથી માનતા, એમ નિઃશંકપણે કહેવું ઉચિત નથી, કેમકે તેઓ પંચ-ભૂતના સમુદાયથી ઉપજતી વિશિષ્ટ-શક્તિને સ્વીકારી પ્રકારાંતરે જીવને વિકૃત રૂપે પણ માને છે! તેમ છતાં નાસ્તિકો પોતે જ नास्ति जीवः એમ બોલે છે, તેનું તત્ત્વ એટલું જ છે કે जीव ધાતુથી ઉણાદિનો अ પ્રત્યય લાવીને અતીતકાળમાં જેણે પ્રાણો ધારણ કર્યા છે, વર્તમાન કાળમાં જે પ્રાણોને ધારણ કરે છે અને ભવિષ્યકાળમાં જે પ્રાણોને ધારણ કરશે તેવો પદાર્થ હોય તેને જીવ કહેવાય. આ રીતે ત્રણે કાળના જીવનને ધારણ કરનાર એવા જીવને માનવા નાસ્તિકો તૈયાર નથી.

વર્ત્તમાનકાળમાં अ પ્રત્યય લાવીને પ્રાણને ધારણ કરે તે જીવ કહેવાય-એવી રીતે જીવનું લક્ષણ કહીને તેવા જીવને માનવાનું નાસ્તિકને ખટકતું નથી.

આ કારણે જ પાંચ ભૂતથી એટલે પાંચ ભૂતથી બનેલા દેહ, ત્યાંથી ઉત્પન્ન થનારી ચેતના દ્વારા જીવને માનનારા અને તે પાંચ

ભૂતના પરિણામ એ જ ચેતના છે એમ માનનારા तज्जीव-तच्छरीरवादी છે, તે અને કેવલ પંચભૂતવાદી એ બન્નેને નાસ્તિક ગણવામાં આવે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પાંચભૂતથી ભિન્નપણે કે અભિન્નપણે જીવ એટલે ચેતનાવાળા પદાર્થને નાસ્તિકો પણ માનતા હોવાથી શાસ્ત્રકારોએ જીવને ન માને તેને નાસ્તિક કહેવો, એવું નાસ્તિકનું લક્ષણ ન રાખતાં પરલોકાદિને ન માને તેને નાસ્તિક કહેવો એમ સ્પષ્ટપણે નાસ્તિકનું લક્ષણ રાખ્યું છે. અને તે જણાવતાં વ્યાકરણ વિગેરે શાસ્ત્રકારોએ પણ પરભવ વિગેરેના અપલાપ કરનારને જ નાસ્તિક તરીકે ગણ્યા છે. અને તેથી નાસ્તિકોનું एतावानेव लोकोऽयं એ વાક્ય તેના મુખ્ય સિદ્ધાંતને સ્પષ્ટ કરનારૂં હોઈ અન્ય-જીવનના અભાવને જણાવી પોતાની નાસ્તિકતા જણાવે છે.

જ્યાં સુધી ભરતખંડમાં (હિન્દુસ્તાનમાં) પાશ્ચાત્ય-હવાનો વિશેષ પ્રચાર ન્હોતો ત્યાં સુધી માત્ર પરલોકને નહિં માનનારા જ નાસ્તિક ગણાતા હતા. પરંતુ યવન, ક્રિશ્ચિયન વિગેરે પાશ્ચાત્ય લોકોના સંસર્ગમાં જ્યારે ભરતક્ષેત્રના લોકો આવ્યા, ત્યારે તે ભરત ક્ષેત્રના લોકોને એક નવો શબ્દ પોતાના વિશેષ આસ્તિક વર્ગને જણાવવા માટે પ્રચલિત કરવો પડ્યો. તે શબ્દ બીજો કોઈ જ નહિં પરંતુ ‘ હિન્દુ ’ શબ્દ છે.

આ હિંદુ શબ્દની ટીકાકારોએ સ્પષ્ટપણે વ્યાખ્યા કરી જણાવેલું છે કે-એક ભવથી બીજે ભવ, બીજે ભવથી ત્રીજે ભવ, એમ જે ઘણા ભવાંતરો કરતો ફરે તે જ આત્મા હિંદુ કહેવાય. અને તેવા અનેક ભવવાળા આત્માઓને માનનારાઓનું જે સ્થાન તે હિન્દુસ્થાન એમ નક્કી કરવામાં આવ્યું.

**અર્થાત્ પાશ્ચાત્ય લોકો ભવાંતર નથી માનતા** અને તેથી નાસ્તિકમાં ગણાય એમ નથી, તેઓ વર્તમાન જીંદગીની પછી બ્હેસ્ત અગર દોઝખમાં જવાનું માની બીજી જીંદગી તો માને છે, પરંતુ તે દોઝખ કે બ્હેસ્તમાંથી જીવને નીકળવાનું અગર ત્યાંથી નીકળીને બીજે અવતાર લેવાનું તે પાશ્ચાત્ય લોકો માનતા નથી. એટલે બારીક દૃષ્ટિએ વિચારતાં નાસ્તિકો અને પાશ્ચાત્યોમાં વધારે ફરક દેખી શકાતો નથી.

પરંતુ હિન્દુસ્તાનમાં રહેલો ન્હાય તો વૈદિક હો! સાંખ્ય હો! યોગ હો! વૈશેષિક હો! નૈયાયિક હો! બૌદ્ધ હો કે જૈન હો! એ સર્વ એક જ ભવને નહિં, પરંતુ અનેક ભવના પર્યટનને એટલે **આત્માના હિણ્ડનને** માનનારા છે. અને તેથી જ તે સર્વ હિન્દુ તરીકે ગણાયા છે અને તેમના સ્થાનને **હિન્દુસ્થાન** તરીકેની પ્રસિદ્ધિ મળી.

કેટલાકોની માન્યતા પ્રમાણે સિન્ધુના નામને આગળ કરીને **સિન્ધુનું સ્થાન તે હિન્દુસ્થાન** એમ કેટલોક વિપર્યાસ કરીને કહેવામાં આવે છે, પરંતુ નથી તો **હિન્દુસ્થાનમાં સિન્ધુની વ્યાપકતા** કે જેથી આખા દેશને **સિન્ધુસ્થાન** તરીકે કોઈ ઓળખવા તૈયાર થાય. તેમજ **સિન્ધુ** સિવાય બીજે રસ્તે પાશ્ચાત્યોની સાથે પૂર્વ-કાળમાં વ્યવહાર ન્હોતો એમ પણ કહી શકાય તેમ નથી.

**ભરૂચ, સુરત, કોંકણ** અને **મદ્રાસના** બંદરો **આફ્રિકા** અને **ઈરાનની** સાથે ઘણા પૂર્વકાળથી સીધા વ્યવહારો કરવાના સ્થાન હતા તેમાં બે મત છે નહિં અને થઈ શકે તેમ પણ નથી.

એટલે **અનેક જન્મો ધારણ કરવાવાળા આત્માનું હિન્દુ** એવું નામ હોઇને **તેવા આત્માને માનનારાઓનું સ્થાન** તે **હિન્દુસ્થાન** એમ ગણવામાં આવે તો જ **આખું હિન્દુસ્થાન**

**પાશ્ચાત્યના સર્વ લોકને માટે હિન્દુસ્થાન તરીકે ખરી રીતે ઓળખવામાં આવે.**

હિન્દુસ્થાનમાં જે આસ્તિક વર્ગ છે, તે સર્વ વિશેષ–વિભાગમાં જો કે ઘણી જ ભિન્નતા ધરાવનારો છે, છતાં દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વોમાં કોઈ પણ આસ્તિક વર્ગ જુદો પડતો નથી. એટલે કહેવું જોઈએ કે સામાન્ય રીતે દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણે તત્ત્વોની માન્યતા કરવી તે આસ્તિકને માટે, હિન્દુને માટે અને કોઈપણ ધર્મને માનનારા માટે પ્રથમ નંબરે જરૂરીયાતવાળી ચીજ છે.

વાચકવર્ગ જગત્‌ના આસ્તિકો તરફ દૃષ્ટિ કરશે તો તેને સ્પષ્ટપણે માલમ પડશે કે દરેક આસ્તિક વર્ગ દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વરૂપ તત્ત્વ-ત્રયીને માને છે. એટલું જ નહિં, પરંતુ તે દેવ, ગુરૂ અને ધર્મ તત્ત્વને દરેક આસ્તિક મોક્ષના સાધન તરીકે જ માને છે.

એટલે સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો જૈનદૃષ્ટિએ કોઈપણ જીવ જો અભવ્યપણામાં હોય તો તે આસ્તિકની માન્યતા ધરાવી શકે જ નહિં, એટલે મોક્ષને સાધ્ય તરીકે માનવા અને તે મોક્ષના સાધન તરીકે તે દેવ, ગુરૂ અને ધર્મને માનવા માટે તે અભવ્ય જીવ હોય તો તૈયાર થાય જ નહિં.

જો કે કુળાચારે આસ્તિકતાને ધારણ કરનારા મનુષ્યો સાચા અગર ખોટા દેવ, ગુરૂ અને ધર્મ તત્ત્વને માને અને આરાધે એમાં કોઈથી ના કહી શકાય તેમ નથી, પરંતુ પરમનિર્વાણ અને મહોદયરૂપે જાહેર થયેલા એવા મોક્ષને મેળવવા માટે તો દેવ, ગુરૂ અને ધર્મની આરાધના ભવ્ય જીવ જ કરી શકે. આ હકીકત ન સમજાય તેવી નથી.

વાચકોએ યાદ રાખવું કે આસ્તિક વર્ગમાં ગણાતા સર્વ ઇતર દર્શનકારો અને મતવાળા કુદેવ, કુગુરૂ અને કુધર્મને માનનારા હોય

છે, છતાં પણ તેઓ તે કુદેવ, કુગુરૂ અને કુધર્મને કુદેવ, કુગુરૂ અને કુધર્મ તરીકે તો માનતા નથી જ, પરંતુ તેઓ તેને સુદેવ, સુગુરૂ અને સુધર્મ તરીકે જ માને છે, અર્થાત્ દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વની માન્યતા તો દરેક આસ્તિકમાં પ્રવર્તેલી છે, અને તેથી જૈનજનતા દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણને તત્ત્વ તરીકે માની તત્ત્વત્રયીની માન્યતામાં દૃઢ થાય, એમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી.

આવી રીતે આસ્તિક વર્ગ, હિન્દુવર્ગ અગર જૈનવર્ગ તરીકે દેવ, ગુરૂ અને ધર્મની માન્યતા થાય અને તેથી જૈન જનતાનો વર્ગ તત્ત્વત્રયીને માનનારો બને તેમાં આશ્ચર્ય નથી, પરંતુ ભદ્રિક-જીવો પાપના ભેદોને ન સમજવાથી પાપના હિંસાદિક કાર્યો કરવાવાળા થયા છતાં હું પાપને કરતો નથી એવી માન્યતા ધરાવે છે, અને આ વાત ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારોએ પણ સામાયિકપ્રતિજ્ઞા અને મહાવ્રતપ્રતિજ્ઞા જુદી રાખી હોય તો તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી.

ચાલુ પ્રકરણમાં પણ દરેક આસ્તિક દેવને માનવામાં આનાકાની ન કરે, ગુરૂની સેવામાં આનાકાની ન કરે, ધર્મ એ આચરવા લાયક છે એમ માનવામાં વિરૂદ્ધ મત ન ધરાવે, પરંતુ દેવશબ્દ કોને લાગુ કરવો? ગુરૂ શબ્દ કોને લાગુ કરવો? અને ધર્મ શબ્દ કોને લાગુ કરવો? અને તેની માન્યતા, સેવા અને આરાધના કેવી રીતે કરવી? તેમાં ઘણો જ તીવ્ર મતભેદ જણાય છે.

આપણે અહિં જોઈ શકીએ છીએ કે જગતમાં પ્રવર્ત્તતા મતોમાં દેવવિશેષના નિર્દેશમાં જ પહેલો મતભેદ પડે છે અને તે દેવવિશેષના મતભેદને અનુસરીને ગુરૂવિશેષમાં અને ધર્મવિશેષમાં મત ભેદ પડે છે, અને તેથી જુદા–જુદા મતો પ્રચલિત થયા છે અને થાય છે, એટલે કહેવું જોઈએ કે દેવ, ગુરૂ અને ધર્મરૂપી તત્ત્વત્રયીને અંગે કોઇપણ આસ્તિક, હિન્દુ કે જૈનમાં મતભેદ નથી, પરંતુ તે દેવ, ગુરૂ અને ધર્મના નામે કોને કોને ઓળખવા? એમાં જ મતભેદ પડયો છે અને પડે છે.

આ ઉપર જણાવેલા મતભેદનું નિરાકરણ કરવા માટે અને આત્માના વિશેષ કલ્યાણ માટે **નવપદની** અત્યંત આવશ્યક્તા થાય છે, કેમકે **અરિહંત અને સિદ્ધ એ રૂપી** બે પદોમાં વર્ત્તતા જીવો જ દેવરૂપે ગણાય. **આચાર્ય**, ઉપાધ્યાય અને **સાધુ** એ ત્રણ પદમાં વર્ત્તતા જ જીવો ગુરૂ તરીકે જ ગણી શકાય. અને **સમ્યગ્-દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની** આચરણાને જ ધર્મ તરીકે ગણી શકાય. અને એમ થાય તો જ સાચા દેવ, સાચા ગુરૂ અને સાચો ધર્મ માનવાને માટે આપણે ભાગ્યશાળી થઈએ.

ઉપરની હકીકત ધ્યાનમાં લેવાવાળો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે નવપદને ધ્યાનમાં લીધા સિવાય જૈનધર્મને અનુસરતી દેવાદિ તત્ત્વત્રયીને કોઈપણ માની શકે નહિં, અને અર્હદાદિમાં બેને દેવ, ત્રણને ગુરૂ અને ચારને ધર્મ તરીકે માને તો જ તે સુદેવને સુદેવ તરીકે, સુગુરૂને સુગુરૂ તરીકે અને સુધર્મને સુધર્મ તરીકે માનનારો કહી શકાય.

પરંતુ જેઓ અરિહંત અને સિદ્ધપદમાં નહિં રહેલાને દેવ તરીકે માનતા હોય, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુપદમાં નહિં રહેલાને ગુરૂ તરીકે માનતા હોય તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર અને સમ્યક્તપ સિવાયના ધર્મને ધર્મ તરીકે માનતા હોય તો તે મનુષ્યો કુદેવ, કુગુરૂ અને કુધર્મને સુદેવ, સુગુરૂ અને સુધર્મ તરીકે માને છે એમ કહી શકાય.

એટલે એ વાત સ્પષ્ટ થઈ કે-સમ્યક્ત્વની નીસરણીમાં ચઢેલો મનુષ્ય સામાન્ય દેવ, ગુરૂ અને ધર્મ તત્ત્વને નામથી માનવામાં જ રહે-એમ બને નહિં, પરંતુ તે તો નવપદના ત્રણ વિભાગ કરીને તેમાંના બે વિભાગને દેવ તરીકે, ત્રણ વિભાગને ગુરૂ તરીકે અને છેવટના ચાર વિભાગને ધર્મ તરીકે માનવા તૈયાર થાય.

આ રીતે દેવાદિ તત્ત્વત્રયી અને નવપદીની ઉપયોગિતાનું

પૃથક્કરણ કર્યા પછી વીશ સ્થાનકનો આરાધનામાં શો સંબંધ છે? તે વિચારવાની આવશ્યક્તા ઓછી નથી.

વાચકવર્ગે ધ્યાનમાં રાખવું કે શાસ્ત્રકારોએ મોક્ષ પામનારા જીવોમાં ત્રણ વર્ગ પાડેલા છે. એક **તીર્થંકરનો** વર્ગ, બીજો **ગણધરનો** વર્ગ અને ત્રીજો તે તીર્થંકર અને ગણધર સિવાયનો **સર્વ મોક્ષે જવાવાળો** વર્ગ.

આ ઉપર જણાવેલા ત્રણ વર્ગો કેવળ તે મોક્ષે જવાના ભવમાં જ કરાતી ક્રિયાની ભિન્નતાને લીધે જુદા પડે તેમ નથી, પરંતુ તે ત્રણે વર્ગો મુખ્યતાએ તે મોક્ષ પામવાના ભવની પહેલાંના ભવોમાં કરાતી ભાવના અને પ્રવૃત્તિની ભિન્નતાને આધારે જ જુદા પડે છે.

તેમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને અંગે જેમ શાસ્ત્રકારોએ મૂલ સૂત્ર નિર્યુક્તિ અને ભાષ્ય વિગેરેમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે-

"તે જીવ તીર્થંકર થઇ શકે કે જે જીવે તીર્થંકરપણાના ભવથી પાછળના ત્રીજા ભવે બે કાર્યો જરૂર કર્યાં હોય.

એક તો પાછળના ત્રીજા ભવમાં અરિહંતાદિક વીશ સ્થાનકોમાંના એક, બે અગર સર્વ સ્થાનકો આરાધેલાં હોવાં જોઇએ, અને બીજું કાર્ય પોતાનું સંસારચક્ર ત્રણ ભવોથી અધિકનું જેટલું હોય તે બધું તે ત્રીજા ભવમાં શેષ થાય તેમ કાપી નાખવું જોઇએ, અર્થાત્ તીર્થંકરપણે આવવાવાળા જીવો તીર્થંકરના ભવથી પાછળના ત્રીજા ભવે ત્રણ ભવથી અધિકના સંસારને કાપી નાખનાર હોય, એટલે તીર્થંકરના જીવને ત્રણ ભવથી અધિક સંસારમાં રહેવાનું હોય જ નહિં.

અહિં સમજવું જોઇએ કે તે પાછળના ત્રીજા ભવ પછી સાગરોપમો સુધી પણ તીર્થંકરના જીવો સંસારમાં રાખનારા કર્મોના લીધે રહે છતાં તે તીર્થંકરનો જીવ પોતાના આત્મામાં તેવી યોગ્યતા દાખલ કરે કે જેથી તે સાગરોપમો સુધીના કાળની સ્થિતિવાળા કર્મની હયાતીમાં પણ કોઇપણ પ્રકારે ભવની વૃદ્ધિ કરનારાં કર્મો બાંધે નહિં.

જો કે ભગવાન તીર્થંકરના જીવો ઘણે ભાગે તીર્થંકરનામ કર્મની નિકાચના કર્યા પછી ક્ષાયિક-સમ્યક્ત્વમાં કે ક્ષાયિક જેવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જ વર્ત્તવાવાળા હોય છે, પરંતુ કદાચ તેવા કોઈ જીવને ક્ષાયોપશમિક હોય અને તેણે આયુષ્ય કદાચ નરકનું પ્રથમથી બાંધી લીધેલું હોય અને તેથી તેને અત્યંત અલ્પકાળ મિથ્યાત્વમાં જવાનો પણ કદાચ વખત આવે, તો પણ તે અવસ્થામાં તે તીર્થંકરનો જીવ તેવા કર્મો તો નજ બાંધે કે જેથી ભવની વૃદ્ધિ થવાનું બને.

તીર્થંકર નામ કર્મની નિકાચનાની સાથે થતો પ્રભાવ જણાવીને હવે તીર્થંકર નામ કર્મની નિકાચના કેમ થાય છે? તે વિચારીએ.

વાચકો સારી રીતે સમજી શકે છે કે-જે જે ભવ્યજીવો **સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે તે સર્વે ભવ્યજીવો સમ્યક્ત્વના અનુકંપારૂપ લક્ષણદ્વારા તે સમ્યક્ત્વની સાથે રહેવાવાળી ધર્મના મૂળરૂપ એવી મૈત્રી ભાવનાદ્વારા આખા જગતના સર્વ જીવોને કર્મથી રહિત થઈને મોક્ષે જવાનું ઈચ્છે છે.** એ સ્વાભાવિક જ છે, અને તેથી સમ્યક્ત્વવાળો જીવ ચૌદ રાજલોકના સકળ-જંતુઓની ભાવદયા ચિંતવવાવાળો હોય છે, એમ કહી શકાય છે.

પરંતુ ભવિષ્યમાં તીર્થંકર, ગણધર અને મૂક કેવળી થનારા જીવો જગતના જીવોની મુક્તિ માટે અને પોતાની મુક્તિ માટે કેવા વિચારો કરે છે? તે ખરેખર સમજવા જેવું છે.

**ભગવાન તીર્થંકરનો જીવ** જગતના સર્વ જીવોને ઉદ્ધારવા માટે વિશિષ્ટ આલંબનોને હું સ્થાપનાર થાઉં અને સર્વ જીવોને તે આલંબન જરૂર ઉદ્ધારનારૂં થાય એવા વિચારવાળો હોય છે, અને તેથી જ તેઓ તે ભવમાં અરિહંતાદિક વીશ સ્થાનકો દ્વારા જગતના જીવોને મોક્ષ પ્રત્યે દોરનારા હોય છે, અને તેથી તેવા જીવો ત્રીજા ભવે તીર્થંકરો થાય છે.

અને જેઓ માત્ર પોતાના કુટુંબને જ તેવી રીતે દોરનારા હોય છે, અને તેથી તેવા જીવો ત્રીજા ભવે ગણધરો થાય છે.

પરંતુ જે જીવો જગતના જીવોને કે કુટુંબના જીવોને મોક્ષનું આલંબન દેનારા કે તે દેવાના વિચારમાં લયલીન બનતા નથી, પરંતુ માત્ર પોતાના આત્માના ઉદ્ધારની ઈચ્છા રાખી માત્ર પોતાના જ ઉદ્ધારમાં લયલીન થાય છે. તેઓ ત્રીજે ભવે મૂક કેવળી એટલે સામાન્ય કેવળી થાય છે.

આ ઉપર જણાવેલ હકીકત વિચારતાં સ્પષ્ટપણે માલમ પડશે કે સમ્યક્ત્વની નીસરણીમાં રહેવા માટે જેમ નવપદની આરાધનાની જરૂર છે, તેમ તીર્થંકરપણું મેળવવા માટે, જગતનો ઉદ્ધાર કરવાની ભાવનાની સફળતા કરવા માટે વીશસ્થાનક આરાધવાની જરૂર છે.

માટે તત્ત્વત્રયી, નવપદી અને વિંશતિસ્થાનક એ ત્રણે ઉપયોગી અને ભિન્ન-ભિન્ન સ્વરૂપે આરાધનીય છે એમ સ્પષ્ટ સમજાશે.

---

ધ્યા...ન...માં...રા...ખ...વા...જે...વું !!!

❋

- પરમાર્થવૃત્તિનો ઉદય ધર્મક્રિયાની સફળતાનો પાયો છે.
- સ્વ ના સ્થાને સર્વ જીવોના હિતની ચિંતા અધ્યવસાયની શુદ્ધિનું સૂચક છે.
- ક્ષાયિકસમ્યક્ત્વના ધણી સિદ્ધભગવંતોની સાહજિક કરૂણાની ઓળખાણ વિરલ જીવોને જ થાય છે.




[ આગમિક-તત્ત્વજિજ્ઞાસાને તૃપ્ત કરનાર, પૂજ્ય આગમ-સમ્રાટ્, આગમિક-તત્ત્વોના તલસ્પર્શી વ્યાખ્યાતા, આગમ જ્યોતિર્ધર ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના તાત્ત્વિક વ્યાખ્યાનો આદિ સામગ્રીના સંકલનરૂપે દેવગુરૂ-કૃપાથી છેલ્લા દશ વર્ષથી પ્રકટ થતા "**આગમ જ્યોત**" માં ક્રમ પ્રમાણે ત્રીજા પુસ્તકમાં પૂજ્ય આગમોદ્ધારકશ્રીની તત્ત્વદર્શી દૃષ્ટિથી અપાયેલ છુટક વ્યાખ્યાનો કે લેખો, નિબંધો આદિનું સંકલન વ્યવસ્થિત કરીને રજૂ કરવામાં આવે છે.

પુણ્યવાન વિવેકી આત્માઓ ગીતાર્થ-મુનિ ભગવંતોના ચરણોમાં બેસીને વિવેક દૃષ્ટિની કેળવણી કરી આ વિભાગનું ધીર-ગંભીરપણે વાંચન, મનન કરશે તો આગમિક મહાસાગરના બહુમૂલ્ય વિરલ મોતીઓનો વિશાળ સંગ્રહ જડી આવશે.

વિવેકી-તત્ત્વપ્રેમી આત્માઓ આ વિભાગનો વિવેકદૃષ્ટિથી રસાસ્વાદ લે, તેવા શુભાશયથી પ્રયત્નપૂર્વક તથાવિધ-સામગ્રીનું સંકલન કર્યું છે.

પૂજ્ય આગમધર-મહાપુરુષની અણમોલ પ્રસાદીરૂપ આ વિભાગના ટૂંકા પણ માર્મિક વ્યાખ્યાન આદિનો તાત્ત્વિક-પરિચય મેળવી આગમિક પદાર્થોના અવગાહનનો પુણ્ય લાભ મેળવે. સં.]

# ધર્મમાં સૂક્ષ્મ બુદ્ધિની જરૂર

(૧)

[ વિક્રમ સંવત ૨૦૦૦થી ૨૦૦૬ની સ્થિરતા દરમ્યાન તબિયતની અસ્વસ્થતાએ છુટક આપેલ અનેક વ્યાખ્યાનો પૈકી શ્રી નેમુભાઈની વાડી ગોપીપુરા સુરતમાં જેઠ વદ ૫ ને રવિવારે પૂજ્ય આગમોદ્ધારક દેવશ્રીએ આપેલ વ્યાખ્યાનનો ઉતારો પૂજ્ય આચાર્યશ્રી હેમસાગર સૂરીશ્વર ભગવંતે કરેલ, તે પરથી વ્યવસ્થિત ગોઠવી અહીં રજૂ કરેલ છે. સં.]

सूक्ष्मबुद्धया सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिर्नरैः।
अन्यथा तद्बुद्धयैव तदव्याघातः प्रसज्यते ॥

## આર્યપ્રજાની માન્યતા

શાસ્ત્રકાર મહારાજા આચાર્યદેવ **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ કરતાં થકાં ફરમાવે છે કે—

આ સંસારમાં આર્ય પ્રજા જન્મથી, સંસ્કારથી અને વર્તનથી ધર્મની ઇચ્છાવાળી જ હોય છે.

કોઈપણ આર્ય મનુષ્ય, અધર્મ કરતો હોય તો પણ અધર્મ કરવામાં તે રાજી હોતો નથી, આર્ય મનુષ્ય ધર્મ ઓછો પણ કરે, પરંતુ ઓછો પણ થયેલો ધર્મ હૃદયને સંતોષ આપનારો થાય છે. આવી સમજ–બુદ્ધિને ધરનારો આર્ય મનુષ્ય અધર્મને ખરાબ ગણે અને ધર્મને સારો ગણે જ !

ધર્મ તરફના એના વર્તનથી પોતાનું હિત થતું જાણી ખુશી અને અધર્મ થતો હોય ત્યારે એવાને હૃદયમાં ડંખ કે ગ્લાનિ થયા

સિવાય રહે જ નહિ. ત્યારે વિચારો!!! ધર્મને માનવામાં–ધારવામાં હૃદયને સંતોષ થાય અને અધર્મને માનવામાં–ધારવામાં જ્યારે અસંતોષ રહે ત્યારે જ હૃદયની ખરી સ્થિતિ કયી છે? તે નક્કી થાય!

હૃદયની ખરી સ્થિતિ એ જ ધર્મ પ્રત્યે પ્રેમ અને અધર્મ પ્રત્યે રોષ. આ બે વસ્તુ આર્યપણાને પામેલ દરેક પ્રજામાં નક્કી થઈ જવી જોઈએ. આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે અને તે તરફ પૂરેપૂરૂં લક્ષ્ય આપવાની દરેક સમજુ વર્ગને અત્યંત આવશ્યક્તા છે.

### નકલ કોની નીકળે ?

જ્યારે એક જ પદાર્થની પાછળ અનેકોની પડાપડી હોય–ખરીદી માટે દરોડો પડતો હોય, ત્યારે જ તેની હજારો નકલો નીકળી આવે છે. નકલો કયા પદાર્થની બને? કે જેની કીંમત દુનિયામાં વધારે પ્રમાણમાં હોય.

ધૂળની, માટીની, તાંબાની, પીત્તળની કે લોખંડની નકલો કેમ નીકળતી નથી? કેમકે તેની જગતને બહુ કીંમત નથી. જ્યારે સોનું ચાંદી–હીરા–માણેક–મોતી વિગેરેની ઢગલાબંધ નકલો આજે નીકળી પડી છે, **જે પદાર્થ કીંમતી હોય તેની જ નકલ દુનિયામાં વધુ પ્રવર્તે.** જે પદાર્થની દુનિયામાં કીંમત જ હોતી નથી અગર ઓછી હોય છે તેની નકલ નીકળતી નથી.

હવે આપણે પહેલાં એ નક્કી કરવું છે કે–'**ધર્મ કિંમતી છે કે નહિં?**' જો ધર્મ કિંમતી જ હોય તો જગતમાં તેની નકલ હોય તેમાં નવાઈ જ નથી. અને જો ધર્મ કીંમતી ન હોય તો તેની નકલ પણ હોય નહિ, જ્યારે એકના ભોગે અનેક વસ્તુઓની પ્રાપ્તિ થઈ શકતી હોય ત્યારે સમજવું જોઈએ કે–તે અનેક વસ્તુઓ કરતાં એક જ કીંમતી છે–એમ જરૂર ગણી શકાય.

### ભાગ્યનો જ પ્રતાપ

અહીં જન્મને અંગે વિચારીએ! જન્મ્યો છે તે તો ચોક્કસ. નાસ્તિક હોય કે આસ્તિક હોય પણ જન્મનું સ્થાન પામ્યો છે, તેમાં

તો શક નથી. જન્મ કોનો? જન્મ એ પિતાની પ્રાર્થનાનો, માતાના મનોરથનો કે છોકરાની ઈચ્છાનો?

એટલે કે—શું કોઈ દૂર ઉભેલા સ્વરૂપવાન છોકરાને જોઈ તેવા છોકરા માટે પ્રાર્થના કરી? કે શું માતાએ કોઈ રખડતા છોકરાને જોઈ તેવા છોકરા માટે મનોરથ સેવ્યા? શું કોઈ છોકરાએ પણ હું આવી માને પેટે જન્મું તો સારૂં? આવા જુદા જુદા વિચારોનો અમલ થાય ખરો? આ બધો પ્રતાપ કોનો? કોના પ્રભાવનો? ભાગ્યના પ્રતાપનો જ જન્મ કહી શકાય.

હવે એ ભાગ્યના પ્રભાવમાં આપણી પોતાની સ્થિતિ પોતાપણામાં જ રહે તો માનવ-જન્મની કીંમત આપણને ન જ થાય, જેમ બાદશાહનો શાહજાદો સાહ્યબીમાં જન્મ્યો, સાહ્યબીમાં ઉછર્યો અને સાહ્યબીમાં વર્ત્યો, સુખી પાદશાહના શાહજાદાને દરિદ્રની દશાનો વાસ્તવિક ખ્યાલ ક્યાંથી આવે? જગતની સમગ્ર દૃષ્ટિએ જો જોવામાં આવે—વિચાર કરવામાં આવે તો જ વાસ્તવિક સ્થિતિ સમજી શકાય.

## બાદશાહના શાહજાદાનું દૃષ્ટાંત

એક બાદશાહનો શાહજાદો ખૂબ ખૂબ લાડમાં ઉછરેલ હતો. તે રોજ બપોરે નાસ્તામાં ઘીમાં તળેલા મેંદાના સુંદર-સ્વાદિષ્ટ ખાજાં વાપરે, ક્યારેક ઝરૂખામાં બેસતો અને રસ્તા પરના ભિખારીઓને ઘેર-ઘેર "**દેજો મા-બાપ**" કરી રોટલાના ટુકડા માટે ટળવળતા જોઈ અને દાણાપીઠમાં વેરાયેલ અનાજના દાણા વીણતા કેટલાક ભિખારીઓને જોઈ બોલી ઉઠતો કે—

"આ લોકો આમ શા માટે ઘેર-ઘેર રખડે છે? દાણા વીણવા શા માટે પડાપડી કરે છે? આ લોકો ખાજાં કેમ ખાઈ લેતા નથી? નાહક ધમાલ શા માટે?"

આ સવાલના જવાબમાં હજુરીયા તે શાહજાદાને ખાજાંની વાસ્તવિકતાનો ખ્યાલ શી રીતે આપે?

બાદશાહના શાહજાદાને ગર્ભશ્રીમંતાઈ અને રાજ-સમૃદ્ધિના લાડ-ઉછેરમાં ભિખારીઓની વિષમ સ્થિતિનો ખ્યાલ કયાંથી હોય ?

## મનુષ્યપણાની કિંમત :

બાદશાહનો શાહજાદો જન્મ્યો સુખમાં, ઉછર્યો સુખમાં, અને વર્ત્યો સુખમાં. જેથી તેને બીજાની દરિદ્રતાની કીંમત નથી. તેમ આપણે મનુષ્ય જન્મ પામ્યા છીયે. ઉછર્યા છીયે પણ મનુષ્યપણામાં અને વર્ત્યા પણ મનુષ્યપણામાં, આથી આપણને મનુષ્યપણાની કીંમત નથી સમજાતી ! આપણી જાતની અપેક્ષાએ ચાલીએ તો મનુષ્યજન્મની કીંમત નથી, પરંતુ જ્યારે જગતની દ્રષ્ટિએ ચાલીએ-તપાસીએ ત્યારે જ મનુષ્યભવની વાસ્તવિક કીંમત માલુમ પડે, જ્યાં સુધી આપણે જગતની દ્રષ્ટિએ ન જોઈએ ત્યાં સુધી મનુષ્યભવની કીંમત આપણને ન સમજાય, જેમ ખાવાની મુશ્કેલી બાદશાહના શાહજાદાને માલમ ન જ પડી ! જેનું દ્રષ્ટાંત આપણે પહેલાં વિચારી ગયા છીયે-!!!

તમે જે રીતે જન્મ્યા છો અને હાલ જે સ્થિતિમાં છો, તે જોતાં મનુષ્યભવની કીંમત તમે ન જ સમજી શકો તે-બરાબર છે. એથી તમે સૌ કોઈ પોતાને નહિ જોતાં જગતની દ્રષ્ટિએ જોતાં શીખો.

## જૈન જીવ કોને માને ?

જૈન જીવ શબ્દને કેટલો વ્યાપક માને છે ! અને અજૈન એ જીવ શબ્દને કેટલો સંકુચિત રાખે છે ! અજૈન શું કહેવાના ? કીડી-મકોડા વિગેરે હાલતા-ચાલતા જીવોથી શરૂઆત કરવાના. પૃથ્વી-વાયુ-વનસ્પતિ આદિ કાયોમાં એ જીવ નહિ માની શકે.

તમે જૈન છો, પણ કાળીઆની જોડે ધોળીઆને બાંધો તો વાન નહિ આવે-પણ સાન તો જરૂર આવશે. તેવી રીતે તમે તેમના સંસર્ગમાં રહી હાલતા-ચાલતાને જીવ માની લેવા લાગ્યા. આવી માન્યતાવાળાને જૈન કહેવાય ? એ તો જૈનેતરનુંજ વચન ગણી શકાય. એ તો તેઓજ બોલી શકે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિને

કાઢી નાખી ફક્ત ત્રસ જીવોનેજ જીવ માનવાનું જૈનને કદી પણ પાલવે નહિ. હવે આગળ વધીએ!

જીવ કોને કહેવાય? તો કે – શરીર ધારણ કરવાવાળો માત્ર જીવ. તમોએ કહેવામાં–બોલવામાં જૈનપણું રાખ્યું! પણ જીવની ઓળખમાં જૈનપણું ગુમાવી દીધું છે, એટલે કે–જૈનેતરપણાના વિચારોએ તમારા ઘરમાં સ્થાન મેળવ્યું છે. જેટલા શરીરધારી એટલા જીવ એવું કોઈ દિ' કહ્યું ખરું? જગતના સઘળા જીવોએ કોઈને કોઇ રૂપે શરીર તો ધારણ કરેલાં જ છે.

તમોએ સરસવ જેટલાને જીવ માન્યા પણ મેરૂ જેટલાને ફેંકી દેવાની વાત કરો છો, એક બાજુ જગતની જેટલી ઇંદ્રિયોના જીવો–દેવતા, નારકી, મનુષ્ય, બધાને રાખો અને બીજી બાજુ કંદમૂળાદિ સોયની અણી ઉપર આવે તેટલા રાખો અને જ્ઞાની મહાત્માને પૂછો કે જીવ શામાં વધારે છે?....તો તેઓ કંદમૂળાદિ અનંતકાયમાં જીવ વધારે છે, તેવું જ કહેશે, અને તે કેટલા ગુણા, તો કે– અનંતગુણા, આ બધા મેરૂ જેટલા જીવોને તો તમોએ જીવમાંથી જ બાતલ કરી નાખ્યા.

જૈનેતરો કે જેઓ પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ અને વર્તમાનમાં વિજ્ઞાનથી સિદ્ધ એવી પણ વનસ્પતિને જીવમાંથી કાઢી ફક્ત ત્રસજીવોને જ જીવ માનવા લાગ્યા અને તમે જૈન હોવા છતાં પણ તેમની જ માન્યતામાં રહેવા લાગ્યા, પરંતુ જેટલા શરીરધારી તેટલા બધાને જીવો ગણી શકાય. પણ આ બધું તમને ક્યારે સમજાય? જ્યારે સાચા જૈન બનો ત્યારે.

## જગતની દ્રષ્ટિએ જોતાં શીખો :

આપણે મનુષ્યપણું પામ્યા અને આ બધા જીવો લટકતા રહ્યા, કારણ શું? પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિ–પશુ–પંખી વિગેરે બધાય જીવો છતાં એમને મનુષ્યપણું કેટલી મુશ્કેલીવાળું છે? એ ત્યારે જ સમજાય કે જ્યારે બીજા જીવોનો વિચાર કરતા શીખીએ!

મનુષ્ય પોતાની સ્થિતિમાં રહી અન્ય જીવો તરફ દ્રષ્ટિ સરખી પણ ન કરે તો તેને અન્યની મુશ્કેલીનો ખ્યાલ જ કયાંથી આવે ? માટે જ જગતની દ્રષ્ટિએ દરેક વસ્તુનો ખ્યાલ કરવો જોઇએ, અને એમ બને તો જ વાસ્તવિક સ્થિતિ સમજી શકાય.

## ધર્મ એ મહાન કીંમતી ચીજ :

પરંતુ એ મનુષ્યપણું મળ્યું કોના પ્રતાપે ? શું આપણે આપણી ઇચ્છાપૂર્વક તેને મેળવ્યું છે ? આપણને મળ્યું અને બીજાને કેમ નથી મળ્યું ? એનો જવાબ એ જ હોઇ શકે કે આપણને મનુષ્યપણું મળ્યું તે આપણા જ પુણ્યના પ્રતાપે.

આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, ઉત્તમ જાતિ, પંચેંદ્રિયપૂર્ણતા, લાંબુ આયુષ્ય અને દેવ ગુરૂ ધર્મનો યોગ-આ બધું શાને આભારી ? કહેવું જ પડશે કે ધર્મને. ત્યારે હવે એ બાબતમાં સ્પષ્ટ કહી શકાય કે- **દરેક ચીજ કરતાં ધર્મ અનેક ગણો કીંમતી છે !** એક ચીજથી અનેક સુખી થાય ત્યારે તે ચીજ કીમતીમાં કીમતી ગણી શકાય. હવે ધર્મ જ્યારે કીમતીમાં કીમતી છે ત્યારે તેની જ પાછળ નકલીનો દરોડો હોય જ, જે માલના ઘણા ગ્રાહકો હોય તેની નકલોનો દરોડો ફાટયા સિવાય રહે પણ નહિ.

ધર્મ આ લોક તેમ જ પરલોકનું સુખ આપે છે. ધર્મ જેમ મોક્ષફલને આપનાર બને છે, તેમ દુનિયાદારીની ચીજો-કંચન-કામિની, કુટુંબ-કબીલો અને કાયાને પણ આપનાર બને છે. દુનિયાની સર્વ સમૃદ્ધિને આપવાની એ તાકાતવાળો હોય છે. આવા ધર્મની પાછળ નકલીઓનો દરોડો હોય એમાં નવાઈ જેવું કાંઇ નથી.

## સાચા ચોકસી બનો :

પરંતુ સાચા ધર્મ અને તેની નકલને ઓળખતાં પ્રથમ શીખવું પડશે. દુનિયાદારીમાં રહેલો શાક પણ તપાસીને લે છે, છતાં ખરાબ નીકળે તો તેને દિવસ બગડે છે. તેવી જ રીતે

ભોજનનું પણ બને છે. **અથાણું બગડે તો વરસ બગડે છે. લગ્ન કરવામાં છેતરાય તો ફક્ત આ ભવ જ બગડે છે. જ્યારે ધર્મ લેતાં ઠગાય તો તેના ભવોભવ બગડે છે.**

ધર્મ કીંમતી માટે જ તેની થપ્પડ પણ કીમતી, એટલે ભવોભવ સુધી યાદ રહી જાય એવી. જે સોદામાં થપ્પડ ખાવાથી વધારે નુકશાની થતી હોય તે સોદામાં વધારે સાવચેતી રાખવી પડે છે. શાક લેવાને માટે બજારમાં સામાન્ય નોકરને મોકલાય છે, દાગીનાની ખરીદી માટે ભાઇને મોકલાય છે અને ઝવેરાતનો વેપાર કરવો હોય તો? તો તો જાતે જવું પડે. કેમકે ત્યાં ઠગાય તો જબરૂં નુકસાન સહન કરવું પડે અને વખતે પેઢી પણ ડુબી જાય–તો પછી જ્યારે તમો આ લોકના કાલ્પનિક–સુખને મેળવવાને માટે આટલી ચોકસાઈ રાખો છો! તો પછી પરલોકના, અવ્યાબાધ સુખને એટલે શાશ્વત સુખના ધામરૂપ મોક્ષનગરીને બતાવનાર ધર્મને મેળવવા માટે કેટલી ચોકસાઇ રાખવી પડશે?

**નકલીઓથી સાવધાન :**

ધર્મ સૌથી વધારે કિંમતી હોવાથી તેની આજે નકલો કરનાર ફુટી નીકળ્યા છે. કયું સાચું કે કયું ખોટું? એ પારખવું આજે સામાન્ય માણસને માટે તો મુશ્કેલ થઈ પડયું છે. સાચા મોતી–માણેકની દુકાનો કરતાં આજે કલચર–માણેકની દુકાનો ઠેર ઠેર નજરે પડે છે. ખોટાનો દરોડો હોય તેથી શું સાચા ઝવેરીએ પોતાનો વેપાર છોડી દેવો? નકલીના દરોડાને દેખી મૂળ વસ્તુને છોડી દેવી? કલચરને જોઇ સાચા મોતીનો ધંધો છોડી દેવો? એવું કદી બને ખરૂં? અને એથી ગભરાઈને કોઈએ વેપાર છોડયો ખરો? કે સાવચેતી વધારી, ઈમીટેશન દેખીને કોઈએ ચોકસીપણું કે ઝવેરીપણું છોડયું નથી. પણ સાવચેતી વધારી છે.

**ધર્મના ફાંટા દેખી દૂર રહેનારાઓને :**

એવી જ રીતે આજે ધર્મના અનેક ફાંટાઓ હોવા છતાં એથી

કંટાળો લાવવો જોઈએ નહિ. પણ પરીક્ષક બની સાચા-ખોટાને પારખતાં શીખવું જોઇએ! 'કોઈ કાંઈ કહે છે, કોઇ કંઈ કહે છે' 'આપણને એમાં ખબર પડે નહિ'-'આપણે ઊંડા ઉતરવું નહિ' અને કોઈ ઠેકાણે જવું પણ નહિ.' આવી જાતના વિચારો કરવામાં આવે તો તેનો શો અર્થ ?

ઈમીટેશન દેખી ઘરનું સાચું ફેંકી દેવું એમ? સાચા-ખોટાની કોને ખબર છે? એવી માન્યતાને ધરનારો કેવો કહેવાય? ઈમીટેશનની પ્રવૃત્તિ દેખી સાચા હીરાને ફેંકી દે એ કેવો ગણાય? જો આપણે તેને મૂર્ખ ગણીએ-અણુસમજુ ગણીએ તો પછી ધર્મના ફાંટા દેખી દૂર રહેનારા અને સત્ય વસ્તુને મેળવવામાં વંચિત રહેનારા કેવી સ્થિતિમાં ગણાય?

**બારીક બુદ્ધિથી ધર્મને તપાસો :**

આ માટે **શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ** ચોકખું જણાવ્યું છે કે- **જેઓને ધર્મની ઈચ્છા હોય તેઓએ ધર્મને બારીક બુદ્ધિથી જોવો.**

બજારમાં શાકના ઢગેઢગ પડયા હોય-તેના ડીંટા પણ પડયા હોય ત્યાં ખરીદી કરતાં દરકાર ન કરીએ તો ચાલે, પણ કીંમતી ચીજની ખરીદી કરતાં દરકાર કર્યા વગર ચાલતું નથી. પરીક્ષા કર્યા વગર આંખ મીંચી કીંમતી ચીજ ખરીદાય? બોર-જાંબુ વિગેરે અંધારામાં ખરીદાય પણ ઝવેરાત-હીરા-મોતી વિગેરે અંધારામાં ખરીદાય? ઝવેરાત ખરીદવા માટે તો આઈ-ગ્લાસ દિવસે પણ રાખવા પડે છે. કેમકે કીંમતી. તેથી પરીક્ષાનો અવકાશ. એવી જ રીતે ધર્મ કીંમતીમાં કીંમતી ચીજ હોવાથી તેને સૂક્ષ્મ દ્રષ્ટિથી જોવાની આજ્ઞા ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીએ ફરમાવી.

**દ્રષ્ટિ-દોષ :**

જેમ સૂર્યને સૂક્ષ્મ દ્દષ્ટિથી જોવાની જરૂર રહેતી નથી, કેમકે તે તો સ્વયં પ્રકાશમાન હોવાથી સર્વત્ર પ્રકાશને ફેલાવે છે, તેમ

ચંદ્ર પણ સ્વયં પ્રકાશિત બને છે. સૂર્ય અને ચંદ્રની પાછળ નકલીના દરોડા નથી. પરંતુ જ્યારે આંખમાં રોગ થયો હોય ત્યારે તે પણ એકથી અધિક દેખાય, તેમ દૃષ્ટિમાં રોગ થાય ત્યારે એકની એક ચીજ અનેક રૂપમાં દેખાય. એટલે જયાં નકલીની ભેળ હોય ત્યાં ખરી વસ્તુ ઓળખવી મુશ્કેલ થઈ પડે છે.

## મૂળ વસ્તુને કદી ન છોડો :

એવી જ રીતે ધર્મનો પ્રકાશ પણ સ્વયં ઓળખાઈ શકે છે, જો કે તેની નકલો કરનાર ઘણા હોય છે, પરંતુ નકલ કરવામાં તેને દંભ અને બનાવટો ઘણી કરવી પડે છે અને એ નકલ કરનારને આડંબરો-ખોટી ધામધૂમો અને ખટપટ અને કાવાદાવાજ કરવાના હોય છે અને તેમાં ભોળા અજ્ઞાન જીવો દીવાના પતંગીયાની માફક ઝડપાય છે. જ્યારે તેઓને સત્ય વસ્તુનું ભાન થાય છે, ત્યારે તેઓ ખરેખરા પોક મૂકીને રડી ઉઠે છે. અને ફરી સામું જોવા કે સાંભળવાની પણ દરકાર કરતા નથી. એટલે ઈમીટેશન નકલ કરનારથી સાવધ રહી ખરા મૂળ ધર્મને નહિ જ છોડવો જોઈએ.

## લડાઈઓ કોની ?

ધર્મ પણ આજે નકલીપણાથી વીંટળાયેલો છે, ત્યારે જ સૂક્ષ્મ બુદ્ધિથી જોવાની આજ્ઞા ફરમાવી છે. જે આર્યપ્રજા ધર્મને સારો અને ઉચ્ચ ગણનારી અને અધર્મને ખરાબ તથા નીચ ગણનારી એ જ આર્ય પ્રજાના સંતાનો આજે ખરા ધર્મને માથે ધૂળ ઉડાડનારા પાકયા છે.

ચોપડીમાં-ઇતિહાસમાં વાંચ્યું હશે કે લડાઈઓ ઘણી થઈ, તેમાં જર, જમીન અને જોરૂની લડાઈ સિવાય બીજું કાંઈ વાંચ્યું છે? ધર્મના ઝઘડા કદી વાંચ્યા છે? મહાભારતનું યુદ્ધ કે રામ-રાવણનું યુદ્ધ કોને આભારી? શું ધર્મ માટે થયેલ છે? ઘણાં યુદ્ધો જગતમાં ખેલાયાં, પણ તે બધા મોટે ભાગે રમા અને રામા માટેના જ હોય છે. ધર્મને માટેનાં હોતાં નથી.

પરંતુ દુનિયાનો સામાન્ય નિયમ છે કે–'**પોતાના છોકરાનો વાંક હોય તો શોકયના છોકરાને માથે નખાય છે.**' એવી જ રીતે આપણામાં પણ એવા કેટલાક ખરા ધર્મથી વંચિત રાખવામાં અને નકલીમાં ભેળવી દેવામાં કાબેલીયતપણું ભોગવી રહ્યા છે. એવાઓ ધર્મનો ધ્વંસ કરનાર હોય છે, એવી બહુરૂપી ટોળીથી જનતાએ સાવધ રહેવા જેવું છે.

દિનપ્રતિદિન–વેપારની–ઘરની અને બીજી ધમાચકડીઓ કે લડાઇઓનો ટોટો નથી, એ લડાઈઓનો હિસાબ નથી, પણ ધર્મમાં મતભેદ પ્રસંગે થતા વિચાર સંઘર્ષોને ધર્મની લડાઇઓ ગણાવે ? કેમકે ધર્મસ્થાન એ તો બોડી બામણીનું ખેતર ! જે આવે તે લણે.

એવી બીજી ઢગલાબંધ લડાઇઓ વાંચતા–સાંભળતા છતાં ધર્મની જ લડાઈ લખી મારે એવાઓનો આશય જનસમૂહને ધર્મ રૂચિથી અળગા કરવાનો–ધર્મહીન બનાવવાનો હોય છે. એ સિવાય એમનો ધંધો જ નથી. રમા–રામાની લડાઈ! વેપારની લડાઈ! હક્કની મારામારી વિગેરેની લડાઇ ! પુસ્તકો કેટલાં લખ્યાં ? આ તો દુનિયાની મૂર્ખાઇનો–ભોળપણનો કે અજ્ઞાનતાનો લાભ ઉઠાવવાવાળા ઉઠાવે છે–કહે છે કે ધર્મયુદ્ધ. ધર્મને રસાતાળ પહોંચાડવાનો એ લોકોનો ધર્મને નામે ઠગવાનો રસ્તો છે.

## ધર્મના પડીકાં વેચવાવાળા

આર્ય દેશમાં–આર્ય પ્રજામાં જન્મેલાઓ આ ધર્મ ઉપર કલંક શી રીતે દઈ–સાંભળી કે ચડાવી શકે છે ? લડાઇઓમાં જેનું નામ નિશાન નહિ. લગભગ ચાલીસ મોટી લડાઇઓ થઈ, તેમાં ધર્મની કઈ? કદાચ અનાર્ય પ્રજા ધર્મની ગણે પણ આર્ય પ્રજા કેમ જ કહી શકે ?

આ માટે જ પૂ. આચાર્યશ્રી **હરિભદ્રસૂરિજી** મહારાજને કહેવું પડયું છે કે **ધર્મ કરવાની ઇચ્છાવાળાએ ધર્મને બારીક બુદ્ધિથી જોવો.** ધર્મની ક્રિયા કરવામાં બારીક બુદ્ધિ

રાખવી. અને જો બારીક બુદ્ધિ નહિ રખાશે તો તો એમ થશે કે હું ધર્મ કરૂં છું, પણ વાસ્તવિક તે ધર્મ કરતો નહિ હોય.

આજે એવા ઈમીટેશન ધર્મના પડીકા વેચવાવાળા ઘણા નીકળ્યા છે અને ફરમાવી રહ્યા છે કે— **"જાઓ તમે ધર્મી! જાઓ તમે અધર્મી!"** સર્ટિફીકેટ આપતાં પહેલાં પોતાની સ્થિતિનો જરા જેટલો પણ ખ્યાલ રખાય તો?

## ઘરના જ સર્ટિફિકેટો દેનારા

સર્ટિફીકેટો દેતાં પહેલાં પરીક્ષા પસાર કરવી પડે છે, તો ધર્મી-અધર્મીના સર્ટિફીકેટો દેતાં પહેલાં ધર્મના પારંગત થવું પડશે કે નહિં? પરંતુ તેનો જરા જેટલો વિચાર કર્યા વગર આજે ઘરના સર્ટિફીકેટો દેનારા ઘણા નીકળ્યા છે. આવાઓના ફંદામાં ફસાતા આત્માઓ દેખાવમાં તો આરાધક રહેશે પણ સમ્યક્ત્વનો તો નાશ જ થશે!!!

બુદ્ધિ ધર્મની-સમ્યકત્વની-આજ્ઞાની હોય, પણ સૂક્ષ્મબુદ્ધિ ન જળવાય તો કયારેક અજાણતાં પણ આજ્ઞાવિરુદ્ધ વર્તન થઇ જવા પામે!

જેમકે-શાસ્ત્રમાં વૈયાવચ્ચના પ્રસંગે એક ભાવિક શ્રાવકનું દૃષ્ટાન્ત આવે છે-

## તત્ત્વદૃષ્ટિ પર દૃષ્ટાન્ત

કોઈ એક નગરમાં સાધુઓના સંપર્ક અને ઉપદેશ-આદિના શ્રવણથી રંગાયેલ કો'ક ભાવિક શ્રાવકે અભિગ્રહ લીધો કે-"જે કોઈ સાધુ-સાધ્વી અહિં પધારે, તેમાં ગ્લાન સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ ભક્તિનો લાભ લીધા વિના ભોજન નહિ કરું!"

ભાવિ-યોગે વિહાર-ક્રમે સાધુ-સાધ્વીઓ ઘણા પધાર્યા, પણ કોઈ ગ્લાન-માંદા નહિ, એટલે સૂક્ષ્મબુદ્ધિ વિનાનો તે મુગ્ધ શ્રાવક ચાર-છ મહિના પછી મનમાં દુઃખી થવા લાગ્યો અને પોતાની જાતને

અભાગી માનવા લાગ્યો કે–"ઓહ! મને લાભ ન મળ્યો, કોઈ સાધુ–સાધ્વી પધારે ને માંદા પડે તો મને લાભ મળે!"

આ દૃષ્ટાન્તમાં સૂક્ષ્મદૃષ્ટિ–તાત્ત્વિકબુદ્ધિની ગેરહાજરીથી વૈયાવચ્ચની ભાવના દેખાવમાં લાગતી છતાં પણ આરાધ્ય–પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજાઓને માંદા થવા દેવાની અનિષ્ટ ભાવનાને પોષક નિવડી જાય છે.!!!

શાસ્ત્રકારોએ વૈયાવચ્ચને અપ્રતિપાતી રૂપ વિશિષ્ટ ગુણ તરીકે વર્ણવ્યો છે, પણ તે માટે સૂક્ષ્મબુદ્ધિ તો આવશ્યક છે જ!!!

વૈયાવચ્ચ માટે જ્ઞાની ભગવંતોએ જણાવેલ છે કે–

આ જગતમાં ધર્મ આરાધન કરવાના અસંખ્ય માર્ગો છે, અસંખ્ય યોગો છે. એ બધામાં એક જ યોગ એવો છે કે જે માટે જ્ઞાની-મહાત્માઓને પણ ખૂબ ખૂબ લખવું પડ્યું છે. દર્શન–જ્ઞાન અને ચારિત્રના ફળો મેળવેલા કોઈ દિ ફોગટ પણ જાય, દર્શન–આવેલું પણ ચાલ્યું જાય, જ્ઞાન મેળવેલું પણ ઉંધુ પરિણમે, ચારિત્ર આવેલું પણ નાશ પામે, પરંતુ કરેલ વૈયાવચ્ચનું ફળ તો કદીજ અફળ જતું નથી. પણ સૂક્ષ્મબુદ્ધિ–તાત્ત્વિકદૃષ્ટિ વિના આ વૈયાવચ્ચ પણ અનિષ્ટફળ આપનાર નિવડે છે. આ બધું ધ્યાનમાં રાખવું.

**વૈયાવચ્ચ એ મહાન ગુણ :**

કોઈક વખતે શાસ્ત્રોમાં વૈયાવચ્ચના અધિકારમાં તેની ખૂબ પ્રશંસા કરી, તો એમ સમજી લેવાનું નથી કે–જ્ઞાન–ચારિત્ર અને તપની ગૌણતા કરી! જેનો જે વખતે અધિકાર ચાલતો હોય તેને જ ઉદ્દેશીને ખાસ કહેવામાં આવે છે. તમારામાં જેમ લગ્ન વખતે ગીત તો પરણનારના જ ગાવ છો કે બીજાના? તો એ ઉપરથી સમજી લેવાનું નથી કે બીજા ભાઈઓની ગૌણતા કરી! બાકીનાને ઓળવ્યા!

## ભગવાનને કોણ માની શકે?

આ સંબંધમાં ભગવાન **ગૌતમસ્વામીએ** ભગવાન **મહાવીર**

મહારાજને વૈયાવચ્ચ અંગે પૂછતાં ભગવાને કહ્યું છે કે "ગ્લાન-**માંદા સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ કરનારો હોય તેજ મને માનનારો" અને "મને માનનારો હોય તે જરૂર માંદા સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ કરનારો હોય"** આવી રીતે આચાર્ય મહારાજે વૈયાવચ્ચને ઉદ્દેશી ઉપદેશ આપ્યો. એટલે કે બધી વસ્તુઓ પડવાવાળી બની પણ જાય છે, પણ વૈયાવચ્ચ એ એવી વસ્તુ છે કે જે પડે જ નહિ.

ચક્રવર્તી છ ખંડનો માલિક કહેવાય. જેને દેવતાઓ પણ ન જીતી શકે તેટલી બધી તાકાત એ ધરાવતા હોય, પણ તેઓય વૈયાવચ્ચવાળાને જીતી શકયા નહિ. કેમકે બાહુબળી પાંચે યુદ્ધમાં ભરત ચક્રવર્તીને જીતી ગયા છે. એ વસ્તુને સાંભળવાથી પણ વૈયાવચ્ચનું વિશિષ્ટ મહત્ત્વ સમજાય છે.

## વાડાબંધીનું પરિણામ

આજે વાડાબંધીના પરિણામે એ દશા થઈ રહી છે કે-ધર્મની બુદ્ધિ હોવા છતાં પરિણામે ધર્મનો નાશ થાય એવું બની જાય છે, કેમકે નકલીઓનો જ્યાં દરોડો હોય ત્યાં કલચરના તેજમાં અંજાઈ જઈ સાચી વસ્તુને ખોટી માની છોડી દે છે, આથી જ પૂ. આ. શ્રી **હરિભદ્રસૂરિજીએ** વારંવાર કહેવું પડયું કે-"**સર્વ વસ્તુઓના આધાર ભૂતધર્મ છે પણ બુદ્ધિશાળીએ ધર્મને બારીક બુદ્ધિથી પરીક્ષા કરવાની જરૂર છે.**"

હવે ધર્મની બારીક બુદ્ધિથી પરીક્ષા કયારે થાય? ધર્મનું લક્ષણ શું? પરીક્ષા આગમાદિ દ્વારા કેવી રીતે થાય તે હવે પછી

# પાપ કરતાં પાપવૃત્તિની વધુ ભયંકરતા

(૨)

[વિ. સં. ૧૯૯૫ અમદાવાદ સદ્ગુરૂ ભક્ત ધર્મપ્રેમી શેઠશ્રી મોહનલાલ છોટાલાલના ઉજમણા પ્રસંગે પૂ. બહુશ્રુત આગમોદ્ધારક આચાર્ય ભગવંતના વૈ. સુ. ૧૧ના મંગળદિને જૈન સોસાયટી અમદાવાદમાં થયેલ મંગળ પ્રવચનનો ઉતારો પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. પાસેથી મળ્યો છે તે અહિં વ્યવસ્થિત કરી રજુ કરેલ.

ભાવીયોગે આના પાછળના પાનાં ગૂમ થવાથી આ વ્યાખ્યાન અધુરૂં છતાં ખાસ ઉપયોગી ધારી અહીં રજુ કર્યું છે. સં.]

## પાપના દસ મુખ્ય હેતુઓ

**हिंसानृतादयः पञ्च तत्त्वाश्रद्धानमेव च।**
**क्रोधादयश्चत्वारः इति पापस्य हेतवः॥**

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી ધર્મોપદેશ કરતાં બે વસ્તુ જણાવે છે, એક પાપની નિવૃત્તિ અને બીજી ધર્મની પ્રવૃત્તિ. આ બેમાં કઈ વસ્તુ પ્રથમ દૃઢ કરવી?

જૈન શાસનનું તત્ત્વ સમજનારા, જૈનદર્શનનું તત્ત્વ સમજનારા રાગદ્વેષ જીતવા તેને જ તત્ત્વ માને છે. જ્ઞાનાદિકની ઉત્પત્તિ સ્વાભાવિક છે. પણ ક્યારે? રોકનારા કર્મનો નાશ થાય ત્યારે! કેમકે વાદળાં ખસે કે સૂર્યનો પ્રકાશ તૈયાર જ છે. વાયરો સૂર્યના પ્રકાશને બનાવતો નથી, માત્ર વાદળાંને ખસેડે છે. દરેક ધર્માનુષ્ઠાન અછતા જ્ઞાનાદિકને પ્રગટ નથી કરતા; પણ તેની ઉપરનાં કર્મોનાં પડલો ખસેડી નાંખે છે. વાદળાં ખસવાથી સૂર્ય આપોઆપ પ્રકાશિત થાય, તેમ કર્મ પડલ જવાથી આત્મામાં રહેલા સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણો આપોઆપ પ્રગટ થાય છે.

મોહનીય કર્મની અધિક એવી ૬૯ કોડાકોડ સાગરોપમની સ્થિતિ તે યથાપ્રવૃત્તિથી અનુપયોગે–અનાભોગે તોડી નાંખી છે. હું જીવ છું. મને કર્મ લાગેલા છે. તેટલું પણ જ્યાં જ્ઞાન નથી, એવી ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળી અજ્ઞાન દશાની રખડપટ્ટીમાં દુઃખો ભોગવતાં ભોગવતાં ૬૯ સાગરોપમની સ્થિતિ તોડી નાંખી, ભવિતવ્યતા અનુકૂળ હોય ત્યાં કર્મ બાંધવાનાં થોડાં હોય, તોડવાનાં વધારે હોય.

સમ્યક્ત્વ વગરના જીવો કર્મ તોડે થોડાં અને બાંધે વધારે–એ ખરૂં! પણ ભવિતવ્યતાની અનુકૂળતા હોય તેવા મિથ્યાત્વીને પણ કર્મ તોડવાનાં વધારે. નારકીમાં તીવ્ર વેદના હોય તે ભોગવીને જે કર્મો મિથ્યાત્વી તોડે; તે કરતાં મિથ્યાત્વના યોગે બાંધે વધારે.

જે જીવ નારકીનો, તિર્યંચનો, દેવનો કે મનુષ્યનો હોય પણ તે જો સમકિતી હોય તો તેનું ભોગવેલું દુઃખ એળે ન જાય, જ્યારે મિથ્યાત્વીએ દુઃખ ભોગવ્યું તે લગભગ એળે જાય છે. દુઃખ ઉપજાવનાર ઉપર સમકિતીને દ્વેષ ન આવે. અશાતાવેદનીનાં કર્મ બાંધીને આવ્યો. અંતરાય કર્મનો, અશાતાનો ઉદયકાળ અત્યારે વધતો હોય, ત્યારે પેલાને મારવાનું–મારવા લઈ જવાનું મન થાય તો તે વખતે સમકિતીને તે ઉદય ભોગવી લેવાની તૈયારી હોય. એની માન્યતા એ જ હોય કે પેલો નિમિત્ત બન્યો. આપણને અશાતાનો ઉદય ન હોય તો કોઈની તાકાત નથી કે વાંકો વાળ કરી શકે, માટે કોની ઉપર હું દ્વેષ કરું!

તપસ્યામાં, સ્વાધ્યાયમાં મદદ કરનારા, વૈયાવચ્ચમાં મદદ કરનારા ઉપકારી શાથી? નિર્જરામાં સહાય કરનારા હોવાથી ઉપકારી છે. એ પ્રમાણે વેદનીના ઉદય વખતે સમકિતી માને કે આ મનુષ્ય મને અશાતાની નિર્જરામાં સહાય કરનારો છે, સહાય કરનારા પર દ્વેષ કરવો તેનાથી કૃતઘ્ન બીજો કયો? ગુણ થયો તે ભૂલીને દોષ ગણે તે વ્યવહારમાં પણ અનુચિત ગણાય છે. **આ પરિણતિ હોય ત્યાં સમકિત છે!!!**

**શરણાગતનું સર્વસ્વના ભોગે રક્ષણ !**

આવી પરિણતિવાળો સમકિતી હોય છે, તેથી તે કર્મ તોડે વધારે, અને ઓછું કર્મ બાંધે ! મનુષ્યનાં જે દુઃખો, તે દુઃખો–તિર્યંચની અપેક્ષાએ કયી ગણતરીમાં ! પણ નારકી સમકિતી હોય તો પરસ્પર ઘા થાય, મારઝુડ થાય તો પણ તેના આ જ વિચારો ! આપણે મનુષ્ય છીએ. સમ્યક્ત્વમાં કયી સ્થિતિ હોવી જોઈએ ? કર્મના પરિણામોને આગળ કરે. નહીંતર **ચેડા મહારાજ** સરખા બીજાને શરણ આપવા ગયા છે, તે ન બનત !

**હલ્લ–વિહલ્લ** તો ચેડા મહારાજાની છોકરીના છોકરા થાય છે. તેને ચેડા મહારાજ શરણ આપે છે ! શરણ પણ ન્યાયનું હતું. **કોણિકને** તો રાજ્ય આવશે, માટે **હલ્લ–વિહલ્લને** સેચનક હાથી અને દેવતાઈ હાર આપો. એ રીતે બરાબર સમજીને **શ્રેણિક** રાજાએ **હલ્લ-વિહલ્લને** તે આપેલાં છે. તે **કોણિક** ઝુંટવી લેવા માગે છે.

તેથી **હલ્લ–વિહલ્લ, ચેડા** મહારાજાના શરણે આવ્યા છે. ન્યાય-પુરસ્સરનું શરણ છે. તેના રક્ષણમાં ૧૮ ગણરાજા અને ૧૯મા પોતે પણ ઉડી જાય છે. બધાનું ખેદાનમેદાન થઈ ગયું, વિશાલાનો નાશ થયો અને તે પણ જૈન જેવા લોકોત્તર–ધર્મની ભેદક નીતિએ.

**ફૂલવાલુકે** ભેદક નીતિ કરી, **ફૂલવાલુક** એ સાધુ હતો, પણ સ્વચ્છંદી ગુરૂપ્રત્યનીક બની બાહ્ય કઠોર તપસ્યા કરનાર હતો, ભાવી યોગે તેણે શોધી રાખ્યું કે—લડાઈ નહીં જીતવાનું કારણ **શ્રી મુનિસુવ્રતસ્વામિના** સ્તૂપનો જ પ્રભાવ છે, એમ જાણીને ભેખ-ધારી ફૂલવાલુક સાધુ, પ્રભાવનું સ્થાન એવા સ્તૂપનો જ તે નાશ કરાવે, અને તેને લીધે તે ૧૯ ગણરાજાના રાજ્યોનો નાશ થવા પામે ! તે વખતે કયા વિકલ્પો ઉદ્ભવે ?

એમ થાય કે '**બસ ! ન્યાયનો બેલી કોઈ નહિ !**' ન્યાયનું આ પરિણામ છતાં **ચેડા મહારાજાને** તેમાંનો કોઈ જ વિકલ્પ આવતો નથી. કેમ ? **હૈયામાં સમકિત છે.** તેથી જાણે છે કે ન્યાય સાચવતાં ગમે તે નુકશાની આવી હોય તે ન્યાય સાચવવાને

લીધે નહીં પણ બધું કર્મ-સંજોગને આધીન છે.' આ સ્થિતિ આવે તો જ આરાધના થઈ શકે. સમકિતી જીવ ચાહે તેવા ન્યાયના રસ્તે પ્રવર્ત્યો હોય, ચાહે તેવા કષ્ટમાં આવ્યો હોય તો પણ તે પ્રસંગે કર્મ પરિણતિ સિવાય બીજો વિચાર ન કરે. એથી જ **સમકિતી જીવ, કર્મ ઘણું તોડે અને અલ્પ બાંધે.** ગાઢ કર્મ બાંધવાના વખતે આપત્તિથી ઘેરાય ત્યારે અગર તો સુખ વખતે. ટોચે ચડે, તો પણ ઘણા કર્મ બાંધે, અને દુઃખ વખતે કાયર બનનારો, નિર્માલ્ય બનનારો પણ ઘણા કર્મ બાંધે. દુઃખ વખતે સાધ્ય ન છોડે તે માટે **ચેડા** મહારાજનું દૃષ્ટાંત કહ્યું, કહ્યું છે કે-सम्मद्दिट्ठी जीवो जइवि हु० તેને અલ્પ બંધ હોય. હું **જૈન છું.** એમ કહેવા માત્રથી અલ્પ બંધ ન થાય. **જે વખતે પાપની પ્રવૃત્તિ કરે છે, તે વખતે આત્માના સ્વરૂપથી નિરપેક્ષ ન બને તો અલ્પબંધ હોય.**

**પાપ પ્રત્યે ધિક્કાર, એ અમોઘ હથિયાર છે**

'ધિક્કાર' એવી જબરજસ્ત વસ્તુ છે કે-એ હથિયાર શત્રુથી પણ બંધ ન થાય. ૧૮ની સાલમાં જર્મનીને સુલેહનો પ્રસંગ આવ્યો, જર્મનીનું લોહી ઠંડું થયું નથી. હથિયાર બુઠ્ઠાં થયાં નથી, મિત્રો રણાંગણ છોડી ગયા! તેથી સુલેહ કરવાની જરૂર પડે છે. મિત્ર-રાજ્યોએ ભલે કિલ્લા કબજે કર્યા. દેશનો ભાગ કબજે કર્યો હોય, બધું છતાં પણ એક હથિયાર જબરજસ્ત છે, કે મિત્ર રાજ્યોના પડવાથી પણ તે બુઠ્ઠું નહી થઈ શકે કે કબજામાં નહીં લેવાય. તે હથિયાર કયું? દુશ્મનો તરફ ધિક્કારની નજર. **જર્મની** હાર્યું, છતાં **ઈંગ્લાંડ-ફ્રાન્સ** તરફ તેની ધિક્કારની નજર. એ હથિયાર કાબુમાં લેવાય તેવું નથી, તે હથિયારના પ્રતાપે **જર્મન** પ્રજા ફરી લડાઈ લડી શકી!

આ રીતે ગુરૂ મ. વિવેકીને કહે કે—હે, **સમકિતી!** અત્યારે તું મોહના કબજામાં હોવાથી કાયર છે; પરંતુ આ હથિયાર આપું તે બરાબર રાખ? કયું? **પાપ તરફ ધિક્કાર! મોહની ચેષ્ટા-ચાળા-ઉચ્ચારો વિગેરે તરફ ધિક્કારની નજર રાખ!**

**અંતે મોહને મર્યે જ છૂટકો છે! એ નજર રાખીશ એટલે મોહને મોડા-વ્હેલા પણ મર્યે છૂટકો છે!"**

સમકીત દષ્ટિને પાપાચરણ વખતે અલ્પ-બંધનું કારણ ચરવળો, કટાસણું કે ચાંદલો નથી, પણ **મોહ તરફ ધિક્કારની નજર** છે, તેથી જ તે વધારે કર્મ બંધ ન કરે. કર્મ કરતી વખતે તેના મનમાં-**'તે કરવું પડે છે.'** સમકિતી હોય તેની દૃષ્ટિએ કર્મ કરવું પડે છે, અને સમકિતી ન હોય તો તેની દૃષ્ટિ એ હોય કે **કરવું જોઈએ**. કર્મ બંને કરે છે, પણ એ રીતે વિચારમાં ફેર છે,

સમ્યકત્વ ક્યારે વસ્યું ગણાય? **'કરવું પડે છે.'** એ અભિ-પ્રાય હોય તો સમકિતી! એવા સંજોગોમાં આવ્યો કે-**'મારે કરવું પડે છે' કરવું જોઈએ,** એવું માનનારના આત્મામાં ધિક્કારની નજર નથી. એ તો ફરજમાં ગયો. **કરવું જોઈએ** એટલે મારી ફરજ. એક પાપ કરવામાં વેઠ માને છે, અને બીજો પાપ કરવામાં ફરજ માને છે!

આમાં સમકિતીને અલ્પબંધ, બહુ તોડવાનું. આવી પરિણતિને લીધે થોડું પાપ બાંધે. જૈન ચિહ્નને લીધે, જૈન નામ ધારણ કરવાથી પાપથી બચાતું નથી. 'જૈન' એ આલંબનરૂપે ભલે પણ આ પરિણતિ આવી કે **કરવું પડે છે**, તો **અલ્પબંધ, કરવું જોઈએ** તો પોઇંટથી ખસ્યો!!!

## મિથ્યાદૃષ્ટિને અલ્પબંધ, અને વધારે તૂટવાનું ક્યારે?

કહેશો કે સમકિતીને અલ્પબંધ, મિથ્યાત્વીને ઘણો બંધ. તો ૬૯ કોડાકોડ તોડવી શી રીતે! અજ્ઞાનપણે ૬૯ તોડવાનું કહો છો." તો સમજો કે બગીચામાં ૧૦૦ આંબા. બે લીમડા હોય તો પણ આંબાવાડી કહીએ છીએ. જ્યારે ૧૦૦માં નહીં, પણ આ તો અનંતામાં એક. નવું સમ્યકત્વ પામતો જીવ, અનંતા ગણાતા સર્વ જીવોની અપેક્ષાએ એક સમ્યકત્વી હોવાથી તે અનંતામાં એક, એવો એક હજુ આંબાવાડીમાં લીમડારૂપ હોય, છતાં તેને આંબા-

વાડીમાં લેખવાથી તેમ લેનાર જૂઠો ન ગણાય ! તેમ અનંતા મિથ્યાત્વી જીવો તો કર્મો થોડાં તોડે અને વધારે બાંધે જ છે; પરંતુ તેમાં ભવિતવ્યતાના યોગે કોઈ જીવ, પાપ થોડું બાંધનાર અને વધારે તોડનાર હોય છે.

અહીં શંકા કરવાની દરેકને છૂટ છે. **ગૌતમ સ્વામીજી મ.** પણ **से केणट्ठेण भंते एवं वुच्चइ ? પૂ. ભગવાન મહાવીર** મહારાજા જેવા શાસનના પ્રવર્તક, અને **પૂ. શ્રી ગૌતમ સ્વામી** સરખા શ્રવણ કરનાર ! છતાં તેઓ માટે પણ પ્રશ્ન કરવા માટે, પ્રશ્ન સમજવા માટે છૂટ !

બાપે દીકરાને કહ્યું કે બેટા આગથી બળાય. છોકરો કહે કેમ ? તો બાપને ખુલાસો કરવો પડે. તો પુછવાની છૂટ છે. પ્રશ્નની છૂટ તેથી પ્રશ્ન કર્યો. શો પ્રશ્ન ?

પ્રશ્ન એ કે—'કોઈ જગોપર મિથ્યાત્વીને અલ્પબંધ ઘણી નિર્જરા એમ કહેવાયું નથી, અને તમે તેવું કહો છો ! તો માનવું શી રીતે ? તો સમજો કે કેટલાક મિથ્યાત્વીને ઘણી નિર્જરા, અલ્પબંધ પણ હોય.' આપણે તો જ નિગોદમાંથી પંચેન્દ્રિયમાં આવ્યા અજ્ઞાનની દશામાંથી જ્ઞાનની દશામાં તો જ આવ્યા. અન્યથા આપણને સમજણનો વખત ક્યાંથી આવત ?

માનવું જ પડશે કે—શાસ્ત્રકારે જે ગુણની પ્રાપ્તિ કહી છે તે મિથ્યાત્વીને પણ કેટલાકને અલ્પબંધ અને બહુ નિર્જરા માનીએ તો જ ઘટી શકે. પહેલાં ઘણું ભોગવીને ઓછું બાંધે. એમ કરતાં સમ્યક્ત્વાદિક પ્રાપ્ત કરે. આગળ ચઢે તે મોક્ષ પામવાનો, મોક્ષ નામનું તત્ત્વ ત્યારે જ ઘટી શકે, જ્યારે મિથ્યાત્વીપણામાં પણ બંધ થોડો અને નિર્જરા વધારે થાય. તો જ સમ્યક્ત્વની—મોક્ષ—માર્ગની અને મોક્ષની પ્રાપ્તિ થાય. સમ્યક્ત્વ પામતી વખતે એક કોડાકોડી અંદર સ્થિતિ રહે.

## મોક્ષ હેતુ ન કહેતાં મોક્ષ માર્ગ કેમ કહ્યો ?

કહેશો કે "૬૯ની સ્થિતિ તોડી તેમાં મહેનત ન પડી, ને બાકીની માત્ર એક જ કોડાકોડીની સ્થિતિ તોડવામાં શું આટલી મહેનત !" ૬૯ની સ્થિતિ પણ અણસમજથી તોડી ! હવે તો માત્ર ૧માં પણ ઓછી સ્થિતિ તોડવાની છે ! છતાં ૬૯માં કાંઈ નહીં અને બાકીની તોડવામાં તપ–વૈયાવચ્ચ–ચારિત્ર વગેરે આ બધું શું ? પાપ ખસે એટલે આપોઆપ થાય છે. મોહની તૂટે એટલે સમ્યક્ત્વાદિ પ્રાપ્ત થાય છે. વાદળા ખસ્યા કે પ્રકાશ થયો. ૬૯માં તેને તોડવાનું સાધન નહીં. અને છેલ્લી એકને તોડવામાં તે બધા સાધન કેમ ?" તો સમજો કે "ભીંત છે, પાછળ રહેલો પદાર્થ ન દેખાય આટલા ચૂનાનો ભાગ કાઢો ત્યાં સુધી કંઈ ન દેખાય. છેલ્લો ભાગ કાઢો ત્યારે બધું દેખાય. આવરણનો ઘણો ભાગ નિકળે પણ છેવટનું પડ ન નીકળે તો કંઈ ન દેખાય. આંખે બાંધેલા પાટા નીકળવાથી દેખાવાનું હતું, તે નવું ઉત્પન્ન નથી થયું, એમ ૬૯થી અધિક સ્થિતિ તૂટવાનું થાય ત્યારે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર નવું ઉત્પન્ન નથી થતું. હતું તે જાહેર થાય છે. ક્રમ બાંધ્યો છે કે– આટલાં આવરણો જવાથી આ ગુણો પ્રગટ થાય. એ માટે सम्यग्दर्शनज्ञान-चारित्राणि मोक्षमार्गः સમ્યક્ત્વાદિ ગુણોને મોક્ષના માર્ગો કહ્યા, हेतवः હેતુઓ નથી કહ્યા; કર્મ–ક્ષય કરતાં કરતાં આ–માર્ગે ચાલો. એમ કહે છે, આથી હેતુ શબ્દ ન જોડતાં **ઉમાસ્વાતિજી મહારાજે માર્ગ** શબ્દ જોડયો. માર્ગે ચાલવાવાળો ગામ બનાવતો નથી. માર્ગ સિદ્ધ છે.

આટલા કર્મક્ષયથી ઉપશમ શ્રેણિ યાવત્ ક્ષપકશ્રેણિ ધર્મનું પ્રગટ થવું સ્વભાવ સિદ્ધ છે. માટે પાપને રોકવા માટે પ્રયત્ન કરવો. પાપના કમાડ દેતાં પાપ નથી રોકાતું. પાપ–પ્રતિના ધિક્કારપૂર્વક આગળની બીજી પ્રવૃત્તિ થાય ત્યારે રોકાય. પાપના હેતુનો ત્યાગ કરીએ તો પાપ રોકાય.

# શ્રી અરિહંત મ્હોટા
# કે
# શ્રી સિદ્ધ ભગવંત ?

(૩)

[પૂ. બહુશ્રુત-ગીતાર્થ પુરંદર, આગમવાચનાદાયક, જૈન આગમ-મંદિર, સંસ્થાપક ધ્યાનસ્થ, સ્વ. પૂ. આગમોદ્ધારક **આચાર્યદેવશ્રી** એ મોતીસુખીયાની ધર્મશાળા-**પાલીતાણા**માં વિ. સં. ૧૯૯૮ના દ્વિ. જે. સુ. દ્વિ. ૩ ના રોજ આપેલ વ્યાખ્યાન પૂ. **આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ.** પાસેથી લખેલું મળેલ કે જે શ્રી અરિહંત અને સિદ્ધ ભગવંતના સ્વરૂપગત-મહત્ત્વને વિશિષ્ટ રીતે સમજાવનાર હોઈ અહીં સુધારી તત્ત્વ-જિજ્ઞાસુઓના હિતાર્થે રજુ કરાય છે. સં.]

શાસ્ત્રકાર મહારાજા **શ્રી ઉમાસ્વાતિજી મહારાજ** ભવ્ય જીવોના ઉપકારને માટે **પ્રશમરતિ** નામના પ્રકરણમાં આરાધકના અધિકારને આગળ કરી જણાવે છે કે—

આરાધનાનો અધિકાર આગળ શાથી લીધો ? તો તેનું કારણ એમ સમજાય છે કે— શ્રી **ઔપપાતિક** ઉપાંગમાં ઉપપાતોના ભેદો જણાવ્યા, તેમાં દરેકનો છેડો તો જણાવવામાં આવ્યો કે આરાધક છે કે અનારાધક ? બાવીશ ઉપપાતમાં છેડે આરાધક છે કે અનારાધક ? તેમ મુખ્યતા હોવાથી આરાધનાના વિભાગો જણાવતાં સૂત્રકારે સામાન્યથી પરલોકના આરાધક છે કે નહિ તે વિવેચન કર્યું ? પરલોકની આરાધના કયારે બને ? કેવી રીતે બને ? તે **પ્રશમરતિ**માં સ્પષ્ટ જણાવેલ છે. જૈનદર્શનમાં આરાધક થનાર માટે ત્રણ જ આરાધનાઓ સમ્યગદર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક ચારિત્રની.

આ જગા પર સહેજે વિચાર થશે કે ત્રણ જ આરાધના હોય તો પંચપરમેષ્ઠીને નમસ્કાર શું કરવા કરવો ? પંચપરમેષ્ઠી અને ચોવીસ

તીર્થંકર તથા નવપદનો નમસ્કાર તેમાં વિભાગ પાડશો ? આપોઆપ સમજ પડશે કે અરિહંતાદિક જાતિની, ઋષભાદિક વ્યક્તિની, ણમો ણાણસ્સ આદિ પદોથી તપ કરી આરાધના કરાય. છતાં બધામાં અંતરંગ ગુણ તો ઉપરની ત્રણ આરાધના જ છે.

**ભાવ અરિહંતની** પણ આરાધના હોય, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની આરાધના હોય પણ આરાધકના-પરિણામ સમ્યક્ત્વાદિકની પ્રાપ્તિ ઉપર ન હોય તો આરાધકને નિર્જરાનું ફળ મળી શકતું નથી.

વળી **જૈનશાસનમાં ગુણને ઉત્કૃષ્ટ સ્થાન અપાયું છે.** તો સિદ્ધને ઉત્તમ સ્થાન મળવું જોઈએ. પ્રથમ સિદ્ધને પ્રથમ સ્થાન મળવું જોઈએ. સર્વ કરતાં ઉત્કૃષ્ટ અરિહંત છે તેમ ન કહી શકો ! સિદ્ધો આઠ કર્મરહિત છે, અરિહંતો ચાર કર્મરહિત છે. કોઈપણ અરિહંતને આ આર કર્મ ન હોય તેમ ન જ હોય, સિદ્ધ થયેલા અરિહંતને વેદનીયાદિ છે ? સિદ્ધપણા વખતે અરિહંત-પણું તે દ્રવ્ય અરિહંતપણું છે. સિદ્ધપણામાં કર્મનું દળીયું પણ ઉદયમાં ન હોય.

કોઈ પણ કાળે અરિહંતો વિચરતા હોય, ત્યારે ભાવ તીર્થં-કર જિનનામકર્મના ઉદયવાળા જ હોય. તીર્થંકર નામકર્મનો ઉદય સિદ્ધપણામાં ન હોય, સિદ્ધપણામાં તે **દ્રવ્ય તીર્થંકર,** ભૂત-કાળની અપેક્ષાએ દ્રવ્ય તીર્થંકર, ભૂતકાળમાં થયેલો બનાવ, થવાનો બનાવ કારણ હોય તે દ્રવ્ય.. શ્રેણિક તીર્થંકર થવાના તેથી દ્રવ્ય તીર્થંકર, પરિણામી કારણ કોણ હતું ? તો જીવ. જે ભાવ અરિહંત હતા, તે સિદ્ધપણામાં છે ત્યાં પણ દ્રવ્ય અરિહંત કહેવાય, ચૌદમાનો છેડો ન આવે ત્યાં સુધી તીર્થંકર નામકર્મનો ઉદય હોય. સિદ્ધો આઠે કર્મરહિત. એક પણ કર્મ સહિત સિદ્ધ થતો નથી. સિદ્ધ-પણાનું સ્થાન ચડીયાતું છે. તીર્થંકરને ભવોપગ્રાહી કર્મ છે. સિદ્ધો સર્વકર્મરહિત છે છતાં શાસ્ત્રકારે કહ્યું, **શ્રમણ ભગવાન મહાવીર મહારાજા તીર્થંકર-જેમના જેવો કોઈ પણ નહિ.** ણમો અરિહંતાણં કહી સિદ્ધોને બીજા પદમાં મૂક્યા.

અહીં બંને ઉપર શ્રદ્ધાનુસારી ભલે! પ્રશ્ન ન કરે! પરંતુ શ્રદ્ધાનુસારી જરૂર પૂછશે કે આ વસ્તુ યુક્તિથી કહી શકશો ? आणागिज्झो अत्थो શાસ્ત્રકારના વચનથી જ જે અર્થગ્રહણ કરવાનો હોય. નિગોદની અવગાહનાઓ અસંખ્યાતી કહીએ તે વખતે હેતુ–યુક્તિ લાવો. દીવાની જ્યોત આપી શકીએ. અજવાળું રૂપી તેમાં બીજું અજવાળું સમાય છે પણ તે આગળ જઇને પૂછે કે અજવાળામાં વૃદ્ધિ થાય છે તેમ ઓછી અવગાહના–વધારે અવગાહના હોય. ઓછા શરીર વધારે શરીર રહ્યા હોય તેમાં ફેર પાડશો! સૂક્ષ્મના શરીર દ્રષ્ટિ બહાર જઘન્ય–મધ્યમ–ઉત્કૃષ્ટ વિભાગો પણ છે. અવગાહનાના વિભાગો પાડ્યા ત્યાં વિભાગો પાડેલા છે છતાં સૂક્ષ્મ શરીર હોવાથી નિશ્ચિત કરવાનું સાધન મુશ્કેલ છે.

આ વસ્તુ દૃષ્ટાંતથી સમજાવી શકાય તેવી નથી. તેમાં આજ્ઞાથી જ માનવાનું છે. અનંતા જીવો સાબિત કરવામાં યુક્તિ કરી શકે પણ અસંખ્યાતી અવગાહના પડતી હોય તે સાબિત કરવું યુક્તિથી અઘરૂં પડે ત્યાં આજ્ઞા જ માત્ર પ્રમાણ!

એ ઉપરથી એક વાત ધ્યાનમાં રાખવાની–" **જ્યાં હેતુ યુક્તિ-પ્રમાણ દૃષ્ટાંત ચાલે ત્યાં આજ્ઞા આગળ કરે તો વિરાધક, અનુયોગની વિધિનો વિરાધક. આજ્ઞાગ્રાહ્ય આજ્ઞાથી જ સિદ્ધ છે, પણ દૃષ્ટાંતિક–દૃષ્ટાંતથી સિદ્ધ થનારો અર્થ આજ્ઞાગ્રાહ્યમાં ન લઈ જવો.**

પ્રથમ આજ્ઞાસિદ્ધ જણાવી યુક્તિથી આમ સાબિત થાય છે તેમ કહેવું. તેમ ન કહે તો ઈતરથી એકલી આજ્ઞાને આગળ કરે તો અનુયોગની વિધિનો વિરાધક છે.

અરિહંત મહારાજા ચાર કર્મવાળા, સિદ્ધ મહારાજા આઠે કર્મ વગરના, યુક્તિ પુછવાનો હક શ્રદ્ધાનુસારીને છે.

મહાવીર મહારાજા નિરૂપણ કરનારા, ગૌતમ સ્વામી સરખા પૂછનારા, શ્રદ્ધાના નામે યુક્તિનું દેવાળું કાઢે, તો તે જૈનશાસનમાં ન પાલવે. ગૌતમસ્વામીજીને પણ केणठेणं भंते સૂત્રની રચનાનો તે કલ્પ છે. તેમ કહીએ.

કેટલીક વાતો સમજાવતાં પ્રશ્નોત્તર દ્વારા સમજાવીએ તો સભાને સમજવું સહેલું થઈ જાય છે, અમુક અમુક સૂત્ર પ્રશ્નોત્તર રૂપ નથી. આચારાંગ, ઠાણાંગ બધાં પ્રશ્નોત્તર રૂપ નથી, નિરૂપણ રૂપ છે. પ્રશ્નોત્તર રૂપે રચના કરતાં કેટલાક ગ્રંથો રચેલા છે. હેતુ જાણવા માટે શંકા કરવાની, શ્રદ્ધાનુસારીને પણ શંકા કરવાનો હક છે. અરિહંતને પ્રથમ મેલ્યા તેમાં યુક્તિ છે કે નહિ? लद्धट्ठा गहियट्ठा. विणिच्छियट्ठा આદિ સ્થિતિમાં આવવું હોય તો पुच्छियट्ठ ગુરુમહારાજે કહ્યું તે तहत्ति

ગામમાં વ્યાખ્યાન બેસે, શ્રાવક એક સમજુ વૃદ્ધ આવે ત્યારે વ્યાખ્યાન શરૂ થાય. ને શેઠનો જુવાન છોકરો મરી ગયો તે દહાડે ન આવી શકયો. અડધો કલાક થયો. ફલાણા શેઠ નથી આવ્યા. અમે સંભળાવનારા નહિ સાંભળનારા પંચેન્દ્રિય માત્ર છે પણ **વસ્તુ તત્ત્વ સમજે તે શ્રોતા કહેવાય.** શ્રોતા પંચેદ્રિય માત્ર છે તેથી શ્રોતા ન કહેવાય. **તત્ત્વ સમજે તે શ્રોતા** કહેવાય. તે નથી આવ્યો આમ કારણ છે માટે નહિ આવે. સાધુ મહાત્માએ શરૂ કર્યું.

એક રાજા હતો. આમ તેમ ટહેલતો હતો. કીડી દેખી. તેને દેખી એવો રાગ થયો કે તેને કુટુંબ, સ્ત્રી, રાજ્ય ઉપર રાગ ન હતો. તેને સંઘરી, તેને માટે કંદોરો, હાંહડી, કલ્મી કરાવ્યા. અહોહો! મહારાજે નવું કહ્યું. પેલાએ બધું વ્યાખ્યાન સાંભળ્યું છતાં સ્વરૂપ બીજાને પૂછ્યું. આજે તો બહુ સારું સાંભળ્યું. શેઠે વાતનો અનુવાદ કરનારને પૂછ્યું કે કીડી કેવડી હતી? તે નથી પૂછ્યું. બીજે દહાડે શરૂઆતમાં આ વાત પૂછી ખરી! હા. કહ્યું હતું તે કેવડી હતી? શેઠે એ વાતને કાલે ચણો ચાંપી નક્કી કરી છે. આ શ્રોતાની અક્કલ જેવડી, આપ તેવી રીતે હાંકે જાવ તે ઠીક કહેવાય? તે તો અણ-સમજુ ભ્રમમાં નથી પાડયા. કીડી નામની દાસી, તેને દેખી રાગ થયો, તેને રાણી બનાવી, ઘરેણાં બનાવ્યાં હતાં. કીડી કઈ ચીજ છે? તે શ્રોતાએ ન વિચાર્યું. **સમજવું નહીં ને માની લેવું તેનો શો અર્થ! આવી સ્થિતિએ તત્ત્વને ન જાણે.**

મહારાજ કહે તેમાં પુછાય નહિ. શ્રાવકનું સ્વરૂપ પુચ્છિયટ્ઠા અર્થને પૂછે, નિશ્ચય કરે, અકલ ચલાવે, નિશ્ચિત કરી ગ્રહણ કરે, આમ હોવાથી શ્રદ્ધાનુસારી પૂછી શકે કે અરિહંતને પ્રથમ કેમ મૂકયા ? સિદ્ધનું પદ છતાં અરિહંત જેવું નથી. શ્રદ્ધાનુસારીને તે પૂછવાનો હક છે. યુક્તિથી પૂછવું, શ્રદ્ધાનુસારી–તર્કાનુસારી બે પ્રકારના શ્રોતા છે.

निर्देशादि, सत्–संख्या એ બે સૂત્રો જુદા કરવા પડયા.

**તર્કાનુસારી** સત્–સંખ્યાદિક દ્વારો વડે સાબીત કરશો તો જ તે માનશે માટે તેની વ્યાખ્યા જુદી કરવી પડે છે. **શ્રદ્ધાનુસારીને** પણ સમજાવવું જ પડે. શ્રદ્ધાનુસારી ભલે શ્રદ્ધા રાખે ! પણ શકય પદાર્થોમાં હેતુ આદિથી સમજે. માટે અર્ધા કર્મવાળા, અર્ધા ગુણવાળા અરિહંતો છે. સિદ્ધો બમણા ગુણવાળા છે. તેમને નીચે નંબરે કેમ રાખ્યા ! આ પ્રશ્ન જરૂર કરી શકે કેમ ? સિદ્ધ એકલા જૈનશાસને જ માન્યા છે તેમ નથી. મોક્ષે ગયેલા જીવો બીજા મતવાળા પણ માને છે.

णमो अरिहंताणं णमो सिद्धाणं. અરિહંતના શાસનમાં સિદ્ધિની દશા કહી છે તે ભાવને પામેલા.

સિદ્ધોના અરિહંત નથી નીકળવાના, અરિહંતના સિદ્ધો નીકળશે. અરિહંતપણું કર્મોદયજન્ય ચીજ છે જેની નકલ નહિ. તીર્થંકર નામકર્મનો ઉદય હોય તે જ અરિહંત. અરિહંત મહારાજને અંગે નામ કર્મને અંગે જ સંબંધ એ જ વાત ધ્યાનમાં રાખીશું. દેવવંદન ભાષ્યકાર મહારાજે

णामजिणा जिणणामा, ठवणजिणा पुण जिणिंदपडिमाओ ।

दव्वजिणा जिणजीवा. भावजिणा समवसरणत्था ॥ " આ ગાથા દ્વારા ચાર નિયત કેમ કહયા ! તે સમજાશે. જિનેશ્વરનું નામ કેમ લીધું ? જિનેશ્વર ન લેતાં જિનેશ્વરનું **મહાવીર** એવું નામ કેમ લીધું ? સ્થાપનામાં તેમની મૂર્તિ કેમ લીધી ? જિનેશ્વરની પ્રતિમાજ લેવાય, દોરડું આદિ ન લેવાય, સ્થાપના એટલે તેના અભિપ્રાયે જે

ક્રિયા તે **સ્થાપના જિન** કહી દો, પ્રતિમા જ કેમ લીધી? સદ્ભાવ સ્થાપના જિનેશ્વરની પ્રતિમા જ કહેવાય, જિનેશ્વરના જીવોને જ દ્રવ્ય કહેવાય. **ગોશાળો** આદિ અપ્રધાન જિનો હતા, તેને દ્રવ્ય-જિન કહેવા હતા.' જિનેશ્વરના જ આગળ-પાછળની અવસ્થાવાળા જીવો તે પણ દ્રવ્યજિન, **ગોશાળા, જમાલી** વિગેરેને દ્રવ્યજિનમાં કેમ દાખલ ન કર્યા? અભવ્ય **અંગારમર્દકને** દ્રવ્ય આચાર્ય કહી શકે તે **ગોશાળાને** દ્રવ્યજિન કેમ ન કહે? **અંગારમર્દકને** દ્રવ્ય આચાર્ય કેમ કહ્યા?

ખ્યાલમાં રાખવું કે જિનનામ કર્મ પ્રકૃતિ બાંધવાને અંગે, બંધ-ઉદય-સત્તાને અંગે લેવાનું છે. સિદ્ધો કર્મના ઉદયને લીધે નથી. આચાર્યાદિકપણું કર્મના ઉદયને લીધે નથી, તે ક્ષાયોપશમિક ભાવને લીધે છે. ક્ષયોપશમ નિષ્પન્ન ભાવોને અંગે છે.

મુખ્યપદ તેવું જ અરિહંતનું છે. તે નામ કર્મને બાંધનારા હોય. તીર્થંકરનામ કર્મની પ્રકૃતિના ઉદયવાળા છે. આઠ પ્રાતિહાર્ય હોય, આવા અરિહંતો હોય તે અરિહંત મહારાજના શાસનના આલંબને સિદ્ધોને નમસ્કાર કરીએ છીએ.

કોઈપણ આસ્તિક-દર્શનમાં મુક્ત ન માન્યા હોય તેવું છે જ નહિ. તેમના સિદ્ધો આવે કે નહિ? અરિહંતપદની અનુવૃત્તિ લઈ લો. અરિહંતના શાસનના અવલંબને થયેલા ૩૧ ગુણો બતાવ્યા છે તે ગુણોવાળા સિદ્ધોને જ નમસ્કાર. તેમ આચાર્ય, ધનુર્વેદ આચાર્ય વૈદક, નૈયાયિક, વ્યાકરણના આચાર્ય યાવત્ શાસ્ત્રના આચાર્ય, આ બધા તે આચાર્ય લેવાયને! અરિહંતના શાસનની બહારના આચાર્ય આવી જાય. અરિહંતપદની અનુવૃત્તિથી તે નહિ આવે.

અરિહંત મહારાજના આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓ જ લેવા, **મહાવીર** મહારાજા-ત્રણ લોકના નાથ, અદ્વિતીય પદવીવાળા, તેમની ઉપરનો રાગ મોક્ષને અટકાવનાર થયો. **મહાવીર મહારાજા** સર્વ-

ગુણુસંપન્ન, તેના ઉપરનો રાગ મોક્ષ અટકાવનારો, **ગૌતમ સ્વામી** સરખાએ રાગ કર્યો. **ગૌતમ સ્વામી** સરખાએ **મહાવીર** મહારાજા પર કરેલો રાગ. રાગ કરનાર કાચી દશામાં નથી. બંને કાચી અવસ્થામાં નથી, છતાં તે જ રાગ મોક્ષને અટકાવનાર સ્નેહ-રાગરૂપ છે. કારણ **મહાવીર** મહારાજાએ ખુલ્લું કર્યું તે તીર્થંકર તરીકે, ગુરૂ તરીકે, તારક તરીકે છે છતાં ભવાંતરીય રાગનું મિશ્રણ થયું, એટલે તીર્થંકર તરીકેનો રાગ દેખાય છતાં મોક્ષને અટકાવનાર થયો.

चिरसंथुओ सि चिर परिचिओ सि गोयमा । હે ગૌતમ! આ રાગ છે. ભવાંતરને અનુસરીને રાગની સ્થિતિ રહી છે. ભવાંતરના સંબંધથી થયેલો રાગ કેવળ અટકાવે છે. મોક્ષે ગયા ત્યારે એ રાગ છૂટયો. વીતરાગપણાનો રાગ થયો. સત્ય ગુણવાનની આરાધના થાય.

સત્ય ગુણવાનપણે આરાધના થાય, છતાં સમ્યક્ત્વાદિ ત્રણનું ધ્યેય ન હોય અગર ઉલટપાલટનું, મારાપણાનું ધ્યેય હોય તો નિર્જરા થવાનું મુશ્કેલ પડે. "मुक्खमग्गपवण्णाणं सिणेहो वज्जसिंखला" એટલે કે—મોક્ષમાર્ગે પ્રવર્તેલાને પણ સ્નેહ વજ્ર શૃંખલા છે. વજ્રની સાંકળ આત્માને અડચણ કરનારી નથી. મોક્ષમાર્ગ પામતાને રોકનારી વજ્રની સાંકળ છે સ્નેહ, એ વજ્રની સાંકળ હોવાથી वीरे जीवंत ए जं गो यमो न जाओ केवली **મહાવીર** પરમાત્મા હયાત રહ્યા ત્યાં સુધી ભવાંતરીય સ્નેહનો રાગ રહ્યો, એથી **પૂ. શ્રી ગૌતમ સ્વામી** કેવળજ્ઞાન ન પામ્યા.

વ્યક્તિની આરાધના છતાં પણ જો ગુણ ઉપર લક્ષ્ય ન હોય, ગુણનું ધ્યેય ન હોય, ગુણની પ્રાપ્તિની આકાંક્ષા ન હોય તે માટે ધ્યેય ન હોય તો કોઇ પણ પ્રકારે આરાધક થઇ શકે નહિ. નવપદનું આરાધન કરો, ચાહે વીશ સ્થાનકનું આરાધન કરો; પરંતુ ધ્યેય એક જ હોવું જોઈએ. સમ્યક્ દર્શનાદિકનું જ ધ્યેય હોય, બીજું ધ્યેય આરાધકને રાખ્યું પાલવવાનું નથી, ત્રણ મુદ્દાથી ચોથો મુદ્દો રાખ્યો પાલવવાનો નથી.

સમ્યગ્ દર્શનાદિક ત્રણ તાસાં આરાધન તત્પરે ત્રણની સંપત્તિ તે ત્રણે સંપત્તિને આરાધનામાં તત્પર હોય તેવાએ શું કરવું જોઇએ ?

જંગલમાં પાંચ સાત ઝુંપડાનું ગામ વસેલું ત્યાં દીવા–દેવતાનો વ્યવહાર જ નહિ. અંધારૂં થાય એટલે ઘરમાં અંધારૂં ભરાઈ જાય. એક પહોર સાસુએ ઉલેચવું, પહોર સાસરો ઉલેચે પછી છોકરો ઉલેચે. એક પહોર વહુ ઉલેચે. રોજ ચાર જણા પહોર સુધી ઉલેચે. સવાર થાય એટલે હવે અંધારૂં ઉલેચાઈ ગયું. રાત પડે એટલે ઉલેચવા માંડે. અંધારૂં ઉલેચે. જંગલી અણસમજમાં મહેનત કરે તે તેને પાલવે.

આ રીતે જૈનશાસન નહીં સમજનારા દુનિયાદારી જીવો અંધારાને અરૂપી માની લે, નૈયાયિક અભાવરૂપે માને, જૈન શાસ્ત્રકાર ચઉસ્પર્શી સૂક્ષ્મ પુદ્ગલો માને છે. એટલે એને ઉલેચવાની વાત અસંગત તેમ, રત્નત્રયીની આરાધના બતાવો છો પણ તે અરૂપી છે. અરૂપીને શી રીતે આરાધીએ ? અને એ રીતે તો અમે પણ મૂર્ખ બનીએ ! ! !

એટલે કે સમ્યક્ત્વાદિ ત્રણ અરૂપી ગુણો છે. અરૂપીને આરાધવાનું જણાવો છો તે અંધારાને ઉલેચવું શું ખોટું ? અંધારા ઉલેચનારા અજ્ઞાન ગણાય. અમો તદ્દન અરૂપીને શી રીતે આરાધીએ ? અરૂપીને આરાધવા તૈયાર કરો છો અમને તમે કઈ શ્રેણિએ મૂકવા માગો છો ?

અરૂપીને મુઠીમાં લેવાય ? દૂર કરાય ? આરાધના કરો તો તેની આરાધના શી રીતે ! વાત ખરી ! મનુષ્યને શંકા થાય, તેમાં આશ્ચર્ય નથી ?

**મહાવીર મહારાજે** પણ શ્રદ્ધાળુ પુત્રાદિક શ્રાવકોને યુક્તિથી સમજાવ્યા હતા. હું કહું ને માની જા તેમ નહિ. **ગોશાળાનો** શ્રાવક

તેના મનને માનનારો. થવા કાળે થવાવાળું છે. આપણે કરવાનું જ નહિ. તેને સમજાવવાને માટે દુનિયાદારીથી ન બોલાય તેવા શબ્દો કહેવા પડયા.

એક શ્રાવક કુંભાર હતો. કોઈક ફોડી નાખે તો આવેશ આવે? શું કરીએ! બનવાકાળે બને છે તેવું માનનારો, ફોડયા માને. સજા કરૂં માને. મારા ફોડયા માને કઈ રીતિએ? માનવું કંઈ? ને ચાલવું કંઈ?

પોતાના દેવની મૂર્તિ નહિ માને. મુસલમાનો મૂર્તિ નહિ માને. પાઈ ઉપર શહેનશાહની મૂર્તિ. મુસલમાને મકાન તમારૂં લીધું તો તમામ પુતળાં તોડી નાખે. હજારોનું ખર્ચ કરે. આવી સ્થિતિવાળા પણ એક પાઇમાં પણ તેની આકૃતિ કરશે. ઘસાયેલી પાઈ નહિ લે. ટીકીટ ઘસાયેલી નહિ લે. નોટ સ્ટાંપમાં શું છે? તસ્વીર કે બીજું કાંઇ? દેખાડવાના જુદા ને ચાવવાના જુદા!

આવી રીતે દેખાડવાના—ચાવવાના જુદા હોય તેની તે માન્યતા, પાઇ તો ઘસાયેલી પણ લેવાની નહિ! વર્તવામાં ચોકખી મૂર્તિ—છાપ જોઈએ. બોલવામાં મકાનમાં પુતળું ન જોઇએ. પારકી મૂર્તિઓ તોડે. પાઈ પણ ઘસાયેલી કામની નહિ. આવી દશા હોય સો વર્ષની ઉંમરે, ૮૦—૭૦—૬૯ની ઉંમર શામાં કાઢી? દેખાડવાના ને ચાવવાના જુદા તેમ માને છે. થવાનું હોય તે થાય! શી રીતે કહે કે સજા કરૂં. ફોડનારો કયાં? સભ્યતામાં અડચણ નથી આવતી પરંતુ મોઢે હાં હાં કરે. અંતઃકરણ કબૂલ ન કરે.

છેવટે એ દ્રષ્ટાંત દીધું. તારી સ્ત્રી. તેની સાથે કોઈ અનાચાર કરે તે તું દેખે તો તું શું કરે? તિર્યંચો વચનથી પણ સ્ત્રીનો પરાભવ ન સહન કરે તો આર્ય મનુષ્ય પરાભવ સહન શી રીતે કરી શકે? બનાવ બન્યો નથી તે પહેલાં કહે છે કે મારી નાખું જીવથી! સભ્યતા ઉલ્લંઘીને દૃષ્ટાંત દેવું પડયું તે વગર ઠેઠાણું પડે તેમ ન હતું. મારી સ્ત્રી ખરાબ નથી, કોઈ આવ્યો નથી, પોતે

વિચાર કરી. બનાવને અંગે કેટલી અસર થાય છે? આવેશ આદિ શા માટે તેં કર્યા?

જે થવાનું છે તે થશે તેમ માનતો હોય તો મનુષ્યોને સમજાવવા માટે સભ્યતાની આગળ જઇને દાખલા દેવા પડે છે.

હવે અરૂપી ચીજને તમે જણાવો છો કે આરાધો. રૂપી ચીજને ઉજળી કરીએ. સમ્યક્ત્વાદિકને શી રીતે આરાધવું? આરાધનીય ચીજ જ નથી તો અક્ષર માત્રમાં રાખ્યા નવપદમાં! અરિહંતાદિક પાંચની મૂર્તિ હોય ને દર્શનાદિચારમાં એકલા અક્ષરો જ મેલવા પડ્યા. અરૂપી હોવાથી માત્ર નામ જ રખાય છે.

કદાચ કહેશો કે–અરિહંતાદિક રૂપી પણ સિદ્ધ મહારાજ ક્યાં રૂપી છે? તેનો આકાર કેમ લીધો? અરૂપી દર્શનાદિકનો આકાર લો નહિહર સિદ્ધની મૂર્તિ છોડી દ્યો! સિદ્ધ અરૂપી છે, દર્શનાદિક અરૂપી છે. ન્યાય બન્ને માટે સરખો હોવો જોઈએ.

જમેમાં ને ઉધારમાં બંનેમાં બે–દુ–ચાર જ કહેવાય. ન્યાય એ જમે માટે જુદો અને ઉધાર માટે જુદો કામ ન લાગે. જેવો ગુણાકાર ભાગાકાર જમે માટે તેવો જ ઉધાર માટે હોય. જમે ઉધારમાં રીત જુદી ન હોય.

અરૂપીની મૂર્તિ થતી હોય તો સમ્યક્ત્વાદિકની મૂર્તિ હોવી જોઈએ. તમે તો બેઘાઘંટુ રાખ્યું. એક અરૂપીની મૂર્તિ બીજા અરૂપીની મૂર્તિ નહિ. એનો અર્થ શો? સિદ્ધની અવસ્થા લ્યો એટલે ફાવો છો. સમ્યક્દર્શનાદિ રૂપીમાંથી અરૂપી થનારી ચીજ નથી. પહેલા રૂપી તેમાંથી સિદ્ધ થયા પછી અરૂપી થયા. સમ્યક્ત્વાદિક હંમેશા અરૂપી ચીજ છે.

સિદ્ધોની મૂર્તિ રૂપીમાંથી અરૂપી થનારી ચીજ છે. એ બધાં કરતાં મોટો સવાલ એ છે કે રૂપીમાંથી સિદ્ધ થતાં મૂર્તિ થવાય છે એ વસ્તુ માની લઈએ પણ એક સવાલ એ સિદ્ધ દશામાં પલ્યંકાસન હોય તેવો નિયમ નથી. કોઈ પણ એવું આસન નથી

કે જે આસને અનંતા મોક્ષે નથી ગયા, ત્યાર પછી સિદ્ધપણામાં આકાર કયો લેવો ? પરંતુ સિદ્ધની મૂર્તિમાં નિયમ કયો ? અમુક આકૃતિએ સિદ્ધ થાય તેવો નિયમ નથી. સર્વ સંસ્થાનો શરીરના, સર્વ આકાર કર્મોદયજન્ય ! સંસ્થાન છએમાં મોક્ષે જાય. સંઘયણમાં એક સંઘયણ, પણ સંસ્થાનમાં નિયમ નહિ એટલે શરીરના આકારમાં નિયમ રહે જ શાનો ?

દેવતાઓ ઉંધા પાડી સંહરણ કરતા હોય, ભાવના ચડતાં શ્રેણીમાં મોક્ષે જાય. ખંધકના શિષ્યો ઘાણીમાં પીલાતા મોક્ષે ગયા, ત્યાં પલ્યંકાસન, કાયોત્સર્ગ વિગેરે કયાંથી લાવવાં ? મોક્ષે જનારા માટે આસનનો નિયમ નથી. સિદ્ધના પદમાં આકારનો નિયમ રહેવો ન જોઇએ. એ તો તમે નિયમ રાખ્યો છે.

નવપદમાં સિદ્ધની મૂર્તિ બીજા આસનવાળી ન દેખી. સિદ્ધ સર્વ આસને થાય ને તમે બે જ આકાર લો તે તમારી ઘરની મર્યાદા કે બીજુ કાંઇ !

જગતમાં જે સિદ્ધપણું મુખ્ય માર્ગમાં આદિરૂપ, સાધનરૂપ આધારરૂપ તે સિદ્ધપણું કયું ? ભગવાન જિનેશ્વર મહારાજનું, તેથી બે પ્રકારની મોક્ષની મર્યાદા, એક પર્યાયની એક કાળમર્યાદા મોક્ષની. મર્યાદાનો ખીલો માર્ગનો ખીલો રાખ્યો હોય તો ભગવાન અરિહંત મહારાજે. તેથી સિદ્ધપદમાં એ દશા લેવાને લીધે સિદ્ધપદમાં બે જ આકાર લીધા. બે જ સંસ્થાન માનવામાં આવ્યા. એક પલ્યંકાસન, પલ્યાંકાસન જેને પલાંઠીનું આસન, કાયોત્સર્ગાસન કાં તો પલ્યાંકાસન એ સિદ્ધ મહારાજનું, તેથી સિદ્ધ મહારાજની મૂર્તિ બે જ આકારની હોય.

આ ઉપરથી સિદ્ધ મહારાજ અરૂપી છતાં બીજા પદમાં રાખ્યા છે તેને અક્ષરોમાં રાખ્યા છે. હવે તે શી રીતે કરવી ? જ્ઞાનાદિકમાં અંદર ઉદ્દેશીને ઉદ્યમ કરવો શી રીતે ?

**આદિ અધિકાર અગ્રે વર્તમાન !!!**

# આગમ જ્યોત


વીર નિ. સં. ૨૫૦૨ — વિક્રમ સં. ૨૦૩૨

વર્ષ ૧૧ — પુસ્તક ૪


## જૈન દર્શનની દૃષ્ટિએ

## અહિંસાની મહત્તા

## 'સવ્વે પાણા.... ણ હંતવ્વા'નું રહસ્ય

卐

દરેક મતવાળાઓ અહિંસાને પરમ સ્થાન આપે છે, અને તે અહિંસાના ઉચ્ચસ્થાનદ્વારા પોતાના મતનું ગૌરવ પણ માને છે.

વાસ્તવિક રીતે વિચાર કરીએ તો અહિંસા એકજ એવી ચીજ છે કે જેમાં સમજુ અને અણસમજુ એવા સર્વ જીવોના હિતનો સમાવેશ થાય છે.

દેશવિશેષ અને જાતિવિશેષે કરીને ભાષાના ભેદોની વિચિત્રતા હોવાથી તેમજ સ્થાવર અને જંગમ એવા બે પ્રકારના પ્રાણીઓની અગર સ્પષ્ટ-ભાષા બોલનાર અને અસ્પષ્ટ-ભાષા બોલનાર પ્રાણીઓની અથવા સંકેતને સમજનાર અગર સંકેતને નહિ સમજનાર પ્રાણીઓની વિચિત્રતા હોવાને લીધે કે એવાં બીજાં અનેક કારણોને લીધે સત્ય અને અસત્યપણાનો નિર્ણય કરવો, તે સર્વ જીવોમાં એક સરખી રીતે હોઈ શકતો નથી, તેમ હોતો નથી.

વળી જૈનેતર-દર્શનવાળાઓ એકલા સત્યશબ્દને આગળ કરનારા હોય છે, અને તેઓ યમ કે નિયમ, કુશલધર્મ કે વ્રત સત્યના નામ ઉપરજ ચઢાવે છે, પરન્તુ તેઓ જગતના પદાર્થોનો વિભાગ તત્ત્વની દૃષ્ટિએ કે તત્ત્વના નામે કરતા નથી, તેથી આત્મકલ્યાણ કે મોક્ષ-માર્ગની આરાધનાને માટે વપરાતા વાક્યને સત્ય તરીકે ગણવા અને તે સિવાયના આત્મકલ્યાણ કે મોક્ષમાર્ગની પ્રતિકૂલતાવાળા વાક્યોને અસત્ય તરીકે ગણવા તૈયાર થયેલા નથી, અને તેથી તેઓને તત્ત્વદૃષ્ટિને અનુલક્ષી બોલાતું સત્ય અને જગતની દૃષ્ટિ કે જે અસત્ય હોય તો પણ વ્યવહાર-ભાવના સત્ય તરીકે ગણીને સત્ય માનવું પડે છે અને તેને આધારે નિર્ધન એવા મનુષ્યને પણ નામથી લક્ષ્મીપતિ હોય તો લક્ષ્મીપતિ કહેવો વ્યાજબી ગણે છે, અને તેવા અનેક વચનો બાહ્ય-જગતની દૃષ્ટિથી તત્ત્વદૃષ્ટિએ સત્ય નહિ છતાં સત્ય તરીકે ગણાય છે.

પરન્તુ તેવા જગત્‌ના વ્યવહારના સત્યને તત્ત્વદૃષ્ટિને જણાવનાર શ્રી જૈનશાસનજ સત્ય અને અસત્યથી જુદું પાડી **વ્યવહાર ભાષા** તરીકે ઓળખાવે છે. અને તેથી તે **વ્યવહાર ભાષાને** જૈનશાસ્ત્રકારો નથી તો સત્યની કોટિમાં મુકતા, તેમ જ નથી તો અસત્યની કોટિમાં મુકતા, કેમકે તેવા **વ્યવહાર-વાક્યનો** આત્મકલ્યાણ કે મોક્ષ-માર્ગની આરાધના કે વિરાધનાની સાથે સંબંધ રહેતો નથી.

આવી રીતે જૈનદર્શન અને જૈનેતરદર્શનોમાં સત્યાસત્ય અને અસત્યને અંગે સ્વરૂપનો ભેદ છે એટલું જ નહિં, પરન્તુ જૈનદર્શન-કારો '**સત્યને નિયમિત બોલવું જોઇએ**' એવા અર્થનો નિયમ સામાન્ય-જ્ઞાની માટે તો અશક્ય માને છે, પરન્તુ પરમ જ્ઞાનીઓ પણ માટે સર્વથા અશક્ય માને છે.

કેમકે જૈન અને જૈનેતર દૃષ્ટિથી એ વાત તો સર્વ કોઇને કબૂલ જ કરવી પણ પડશે કે વિવેકી-મનુષ્યોએ વચનને બોલતાં માત્ર સત્યપણાનો જ વિચાર કરવાનો હોય છે એમ નહિં, પરન્તુ

જે વચન બોલવામાં આવે છે, તે પોતે કોઇ આવેશને લીધે બોલતો ન હોય, તેમજ શ્રોતાને જરૂરી-હિતકારક હોય.

આ સ્થિતિ વિચારનારો મનુષ્ય એમ કહી શકશે કે-બીજા વ્રતનું તત્ત્વજ એ છે કે વક્તાને જે વચન અહિત કરનારૂં ન હોય અને શ્રોતાને હિત કરનારૂં હોય, પરંતુ અહિત કરનાર ન હોય તેવું જ વચન બોલવું જોઈએ. એટલું જ નહિં, પરંતુ તત્ત્વ-દૃષ્ટિએ અસત્યપણે નિશ્ચિત થયેલા એવાં વાકયો પણ વ્યવહાર-દૃષ્ટિએ જુઠની પ્રતીતિ ન કરાવતા હોય તેવાં વાકયો વિવેકીઓને બોલવાં પડે છે અને તેને માટે જૈન શાસ્ત્રકારોએ ભાષાના ભેદોમાં **સત્ય** અને **વ્યવહાર** એવી બે ભાષાઓ બોલવાનું રાખી **અસત્ય** અને **ભેળવાળી ભાષા** બોલવાનો જ માત્ર નિષેધ રાખી બીજા મહાવ્રત તરીકે તેને જણાવી છે.

તેથી જૈનદર્શનકારોએ બીજા મહાવ્રતને **જુઠું નહિં બોલવું** એવા નામે જ રાખેલું છે.

હવે આ વિષયમાં વધુ વિચાર કરીએ તો મૃષાવાદથી જે દુઃખ થાય છે, તે સર્વ જીવોને થતું નથી, પરંતુ ભાવ-વિશેષને કે તેના ગુણ-અવગુણને જે જાણનાર હોય તેને જ થાય છે.

એટલે કહેવું જોઈએ કે મૃષાવાદના વિષયમાં સર્વ પ્રજા પણ એક સરખી રીતે દુઃખના વિષયમાં આવતી નથી, તો પછી સર્વ જીવોના વિષયમાં સર્વ જીવો તો તેના વિષયમાં આવે જ કયાંથી ?

એવી જ રીતે અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણને અંગે પણ ઘણા વિચારોને અવકાશ છે અને તેને જ લીધે જૈન શાસ્ત્રકારો પહેલાં હિંસાથી નિવર્ત્તવારૂપી મહાવ્રત સિવાય બીજા મહાવ્રતોમાં સર્વ જીવોને વિષય તરીકે લેતા નથી અને पढमंमि सव्वजीवा० એમ કહીને પ્રથમ મહાવ્રતની અંદર જ સર્વ જીવોને વિષય તરીકે જણાવે છે.

જો કે તે વાકયમાં વાચ્ય-પદાર્થો અને ગ્રાહ્ય-પદાર્થોની અપેક્ષાએ વિષય-વિભાગ કરવામાં આવેલો છે, પરંતુ અહિંયાં તે વાકયનો અર્થ સર્વ-જીવોને દુઃખ કરનાર તરીકે ગણીને લેવામાં આવ્યો છે.

એટલે હવે આ વાત સ્પષ્ટ સમજી શકાશે કે-મૃષાવાદ વગેરે પાપસ્થાનકો સર્વ જીવોને સાક્ષાત્ દુઃખ કરનારા થઈ શકે અગર થાય તો પણ તેના કરતાં **મુખ્યત્વે હિંસા એ જ એવું પાપસ્થાનક છે કે એના વિષયમાં આવેલા સર્વ જીવો કે જેઓ દેશ-ભેદે ભેદવાળા હોય, જાતિભેદે ભેદવાળા હોય, ભાષાભેદે ભેદવાળા હોય-યાવત્ ગતિના ભેદે કરીને પણ ભેદવાળા હોય એવાઓને પણ દુઃખ કરનાર થાય છે.**

કોઈપણ મનુષ્ય, કોઈપણ જાનવર કે કોઈપણ પ્રાણી કે કોઈપણ જીવ પોતાના વધને કે પોતાની ઉપર થતા બલાત્કારને કે પોતાની ઉપર કરાતી માલિકીને કે પોતાની ઉપર કરાતી પીડાને કે પોતાના કરાતા પ્રાણ-વિયોગને અનિષ્ટ ગણ્યા સિવાય રહેતો જ નથી.

જગતમાં જેવી રીતે મરણ સર્વ પ્રાણીઓને અનિષ્ટ છે, તેવી જ રીતે સર્વ પ્રાણીઓને વધ-બલાત્કાર-તાબેદારી-પીડા-એ પણ અનિષ્ટ જ છે. અને તેથી જ **ભગવાન જિનેશ્વરદેવોએ અનિષ્ટ એવી હિંસાને વર્જવા માટે તથા ઇષ્ટતમ એવી અહિંસાને આદરવા માટે એકલા પ્રાણવિયોગ નહિં કરવાનો ઉપદેશ ન આપતાં વધ-બલાત્કાર-તાબેદારી-પીડા અને હરણ એ પાંચે વસ્તુ એક સરખી રીતે વર્જવા લાયક છે. એવો ઢંઢેરો જાહેર કરીને અહિંસાનો ઉપદેશ આપેલો છે.**

આ સ્થાને શાસ્ત્રકાર મહારાજાઓએ ભગવાન્ જિનેશ્વર મહારાજે કરેલા ઢંઢેરાને જણાવનાર શબ્દો નીચે પ્રમાણે મૂકયા છે.

"सव्वे पाणा सव्वे भूआ सव्वे जीवा सव्वे सत्ता
ण हंतव्वा ण अज्जा वेयव्वा, ण परिघेतव्वा, ण परितावेयव्वा, ण उद्दवेयव्वा ॥"

આ શબ્દો વાંચનારા અને વિચારનારા મનુષ્યો સહેલાઈથી સમજી શકશે કે કોઈપણ કીડી-માખી-આદિ **પ્રાણી** કે ઝાડ-પાન-ફળ-ફૂલ જેવા **ભૂતો** કે મનુષ્ય અને ઢોર પશુ, પક્ષી જેવા **જીવો** કે બાકી કોઈપણ શરીરને ધારણ કરનારા **સત્ત્વો** જગતમાં પોતાના કર્મની વિચિત્રતાને અંગે વિચિત્ર અવસ્થાએ રહેલા છે, છતાં તેમાંથી કોઈપણ ભેદ વધ આદિને લાયક નથી.

ઉપર જણાવેલા વાકયને વિચારનારો મનુષ્ય સમજી શકે તેમ છે કે-ફક્ત જિનેશ્વર મહારાજનું શાસન જ કોઈપણ જીવને કોઈપણ જીવવધ વગેરે કરી પીડા ઉપજાવવા લાયક નથી, એમ ગણતું હોય છે, તેથી **"મનુષ્યાદિ પ્રાણીઓ બીજા પ્રાણીઓ ઉપર પોતાથી જુદી રીતે વર્ત્તવા માટે હક્કદાર છે,"** અગર **"તેમને તેવો હક્ક પરમેશ્વરે આપેલો છે,"** એવી માન્યતાને ઉપર જણાવેલો જૈન-શાસનનો ઉપદેશ સર્વથા અમાન્ય કરાવે છે.

આ વસ્તુ જ્યારે સમજવામાં આવશે ત્યારે સુજ્ઞ મનુષ્ય સમજી શકશે કે આ સૂત્ર ચારિત્રના વિષયને જણાવનારૂં નથી, પરન્તુ સમ્યક્ત્વના વિષયને જણાવનારૂં છે. અને આ વસ્તુ સમજાશે ત્યારે શાસ્ત્રકારે આ વાકયને **સમ્યક્ત્વ** નામના અધ્યયનની શરૂઆતમાં કેમ જણાવ્યું છે? તેનું તત્ત્વ સમજાશે.

જ્યારે આ વાક્યને સમ્યક્ત્વના જ મૂલ તરીકે સમજવામાં આવશે, ત્યારે તે વાક્યોમાં વાપરેલા તવ્ય પ્રત્યયનું તાત્પર્ય સમજાશે.

સામાન્ય રીતે વ્યાકરણને જાણનારાઓ એ વાત તો સમજી શકે તેમ છે કે **તવ્ય** પ્રત્યય **શક્ય** વગેરે યોગ્ય અર્થમાં વ્યાકરણની દૃષ્ટિએ વાપરી શકાય છે, અને તેથી અહિં **તવ્ય** પ્રત્યય દ્વારા નિષેધ કરીને અન્ય-દર્શનકારો જે પ્રતિકૂળ પ્રાણીઓને હણવાદિકને **યોગ્ય** ગણીને ચાલતા હતા તે વસ્તુ સર્વથા અહિં અમાન્ય કરવામાં આવી છે; અને સ્પષ્ટ શબ્દોથી જણાવી દીધું છે કે-**પ્રાણી વિગેરેના સંજોગો ચ્હાય જેવી દશાએ પ્રતિકૂલતાવાળા હોય તો**

**પણ તે પ્રતિકૂલતાવાળા પ્રાણી વિગેરે જે પ્રતિકૂલતા કરે છે, તે માત્ર પ્રતિકૂલતાને પામનાર જીવોના કર્મના ફલ પ્રમાણે જ કરે છે, એટલું જ નહિ, પરંતુ તે પ્રતિકૂલતાને વિવેકી મનુષ્યો તો ખરેખર મોક્ષનું સાધન ગણે છે,** પરંતુ તે વાતને દૂર રાખીએ તો પણ **પ્રતિકૂલ લાગતા પ્રાણીઓનો પણ વધ વિગેરે કરવાનો હક્ક છે, તે વાત જૈનશાસન માન્ય કરતું નથી.**

આવી રીતના હક્કના વિચારમાં આ સૂત્ર ઉતારવાથી આ વાકયને **સમ્યક્ત્વાધ્યયનનું વાકય** કહી શકાય અને તેથી જ આ વાકય કે સૂત્ર પરસ્પર–વિરુદ્ધતાવાળું નહિં રહે.

કેમકે ભગવાન્ જિનેશ્વર મહારાજાના આ વાકયનો અનુવાદ કરતાં ભગવાન જિનેશ્વર મહારાજને ગણધર મહારાજાઓએ **અરિહંત ભગવંત** કહીને ઓળખાવેલા છે. અને **અરિહંત** શબ્દનો વાસ્તવિક અર્થ જ એ છે કે, ઇન્દ્ર આદિક દેવોએ અશોકાદિક આઠ પ્રાતિહાર્યથી કરેલી પૂજાને જેઓ લાયક હોય તે અરિહંત કહેવાય.

તો અરિહંતપણાને વખાણવાથી પૂજાનાં વખાણ થાય છે. અને વિધાનમાં સવ્વે પાણા વિગેરે કહેવાય છે, પરંતુ જ્યારે તવ્ય પ્રત્યયનો વિચાર કરવામાં આવશે ત્યારે આ સૂત્ર પરસ્પર વિરૂદ્ધતાવાળું નથી, એમ માલુમ પડશે–એટલું જ નહિં, પરંતુ મિથ્યાદર્શનની જડ ઉખેડી નાંખી સમ્યક્ત્વના મૂળ કેવી રીતે વાવે છે? તે સમજાશે, અને જૈન દર્શનની અહિંસાની બારીકાઈ પણ સમજાશે.



# હૈયાનો ઝંકાર

[ પૂજ્યપાદ આગમતત્ત્વપારદશ્વા, આગમિક-વ્યાખ્યાતા, પ્રૌઢ પ્રાવચનિક, ગીતાર્થમૂર્ધન્ય, ધ્યાનસ્થ સ્વ. **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ** શ્રુતજ્ઞાનના અતળ-સાગરમાંથી વિશિષ્ટ પ્રતિભા-ક્ષયોપશમાદિ બળે અનેક હિતકર તાત્ત્વિક પદાર્થ-રત્નો સરળ શૈલિમાં મુમુક્ષુ-જિજ્ઞાસુ જીવો સમક્ષર જુ કરવાનો ભગીરથ પ્રયત્ન આ-જીવન કરેલ, તેમાં પણ વચ્ચે મળી આવતા સમય દરમ્યાન ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓમાં બાળોપયોગી વિશિષ્ટ ઝમકવાળી સુંદર માર્મિક પદ્ય-રચનાઓ પણ કરેલ.

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની વિશિષ્ટ વિદ્વત્તા અને આગમ-પારગામિતાથી પરિચિત વિદ્વાનોને પણ ઘડીભર મુગ્ધ કરી દે, તેવી પ્રાસાદિક-લાક્ષણિક શૈલીવાળી સુમધુર બાલભોગ્ય-ભાષામાં પણ કેવું ઓજસભર્યું સ્વરૂપદર્શન કવિત્વશક્તિબળે પૂ. આગમોદ્ધારકશ્રી કરાવી શકતા? તેના પરિચય માટે ખૂણે-ખાંચરે પડી રહેલ ઘણી-ઘણી અવ્યવસ્થિત-સામગ્રીમાંથી યથામતિ સંકલન કરી આ વિભાગમાં પ્રતિવર્ષના ક્રમ પ્રમાણે રજુ કરવામાં આવે છે, આ વખતે પણ તેવી કેટલીક નવી વાનગીઓ પ્રસ્તુત છે. સં. ]

## श्री वीतराग-परमात्मस्तुतिः

(वर्ष १० पु. ४ पा. १० थी)

❋

मूर्त्ताऽमूर्त्तान् अणून् स्थूलान्, जडान् चेतनसंयुतान् ।
दर्शयन् केवलं प्राप, नमस्ते सर्वदा प्रभो ! ॥१२॥

अवाप्तोत्तमधर्माऽपि, जगत्प्रेक्ष्य व्यथाऽऽकुलं ।
तरणोपायमादिशः, नमस्ते सर्वदा प्रभो ! ॥१३॥

धार्या मैत्री मुदा कार्या, करुणोपेक्षणं पुनः ।
सत्त्वे श्रेष्ठेऽधमे नीचे, नमस्ते सर्वदा प्रभो ! ॥१४॥

त्याज्यो वधो मृषा स्तेयं, अब्रह्म ममता तथा ।
इति दिष्टं स्वरूपस्थः, नमस्ते सर्वदा प्रभो ! ॥१५॥

क्षमा मार्दवमृजुता, मुक्तिः शौचं तपो यमः ।
ब्रह्माऽकिञ्चनता चोक्ता, नमस्ते सर्वदा प्रभो ! ॥१६॥

निगृहीता न केचिन्ना-नुगृहीताश्च जन्तवः ।
रोषात्तोषाच्च भगवन्, नमस्ते सर्वदा प्रभो ! ॥१७॥

वपुषि वनिता न ते, न चास्त्रं न च मालिका ।
जगद्विलक्षणात्मा त्वं, नमस्ते सर्वदा प्रभो ! ॥१८॥

न हतः कस्यचिद् वंशो, नान्यस्त्रीभिः कृता रतिः ।
शैशवात् ज्ञानधारी त्वं, नमस्ते सर्वदा प्रभो ! ॥१९॥

कृपालुः परमः सत्य-वादी याचितसाधनः ।
ब्रह्मचर्यधरः श्रेष्ठः, नमस्ते सर्वदा प्रभो ! ॥२०॥

न क्रोधो न मदो माया, न च लोभः न कलिः रतिः ।
न प्रेमलास्य-हास्यादि, नमस्ते सर्वदा प्रभो ! ॥२१॥

यथार्थं परमाणोस्त्वं, समयस्य च ज्ञानवान् ।
ख-प्रदेशस्य द्रष्टा त्वं, नमस्ते सर्वदा प्रभो ! ॥२२॥

(क्रमशः)

# श्री सिद्धचक्रस्तुतिः

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शङ्करम् ।
एतन्मण्डलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-
मानन्दोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम् ॥

卐

# श्री-तारंगामंडन-
# श्री-अजितनाथप्रभुस्तुतिः

आनन्दोदधिचन्द्रमा भविमनःपङ्करुहार्को जिनः,
तारंगाधिप आत्मरूपरमणो ज्ञानामृताम्भोनिधिः ।
श्रेयस्कन्दवितानवारिदनिभो मोक्षालयैकस्थितिः,
देयाच्छ्रीअजितो जितान्तररिपुर्भद्राणि वः सर्वदा ॥

卐

# श्री-पोसीना तीर्थमंडन-
# श्री-पार्श्वजिनस्तुतिः

कल्याणाम्बुधिवर्धने शशधरं सद्बोधवल्लयम्बुदं,
शुद्धज्ञानपयोजभेदनविधौ वैरोचनं निर्व्यथम् ।
सच्चारित्रमणिप्रदानदलितान्मोहादिशत्रूत्करं,
पोसीने जिनपार्श्वमाप्तमहितं स्तौम्यन्वहं भक्तिभाक् ॥

卐

## મારું નૂતન વર્ષ !!!

[ પૂ. આગમોદ્ધારકશ્રીની દેખરેખમાં તાત્ત્વિક-સામગ્રીથી ભરપૂર પ્રકટ થતા "શ્રી સિદ્ધચક્ર" પાક્ષિકના આઠમા વર્ષના પ્રારંભે પૂ. આગમોદ્ધારકશ્રીની અપૂર્વ પ્રતિભાભરી કવન-શક્તિના પરિચય રૂપ કેટલાંક પદ્યો ખૂબ જ ભાવવાહી હોઈ અહિં વાચકોની સાહિત્ય-રસાસ્વાદવૃત્તિના સંતોષાર્થે રજુ કરેલ છે. સં.]

(સવૈયા એકત્રીશા)

નૂતન સંવત્સરના અંકે ધરીએ અભિનંદન શ્રીકાર,
વિજયવંત ને જયવંતાએ સિદ્ધચક્રનો જયજયકાર ।
સુખસંપદ ઉત્તમ પદ પામ્યા 'યન્ત્ર' થકી મયણા શ્રીપાળ,
તિમ ભવિજન એ 'યન્ત્ર' સેવનથી વરશે સિદ્ધિ વધૂ વરમાળ ॥

(વસંતતિલકા)

આ સ્વર્ણનો દિન આજ ઉગ્યો સવારે,
ને કલ્પવેલ ફળી આંગણુ આજ મ્હારે ।
એ કામકુંભ મળીયો મુજ ગેહ મ્હાલે,
શ્રી **સિદ્ધચક્ર** સ્મરતાં ભવ-તાપ ટાળે ॥

અરિહંત – સિદ્ધ – ભયવં – સૂરીન્દ સૂત્રદાતા,
મુનિ–બોધિ–જ્ઞાન–ચરણાં–તપ–ચક્ર કર્મભેત્તા
વંદી સદા મુદા હું–સિરિ સિદ્ધચક્ર ત્રાતા
શ્રીપાલ ભૂપ મયણા, હુઆ જે સિદ્ધિ નેતા.

સિદ્ધાન્તધારી હુંફમાં મુનીન્દ્રસ્વામી કરમાં
નિર્દોષ ભાવે રમતાં, સિદ્ધાન્ત પૂરી ઘરમાં
કરી સાત વર્ષ પુરાં, નવમિત્ર સાથ નંદી
શરૂ થાય આજ મ્હારી વાંચક! અષ્ટમાબ્દી.

પ્રભુવીર–ઉક્ત–સૂક્તિ, ગણભૃત ગ્રથેજ સૂત્રે
નિર્યુક્તિ–ચૂર્ણિ–વૃત્તિ–વ્યાખ્યા વિધિ છે સૂત્રે
હેતુ સુયુક્તિ સાથે, સમજણ અપાવું નિત્યે
ઉપકાર કેમ ભૂલું કહો? ભવ્યલોક! સત્યે.

મુજનામ સ્થાપી જગમાં, સિરિ સિદ્ધચક્ર પ્રેમે
નવરત્ન મૂકી મુજમાં, સિદ્ધાન્ત શૈલી નેમે
સંસારવર્ધી વાણી, પાશ્ચાત્યની કે પરની
યદિવા જિનોક્ત ઉલટી સ્પર્શે નહિ જ ઘરની.

શુભ ભાવ પ્રેમ રાહે, યાચું ક્ષમા હું નિત્યે
યદિ હો જિનોક્ત ઉલટુ–અંતે કહું હું સત્યે
'સિરિ સિદ્ધચક્ર વિનવે' સિરિ સિદ્ધચક્ર વંદી
આરાધકો વહો સૌ, આનંદ–સ્થાન નંદી.

## શ્રી સિદ્ધગિરિરાજ સ્તવન

(રાગ–જિનવર જગત દયાલ, ભવિયાં જિનવર જગત દયાલ)

દેખ્યો ગિરિ શિરતાજ, સયણાં! દેખ્યો ગિરિ શિરતાજ (આંકણી)
બીજો નહિ એ ગિરિ સમ જગમાં, તીરથ જંતુ ઉદ્ધાર!
એહ કારણથી ભાખ્યો જીનવર; પુંડરીક ગણધર સાર!!
સયણાં. ૧.

પદચારી (૧) એકાસણહારી (૨); સચિત્ત કરી સવિત્યાગ (૩)!
નરભવ લાહો લીજે સુંદર; ધરી શીવપદનો રાગ!!
સયણાં. ૨.

બ્રહ્મવતી (૪) ભૂમિ સંથારી (૫), આવશ્યકકારી (૬) આચાર!
એહ તીરથ પ્રભાવે અનુપમ, પ્રગટે રમ્ય વિચાર!!
સયણાં. ૩.

એણીપેરે ભાવે ખટ'રી'પાલે; આતમ શોધન કાજ!
કાયક્લેશ નિયમ વ્રત દર્શન; યોગે શિવપદ આજ!!
સયણાં. ૪.

અષ્ટાપદ વંદે વિદ્યાધર, નહિ ભૂચર સમ લાભ!
ભાખે વીર જિણંદ ગૌતમને; તિમ ભવિમન શુભ લાભ!!
સયણાં. ૫.

તિમ વાહનસે ભેટે સિદ્ધાચલ; પદચર સમ નહિ શોભ!
ભરતનૃપે નહિ ચર્મ રતનસે; સંઘ ધર્યો વિક્ષોભ!!
સયણાં. ૬.

અન્યવ્રતો પણ થિર પાલનથી; કરે આતમ સંસ્કાર!
ચૈત્ય દર્શન સંઘ દર્શન મેલન; પ્રતિગામે શુભ ધાર!!
સયણાં. ૭

નિજ દર્શન પરદર્શન ધારક; અનુમોદન શુભ ભાવ !
જીવદયા સાધર્મિક ભક્તિ; જ્ઞાન ચરણ થિતિ લાવ ! !
સયણાં. ૮.

ઘૂક ન દેખે દિનકર કિરણો; તિમ મિથ્યામતિ વૃંદ !
લાભ ન પેખે પણ શુભ દૃષ્ટિ; ધરી જિનવાણી નિઃસંદ ! !
સયણાં. ૯.

હૃદયે ભાવ ધરી શુચિ નિર્મલ; ગુરૂ વાણી ચિત રાખ !
સિદ્ધાચલ ગિરિ ભેટન આયો; હૃદયે ધરી જિન ભાખ ! !
સયણાં. ૧૦.

ધન કણ કંચન દારા સુત સહુ; નહિ પરભવ શુભ હેત !
ભવ ભવ સુખ દઈ આપે શિવપદ; જિનવર ધર્મ સંકેત ! !
સયણાં. ૧૧.

પુણ્ય ઉદયથી પામ્યો ચેતન; નરભવ આરજ ખેત !
ધર્મ શ્રવણ શ્રદ્ધા અનુસરતો; સકલ કુટુંબ શુભસેત ! !
સયણાં. ૧૨.

દાન તીરથવ્યય ભોગ ને નાશો; દ્રવ્યતણી ગતિ ચાર !
સમજી શાણા નર જિન તીર્થે, કરતા ભક્તિ પ્રચાર ! !
સયણાં ૧૩.

સમજી શહેર સુરતથી સાથે; લઈ ચઉવિહ સંઘ સાર !
નવલચંદ સુત આવે જીવનચંદ; ગિરિવર દર્શન કાર ! !
સયણાં. ૧૪.

ભટકયો કાલ અનંતો ભવમાં; દીઠો ન જિન દેદાર !
પ્રભુજી અબ તુમ શરણું પામી; **આનંદ** લહીશું અપાર ! !
સયણાં. ૧૫.

# શ્રી તારંગા–શ્રીઅજિતનાથ સ્તવન

(રાગ–પ્રભાતી)

બાપલડાંરે પાતિકડાં તુમે...
એ દેશી

★

નિશદિન સેવો સંત સોભાગી દેવ એ મનને રંગે રે ।
જે નિજ પદ દેવે સેવકને; સાદી અનંતને ભંગેરે ॥
ભેટયો ભવજલધિ પરપારા; અજિતજિનંદ તારંગે રે ॥ ૧ ॥

મન વચન તનુ શુદ્ધિ કરીએ; જિન પૂજનને કાલે રે ।
ભાજન મલિન કરે પય પાકો; સ્વાદ ન લેશે આલે રે ॥ ભેટયો ૨

મન ઈલિકા ધરતિ ષટપદને; થાવે તસ પદ ભોગી રે ।
જિનવરસું એકતાન મિલાવી આતમ ચિદ પદ યોગી રે ॥ ભેટયો ૩

એહ પૂજા પ્રતિપત્તિ ભાખી અંગાદિક તસ હેતે રે ।
થય થૂઈ દુગ એ ઉત્તરાધ્યયને ભૂલે જડ સંકેતે રે ॥ ભેટયો ૪

જિનગુણ સમસ્ત સાધે યોગી નિજ પદ અર્થી સાચા રે ।
મોહ મહાકટકે જઈ ઝુઝે; નાણ રયણ લહે જાચો રે ॥ ભેટયો ૫

સુરનર કિન્નર સેવિત જિન પદ; નહી શક્તિ એક નરનીરે ॥
રાય દશારણ વાત સુણીને ભક્તિ **આનંદમય** વરણી રે ॥ ભેટયો ૬

●

○ શ્રી વીતરાગની ભક્તિ વિધિપૂર્વક ગુણાનુરાગ–દૃષ્ટિથી કરાય તો અવશ્ય અંતરના મોહાદિ દોષોનો ઘટાડો થાય જ છે!!!




[ પૂજ્યપાદ આગમજ્ઞધુરંધર, પ્રાવચનિક–શિરોમણિ, આગમિક સૂક્ષ્મતત્ત્વવિવેચક, પ્રવરશાસનપ્રભાવક, શ્રી દેવસૂરતપાગચ્છ–સામાચારી–સંરક્ષક, વાદીમદભંજક, ધ્યાનસ્થ સ્વ. પૂ **આગમોદ્ધારક આચાર્ય-દેવશ્રીએ** વિશિષ્ટ શ્રુતાનુસારી–ક્ષયોપશમબળે ઊંડા ચિંતન–મનન બળે ઘણા આગમિક–દુરુહ પદાર્થો સ્પષ્ટ કર્યા છે.

તે ઉપરાંત જિજ્ઞાસુ દ્વારા પૂછાયેલ વિવિધ જિજ્ઞાસાઓને પણ સુયોગ્ય–શૈલિથી સંતોષવા ઉદાર પ્રયત્ન કર્યો છે.

તેના સંગ્રહો સંસ્કૃત, ગુજરાતીમાં પ્રકટ પણ થયેલ છે, તેમ છતાં કેટલાક છૂટા–છવાયા રહેલ પ્રશ્નોત્તરો તેઓશ્રીના અપ્રકાશિત વ્યાખ્યાન–સંગ્રહમાંથી મળી આવે છે, તે જિજ્ઞાસુઓના હિતાર્થે અવસરોચિત યોગ્ય રૂપક આપી યથાયોગ્ય રીતે દરવર્ષે '**આગમ જ્યોત**' ના ચોથા પુસ્તકના બીજા વિભાગમાં રજુ થાય છે.

તે મુજબ આ વખતે મુંબઈ ખાતે જાહેર વ્યાખ્યાનમાં થયેલ પ્રશ્નોત્તરી કે જે સંકલનકાર પૂ. સ્વ. દાદાગુરુદેવ આ. શ્રી. **ચન્દ્રસાગરસૂરીશ્વરજી** ભગવંતે તે જ દિવસે ટૂંકી નોંધરૂપે જુદી તારવેલ.

તે વર્ત્તમાનકાળે '**હિંદુ**' શબ્દની વિષમ–વિકૃત વ્યાખ્યાથી ઉપજેલ વિભિન્ન વિચારધારાના નિરસન માટે ઉપયોગી સમજી રજુ કરી છે. **સં.** ]

## પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી
## પ્ર...સા...દી...કૃ...ત
## માર્મિક-પ્રશ્નોત્તરી

(આગમિક-તત્ત્વપારદષ્ટા, સર્વતોમુખી-પ્રતિભા સંપન્ન, સમર્થ તત્ત્વવિવેચક, પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ** જૈનેતરોને આત્મ તત્ત્વની જૈન-દર્શનાનુસારી પ્રતીતિ કરાવવાના શુભ ઈરાદાથી જાહેર-વ્યાખ્યાન દરમ્યાન પ્રાસંગિક-પ્રશ્નોત્તરી દ્વારા જે પ્રકાશ પાથરેલ, તે અક્ષરશઃ યોગ્ય સુધારા સાથે અહીં રજુ કરાય છે.

આ પ્રશ્નોત્તરી **વિ. સં. ૧૯૮૨ના જે. સુ. ૮** તા. ૧૨-૬-૩૨ **રવિવારે** સવારે ૯ વાગે **શાક માર્કેટ પાસેની મારવાડીઓની વાડી-અંધેરી-મુંબઈ** મુકામે **"મનુષ્ય જીવનની સફળતા"** વિષયપર આપેલ જાહેર વ્યાખ્યાનના ઊતારાના પાછલા ભાગે નોંધાએલી છે.

પૂ. શાસન-પ્રભાવક સ્વ૦ **આચાર્યદેવશ્રી ચન્દ્રસાગર-સૂરીશ્વરજી મહારાજના** સ્વ-હસ્તાક્ષરથી નોંધાએલ આ **પ્રશ્નોત્તરી** તેઓશ્રીના વિશાળ સંગ્રહમાં સુરક્ષિત હતી.

તે પૂ. આચાર્યદેવશ્રીના શિષ્ય **પૂ. મુનિશ્રી અભ્યુદય સાગરજી મ. ની** પ્રેરણાથી પૂ. આ. **શ્રી ચંદ્રસાગરસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિર** ઉજ્જૈન (મ. પ્ર.) ના કાર્યવાહક **શ્રી કુંદન-મલજી મારૂ** મારફત મળેલ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના સુસંગ્રહિત વ્યાખ્યાન-સંગ્રહના જત્થામાંથી મળી આવી છે.]

**સવાલ-૧** તમે કોણ છો?

—અમે હિંદુ છીએ.

**સવાલ-૨** હિંદુ એટલે શું?

—સિંધુ નદીની આ બાજુ રહેનારા.

**પૂ. આગમોદ્ધારકશ્રી**-ના! આ અર્થ બરાબર નથી!!!

**સવાલ-૩** કેમ ?

—**સિંધુ** નદી આખા **ભારતમાં** વ્યાપક નથી. વળી **સિંધુ** નદીની પેલી બાજુથી આવનારા માટે કદાચ આ વ્યાખ્યા સંગત થાય ! પણ **ગંગા** નદીથી કે **હિમાલય** બાજુથી કે **અરબી સમુદ્ર** તરફથી આવે તેના માટે શું ?

**સવાલ-૪** તો हिंदु ની વ્યાખ્યા શી ?

—એક ગતિમાંથી બીજી ગતિમાં જીવાત્મા કર્મપરાધીન પણે ફરે છે–રખડે છે–એવી માન્યતા જેની તે हिंदु

**સવાલ-૫** ઉપરના અર્થની પ્રામાણિકતા માટે કંઈ પ્રમાણ ખરૂં ?
—હા ! જુઓ ! વ્યાકરણ એ ભાષાશાસ્ત્રનું પ્રધાન અંગ છે. દરેક શબ્દ વ્યાકરણના ધાતુ દ્વારા કે શબ્દસાધન વ્યુત્પત્તિના નિયમ દ્વારા પ્રામાણિત થાય.

—हिंदु શબ્દ માટે ધાતુપાઠમાં हिडुङ्-गतौ એવું મળે છે.

તેથી ગતિ–જવાના અર્થમાં રહેલ हिडुङ् ધાતુથી हिंदु શબ્દ થયેલ સ્પષ્ટ રીતે જણાય છે.

વળી કાઠિયાવાડમાં તળપદી ભાષામાં **ચાલવા** અર્થમાં “ **હાલને** ! **હેંડયને** !”–“ **હાલો** ! **હેંડો** ” આવા પ્રયોગો આજે પણ જોવા મળે છે.

**સવાલ-૬** આ ઉપરથી જીવાત્માને એક ભવથી બીજા ભવમાં જવાની માન્યતાવાળો જ **હિંદુ** કહેવાયને !
—હા, બરાબર.

**સવાલ-૭** हिंदुस्थान એટલે ?

**ઉપર જણાવેલ માન્યતાવાળા हिंदुओने રહેવાની જગ્યા તે हिंदुस्थान**

**સવાલ-૮** જીવાત્માની આવી ભવ પરંપરા માનવાની જરૂર શી?
—આવું માનવાથી કર્તવ્યનિષ્ઠા જાગૃત થાય છે.

**સવાલ-૯** '**કર્તવ્ય**' એટલે શું?

—ક્ષણિક, નશ્વર, સંસારી પદાર્થોની મોહ–માયા અળગી કરી કદી નાશ ન પામનારા આત્માના સ્વરૂપની ઓળખાણ કરી તેના વિકાસ માટે પ્રયત્ન કરવો.

**સવાલ-૧૦** સંસારી પદાર્થો નશ્વર છે, તો જીવાત્મા પણ મૃત્યુ પામે છે, એટલે નાશ પામે છે, તો ભવ–પરંપરાની માન્યતા શી રીતે?

—નાશ શબ્દમાં નશ્ ધાતુ છે, તેનો અર્થ વ્યાકરણના ધાતુપાઠમાં નશૌં અદર્શને દ્વારા '**જે સ્વરૂપમાં હોય છે, તે સ્વરૂપમાં ન દેખાય**' એવો અર્થ હોઇ જીવાત્માનો માત્ર પર્યાય–બાહ્ય દેખાવ આપણી દૃષ્ટિથી મૃત્યુ દ્વારા અદૃશ્ય થાય છે, પણ જીવાત્મા તો કાયમ જ હોય, તે પોતાના શુભાશુભ કર્મોના આધારે સારી–નરસી ગતિઓમાં રખડે છે.

એટલે **કર્તવ્યનિષ્ઠાથી** સમજુ માણસ પોતાના સત્કર્મોનો જથ્થો વધારે, જેથી પશુની ગતિઓમાં જઈ વધુ દુઃખી ન થવું પડે.

સત્કર્મોના જથ્થાથી સારી–ગતિમાં જઈ સત્કર્મોને પણ ખલાસ કરી આત્મા સર્વથા કર્મમુક્ત પણ બની શકે છે.

એટલે **કર્તવ્યનિષ્ઠા** જીવનની મહત્વપૂર્ણ વસ્તુ છે.

તે માટે હિંદુ શબ્દ દ્વારા જીવાત્માની ભવ–પરંપરાની માન્યતા **મહત્ત્વની છે.**

## સંસારી-જીવના કર્મજન્ય-વિકૃતસ્વરૂપ અને તેમાંથી છૂટવા જરૂરી ભવ્યત્વ અને તથાભવ્યત્વના માર્મિક-સ્વરૂપને સમજાવનાર

## પ્ર...શ્નો...ત્ત...રી

[ પૂ બહુશ્રુત આગમૈદંપર્યજ્ઞાતા, તત્ત્વજ્ઞ-શિરોમણિ, પૂ. ધ્યાનસ્થ સ્વ. આચાર્યદેવશ્રીએ **પ્રતિતન્ત્ર-સિદ્ધાન્ત** રૂપે ભવ્યત્વ તથા-ભવ્યત્વ જેવા મૌલિક શબ્દોની વ્યાખ્યામાં જ્ઞાની-ગુરુની નિશ્રાએ યોગ્ય ઉહાપોહ વિના બેઠું જ્ઞાન મેળવનારા તથાવિધ બહોળા જ્ઞાનીઓ દ્વારા ઉભા કરાયેલ અનેક તર્ક-વિતર્કોની પરંપરાના મૂળમાં **પ્રકરણ સંગતિના** વિચારની ખામીથી ઉભા થયેલ વિસંવાદને ખૂબ જ ગંભીર આગમિક શૈલિથી, તત્ત્વદૃષ્ટિથી દૂર કરવાના કરેલ આછા પ્રયત્નનો પરિચય સુજ્ઞ તત્ત્વપ્રેમી જનતાને મળે તે માટે શ્રી સિદ્ધચક્ર (વર્ષ ૮ અંક ૧-૨)માં આપેલ પ્રશ્નોત્તરી તત્ત્વરૂચિ પોષણના શુભ ઈરાદાથી રજુ કરી છે. **સં.**]

૧ પ્રશ્ન-**પારિણામિકભાવના** ભેદની અંદર **જીવપણાની** સાથે જે **ભવ્યપણાનો** ભાવ કહેવામાં આવે છે તે **ભવ્યપણું** એટલે શું ?

સમાધાન-**ભવ્યશબ્દનો** યોગ્ય અર્થમાં શાસ્ત્રકારોએ નિપાત કરેલો છે, તેથી જ **શ્રીતત્ત્વાર્થસૂત્ર** અને **શ્રીઅનુયોગદ્વારસૂત્ર** વિગેરેમાં સ્પષ્ટપણે **ભવ્યશબ્દનો** અર્થ **મોક્ષ જવાને લાયકપણું** એમ કરવામાં આવેલો છે.

જોકે **શ્રીસ્થાનાંગ** વિગેરે સૂત્રોમાં **ભવ્યશબ્દની** જગો પર **ભવસિદ્ધિક** એવો શબ્દ વાપરવામાં આવે છે. અને તેનો અર્થ, **કેટલાક ભવોએ જહેનો મોક્ષ થવાનો હોય છે, તેને ભવસિદ્ધિક કહેવાય**, એવો કરવામાં આવે છે, પરંતુ

ટીકાકારો **ભવસિદ્ધિક** શબ્દનો શબ્દાર્થ એ પ્રમાણે કહ્યા પછી ભાવાર્થ જણાવતાં **ભવસિદ્ધિક** શબ્દથી **ભવ્ય** લેવો એમ જણાવે છે.

૨ પ્રશ્ન--**ભવસિદ્ધિક** શબ્દના અર્થમાં સીધી રીતે શી અડચણ આવતી હતી કે જેથી ભાવાર્થ તરીકે **ભવ્ય** સ્વભાવ લેવો પડયો ?

સમાધાન–**સંસારચક્રમાં ભવ્યો બે પ્રકારના હોય છે,** જેઓ બાદરપણું, ત્રસપણું વિગેરે પામીને મનુષ્યપણું પામતાં સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી મોક્ષ માર્ગની આરાધના કરીને મોક્ષને મેળવી શકયા છે, મેળવી શકે છે, અને મેળવી શકશે; પરંતુ કેટલાક **ભવ્યજીવો** ભવ્યપણાના સ્વભાવને ધારણ કરવાવાળા છતાં કોઈપણ કાળે બાદરપણું, ત્રસપણું યાવત્ મનુષ્યપણું પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ, તો તેવા સૂક્ષ્મપણામાં રહેવાવાળા ભવ્યજીવોમાં પણ **ભવ્યત્વ** સ્વભાવ તો છે, પરંતુ ભવ્યપણાના કાર્યરૂપ મોક્ષને મેળવવાનું તેઓથી બન્યું નથી, બનતું નથી, અને બનશે પણ નહિ.

આવી રીતે **ભવ્યપણાનું** કાર્ય નહિં બનાવનારા અને માત્ર **ભવ્યપણાને** જ ધારણ કરનારા એવા સૂક્ષ્મ સમુદાયમાં રહેલા જીવોને **જાતિ ભવ્ય** તરીકે જણાવવામાં આવે છે.

જો કે મૂલ આગમોમાં **જાતિભવ્ય** તરીકેનો નિર્દેશ મળતો નથી, પરન્તુ દુષ્ષમાન્ધકાર–તરણિસમ **શ્રીજિનભદ્રગણીક્ષમાશ્રમણજીએ** 'भव्वा वि ते अणंता' એવી **વિશેષાણુવતીમાં** ગાથા કહીને **જાતિભવ્યનો** પણ વર્ગ જણાવેલો છે.

આ ઉપરથી એ વાત સ્પષ્ટ થાય કે **ભવ્યજીવોના** બે વર્ગ–

એક **મોક્ષગામી** ભવ્ય અને એક **જાતિભવ્ય.**

૩ પ્રશ્ન–**મોક્ષગામી–ભવ્ય** તરીકે જે જીવો જણાવવામાં આવ્યા છે, તે સર્વ મોક્ષગામી–ભવ્યજીવો જ્યારે મોક્ષનું કાર્ય સિદ્ધ કરે ત્યારે જગત્‌માં કોઈપણ મોક્ષગામી–ભવ્યજીવ ન રહે એમ નહિં બને? અથવા એમ શું બનશે?

સમાધાન–મોક્ષગામી–ભવ્યજીવોની સંખ્યા એટલી બધી જબરજસ્ત છે કે જેનો મોક્ષે જતાં જતાં પણ અંત આવે એવો નથી.

જેમ આકાશના એકેક પ્રદેશને સમયે સમયે પણ લેવા જતાં અનંતા કાલચક્રોએ પણ આકાશની એક પ્રદેશની શ્રેણિનો અંત આવે નહિ, તેવી રીતે **ભવ્યો** દરેક વખતે મોક્ષે જાય તો પણ તેથી **મોક્ષે જવા લાયક ભવ્યોનો** અંત આવશે નહિં.

કદાચ કહેવામાં આવે કે તે મોક્ષે નહિ જનારા ભવ્યો અને સૂક્ષ્મપણામાં રહેવાવાળા જાતિભવ્યો એ બેમાં ફરક હવે રહેવાનો નહિં.

પરન્તુ આમ કહેવું નહિં, કારણ કે **જાતિભવ્યમાં** બાદરાદિક અને ત્રસાદિપણું પામવાની યોગ્યતા જ નથી અર્થાત્‌ જેમ મોક્ષ પામવાની યોગ્યતા નથી, તેમ બાદરાદિક અને ત્રસાદિ પામવાની યોગ્યતા નથી'જ, માટે તે સૂક્ષ્માદિકપણામાં જ રહેવાવાળા એવા તે જીવોને **જાતિ ભવ્ય** કહેવામાં આવે છે, પરન્તુ જે જીવોમાં મોક્ષ પામવાની પણ યોગ્યતા છે, તેવા જીવો ભલે સૂક્ષ્મપણામાં પણ હોય તો પણ તેને **જાતિ ભવ્ય** તરીકે કહેવાય નહિં.

૪ પ્રશ્ન-**ભવસિદ્ધિક** અને **ભવ્ય**માં ફરક શો ? અને **ભવસિદ્ધિક** એ શબ્દનો **ભવ્ય** એવો ભાવાર્થ ન લખ્યો હોત તો અડચણ શી ?

સમાધાન-ભવ્ય શબ્દનો અર્થ આગળ પણ જણાવ્યો છે કે '**મોક્ષ પામવાની લાયકાત**' અને **ભવસિદ્ધિક** શબ્દનો અર્થ પણ જણાવ્યો છે કે '**કેટલાક ભવોએ પણ જેની સિદ્ધિ થવાની છે તે ભવસિદ્ધિક કહેવાય.**'

આ જગો પર જો **ભવસિદ્ધિક** શબ્દનો ભાવાર્થ **ભવ્ય** તરીકે લેવામાં ન આવે તો જે **ભવ્યો** ભવ્યપણાના સ્વભાવવાળા છે અને મોક્ષ પામવાના નથી તેવાઓને ન તો **ભવસિદ્ધિક** કહી શકાત, તેમ ન તો **અભવસિદ્ધિક** કહી શકાત. એટલે **ભવસિદ્ધિક** અને **અભવસિદ્ધિક** સિવાયનો ત્રીજો વર્ગ ત્યાં જણાવવો પડત અને તે શાસ્ત્રકારોએ ત્રીજો વર્ગ જણાવ્યો નથી, માટે વ્યાખ્યાકારોને તે **જાતિભવ્યોને ભવસિદ્ધિક**માં ગણાવવા માટે **ભવસિદ્ધિક** શબ્દનો ભાવાર્થ **ભવ્ય** એમ કરવો પડયો અને તેવીજ રીતે **અભવ્યસિદ્ધિક** શબ્દથી પણ જો **અભવ્ય** એવો ભાવાર્થ ન લે અને **ભવોએ પણ જેની સિદ્ધિ નથી,** એવા જીવોને **અભવસિદ્ધિક** તરીકે લે તો જે **જાતિભવ્યો** અગર બીજા યોગ્યતાવાળા ભવ્યો મોક્ષ ન પામે, તે બધાંને **અભવસિદ્ધિક**માં લેવા પડે, માટે શાસ્ત્રકારોએ **અભવસિદ્ધિક**નો ભાવાર્થ પણ **અભવ્ય** એમ જણાવ્યો.

૫ પ્રશ્ન-જે જીવમાં **ભવ્યપણાનો** સ્વભાવ છે. તે જીવને જે જે કાળે મનુષ્યત્વાદિક સાધનો મળે તે તે કાળે તે તે જીવોને સમ્યગ્દર્શનાદિ રૂપી મોક્ષમાર્ગની પ્રાપ્તિ જરૂર **થાય-એમ** માનવું કે નહિં ?

સમાધાન–જીવમાં **ભવ્યપણાનો** સ્વભાવ છતાં પણ સમ્યગ્દર્શનાદિના સાધનો જે મનુષ્યપણાદિક વિગેરે મલ્યા છતાં પણ સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ થવી તે **ભવ્યત્વના** કાર્યરૂપ હોવા કરતાં **તથાભવ્યત્વના** કાર્યરૂપ છે, એમ શાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે.

જો કે બીજને માટી, પાણી, હવા વિગેરે કારણો મળે તો જો તે બીજમાં અંકુર થવાની લાયકાત હોય તો તે બીજ જરૂર અંકુરાને ઉત્પન્ન કરે, તેવી રીતે અહિં પણ જે જે જીવોમાં **મોક્ષ મેળવવાની લાયકાતરૂપી ભવ્યપણું** રહેલું હોય તેઓને મોક્ષ-માર્ગનાં કારણો મળે ત્યારે જરૂર સમ્યગ્દર્શનાદિક રૂપ મોક્ષમાર્ગ મળવો જ જોઈએ.

તથા જેમ બીજમાં પૃથ્વી, પાણી, હવા વિગેરેનો સંજોગ મળ્યા છતાં જો તે બીજ અંકુરાને જન્મ આપે નહિં તો તે બીજ શક્તિ વગરનું છે એમ કહેવું જ પડે, તેવી રીતે જે **ભવ્યજીવ** ગણાતો હોય તેને જો મોક્ષમાર્ગના કારણરૂપ મનુષ્યત્વાદિક સાધન મળ્યું હોય છતાં જો તે મોક્ષના માર્ગને ન મેળવી શકે તો તે જીવમાં મોક્ષની લાયકાત નથી અર્થાત્ **અભવ્યપણું** હોવું જોઇએ.

આમ નહિં કહેવામાં પ્રથમ કારણ એ છે કે પ્રથમ તો એકલા **ભવ્યત્વને** અંગે મોક્ષમાર્ગના કારણરૂપ સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ થતી જ નથી, પરંતુ તે સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ **તથાભવ્યત્વ** સ્વભાવને લીધે જ થાય છે અને તેથી **મોક્ષે જવાની લાયકાત રૂપી ભવ્યપણાને ધારણ કરવાવાળા જીવો પણ તથાભવ્યત્વનો પરિપાક ન થયો હોય તેથી અનંતી વખત પણ સમ્યગ્દર્શનાદિકરૂપી મોક્ષમાર્ગના કારણને મેળવે છતાં પણ તેઓ સમ્યગ્દર્શનાદિકને પામી શકે નહિ.**

તેથી અનંતા-અનંત કાલથી રખડતા ભવ્યજીવો પણ દ્રવ્ય-ચારિત્રનો અનંતી વખત આદર કરનારા હોય અને તે અનંતી વખત ઉત્કૃષ્ટ ચારિત્રને દ્રવ્ય થકી આદરવાથી અનંતી વખતે નવગ્રૈવેયકમાં જાય છે, તેથી સર્વ જીવોનું શાસ્ત્રકારોએ અનંતી વખત નવગ્રૈવેયકમાં જવાનું જણાવ્યું, તે વ્યાજબી ઠરે છે.

એટલે એ ઉપરથી એ પણ સ્પષ્ટ થયું કે-કેવળ **ભવ્યત્વ માત્રથી મોક્ષમાર્ગરૂપ સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ થતી નથી, પરંતુ તથાભવ્યત્વના પરિપાકથી જ દરેક ભવ્યને સમ્યગ્દર્શનાદિકરૂપી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે.**

૬ પ્રશ્ન-**ભવ્યત્વ અને તથાભવ્યત્વમાં** ફરક શો ગણવો ?

સમાધાન-**ભવ્યત્વ એ મોક્ષપ્રાપ્તિની લાયકાત જણાવવાવાળો ભાવ છે, પરંતુ કયા કાળે, કયા જીવથી સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ થવી તે તથાભવ્યત્વનું કાર્ય છે.**

વળી અપ્રતિપાતીપણે મોક્ષ મેળવે, કે પ્રતિપાતી થઇને, ફરી સમ્યગ્દર્શનાદિ પામીને મોક્ષ મેળવે.

પડયા છતાં પણ માત્ર અંતર્મુહૂર્તકાળે બીજી વખત સમ્યક્ત્વ મેળવે કે સંખ્યાત, અસંખ્યાત કે અનંતોકાળ પ્રતિપાતીપણામાં ચાલ્યો જાય અને પછી સમ્યગ્દર્શનાદિકરૂપી મોક્ષમાર્ગને પામીને મોક્ષને મેળવે.

કોઈક બે પાંચ ભવ ચઢતો-પડતો સમ્યક્ત્વ મેળવે,

કોઇક અસંખ્યાત ભવ સુધી ચઢતો-પડતો સમ્યક્ત્વ મેળવે,

કોઈ દેશવિરતિ મેળવીને સર્વવિરતિ મેળવે,

કોઈ દેશવિરતિ વિના સર્વવિરતિ મેળવે,

કોઈક બે-ત્રણ વખત દેશવિરતિ મેળવીને સર્વવિરતિ મેળવે,

કોઈક હજારો વખત દેશવિરતિ મેળવીને પછી સર્વ-વિરતિ મેળવે,

કોઈક સર્વવિરતિ મેળવીને અંતર્મુહૂર્ત્તમાત્રમાં એક જ ભવે મોક્ષ મેળવે,

કોઈક બે-ત્રણ ભવ ચારિત્ર આરાધીને મોક્ષ મેળવે,

કોઈક સાત-આઠ ભવ ચારિત્રની આરાધના કરી મોક્ષ મેળવે,

કોઈક આરાધનાના ભવો અખંડપણે કર્યા જાય,

કોઈક વિરાધનાના ભવો વચમાં કરીને આરાધનાના ભવો કરવાવાળો થાય,

કોઈક એક જ ભવમાં અંતર્મુહૂર્ત્તમાત્રના પર્યાયથી મોક્ષ મેળવે,

કોઈક દેશોનક્રોડપૂર્વ સુધી ચારિત્ર પાળીને મોક્ષ મેળવે,

કોઈક તેવા આઠભવ સુધી દીર્ઘપર્યાય પાળીને મોક્ષ મેળવે,

કોઈક મધ્યમ-પર્યાયેજ મોક્ષ મેળવે,

કોઈક કયા ક્ષેત્રમાં, કોઈક કયા કાળમાં પ્રતિબોધ પામે, ચારિત્ર પામે,

કોઈક દ્રવ્યચારિત્ર અનંતી વખત કરીને ભાવચારિત્ર પામે,

કોઈક ભાવચારિત્ર પામ્યાની સાથે દ્રવ્ય ચારિત્ર આદરીને મોક્ષ પામે,

કોઈ દ્રવ્યચારિત્ર આદર્યા સિવાય મોક્ષ પામે,

કોઈક તીર્થંકરાદિ-મહાપુરૂષોથી પ્રતિબોધ પામીને મોક્ષ પામે,

કોઈ ગણધરાદિક-મહાપુરૂષથી પ્રતિબોધ પામી મોક્ષ પામે,

તેમ કોઈક આચાર્યથી, કોઈક ઉપાધ્યાયથી, કોઈક સાધુથી પ્રતિબોધ પામી મોક્ષ પામે,

કોઈકને મોક્ષનું કારણ અનંતરપણે તીર્થંકરાદિકનો પ્રતિબોધ ન બને અને ગણધરાદિકનું વચન અનંતર કારણ મોક્ષ માટે બને,

**એવી એવી અનેક વિચિત્રતાઓ ભવ્ય-જીવોને મોક્ષના માર્ગમાં અનુભવાતી હોય છે, તે સર્વ વિચિત્રતાઓનું કારણ જ તથાભવ્યત્વ છે.**

૭ પ્રશ્ન-**તથાભવ્યત્વ** સર્વ ભવ્ય જીવોમાં હોય કે એકલા ત્રિલોકનાથ—તીર્થંકરપણે થવાવાળા જીવોમાં હોય ?

સમાધાન-પ્રતિબોધ પામવાવાળા **સર્વ ભવ્ય જીવોમાં** પણ **તથાભવ્યત્વ હોય છે.** અને ત્રિલોકનાથ તીર્થંકરપણે થવાવાળા જીવોમાં પણ **તથાભવ્યત્વ** હોય છે.

જેમ જગતમાં તત્તદ્ વ્યક્તિપણું દરેક વ્યક્તિમાં હોય છે, અને તે દરેક વ્યક્તિની અપેક્ષાએ દરેક વ્યક્તિમાં રહેલું તત્તદ્-વ્યક્તિપણું ભિન્ન-ભિન્ન સ્વભાવવાળું હોય છે, તેવી રીતે દરેક-ભવ્યોમાં **તથાભવ્યત્વ** રહેલું હોય છે અને તે દરેકમાં રહેલું **તથાભવ્યત્વ** જુદા જુદા સ્વભાવનું જ હોય છે

તેથી પ્રત્યેકબુદ્ધના **તથાભવ્યત્વ** સ્વભાવવાળા જીવો **પ્રત્યેકબુદ્ધ** થાય છે, **સ્વયંબુદ્ધના** તથા **ભવ્યત્વના** સ્વભાવવાળા **જીવો સ્વયંબુદ્ધ** થાય છે, **બુદ્ધબોધિત તથાભવ્યત્વ**-સ્વભાવવાળા જીવો **બુદ્ધબોધિત** થાય છે, ગણ**ધરના તથા**ભવ્યત્વ-સ્વભાવવાળા જીવો **ગણધર** થાય છે, અને સામાન્યપણે સિદ્ધિ મેળવવાના **તથાભવ્યત્વ**-સ્વભાવવાળા જીવો **સામાન્યકેવલી** થાય છે, માટે દરેક મોક્ષે જવાવાળા ભવ્યજીવોમાં **તથાભવ્યત્વ** રહેલું છે અને તે જુદું જુદું છે.

૮ પ્રશ્ન-**ભવ્યત્વના** કાર્યને અંગે ભેદો જણાવવા માટે જ્યારે **તથાભવ્યત્વ** માનવામાં આવે છે, તો પછી તે **તથાભવ્યત્વને** મોક્ષે જવાવાળા **જીવોમાંજ** માનવાની જરૂર શી ?

સૂક્ષ્મપણામાં રહેલા અને હંમેશાં રહેનારા એવા જે ભવ્યો એટલે **જાતિભવ્યોમાં** **તથાભવ્યત્વ** કેમ ન માનવું ? **એટલે** મોક્ષે જવાવાળા જીવોમાં પરિપકવ થવાવાળું **ભવ્યત્વ** છે, તેથી **તથાભવ્યત્વ** છે એમ મનાય છે, તેની માફક સર્વકાળ સૂક્ષ્મમાં રહેવાવાળા જીવોમાં મોક્ષ નહિ પમાડવાવાળું **તથાભવ્યત્વ** છે, એમ કેમ ન માનવું ?

સમાધાન-આગળ જણાવી ગયા છીએ કે-**મોક્ષ પામવાની** યોગ્યતા **જે જીવમાં રહેલી છે તેનું નામ ભવ્યત્વ છે !** હવે જો આપણને તે વાત સર્વકાળે સૂક્ષ્મપણામાં રહેવાવાળા **જીવોને તથાભવ્યત્વ**-સ્વભાવથી મોક્ષ પામવાની સર્વદાની અયોગ્યતા એમ માનવા જઈએ તો **ભવ્યત્વ** સ્વભાવ ઉડી જાય, માટે સર્વદા સૂક્ષ્મમાં રહેવાવાળાને **તથાભવ્યત્વ** ન માનતાં જેઓને સમ્યગ્દર્શનાદિકરૂપી મોક્ષની પ્રાપ્તિ થવાની છે, તેઓને પ્રાપ્તિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પ્રતિપાત-અપ્રતિપાત હ્રસ્વ-દીર્ઘપર્યાય, પુરૂષ વિશેષ, સંયોગ-વચન વિશેષનું શ્રવણ-ક્રિયા વિશેષ દર્શન, પ્રતિમાદિકના સંયોગ વિગેરે અનેક વિચિત્રતાઓના નિર્વાહને માટે તથાભવ્યત્વ સ્વભાવ કે જે તેવી વિચિત્રતાને નિભાવી શકે છે તેને માનવાની જરૂર છે.

એટલે **મોક્ષ માર્ગ પામનારા ભવ્યોમાં જ તથાભવ્યત્વ માની શકાય,** એકલા તીર્થંકર મહારાજમાં જ તથાભવ્યત્વ હોય છે, એમ માનવું એ **લલિતવિસ્તરા, યોગબિન્દુ, પંચસૂત્ર, પંચાશકવૃત્તિ** અને **ચૂર્ણિના** પાઠોને જોતાં બરાબર નથી.

૯ પ્રશ્ન-**ભવ્યત્વ સ્વભાવ** જેમ સ્વાભાવિક છે, તેમ **તથાભવ્યત્વસ્વભાવ** પણ સ્વાભાવિક છે કે કૃત્રિમ છે?

સમાધાન-જેવી રીતે **ભવ્યત્વસ્વભાવ** સ્વાભાવિક છે અને તેથી તે **પારિણામિક ભાવ** તરીકે ગણાય છે, તેવી જ રીતે જે **તથાભવ્યત્વ** તે પણ **પારિણામિક ભાવજ** છે અને તે ભવ્યત્વભાવની વિશિષ્ટતા રૂપ છે અને તેજ કારણથી ભવ્યત્વની માફક **તથાભવ્યત્વ** પણ **અનાદિ પારિણામિક ભાવ** છે.

એટલે તીર્થંકર મહારાજાઓમાં પણ રહેલું **તથાભવ્યત્વ** તે અનાદિપારિણામિકભાવરૂપ છે અને બીજા પણ ભવ્યજીવોમાં રહેલું જે **તથાભવ્યત્વ** તે પણ **અનાદિપારિણામિકભાવરૂપ** છે.

આ **તથાભવ્યત્વ**ની વિચિત્રતાને લીધેજ તે તે જીવોમાં યોગ્યતાની વિચિત્રતા થઈ રહે છે, કેમકે **સ્વભાવમાં વિચિત્રતા ન હોય તો યોગ્યતાની વિચિત્રતા ન રહે, અને યોગ્યતાની વિચિત્રતા ન હોય તો જુદા જુદા રૂપે જુદા જુદા સાધનો મળતાં કાર્ય ન થવાની કે થવાની વિચિત્રતા રહે નહિં**, માટે યોગ્યતાની વિચિત્રતા માનવાની માફક **તથાભવ્યત્વભાવ**ની વિચિત્રતા માનવી જ જોઈએ, અને તે વિચિત્ર **તથાભવ્યત્વ** દરેક ભવ્યજીવને સ્વાભાવિક અને અનાદિથી સિદ્ધ છે.

૧૦ પ્રશ્ન-**તથાભવ્યત્વ** જ્યારે અનાદિનું છે, તેમજ **ભવ્યત્વ**ની માફક તે **અનાદિપારિણામિકભાવ રૂપ** છે, તો **પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ લલિતવિસ્તરા**ની અંદર ભગવાન્ જિનેશ્વરોનું પુરૂષોત્તમપણું જણાવતાં सहजतथाभव्यत्वादिभावतः એમ કહી सहज० એટલે '**સ્વાભાવિક**' એવું વિશેષણ કેમ આપ્યું છે?

**સમાધાન**–દરેક મોક્ષે જવાવાળા ભવ્ય જીવોને **તથાભવ્યત્વ અનાદિપારિણામિક** ભાવ રૂપ છે, અને તેથી તે સ્વાભાવિક છે, છતાં **લલિત-વિસ્તરામાં 'સહજ'** એવું જે વિશેષણ **તથાભવ્યત્વને** આપવામાં આવ્યું છે, તે કાંઈ **તથાભવ્યત્વના** એવા બે પ્રકાર જણાવવાને માટે આપવામાં આવ્યું નથી કે કોઈક **તથાભવ્યત્વ સહજ** એટલે સ્વાભાવિક હોઈ અનાદિ કાળનું હોય, અને કોઈક **તથાભવ્યત્વ સહજ ન હોય** એટલે અનાદિકાળનું ન હોય પરંતુ કૃત્રિમ હોય,

આવી રીતે તથાભવ્યત્વ કે ભવ્યત્વના બે ભેદો જણાવવા માટે ત્યાં **લલિત-વિસ્તરામાં** सहज० એવું વિશેષણ **તથાભવ્યત્વને** આપવામાં આવેલું નથી,

પરન્તુ ભગવાન **તીર્થંકર મહારાજના** જીવોમાં **તથાભવ્યત્વ** એટલે તીર્થંકર થવાની લાયકાતવાળું **ભવ્યત્વ** અનાદિકાળનું હોય છે, પરન્તુ કોઈક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંયોગે થવાવાળું ભગવાન **તીર્થંકરમાં ભવ્યત્વ** નથી એવું જણાવવા માટે જ ત્યાં **લલિતવિસ્તરામાં તથાભવ્યત્વને 'સહજ'** એવું વિશેષણ આપવામાં આવ્યું છે.

૧૧ પ્રશ્ન–જ્યારે **ભવ્યત્વ** તથા સામાન્ય મોક્ષે જનારા જીવોને **તથાભવ્યત્વ** અને તીર્થંકર પદવી પ્રાપ્ત કરીને મોક્ષે જનારા **ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના** જીવોનું **તથાભવ્યત્વ** એ ત્રણ જ્યારે અનાદિના પારણામિક ભાવ રૂપ છે અને सहज એટલે સ્વાભાવિક જ છે, તો પછી ભગવાન્ **તીર્થંકરના તથાભવ્યત્વને** सहज० એવું વિશેષણ લગાડવાની જરૂર શી?

**સમાધાન**–કોઈ પણ સુજ્ઞ મનુષ્ય શાસ્ત્રના પદોનો અર્થ કરે ત્યારે તે પોતાની સુજ્ઞતાને અંગે પહેલ વહેલો જ પ્રકરણનો વિચાર કરે.

જો એમ ન હોય તો જૈનો પુરિસુત્તમાણં૦ કહીને પુરૂષોત્તમ (જિનેશ્વર)ને નમસ્કાર થાઓ, એમ કહે અને તેજ પદ જે પુરુષોત્તમેભ્યઃ તે કહીને વૈષ્ણવો પોતાના ગ્રંથમાં નમસ્કાર કરે ત્યારે સુજ્ઞમનુષ્ય તે પ્રકરણને દેખીને જ જૈન ગ્રંથોમાં **પુરૂષોત્તમનો** અર્થ **તીર્થંકર** કરે, અને અન્ય ગ્રંથમાં **પુરૂષોત્તમનો** અર્થ વિષ્ણુ કરે એ સ્વાભાવિક જ છે.

તેવી રીતે લલિતવિસ્તરામાં કોનું ખંડન કરવા માટે તે **પુરૂષોત્તમપદના** અર્થમા **'સહજ'** શબ્દ **તથાભવ્યત્વના** વિશેષણ તરીકે વપરાયો છે. એ જો સુજ્ઞપણું ધારીને વિચારે તો તે સુજ્ઞમનુષ્યને **તથાભવ્યત્વના સ્વાભાવિક** અને **અસ્વાભાવિક** (કૃત્રિમ) એવા બે ભેદ માનવાનું મન થશે જ નહિં.

પરંતુ તે **સહજ** શબ્દ તીર્થંકરની અનાદિ **તથાભવ્યત્વથી** થયેલી યોગ્યતાને જ જણાવનાર છે, એમ સ્પષ્ટ માલમ પડશે, કારણકે કેટલાક મતવાળા એવું માનનારા હતા કે **તીર્થંકર થનારા જીવમાં તીર્થંકર થવાને લાયકનું બીજ અનાદિકાલથી** હોય અને બીજા જીવોમાં અનાદિકાલથી તેવું બીજ ન હોય એવું છે જ નહિં. અર્થાત્ જગત્‌માં **જે જે જીવને જેવા જેવા સહકારી કારણો મળે તેવાં તેવાં કાર્યો થાય અને તેથી જેને કેવલ આત્માનો મોક્ષ કરવો એવા વિચારરૂપી સહકારી કારણ મળે તે મૂક કેવલી થાય, અને જેને પોતાના કુટુમ્બના કે લાગતા-વળગતા જે જે જીવો હોય તે બધાને મોક્ષ મેળવવા માટે તૈયાર થઉં એવા વિચારનો યોગ મળે તે ગણધર થાય, અને જેને સમગ્ર જગત્‌ના જીવોનો કર્મક્ષય કરાવી મોક્ષ મેળવવાનો ઉત્તમોત્તમ વિચારનો જોગ મળે તે તીર્થંકર થાય,**

અર્થાત્ તે તે જીવને તેવાં તેવાં સહકારી કારણો મળવાથી તે તે જીવો તે તે રૂપે થાય છે.

એટલે **જીવોના સ્વભાવમાં તેવો કોઈ ફરક નથી, માત્ર સહકારી કારણે અને જીવની યોગ્યતાની વિચિત્રતાને લીધે જુદાં જુદાં કાર્યો થાય છે.** અર્થાત્ **મૂકકેવલી** થનારા જીવને પણ જો **ગણધરપણું** અને **તીર્થંકરપણું** થવાને લાયકના વિચારો મળ્યા હોત તો તે **ગણધર** થાત, અને **તીર્થંકર** પણ થાત, એવી જ રીતે **ગણધર** થવાવાળાને પણ **મૂકકેવલી** અને **તીર્થંકર** થવાને લાયકના વિચારો થયા હોત તો તે **મૂકકેવલી અને તીર્થંકર** પણ થાત. અને **તીર્થંકરના** જીવને પણ જો **મૂકકેવલી** અને **ગણધરપણાના** લાયકના વિચારોનો યોગ મળ્યો હોત તો તે **મૂકકેવલી** કે **ગણધર** થાત.

આવું માનીને સર્વ જીવોને સરખી યોગ્યતાવાળા માનવા-વાળા જે હતા તેવા **બૌદ્ધમતવાળાના** ખંડનને માટે એટલે **'કોઈપણ જીવ કોઈ પણ પદવી આદિને માટે અયોગ્ય નથી.'** તેમ **'અનાદિની વિશિષ્ટ યોગ્યતાવાળા અમુક જીવો હોય'** એમ પણ નથી. એવું માનવાવાળા તે **બૌદ્ધોના** ખંડનને માટે પૂ. આ. શ્રી **હરિભદ્રસૂરિજીએ તથાભવ્યત્વની** સાથે **'સહજ'** શબ્દ જોડીને સ્પષ્ટ કર્યું છે કે **જીવમાં તેવા તેવા પ્રકારનો અનાદિથી તથા-ભવ્યત્વરૂપે પારિણામિક સ્વભાવ હોય છે.** અને તેના પ્રતાપે યોગ્યતા, સહકારી વિગેરે મળે છે,

આવી રીતે માત્ર **સહકારી ભેદથી કાર્યભેદ નથી, પરંતુ સ્વભાવ ભેદથી કાર્યભેદ** છે અને તે **સ્વભાવભેદ સહકારિયોગ નહિ પણ અનાદિનો છે** એમ જણાવવા માટે ત્યાં **સહજ** એવું વિશેષણ **તથાભવ્યત્વને** આપવામાં આવેલું છે.

પરંતુ તે પ્રકરણને સમજ્યા સિવાય **તથાભવ્યત્વના**

બે ભેદ પાડી દઈને એક **તથાભવ્યત્વ** અનાદિનું-સ્વાભાવિક '**સહજ**' માનવું અને બીજું **તથાભવ્યત્વ** અનાદિનું નહિ માની **અસહજ** માનીને કૃત્રિમ માનવું, એ પ્રકરણ સમજનારને તો કોઈ પણ પ્રકારે શોભે તેમ નથી.

## ધર્મનું મહત્વ

### સ્વરૂપમાં મતભેદ પણ સાધ્યમાં એકમત

પદાર્થની વાત એટલે કે સ્વરૂપની વાત આવે ત્યાં મતિમાં ભેદો પડી જાય છે. દેશને આઝાદી મળે, આબાદી મળે, એમાં તમામ નેતાઓ એકમત છે, પણ આઝાદી કોને કહેવી? આબાદી કોને કહેવી? ત્યાં મતભેદ, તેજ રીતે જીવમાત્રને સુખની ઈચ્છા છે, એ વાત ભેદ વિનાની છે, પણ સુખ કોને કહેવું? ત્યાં મતભેદ. કેટલાક જીવો આત્માના સ્વાભાવિક સુખને ઈચ્છે છે જ્યારે કેટલાક જીવો પૌદ્‌ગલિક સુખને ઈચ્છે છે. જીવોનો એક વર્ગ પૌદ્‌ગલિક સુખને ઈચ્છે છે એટલે કે કામને ઈચ્છે છે. ઇંદ્રિયોના વિષયોના સુખને ઈચ્છે છે, તેને અંગે સ્વર્ગાદિ ઈચ્છે છે. જ્યારે જીવોનો બીજો વર્ગ આત્માના સુખને એટલે કે મોક્ષને ઈચ્છે છે. આ પ્રકારે ઈચ્છા જેમ ભિન્ન છે, તેમ તેના રસ્તાઓ પણ ભિન્ન છે. રસ્તો જુદો, તેની ગાડી પણ જુદી, એક માર્ગની ગાડી બીજા માર્ગને કામ ન લાગે. સાધ્યના જુદાપણા અંગે સાધનો પણ જુદાં જ હોય.

## શ્રી આગમજ્યોત સ્થાયીનિધિમાં લાભ લેનાર ભાગ્યશાળીઓની નામાવલી......

### સં. ૨૦૩૧

૧૦૬] પૂ. અમીસાગરજી મ૦ના ઉપદેશથી શ્રી ખુશાલ ભુવન જૈન ઉપાશ્રય તરફથી અમદાવાદ.

૧૦૭] શ્રી વેજલપુર જૈન સંઘ તરફથી પૂ. પં. શ્રી સૌભાગ્ય સાગરજી મહારાજ સાહેબના ઉપદેશથી

## સં. ૨૦૩૨

૩૦૦) શ્રી અમૃતલાલ કાલીદાસ રાજામહેતાની પોળ અમદાવાદ
૩૦૦) પૂ. સા. મહારાજશ્રી તિલકશ્રીજીના સમુદાયના પૂ. સા. શ્રી રંજનશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા પૂ. ગુણોદયાશ્રી આદિના ઉપદેશથી તપની પૂર્ણાહુતિ નિમિત્તે
૨૫૧) જવાહરનગર જૈન શ્વે૦ મૂર્તિપૂજક સંઘ તરફથી પૂ. મુનિશ્રી પ્રમોદસાગરજી મહારાજ સાહેબના ઉપદેશથી
૨૫૧) શ્રી શાંતિનાથજી દેરાસરજી ટ્રસ્ટ નવાપુરા તરફથી પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મહારાજશ્રીના ઉપદેશથી
૨૫૧) વીસાનીમા જૈન પંચ ગોધરા તરફથી પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મ૦ સા૦ના ઉપદેશથી
૨૫૦) જૈન સંઘ–વડાચૌટા સુરત તરફથી પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મહારાજશ્રીના ઉપદેશથી
૨૦૦) શ્રી વલસાડ જૈન સંઘ તરફથી હા. સેવંતીલાલ–વાડીલાલ
૧૦૧) તલાજા જૈન શ્વે. મૂ. સંઘ તરફથી મુનિશ્રી મનોહર સાગરજી મ૦ સા૦ના ઉપદેશથી
૧૦૧) લીંબડી જૈન ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી પૂ. સા. શ્રી મહારાજશ્રી મૃગેન્દ્રશ્રીજીના ઉપદેશથી
૧૦૧) પૂ. પં. શ્રી સૌભાગ્ય સાગરજી મહારાજશ્રીના ઉપદેશથી વડાચૌટા સુરતથી આવેલા તે
૧૦૧) નટવરલાલ મણીલાલ ઝવેરી રાધનપુરાવાળા તરફથી પૂ. મુનિશ્રી નીરૂપમસાગરજી મહારાજશ્રીના ઉપદેશથી
૧૦૦) શેઠ પાનાચંદ વૃજલાલની પેઢી તરફથી–પૂ. પં. શ્રી ચિદાનંદ સાગરજી મહારાજ સાહેબના ઉપદેશથી
૧૦૦) પૂ. સા. મહારાજશ્રી નિરંજનાશ્રીજીના ઉપદેશથી પૂ. દિવ્યોદયાશ્રીજીની પ્રેરણાથી સાગરગચ્છના ઉપાશ્રય, સુરત તરફથી
૫૧) રોહીત મશીનરી સ્ટોર્સ તલાજા તરફથી પૂ. સા. નીરંજનાશ્રીજી મહારાજશ્રીના ઉપદેશથી

# 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રી સંઘના હિતાર્થે તાત્ત્વિક દષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે, જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક વસ્તુથી ભરપુર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય ઉપાશ્રય જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઇ રહે તેવો પ્રબંધ કરવો.

કોઇ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમાએ થાય છે. ચતુર્વિધશ્રી સંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ, સાધ્વીજી, જ્ઞાન ભંડારો તથા તત્ત્વરૂચિ ગૃહસ્થ આદિ ને વિના મૂલ્ય મોકલાય છે.

ધર્મપ્રેમીઓને સ્થાઈ કોશમાં ૧૦૧ લખાવી સ્થાથી ગ્રાહક થવા ભલામણ છે.

આર્થિક લાભ લેવાનું સરનામું
શ્રી આગમો. ગ્રંથમાળા
રમણલાલ જેચંદભાઈ શાહ
કાપડ બજાર,
Po. કપડવંજ (જી. ખેડા)

પ્રાપ્તિસ્થાન :
'આગમ જ્યોત' કાર્યાલય
માસ્તર હરગોવનભાઈ
મીઠાભાઈ ગુલાબચંદ જૈન
ઉપાશ્રય દલાવવાડા, કપડવંજ

# સાગરનાં મોતી



[પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના અથાગ-ચિંતનભર્યા વ્યાખ્યાનોમાંથી તારવેલ કેટલાક સુવાકય-મૌક્તિકો...સં.]

- ધર્મ તેને ગમે કે જેને કર્મની સત્તા ખૂંચવા લાગે !

- સંસારનો રાગ ઘટયો ત્યારે કહેવાય કે જ્યારે ભયંકર વિષમ પરિસ્થિતિમાં પણ ધર્મ-ક્રિયાઓની આચરણાને પડતી મૂકવાનો વિચાર પણ ન સ્પર્શે !

- ધર્મક્રિયા-વાસિત જીવોની મનોદશા એવી હોય કે દોષોથી ખદબદતા જીવાત્મામાં પણ રહેલ મૌલિક યોગ્યતા પારખી તેને વિકસાવી કર્મનાં બંધનો ફગવી દેવડાવવા તનતોડ સહાય કરે !

- વાસનાઓની વિષમ-અસરતળે જીવાત્મા વર્તી રહ્યો ત્યાં સુધી ગણાય કે જ્યાં સુધી સંસારના વિષય સુખોની વધુ માત્રા મેળવનારાઓની હાજરી વધુ ગમતી હોય !

- કષાયની તાબેદારીમાં જીવની ફસામણ ત્યાં સુધી સમજવી કે જ્યાં સુધી શાસ્ત્રની વાતને પણ પકડ તરીકે અપનાવી કલુષિત પરિણામોની તાબેદારી હોય......!!!

- સંસ્કારો સંસારને ટકાવે છે, એ વાત સાચી ! પણ બન્નેમાં મહત્ત્વની જે ક્રિયાનો ક છે તેને જો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ગોઠવી દેવાય તો સંસાર ઉભો જ ન રહે......!!!

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦૦૦૧